No Pages to Display

આ ગેરસમજણ દૂર કરતી વખતે મોન્ટેસોરી સાધનો નિરૂપયોગી છે અને તેમાંથી ઇન્દ્રિય કેળવણીને કોઈ જ પ્રકારની મદદ થતી નથી એવી ગેરસમજણ ન ફેલાય એની પણ કાળજી લેવી જોઈએ. ટૂંકમાં ઇન્દ્રિય કેળવણી યોજનાનો વિચાર શાસ્ત્રીય દૃષ્ટિથી થવો જોઈએ. દરેક બાબતમાં જે કંઈ તથ્ય છે તે ગ્રહણ કરવાની તૈયારી રાખીએ તો જ શાસ્ત્રની પ્રગતિનો લાભ આપણાથી લઈ શકાય.

પ્રશિક્ષણ સંસ્થાઓએ પ્રયોગશીલ બનવું જોઈએ

પ્રશિક્ષણનો જે નવો શિક્ષણક્રમ યોજ્યો છે તેમાં પ્રશિક્ષણ સંસ્થા ઉપર કાર્યપદ્ધતિની વિગતો અંગે વિવરણ કરવાનું સમજપૂર્વક જ ટાળ્યું છે. તેને લીધે પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાને જે રીતે પોતાની સંસ્થામાંની કાર્યપદ્ધતિને સ્વરૂપ આપવું હશે તેવું એમનાથી આપી શકાય અને તેને માટે પ્રયોગ કરતા રહેવાય. ઇન્દ્રિય કેળવણીના સાધનો અંગે જે ગેરસમજણ ફેલાએલી છે તે દૂર કરીને તેમાં પ્રગતિ કરી શકાય એવો કાર્યક્રમ પ્રશિક્ષણ સંસ્થા જ સૂચવી શકે એમ છે.

— શે. ના. નામલે

બીજી પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ ચર્ચા-પરિષદ

દિનાંક ૧૭મીથી તે ૨૦મી સુધી શિશુવિહાર દાદર, મુંબઈમાં નૂતન બાલશિક્ષણ સંઘના આશરા હેઠળ યોજવામાં આવેલી બીજી ચાર દિવસની ચર્ચા-પરિષદ વ્યવસ્થિત રીતે પાર પડી છે એવું પરિષદમાં ભાગ લેનારા અનેક અધ્યાપકોએ કહ્યું હતું મુંબઈ રાજ્યમાં એક સરકારી અને બીજી પંદર બિનસરકારી એવી કુલ સોળ પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાઓ છે. તેમાંથી કુલ ૧૩ સંસ્થાઓના ૧૩ મુખ્યાધ્યાપકો તથા ૨૬ અધ્યાપકો મળીને ૩૯ વ્યક્તિઓ પરિષદમાં હાજર હતી. તે ઉપરાંત ખાસ આમંત્રણથી આવેલા શ્રી સૌ. યમુનાબાઈ હિર્લેકર શ્રી સ આ. કેળકર, શ્રી સૌ. પ્રમિલાબાઈ વરાડ પાંડેએ પણ પરિષદમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

ચર્ચા-પરિષદના વ્યવસ્થાપક તરીકે અમદાવાદના ગુજરાત બાલ અધ્યાપન મંદિર સંસ્થાના મુખ્યાધ્યાપક શ્રી માણેકલાલ ઠાકર એમની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી હતી. ચર્ચા-પરિષદનો કાર્યક્રમ નીચે પ્રમાણે નિશ્ચિત કરવામાં આવ્યો હતો. પહેલે દિવસે સવારે પૂ. પ્રા. કેન્દ્રિય સમિતિના પ્રમુખ તથા મંત્રી અનુક્રમે ડૉ. ચિકરમને અને શ્રી સૌ. ત્રિલોકેકર આવશે એવી અપેક્ષા હોવાથી પરિષદને તેમનું માર્ગદર્શન અમુક મુદ્દાઓ પર મળવું જોઈએ તે દૃષ્ટિથી તે મુદ્દાઓની સર્વાનુમતે નોંધ કરવામાં આવી. પછી બપોરે ઉપરોક્ત મંડળી ન આવવાથી બધાંની કંઈક અંશે નિરાશા પણ થઈ. કારણ પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થામાં કાર્ય કરનારા બધાં અધ્યાપકોને ભેગા મળીને અધિકારી વ્યક્તિઓને મળવાનો જોગ એક વાર પણ આવ્યો નથી. તેથી બધાંને અધિકારી વર્ગની મુલાકાત થાય એવી બધાંની સ્વાભાવિક ઇચ્છા હતી. દરરોજ ૧૧-૩૦ વાગે ચર્ચાની શરૂઆત થતી હતી; અને સાંજે ૫-૩૦ વાગે એ બંધ કરવામાં આવતી હતી. પરિષદની સાથે પ્રશિક્ષણ વિષયક સાધનો અને પ્રશિક્ષણમાં ઉપયોગી થઈ પડનારાં મરાઠી, ગુજરાતી, હિંદી અને અંગ્રેજી પુસ્તકોનું નાનકડું પ્રદર્શન યોજ્યું હતું. શિશુવિહારના કલાશિક્ષકોએ ચર્ચાનું સભાગૃહ

આંખને સુખદ લાગે એ રીતે વિચારપૂર્વક શણગાર્યું હતું. કોઈ પણ પ્રકારનું સરકારી પ્રોત્સાહન ન હોવા છતાં ભાવનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, નડિયાદ, નાગપુર, સોલાપુર, કોલ્હાપૂર સાંગલી, પૂના એટલા દૂર દૂરથી અધ્યાપક વર્ગ પ્રશિક્ષણ કાર્યમાં રસ હોવાથી હાજર રહ્યા હતા. હાજર ન રહી શકનારી સંસ્થાઓમાંથી યવનમાળના મુખ્યાધ્યાપિકા શ્રીમતી માયાદેવી ભાલચંદ્ર પરિષદમાં ભાગ લઈ નથી શકતા એ બદલ દિલગીરી વ્યક્ત કરતો તથા પરિષદને સફળતા મળો એવું વ્યક્ત કરતો પત્ર આવ્યો હતો.

પૂર્વ-પ્રાથમિક કેન્દ્રિય સમિતિને નીચેની સૂચનાઓ મોકલવી એવું એક મતથી નક્કી કરવામાં આવ્યું હતું.

(૧) પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ પરીક્ષાની પ્રશ્ન પત્રિકા કાઢવાનું કાર્ય અનુભવી અધ્યાપકો સિવાય અન્યને સોંપવું નહિં. તે જ પ્રમાણે પ્રાત્યક્ષિક પરીક્ષા માટે પણ પ્રશિક્ષણનું કાર્ય કરતા હોય એવા અધ્યાપકોની જ પસંદગી કરવામાં આવે એવું આગ્રહપૂર્વક જણાવવું.

(૨) પ્રાત્યક્ષિક પરીક્ષાની તારીખો તે તે સંસ્થામાં કંઈ નહિ તો પંદર દિવસ પહેલા લેખી જણાવવામાં આવવી જોઈએ.

(૩) બે વર્ષના અભ્યાસક્રમમાંના (૧) સોશ્યલ સ્ટડીઝ, (૨) જનરલ સાયન્સ, માતૃભાષા તથા હિંદી આ વિષયોની પ્રશ્નપત્રિકા Pre. P. T. C. પરીક્ષાથી સ્વતંત્ર હોવી જોઈએ.

(૪) પૂર્વ-પ્રાથમિક શિક્ષણ તથા પ્રશિક્ષણની કેન્દ્રીય સમિતિ ઉપર આ ક્ષેત્રમાંની અનુભવી વ્યક્તિઓને લેવા.

(૫) હસ્તવ્યવસાયની પરીક્ષાના ગુણ મૂલ્યાંકન ઇટર્નલ તથા એકસટર્નલ પરીક્ષકોએ અન્ય પ્રાત્યક્ષિક પરીક્ષા પ્રમાણે ભેગા મળીને કરવું. કેટલીક સંસ્થામાં આ મૂલ્યાંકન ફક્ત બહારના પરીક્ષકોએ જ કર્યાનું જાણવા મળ્યું છે.

(૫) હાલની પ્રાત્યક્ષિક પરીક્ષામાંના મૌખિક પરીક્ષાના ગુણ તથા પાઠ અને વર્ગસંચાલનના ગુણ આ બંને વિષયોને ૨૦૦ ગુણ રાખવામાં આવ્યા છે. તેને લીધે આ પરીક્ષાને કુલ બધી પરીક્ષાના વિષયોમાંથી એક ચતુર્થાંશ જેટલું મહત્ત્વ મળ્યું છે, તે અયોગ્ય લાગે છે. આ બે વિષયોને ૧૦૦ ગુણ આપવા યોગ્ય થશે એવું આ સભાનો એકમત છે તે જ પ્રમાણે લેખી અને પ્રાત્યક્ષિક પરીક્ષાનું સમતોલપણું રાખવાની દૃષ્ટિથી કૉલેજ માર્કસ તથા બાહ્ય પરીક્ષાએ આપવાના ગુણમાં સમતોલપણું રાખવાની દૃષ્ટિથી હસ્તવ્યવસાય માટે રાખેલા

કૉલેજને આપવાના ૫૦ ગુણ કાઢી નાંખીને બાહ્ય પરીક્ષક ને ૧૦૦ ગુણ રાખવામાં આવવા જોઈએ. આ વ્યવસ્થાને લીધે કૉલેજ પાસે ૨૦૦ ગુણ તથા બાહ્ય પરીક્ષક અને કૉલેજ અધ્યાપક મળીને આપવાના ગુણ ૧૦૦ હસ્તવ્યવસાયના અને ૧૦૦ પાઠ તથા મૌખિક પરીક્ષાના મળીને કુલ ૨૦૦ થાય એવી રીતે સુધારો કરવો એવો આ સભાનો મત છે

(૬) પૂર્વ-પ્રાથમિક શિક્ષક-પ્રમાણપત્ર પરીક્ષા માટે અભ્યાસક્રમમાં કંડોનેશન કરવા માટે નિયમો નથી તો તે આવશ્યક છે એવો આ સભાનો મત છે.

(૭) પ્રાથમિક શાળામાંના બીજા ધોરણ સુધી પૂર્વ-પ્રાથમિક શિક્ષક પ્રમાણપત્ર મેળવેલા શિક્ષક વધુ સારી રીતે કામ કરી શકશે એવો કેટલાએ વર્ષોનો અનુભવ છે. આવી વ્યવસ્થાને લીધે ઘરમાંથી સીધા પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવેલા બાળકોનો અને તે જ પ્રમાણે બાળમંદિરમાંથી પ્રાથમિક શાળામાં જનારા બાળકોના સંયોજનનો પ્રશ્ન બાળકની દૃષ્ટિથી પણ વધુ યોગ્ય નીવડશે. પૂર્વ-પ્રાથમિક શિક્ષકોને ત્યાં બીજા ધોરણ સુધી શીખવવા વિષે સરકારે માન્યતા આપવી એવો આ સભાનો મત છે. આ માન્યતા આપવા માટે આવશ્યક લાગે તો પ્રાથમિક શિક્ષણના વિષયોનો કાર્યપદ્ધતિમાં સમાવેશ કરી શકાય એવી સગવડ છે.

હાલની પરિસ્થિતિમાં પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષિતોની નિમણૂક પ્રાથમિક શાળાના શરૂઆતના વર્ગમાં કરવાની સગવડ રાખવાથી પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષણની દૃષ્ટિથી ઉપયોગી નિવડશે એવો આ સભાનો મત છે.

(૮) બે વર્ષના અભ્યાસક્રમના હાલ જે લેખી પ્રાત્યક્ષિક એવા જે બે વિભાગ પાડવામાં આવ્યા છે. તેને બદલે લેખી ભાગમાં P. T. C વિષયોનો એક ત્રીજો વિભાગ બનાવવો. તે દરેક વિભાગમાં એકાદ વિદ્યાર્થીને ૪૦ ટકા ગુણ હોય તો તે વિભાગના બધા વિષયોમાંથી વિદ્યાને Exemption મળવાની વ્યવસ્થા થવી જોઈએ.

(૯) દરેક પ્રશિક્ષણ સંસ્થાએ પોતાના જૂના વિદ્યાર્થીઓ માટે સંસ્કાર વર્ગો યોજીને નવા અને જૂના વિદ્યાર્થીઓની કાર્યપદ્ધતિમાં સમાનતા લાવવાનો પ્રયત્ન કરવો. હાલના નવા શિક્ષણક્રમને લીધે પૂર્વ-પ્રાથમિક શિક્ષણની પ્રગતિની દૃષ્ટિથી 'આમ કરવું' અત્યંત આવશ્યક છે.

(૧૦) આની પછીની ચર્ચા પરિષદ દિવાળીની રજાઓ પૂરી થયા પછી ૧૯૬૦ સાલમાં લેવી. આ પરિષદ માટે નડિયાદ તથા ભાવનગરની સંસ્થાઓ તરફથી આમંત્રણો આપવામાં આવ્યા હતા.

પ્રશિક્ષણ અંગેના આ તાંત્રિક ઠરાવો ઉપરાંત નીચેના વિષયો ઉપર પરિષદમાં ચર્ચા થઈ.

(૧) બાલ માનસશાસ્ત્રનું અધ્યાપન.



(૨) ઈન્દ્રિય શિક્ષણ કેવી રીતે વ્યાપક બનાવી શકાય?

(૩) સાધનપોથીની યોજના.

(૪) પાઠ અવલોકનનું મૂલ્યાંકન તથા સ્વરૂપ.

(૫) સંસ્કારવર્ગની યોજના.

૨૧ મી તારીખે ત્રણ વાગે પરિષદના વ્યવસ્થાપકે બધા કાર્યક્રમનું સિંહાવલોકન કરીને આ કાર્યક્ષેત્રમાં કાર્ય કરનારા બધા ભાઈ-બહેનોને જે સંસ્થાદ્વારા પૂર્વ-પ્રાથમિક શિક્ષણનો બહોળો વિસ્તાર થયો છે. અને આજ પણ જે સંસ્થા પૂર્વ-પ્રાથમિક શિક્ષણને તથા પ્રશિક્ષણને વરી છે તે સંસ્થાને શક્તિશાળી બનાવવાથી આપણી બધાની સેવાને સંઘટિત સ્વરૂપ પ્રાપ્ત થશે તથા એકબીજાના સહકારથી જ આપણાથી પ્રગતિ સાધી શકાશે એવું કહ્યું હતું. આખરે પરિષદનું સુંદરરીતે સંચાલન કરવા બદલ જુદા જુદા પ્રતિનિધીઓએ વ્યવસ્થાપકનો આભાર માનીને પરિષદનું કાર્ય સમાપ્ત થયું.

—એક નિરીક્ષક

❋

આપણી જવાબદારી

જીવન એ અનુભવોની મહાન શાળા છે; સતત્ ચાલતી કેળવણી છે. અથવા તો એમ કહીએ કે જીવન એ સત્યની અવિરત ખોજ છે. માણસ અનેકવિધ આશાઓ અને અભિલાષાઓ લઈને આ જગતમાં આવે છે. એ આકાંક્ષાઓને પૂર્ણ કરવા જાતજાતના ઉપાયો અને ભાતભાતનાં સાધનો યોજે છે. સમજપૂર્વક સ્વીકારેલાં સાધનોમાં પણ એ સમે સમે ફેરફાર કરતો રહે છે. એ સાધનો પરિશુદ્ધ કરે છે. એમાંથી પ્રતિફલિત થતા ખ્યાલો બાંધે છે અને વળી પાછી નવી પદ્ધતિઓ અને પ્રકારો યોજે છે. આ બધીય પ્રક્રિયાની પાછળ જીવનને પૂર્ણ કરવાનો ઉદાત્ત હેતુ છૂપાયેલો હોય છે. આમ જીવનનું ચોક્કસ પ્રકારનું ઘડતર કરવાના ખ્યાલથી ચાલતી સતત્ પ્રક્રિયા એ એક પ્રકારની કેળવણી જ છે. કિશોરલાલભાઈના શબ્દોમાં જોઈએ તો "કેળવણી તો સમગ્ર સમાજે આદરવાની અને જીવનભર સંબંધમાં રહેનારી એક પ્રક્રિયા છે. તેનું ક્ષેત્ર સમગ્ર વિશ્વ અને તેનું લક્ષ્યાંક માણસનું સર્વાંગીણ ઘડતર કરવાનું હશે. તેનું જ્ઞાન સમગ્ર માનવ કુશળતામાં પરિણમાવવાનું અને સામાજિક પરિસ્થિતિના પ્રત્યેક વિભાગમાં ઉત્તમતાની ઉપાસના યોજવાનું હશે." આ જોતાં કેળવણીના ઉચ્ચતમ હેતુઓ અને ઉદાત્ત લક્ષ્યાંકોનો ખ્યાલ આવે છે.

માનવીના સ્વભાવમાં જ પડ્યું છે કે નાના મટીને વિરાટ થવું. અલ્પતામાંથી વિશાળતામાં જવું. ઊંચે ઊઠવાની વૃત્તિ પ્રત્યેકમાં સહજ રીતે પડી હોય છે અને 'સ્વ'માંથી 'સર્વ' તરફ જવાના એના પ્રયાસો પણ હોય છે. આ પ્રયાસોમાં એની દૃષ્ટિમાં વિશાળતા આવે છે કવિને થાય કે યુગોના યુગો લગી આનંદને પ્રેરણા આપે એવું ચિરંજીવ સાહિત્ય પેદા કરું તો રાજપ્રકરણીને લાગે કે વિશ્વમાં સ્નેહ અને શાંતિનું સામ્રાજ્ય સ્થાપું. તો વળી જ્ઞાની વિજ્ઞાનીને એમ લાગે કે નવી શોધો અને સંશોધનો દ્વારા જગતને દુઃખમાંથી ઊગરવાનો માર્ગ બતાવું. આ સઘળા મનોરથો ફૂલતા ફાલતા હોય ત્યારે તો કાંઈ વિચારવાપણું નથી રહેતું પણ જ્યારે એમાં



ઘડતરની પેઢીયો

બાળકમાં રહેલી સહજ વૃત્તિ તેને ઘડતર કરવા પ્રેરે છે પ્રગતિની ભૌતુના રાખતા રાષ્ટ્રની બાબતમાં પણ એવું જ છે. આપણી બીજી પંચવર્ષીય યોજના હાલ આગળ વધી રહી છે અને ભારત તેની વિવિધ વિકાસ યોજનાઓના કાર્યમાં પ્રવૃત્ત છે મુમ્બઈ રાજ્ય પણ, આ યોજનામાં તેને ભારે મુકરર થયેલી કાંમગીરી બજાવીને રાષ્ટ્રની પ્રગતિમાં પોતાનો ફાળો આપી રહ્યું છે.

રાજ્યની બીજી પંચવર્ષીય યોજનામાં નિર્ધારિત રૂા. ૬૫૦.૨૮ કરોડના કુલ ખર્ચમાંથી, ૧૯૫૧ થી ૧૯૫૬ સુધીનાં પહેલાં ત્રણ વર્ષમાં રૂ. ૧૬૭.૨૧ કરોડનું ખર્ચ કરવામાં આવ્યુ છે. ૧૯૫૬-૫૭ ના વર્ષની જોગવાઈ રૂા. ૬૦.૧૮ કરોડની છે.

પહેલાં ત્રણ વર્ષમાં ૭.૭૧ લાખ ટન જેટલું અનાજનું ઉત્પાદન વધ્યું છે. અને ૧૯૫૦-૫૧ ની પરિસ્થિતિ સાથે સરખાવતા લગભગ ૨૦,૦૦૦ જેટલી વધુ પ્રાથમિક શાળાઓ ખોલવામાં આવી હતી, લગભગ ૧૦૦૦ જેટલી માધ્યમિક શાળાઓ વધી હતી અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની સંખ્યા તો યોજનાના પ્રથમ વર્ષના અંત સુધીમાં લગભગ બેવડી થઈ હતી.

૩,૭૨૯ માઈલના રસ્તાઓ બાંધવામાં આવ્યા હતા, ૧૦૪ નવા પૂલો અને ૪૭મો બાંધવામાં આવ્યા હતા ઔદ્યોગિક કામદારો માટે ૧૩,૧૮૨ નિવાસસ્થાનો બાંધવામાં આવ્યા હતાં. (૧૯૫૬-૫૭ દરમિયાન વધુ ૭૦૦૦ નિવાસસ્થાનો બંધાશે જશે તેવી ધારણા છે) ઓછી આવકવાળા જૂથો માટે ૪,૧૬૦ રહેણાંક બાંધવામાં આવ્યાં છે.

સિંચાઈ, વીજળી શક્તિ, ઔદ્યોગિક અને બીજી યોજનાઓ પણ આયોજનના કાર્યક્રમ હેઠળ ઝડપભેર પ્રગતિ કરી રહી છે.

FAIRDEAL
DIRECPUB

ઓટ કે અંતરાય આવે કે મુંઝવણ કે મથામણ આવે ત્યારે આ મર્યાદાનું મૂળ શોધવાની આવશ્યકતા ઊભી થતાં જીવનનો પાયો જોવા સમજવા બેસે છે અને ત્યારે બાલ્યકાળમાં પડેલા સંસ્કારો, મળેલું શિક્ષણ, અનુભવેલું વાતાવરણ અને વિતાવેલા જીવનને જોવું પડે છે અને ત્યારે બાલ્યાવસ્થાની અસમતોલ ને અધૂરી વિકાસ પ્રક્રિયા પર નજર ઠરે છે. એ અવસ્થા પ્રત્યે સેવેલી બેદરકારી અને કરેલી અવગણના આપણને નવેસરથી વિચારવાની તક પૂરી પાડે છે.

આજના વિકસતા જતા વિજ્ઞાનના યુગમાં બાળક અને બાલ્યકાળ વિશેનો વિચાર ખૂબ જ બુદ્ધિગમ્ય અને તર્કબદ્ધ રીતે થવા લાગ્યો છે ત્યારે આખી કેળવણીની પ્રક્રિયા નવેસરથી ગોઠવવાની આવશ્યકતા ઊભી થઈ છે કે ઉપર જોયું તેમ માનવીની મર્યાદાનાં મૂળ એમાંથી નિર્મૂળ થાય; અને નવી જ સમાજરચના પેદા થાય કે જ્યાં સમાજનાં મૂળભૂત રૂઢ થયેલાં મૂલ્યો બદલાય. અને એ બદલવાનું કાર્ય શિક્ષણ જગતનું જ છે.

શિક્ષણ–ક્ષેત્રનો પાયો એ બાલકેળવણી છે તો સમાજજીવનનો પાયો શિક્ષક છે. શિક્ષકની નિષ્ઠા અને નિપૂર્ણતા પર જ નવી સમાજરચનાનો આધાર રહે છે. પ્રતિક્ષણે પલટાતા આ જગતમાં વિધવિધ વિચારધારાઓ, જાતજાતની પદ્ધતિઓ, અવનવા અખતરાઓ અને મૌલિક સંશોધનોનો સમન્વય કરી એમાંથી સત્ય તારવવાનું કાર્ય શિક્ષક આજમને શિરે રહે છે. આવતીકાલના શિક્ષકોને માથે એ રીતે ખૂબ મોટી જવાબદારી વહન કરવાની આવે છે. કોઈ પણ ક્ષેત્રની તાલીમ આપતાં અધ્યાપન મંદિરો માટે સમાજની કાયાપલટ કરવાની ગંહન જવાબદારી છે. આવતી કાલના આ બધા કેળવણીકારો પાસે જીવનનું ઊંડું રહસ્ય અને સમાજનું તલસ્પર્શી દર્શન હોવું એ આવશ્યક નથી ? કેળવણીકારનું મોટામાં મોટું કાર્ય તો નવાં ઉચ્ચતમ મૂલ્યો સમાજ ઝીલી શકે એ જાતની પૂર્વ તૈયારી કરવાની છે. જીવન વિશેનાં ઉચ્ચતમ મૂલ્યો એક વાર હૈયામાં ઝીલાઈ જાય તો પછી ક્રાંતિ થતાં વાર નથી લાગતી.

તપસ્યાના મંથનમાંથી કળાની જ્યોત પ્રગટે છે, પ્રત્યેક શિક્ષકે આ નવી રચના માટે સતત્ શ્રમ અને સેવાનિષ્ઠ જીવન સ્વીકારવું રહેશે. ભારતની ગરીબાઈ, અજ્ઞાનતા, અનારોગ્યતા અને આળસનાં ઘરઘાલેલાં તત્ત્વોને ધોઈ સુખ શાંતિ ને સંસ્કારિતાનાં નિર્મળ ઝરણા વહેવડાવવાની વેળ બરાબર પાકી ગઈ છે.

— બાબુભાઈ શાહ, સુરેન્દ્રનગર

પ્રશિક્ષણ માટે ઉપયોગી સાહિત્ય

વિષય બાલમાનસશાસ્ત્ર

૧	બાલ મનોવિકાસ	(મરાઠી)	લેખક	શ્રી સ. આ. કુળકર
૨	બાલમાનસશાસ્ત્ર	,,	,,	શ્રી સૌ શા. જોગળેકર
૩	મુલાંચે મન	,,	,,	શ્રી ભા. ધો. કર્વે
૪	Child Development	(English)	,,	Elizebeth Hurlock
૫	Child Psychology	,,	,,	J. Thomson
૬	બાલમન	(મરાઠી)	,,	મ. કા. કારખાનીસ
૭	અનુવંશિકતા	,,	,,	ભા. ધો કર્વે
૮	હિંદી મુલાંચે બુદ્ધિમાપન	,,	,,	ડો. કામત
૯	બાલ – મનાચે રહસ્ય	,,	,,	ભા. ધો. કર્વે
૧૦	Secret of childhood	(Eng.)	,,	M. Montessori
૧૧	Frist five years of life	,,	,,	Aronld Gessel
૧૨	Child Psychdogy	,,	,,	Valenline
૧૩	માનસશાસ્ત્રાચી ઓળખ	મરાઠી	,,	ભા. ધો. કર્વે
૧૪	માનસશાસ્ત્ર પ્રવેશ	,,	,,	શ્રી શરયુપાળ તથા શ્રી ના, દા. ગોખલે
૧૫	Education of Psychology	(Eng)	,,	Margaret Drumand
૧૬	Mind of the child	,,	,,	George Allen
૧૭	Psychology and its bearing on Educatian	,,	,,	Valentine
૧૮	Rducational Psychology	,,	,,	J. S. Ross
૧૯	Ground work of psyehology	,,	,,	L. R. Shukla
૨૦	Educational Psychology	,,	,,	Chatles Fyx
૨૧	Child study	,,	,,	Reth Stray
૨૨	Child Study	,,	,,	Charls Skiman
૨૩	Educational Psychology	,,	,,	Gates aud Jersild
૨૪	Child Psycholagy	,,	by	Morgan
૨૫	Child Psychology	,,	,,	Jersild

અન્ય વિષયોની યાદી ક્રમશઃ આપવામાં આવશે.

— સંગ્રાહક

શ્રી રવીન્દ્રનાથ ટાગોરના કેળવણી વિષયક વિચારો

શ્રી રવીન્દ્રનાથના કેળવણી વિષયક વિચારો માટે કોઈ વ્યવસ્થિત પુસ્તક મળતું નથી. પોતાનાં જુદાં જુદાં લખાણોમાં એમણે કબૂલ કરેલું મળે છે કે પોતાની શાળા–શાંતિનિકેતન–કોઈ પૂર્વ સ્થાપિત પદ્ધતિનું કે કોઈ સિદ્ધાંતોનું પરિણામ ન હતું.

* "Because the growth of this school was growth of my life and not that of a mere carriying out of my doctrines. Its ideal changed with it maturity like the ripening of a friut that not only grow in its bulk and deepens in its colour but undergoes change in its very quality of inner pulp."

"મારી આ શાળાનો વિકાસ મારા જીવનના વિકાસ પ્રમાણે થયો છે. નહીં કે માત્ર કોઈ ચોક્કસ સિદ્ધાંત કે પદ્ધતિના આધારે. શાળાના આદર્શો મારા જીવનના આદર્શો સાથે બદલાતા અને પુષ્ટ થતા ગયા છે. જેવી રીતે ફળ પાકતું જાય છે તેમ તેમ તેના આકાર વજન રંગમાં જ ફેર પડે છે એટલું જ નથી બનતું પણ તેના આંતરિક ભાગમાં પણ–ગરમાં –પણ એક મોટો ફેરફાર થતો જાય છે તેમ જ." એટલે સમગ્ર જીવનની એક ફિલોસોફીના ભાગ રૂપે જ તેમના શિક્ષણ વિષયક વિચારો વિકસ્યા છે. એમના કોઈ પણ કાવ્ય નાટક, લખાણમાં આ સ્પષ્ટ દેખાય છે. અચલાયતન્ પક્ષીનું શિક્ષણ, પોસ્ટ ઑફિસ વગેરે બધી ઉત્કૃષ્ટ સાહિત્ય કૃતિઓમાં એમના જીવન અને શિક્ષણ વિષેનાં વિચારોનું સ્પષ્ટ પ્રતિબિંબ જોવા મળે છે.

એમના જીવનનાં 'સંસ્મરણો' વાંચીએ તો એમની શિક્ષણની કલ્પનાનો સારો એવો ખ્યાલ મળે છે. એમના પોતાના જીવનની પાર્શ્વભૂમિ–Back ground–માં જ એમના વિચારોનો વિકાસ થયો છે;

× × ×

રૂસો અને ગુરુદેવમાં કેટલું કે સામ્ય ઉપરછલ્લું તુરત દેખાય છે. પણ થોડું ઉંડાણથી વિચારીએ તો વિરોધ પણ જોવા મળે છે.

રૂસોએ કુદરતને પ્રબોધક Didactic કલ્પી છે. કુદરતને "એક મહાન શિક્ષક" કલ્પી છે. અને એમના એ વિચારમાંથી ઇન્દ્રિય શિક્ષણનું તંત્ર જન્મ્યું છે. બાળકના કુદરતના પરિચયના પરિણામ રૂપે બાળક કાંઈક શીખે, અને તે પોતે સ્વાવલંબી પણ બને એવી કલ્પના છે. જ્યારે ગુરુદેવે કુદરતને આનંદ અને અનુભવના માધ્યમ તરીકે કલ્પેલી છે. કુદરતના અનુભવોમાં બાળક આનંદ મેળવે, સમગ્ર જગતના ઇન્દ્રિયગમ્ય અનુભવો દ્વારા જગત–વ્યક્તિત્વ સાથેનું એકય અનુભવે.

"The highest education is that which does not merly give us infoamation but makes our life in harmony with all existance."

ઉચ્ચ કેળવણી તે છે કે જે માત્ર આપણને માહિતિ જ ન આપે પણ આપણા જીવનને સમગ્ર જીવન સાથે સુમેળ આપે.

એટલે ગુરુદેવના મતે Role of nature is primarily to inspire and not to instruct like a teacher° એટલે ગુરુદેવને મતે "કુદરતનું પ્રમુખ કાર્ય બાળકના મનને પ્રેરણા આપવાનું છે. નહી કે માત્ર શિક્ષકની જેમ શિક્ષણ આપવાનુ" એમ સમજાય છે.

(ગુરુદેવ દિન–૭ મી ઓગસ્ટના અનુસંધાનમા લોક-ભારતી સણોસરામાં આપેલ વ્યાખ્યાનમાથી કેટલાક ફકરા.)

— નરેન્દ્ર બાવેકા

* My school. (Personality)

° My school (Personality)

ઝંડુ ચ્યવનપ્રાશ

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક "જેનસ" નં ૩૦૨

જાડા, ઉટટી, શરદી, શુળ, ખાસી, અમુઝાગ, માથાનો દુખાવો, દાત-દાઢની પીડા, ઈ દરદો માટે ઉપયોગી.

બધા જાણીતા દવાવાળાને ત્યા મળશે

જે. એન. સેઠના
જીવણદાસ ઓફીસ, નડીયાદ.

જલ્પ્રવર્ધિની ચૂર્ણના
બાલકોના
ઈન્ડીકાદ્વારા માટે

પરીશ્રમ પૂર્વક શોધેલ
ઉત્તમ ચોકી. ૧૮ ઔષધીયુક્ત
કલ્પવૃક્ષિયા અર્ક માથી,
બનાવી

"ચિકો ચ્યવનપ્રાશ"

પાવડર અગર પેસ્ટ આપને પસંદગી પ્રમાણે વાપરો

પ્રસ ગોપાલ સુખવાસ માટે
ખપવાની

★ ડિલ્યુક્સ ★
સ્પેશ્યલ સોપારી

★ સુમધુર ★ સૌને આનંદિત
કરતી સર્વ જગ્યાએ વેચાય છે.
આપના ગામની એજન્સી માટે લખો:

રાવજીભાઈ કે. સોપારીવાલા

શાંતિભુવન, ચોપાટી સીક્રેસ, મુંબઈ ૭
બ્રાંચ : પોસ્ટ ઓફિસની બાજુમાં
વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ-૪.
ચંદ્રભુવન, સુપર સીનેમાની બાજુમાં,
ગાંધીરોડ, મુંબઈ-૭

સૌંદર્ય
મુખાકૃતિમાં
ખામીવાળાને



ચિકો
ક્રીમ પાઉડર

— સોલ વીક્લીબ્યુટર્સ —
૧૦ વીનાયક વિલા રોડ, મુંબઈ ૨૯

ગીતા-મહિમા

ગીતા ગંગોદકં પીત્વા
પુનર્જન્મ ન વિદ્યતે
ગીતા, ગોકુલાષ્ટમી
જન્માષ્ટમી વૌચતે

ગીતા સુગીતા કર્તવ્યા
કિમન્યૈઃ શાસ્ત્રવિસ્તરૈઃ
યા સ્વયં પદ્મનાભસ્ય
મુખપદ્માદ્વિનિઃસૃતા

MF 28

મુદ્રક અને પ્રકાશક : નરેન્દ્ર ગિજુભાઈ બઘેકા
મુદ્રક પ્રકાશન સ્થાન : સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ, દાણાપીઠ, ભાવનગર

નૂતન બાલશિક્ષણ સંઘ સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ ૩૪ : અંક ૯ : સપ્ટેમ્બર, ૧૯૫૯

સંસ્થાપકો
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી તારાબેન મોડક

તંત્રી :
શેષ નામલે

☆

વાર્ષિક લવાજમ રૂ. ૪/૦૦
છૂટક નકલ ૩૭ નયા પૈસા

માનવમાંથી નાગરિક બનવું એ કોઈ આનુવંશિક વારસાતી પરિણતિ નથી. એને નાગરિક બનાવવાનો યોજનાપૂર્વક પ્રયત્ન જ થવો જોઈએ. તે માટે માનવના ચારિત્ર્યની તેમજ તેની બૌદ્ધિક શક્તિઓની આવજત જ થવી જોઈએ. સંસ્કૃતિની કક્ષા ઊંચી કરવાનો જેઓનો નિર્ધાર છે અથવા જેઓ રાષ્ટ્રીય શક્તિનું સંગઠન અને દૃઢીકરણ કરવા ધારે છે અથવા આત્મિક જીવન મૂલ્યોનું સંવર્ધન કરવા માગે છે તેઓને તે નવી પેઢીઓનું કેળવણી રક્ષણાત્મક સ્વરૂપ આપીને જ કરવું પડશે.

— આદામ મોન્ટીસોરી

— કા. ઓ. બ. : શિક્ષણ પત્રિકા : શ્રેયસ્કર પ્રેસ : ભાવનગર


દરરોજ
દરેક ઘરમાં
કોઇનો કોઇ
વાપરનું કોણ છે
વાળને શ્યામ
કરવા માટે
અથવા તો સફેદ
કેશ-પ્રસાધન તરીકે
સોલ એજન્સ:
એમ. એમ. ખંભાતવાલા
અમદાવાદ-૧.
એજન્ટ:
સ્ટી. નરોતમની કું.
મુંબઈ-૨.

* ટીનોપાલ

સહેજ

વાપરવાથી કપડાં

સાવ સફેદ = બને છે



"ટીનોપાલ" જે. આર. ગાઇગી, એસ એ, બાલ, સ્વિત્ઝરલેંડનો રજીસ્ટર્ડ ટ્રેડ માર્ક છે

બનાવનાર: સુહૃદ ગાઇગી પ્રાઇવેટ લિમિટેડ, વડી વાડી, વડોદરા — સેલ ડીસ્ટ્રીબ્યુટર્સ: સુહૃદ ગાઇગી ટ્રેડીંગ પ્રાઇવેટ લિમિટેડ, પી. ઓ. બોક્સ ૯૬૫, મુંબઇ ૧

શિક્ષણ-પત્રિકા

સંપાદકમંડળ

જયકુમારીબેન પટેલ — હેમલતાબેન માળવી
હરપ્રસાદ ભટ્ટ — રમેશભાઈ કોઠારી
જયંતીભાઈ ઓઝા — કુસુમબેન શાહ

સપ્ટેમ્બર : ૧૯૫૯

અનુક્રમ		પૃષ્ઠ
૧	મોંઘીબહેન સંવત્સરી	૨
૨	બાલસાહિત્યના લેખકોને વિનંતી	૪
૩	સંપાદકીય	૫
૪	પત્રિકાના વાચક ભાઈબહેનોને	૭
૫	માબાપોના પ્રશ્નો	૮
૬	બાળકોની શક્તિઓનો મોહ	૧૧
૭	મુંબઈ રાજ્યમાંની પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાઓનો અલ્પ પરિચય	૧૨
૮	એક અભિનવ દર્શન	૧૪
૯	ક્ષોભ પ્રક્ષોભ	૧૯
૧૦	બાળ વિભાગ	૨૨

સંઘ સમાચાર

મોંઘીબહેન સંવત્સરી

ભાવનગર : શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર, તારીખ ૨૨-૮-૫૯ને શનિવારે ૧૧ વાગે મોંઘીબહેન બધેકાની સંવત્સરી નિમિત્તે એક સભા યોજવામાં આવી હતી. સભામાં ઘરશાળા, તથા દક્ષિણામૂર્તિ અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ તથા શિક્ષકમિત્રોએ હાજરી આપી હતી.

આ પ્રસંગે શ્રી નર્મદાબેન રાવળ, શ્રી ગિરિશભાઈ ભટ્ટ, શ્રી ચંદુભાઈ ભટ્ટ, શ્રી જયંતભાઈ શુકલ તથા શ્રી નરેન્દ્ર બધેકાએ સ્વર્ગસ્થના કાર્યને અંજલી આપ્યા બાદ મોંઘીબહેનના જીવનની એક પુસ્તિકા તથા તેમનું અપ્રકટ સાહિત્ય પ્રકટ કરવા વિચારણા કરી હતી. અંતમાં ભજન ગવાયા બાદ સર્વે છૂટાં પડ્યાં હતાં.

બાળકેળવણી મંદિર બગસરા-સંચાલિત બાળમંદિર માટે પૂર્વ-પ્રાથમિક ટ્રેન્ડ શિક્ષિકા યા શિક્ષક જોઈએ છે. ઉપરના સરનામે પત્રવ્યવહાર કરવો.

— લાલચંદ વોરા

જામનગર : ૧૫મી ઓગસ્ટે બારદાનવાલા બાલમંદિરમાં શ્રી હરજીવનભાઈ બારદાનવાલાના હસ્તે ધ્વજવંદન થયું હતું. પછી સંમેલનનું યોજ્યું હતું. તેમાં બાળકોના વાલીઓએ અને બાળમંદિરના સભ્યોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી.

તા. ૩૧ ઓગસ્ટે જામનગરના બાલશિક્ષકોનું તથા બાલશિક્ષણ રસિકોનું સંમેલન નૂતન બાલશિક્ષણ સંઘની જામનગર શાખાના આશ્રયે શ્રી બારદાનવાલા બાલમંદિરમાં મેડમ મોન્ટીસોરીની જયંતી ઉજવવા માટે યોજવામાં આવ્યું હતું. પ્રમુખસ્થાન ધારાસભ્ય શ્રી મંજુલાબેન દવેએ શોભાવ્યું હતું. મેડમના સહકાર્યકર શ્રી બાબુભાઈ શાહે અને મેડમના અન્ય શિષ્યોએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતા.

નવું જોખમ...



નથી સંભળાતી નવી જાગૃતિની બોલી?

બાળકના હક્કદાર રૂદનમાંથી નથી સંભળાતો

સાબદા રહેવાનો સાદ?

નથી દેખાતું કરોડો માનવોના પરિશ્રમનું ચિત્ર?

નવરચના અને વિકાસ માટેનો આદેશ? માનવ શક્તિને નાથવાની ઉત્કંઠા?

જીવનનું ઘડતર, એવી દુનિયાની રચના કે જેમાંથી કાંઇક વધુ સાંપડે,

કાંઇક ચિંતા ઓછી થાય,

કાંઇક વધુ ઉલ્લાસ માનવને ભાગે આવે.

હા, જાગૃતિની ઝાંખી તમને થાય છે—પ્રાચીન પ્રબળ યુગોની જૂની કાંચળી ઉતારી
નાખે છે. આજે, ગઈકાલની જેમ, અમારું ઉત્પાદન ઘરઘરમાં સ્વાસ્થ્ય,
સ્વચ્છતા અને સુખનો સંચાર કરે છે. તોય, આજે અમે કામે લાગીએ છીએ...
આવતી કાલ માટે, એ વેળા વધુ રૂડા જીવન માટેનો સળવળાટ વધ્યો હશે.
વધુ પ્રયાસોની એ માગણી કરશે. અને અમે સજ્જ હશું વિશાળ સેવા માટે,
નવા વિચાર માટે, નવાં ઉત્પાદન સાથે...

આજ કરો કે કાલ...હિન્દુસ્તાન લીવર ઘરઘરની સેવા બજાવે છે
PR. 2-X52 GJ

બાલસાહિત્યના લેખકોને વિનંતી

ઑક્ટોબર મહિનાને આખરે દિવાળી આવે છે. દર વર્ષે આવતા આ આનંદોત્સવને પ્રસંગે શિક્ષણ–પત્રિકાનો દિવાળી અંક-વિશેષાંકના સ્વરૂપમાં પ્રગટ થાય છે આ વર્ષે 'આદિવાસી બાલશિક્ષણ વિશેષાંક' અને પૂર્વ–પ્રાથમિક પ્રશિક્ષણ વિશેષાંક આ પહેલા પ્રગટ કર્યા છે. આ બંને અંકોમાં દરેક અંકમાં પ્રગટ થાય છે એવી રીતે બાલસાહિત્ય પ્રગટ કરી શકાયું નહીં. આ વાત અમને સતત સાલે છે. કેટલાંક બાળકોએ જૂન અને ઑગસ્ટ મહિનામાં પ્રગટ થએલા અંકમાં "અમારા માટે કેમ કંઈ લખાણ નથી" એવી ફરિયાદ પણ કરી છે. તેથી આ વખતે દિવાળી વિશેષાંકનું સ્વરૂપ બાલસાહિત્યનું રહે એવી યોજના અમે કરીએ છીએ.

બાલસાહિત્ય વિશેષાંકની યોજના

આ અંકમાં બાળકો માટે બાળકોએ લખેલા અથવા મોટેરાંઓએ લખેલા લેખો સ્વીકારવામાં આવશે બાળલેખકોના બે વિભાગો રહેશે.

(૧) છ થી આઠ વર્ષની વયના બાળ લેખકો.
(૨) આઠ પૂરાથી બાર વર્ષની વયના બાળ લેખકો.

આ લેખકોએ લેખને છેડે પોતાનું નામ ને વય લખવી જોઈએ. અને બીજી મહત્ત્વની વાત એટલે લેખ પોતે જ લખવો જોઈએ. ભાષાંતર ન હોવું જોઈએ.

મોટેરાંઓ એટલે કોણ?

મોટેરાંઓમાં બાળકના વાલી અને શિક્ષકમાં બાલ અધ્યાપન મંદિરમાં હાલ ભણતા વિદ્યાર્થીઓનો પણ સમાવેશ કરીએ છીએ. આ બધાં મોટેરાંઓએ નીચેનો હેતુ લક્ષમાં લઈને જ લખેલા લેખો આ અંકમાં સ્વીકારવામાં આવશે.

શિશુસાહિત્ય (૧) છ વર્ષની નીચેનાં બાળકોને વાંચી સંભળાવાય, ગાઈ સંભળાવાય અથવા વાર્તાની જેમ વાંચી બતાવાય એવા લેખો

પ્રારંભિક બાલસાહિત્ય (૨) છ પૂરાથી આઠ પૂરી વયના બાળકો પોતે જાતે વાંચી શકે એવા પ્રકારનુ સાહિત્ય. આ સાહિત્ય મોટા ટાઈપમાં છાપવામાં આવશે. બાલસાહિત્ય (૩) આઠ પૂરાથી બાર પૂરી વયના બાળકોની દૃષ્ટિથી લખાયેલુ સાહિત્ય.

આ ત્રણે પ્રકારના વિભાગો માટે જુદા જુદા પ્રકારનાં ગીતો, કવિતા, પાઠ વાર્તા, નાટય છટા, નાનકડી નાટિકા, નિબંધ, ચરિત્રો, વિનોદ ટૂચકા વગેરે પ્રકારનું સાહિત્ય સ્વીકારવામાં આવશે.

દિવાળીનો આ બાલસાહિત્ય વિશેષાંક ૨૧–૨૨ ઑક્ટોબરને બદલે ઑક્ટોબરની ૩૦ અથવા ૩૧ મી તારીખે બાળકોના હાથમાં આવે એવી રીતે પ્રકાશિત કરવામાં આવશે.

લેખક વર્ગને વિનંતિ

(૧) લેખ મોકલવાની મુદત ૩૦ સપ્ટેમ્બર છે. આ તારીખ પછી મોકલેલા લેખોને દિવાળી અંકમાં સ્થાન આપવામાં આવશે નહી.

(૨) લેખ કાગળની એક બાજુ પર $\frac{1}{4}$ હાંસિયો છોડીને સ્વચ્છ, સારા, ચોખ્ખા અક્ષરમાં લખવો જોઈએ.

(૩) જે લેખોની પસંદગી કરવામાં આવી નથી તે લેખોની સાથે જરૂરી પોસ્ટે જ હશે તો જ પાછા મોકલવામાં આવશે.

પત્રિકાના બાલસાહિત્ય વિશેષાંકને બધા નાના મોટા લેખકોનો હાથ લાગવો જોઈએ અને દિવાળી નિમિત્તે બધાં બાળકોને હમેશ પોતાની પસંદગીનું સાહિત્ય મળે. તેથી આ અંકની જે યોજના કરી છે તેને બધાંએ મદદ કરવી એવી વિનંતી છે.

— સંપાદક

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૪] સપ્ટેમ્બર ૧૯૫૯ [અંક : ૬

સંપાદકીય

નૂતન બાળશિક્ષણ સંઘનું ગુજરાતી કેન્દ્ર

ગયા માસના દિનાંક ૧૬ મીના રોજ અમદાવાદના ગુજરાત બાલઅધ્યાપન મંદિરમાં નૂતન બાલશિક્ષણ સંઘના નિયંત્રણ મંડળની સભા મળી હતી. આ સભામાં સંઘના મંત્રીએ સંઘના સમગ્ર કાર્યની સમાલોચના કરીને કહ્યું કે અત્યારે બાળકેળવણીનું કાર્ય પોતાની મેળે વધી રહ્યું છે અને એ તબક્કે સંઘ પાસેથી અનેક પ્રકારની સેવાઓ મળે તે માટે લોકોની અપેક્ષા દિવસ દિવસ વધી રહી છે. વિસ્તરણ કેન્દ્રોમાં, સમાજ કલ્યાણ કેન્દ્રોમાં, સર્વોદય કેન્દ્રોમાં બાલવાડીઓની સંખ્યા કૂદકે ને ભૂસકે વધી રહી છે. બાળવાડી–બાળમંદિરો માટે સાધનો કેવા લેવા, કયાંથી લેવા, શિક્ષકો માટે પુસ્તકો, ગીતોની કર્ઈ ચોપડીઓ સારી, બાળપુસ્તકાલયો માટે કયું સાહિત્ય વસાવવું. 'વર્ષ થયું બાળવાડી શરૂ કરી દીધી છે, તમારામાંથી કોઈનું અમને માર્ગદર્શન જોઈએ.' 'બાળવાડી માટે શિક્ષક આપો' એવા કેટલાયે પ્રશ્નો કરતાં પત્રો સંઘના કાર્યાલયમાં આવે છે. દૂર દૂરની વ્યક્તિઓ કાર્યાલયનો જાતે સંપર્ક સાધવાનો પ્રયત્ન કરતી હોય છે તેથી સંઘના કાર્યાલયની શક્તિ બહાર કામ વધી રહ્યું છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સંઘે કંઈક માર્ગ કાઢવો એ ઘણું જ અગત્યનું કામ હતું તે સંબંધમાં અમદાવાદમાં મળેલા સંઘના કાર્યકર્તાઓએ વિચાર કરીને અમદાવાદમાં સંઘની સાથે સંકળાયેલી ગુજરાતી બાળ કેળવણીની સંસ્થાઓને દોરવણી આપવા માટે તેમ જ ગુજરાતી વસ્તીના પ્રદેશોમાં સ્થાપન થતી સંઘની સ્થાનિક અને જિલ્લા શાખાઓને માર્ગદર્શન આપી શકાય તે માટે નૂતન બાળ શિક્ષણ સંઘનું ગુજરાતી કેન્દ્ર અમદાવાદમાં સ્થાપન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જાન્યુઆરી મહિનાથી ગુજરાતી શિક્ષણ પત્રિકાનું સમગ્ર કાર્યાલય ભાવનગર ફેરવવામાં આવ્યું છે એની સાથોસાથ સંઘનું વિસ્તૃત થઈ રહેલ કાર્ય ચલાવવા માટે એક નવું કેન્દ્ર સ્થાપન કરવાનો જે નિર્ણય લેવામાં આવ્યો છે તેને અમે વધામણી આપીએ છીએ. આ કેન્દ્રનું સંચાલન સંઘના ઉપમંત્રી શ્રીમતી યશસ્વતીબેન ભટ્ટ તેમ જ શિક્ષણ પત્રિકાના નવા સહસંપાદક મંડળના ચાર સભ્યો ડૉ. શ્રીમતી લીલાબેન શાહ, મુખ્યાધ્યાપક શ્રી. માણેકલાલ ઠાકર, મુખ્યાધ્યાપક શ્રી નરેન્દ્ર બધેકા અને મુખ્યાધ્યાયક શ્રી ચંદુલાલ ભટ્ટ કરશે. એ ગુજરાતી કેન્દ્ર સંચાલક મંડળની નિમણૂક સંઘના કેન્દ્રિય નિયંત્રણ મંડળે કરી દીધી છે અને દિનાંક ૨૧ મી ઑગસ્ટથી આ સંચાલક મંડળનું કાર્ય અમદાવાદમાં શરૂ થઈ ગયું છે. આ મંડળ સાથે પત્રવ્યવહાર કરવા માટે શ્રીમતી યશસ્વતી બેન ભટ્ટ નૂતન બાલશિક્ષણ સંઘ ખાડિયા બાલમંદિર, ખાડિયા, અમદાવાદના સરનામે લખવું. અત્યારે સૂરત, ભરૂચ, વડોદરા, ખેડા, અમદાવાદ, પંચમહાલ, મહેસાણા, સાબરકાંઠા એ ગુજરાતના આઠ જિલ્લાઓ

તેમ જ સૌરાષ્ટ્ર અને કચ્છનો પ્રદેશ અને બૃહદ્ ગુજરાતી સંસ્થાઓના પ્રદેશમાં ચાલતી બાળકેળવણીની સંસ્થાઓને માર્ગદર્શન કરવું તેમ-જ આ પ્રદેશમાં બાલકેળવણીનો પ્રચાર કરવો, સંઘના કાર્યનું વિસ્તરણ કરવું એ બધાં કામો આ ગુજરાતી કેન્દ્ર સંચાલક મંડળ આવરી લેશે

આજે આ પ્રદેશમાં ભારતની બાળકેળવણીને નવી પ્રેરણા આપનાર સંઘના સંસ્થાપક ગિજુભાઈની દક્ષિણામૂર્તિ ભવનની સંસ્થા સ્વર્ગસ્થની એક પ્રાણવાન સ્મૃતિ તરીકે ચાલુ રહી છે. એ સંસ્થાની જ પ્રેરણા લઈને ભાવનગર ધરશાળા પ્રશિક્ષણ સંસ્થા, સુરેન્દ્રનગરની પ્રશિક્ષણ સંસ્થા તેમ જ અમદાવાદ નડિયાદની મળીને કુલ પાંચ બાલઅધ્યાપન સંસ્થાઓ ચાલે છે. એ પ્રદેશમાં જ ભારતના કોઈ પણ અન્ય પ્રદેશ કરતાં સૌથી વધુ સંખ્યા ધરાવતી બાળકેળવણીની સંસ્થાઓ આવેલી છે. બાળકેળવણીના આ સર્વ કેન્દ્રોને સંઘટિત થવાની હાકલ થાય અને બાળકેળવણીના પ્રચારની એક ઝુંબેશ ઉઠાવવામાં આવે તો આ પ્રદેશ બાળકેળવણીના ક્ષેત્રમાં ભારતીય નેતૃત્વ કરી શકે એવો અહીંની સંસ્થાઓ પાછળ ઇતિહાસ છે. એ ઇતિહાસની પ્રેરણા જાગ્રત કરીને અહીં ઘણું નવું રચનાત્મક કાર્ય થાય એવી દરેક પ્રકારની સગવડો છે.

આ કેન્દ્ર ગુજરાતી પ્રદેશનું સ્વાભાવિક રીતે કેન્દ્ર બનેલા અમદાવાદમાં સ્થપાયું તે ઘણું ઉચિત થયું છે. આગળ જરૂર પડતાં નવું સૌરાષ્ટ્ર અથવા કચ્છમાં પણ એવા કેન્દ્રીય સંઘના કેન્દ્ર ખોલવાની જરૂર પડે તો ખોલી શકાશે પરંતુ અમદાવાદમાં જે કેન્દ્ર ખોલાય છે તે માટે ત્યાં દરેક પ્રકારની અનુકૂળતા દેખાય છે. એક તો સંઘનું કાર્ય જેઓએ પોતાનું જીવનકાર્ય બનાવ્યું છે એવા ઘણા કાર્યકરો અમદાવાદમાં વસે છે. ગુજરાતી ભાષી એક મોટી બાલ અધ્યાપન સંસ્થા અમદાવાદમાં જ છે. એ સંસ્થામાં પ્રશિક્ષણ પામેલા શિક્ષકો આજે ગુજરાતના ગામેગામની બાલવાડીઓ કે બાળમંદિરો ચલાવી રહ્યા છે. બીજી બાજુએ અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠે એમ. વી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાઇલ્ડ સાયકોલોજીની સ્થાપના કરીને બાળજીવનના અનેક પ્રશ્નોનો અભ્યાસ થાય એવી સગવડ કરી આપી છે. બાળકોના જીવનમાં જુદી જુદી રીતે રસ ધરાવતાં આ બળો અમદાવાદમાં સહેજે એકત્ર થઈને એકબીજાનો સહકાર સાધી શકશે. આ બળોને એકત્ર આણીને બાળકેળવણીને યોગ્ય દિશા આપવાનું કાર્ય નૂતન બાળશિક્ષણ સંઘનું આ ગુજરાતી મંડળ કરી શકશે એવું ન માનવાનું કોઈ કારણ દેખાતું નથી.

દર વર્ષે નવેંબર માસમાં નૂતન બાલશિક્ષણ સંઘ તરફથી સ્વ ગિજુભાઈની જન્મજયંતી અંગે એક સપ્તાહ ઉજવવામાં આવે છે. આ જયંતી સપ્તાહમાં નૂતન બાલશિક્ષણ સેવાનું કાર્ય ચલાવવા માટે ગિજુભાઈ જયંતી તિથિ બાળકેળવણી સર્વ સંસ્થાઓના સહકારથી ઉજવવામાં આવે છે. નૂતન બાળશિક્ષણ સંઘનું આ ગુજરાતી કેંદ્ર આ વર્ષના જયંતી સપ્તાહની અને જયંતી નિધિની એવી આયોજના કરે કે જેથી સમસ્ત ગુજરાતી પ્રદેશની એકેક સંસ્થામાં બાળકેળવણીનો નવો સંદેશ પહોંચે અને તેમાંથી આ પ્રદેશનાં બાળકોના માટે નવી રચનાત્મક કેળવણીનાં અનેકવિધ કાર્યોના મંડાણ થાય.

નૂતન બાળશિક્ષણ સંઘે સ્થાપન કરેલા આ સંઘના ગુજરાતી કેન્દ્રને સમસ્ત ગુજરાતી પ્રજાનો સહકાર મળે અને એના કાર્યની ખીલવણી થાય એવી અમારી શુભેચ્છાઓ પ્રકટ કરીને આ કેન્દ્ર સ્થાપન કરવા માટે સંઘના દૂરદર્શી કાર્યકરોને અમે ધન્યવાદ આપીએ છીએ.

પત્રિકાના વાચક ભાઈબહેનોને

આજના અંકમાંથી સંપાદકીય નોંધ ઉપરથી જાણી શકશો કે પત્રિકાના સહ સંપાદકો તરીકે અમો નીચે લખ્યાં ભાઈબહેનોનાં નામ નક્કી થયાં છે. પત્રિકાને પોતાનો વર્ષોનો ઇતિહાસ છે. તેનાથી આપ સૌ માહિતગાર છો જ. મુંબઈમાંથી વળી પાછું ભાવનગરમાંથી તેનું પ્રકાશન થાય છે. સ્થિતિ સંજોગો બદલાયે છે કાર્ય અને પ્રવૃત્તિઓનું વિકેન્દ્રીકરણ થાય છે. વિકેન્દ્રીકરણ સિવાય કોઈ પણ કામનું સારું પરિણામ ન આવવા સંભવ છે જ.

પત્રિકા ઉપરાંત સંધની બીજી અન્ય પ્રવૃત્તિઓ– બાલશિક્ષણ, બાલઅધ્યાપનમંદિર અને તેની પ્રવૃત્તિઓ, બાલમંદિરો તેની પ્રવૃત્તિઓ અને તેમાં માર્ગદર્શન– વગેરે બધી જ બાબતોમાં પ્રાદેશિક ધોરણે વિકેન્દ્રીકરણ કરવાનું ઠરાવાયું છે. તેમાંની જવાબદારીઓ પણ અમારે શિરે આવે તેવું છે.

આ સંજોગોમાં આપ સૌના સહકારની અમે અત્યંત વિનમ્રપણે પણ આગ્રહભરી રીતે માગણી કરીએ છીએ. ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ પ્રદેશમાંના બધા જ બાળશિક્ષણનાં બળો જો એકઠાં થાય તો એ બધાંને એકસૂત્રે કરી ઘણું સુંદર કામ કરી શકાય.

આ અંગે આપ સૌ જે જે પ્રવૃત્તિઓમાં રસ લેતા હો તે દરેક પ્રવૃત્તિને આપણે સૌ સાથે મળી કેમ વિકસાવી શકીએ તેનો વિચાર કરી, ચોક્કસ સૂચનો દક્ષિણામૂર્તિ ભવન – ભાવનગરને સરનામે મોકલશો તો આભારી થઈશું.

સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતમાંથી આ માટે જેઓ વધુ ઊંડાણથી વિચાર કરી શકે છે તેવાં ભાઈબહેનોની એક સભા જેવું પણ કોઈ મધ્યસ્થ જગ્યાએ ઘણા નજીકના ભાવિમાં ગોઠવવાનું વિચાર્યું છે. આ માટે આપનું મંતવ્ય પણ જણાવશોજી.

દરમિયાનમાં આપ સૌ લેખોથી, લખાણોથી સંધના સભ્યો, પત્રિકાના ગ્રાહક વધારીને બાલશિક્ષણ અંગેની ચાલતી તમામ પ્રવૃત્તિઓ માટેનાં તમારાં ચોક્કસ સૂચનો અને વિચારો મોકલી મદદ કરવા લાગો તેવી વિનંતિ.

આપનો સહકાર એ મોટી વાત છે. આપના સહકાર વગર ચાલતી સમગ્ર પ્રવૃત્તિઓને વિકેન્દ્રિત કરી જોરભેર ચલાવવાનો વિચાર મૂર્તસ્વરૂપ પકડી નહિ જ શકે. અમારી આશા અને દૃઢ વિશ્વાસ છે કે આપ અમને તેમાં નિરાશ નહિ જ કરો.

લીલાબેન શાહ — માણેકલાલ ઠાકર
યશસ્વતીબેન ભટ્ટ — નરેન્દ્ર બધેકા
ચંદુલાલ ભટ્ટ

માબાપોના પ્રશ્નો

['માબાપોના પ્રશ્નો' આ વિભાગમાં શિ. પ.ના વાંચનારા તરફથી પૂછવામાં આવતા પ્રશ્નોના જવાબ આપવા વિચાર્યું છે. આ વખતે એક પ્રશ્ન લીધો છે. વાચકો તરફથી બીજા પ્રશ્નો મળશે તો તેનો યથાશક્તિ ઉત્તર આપવા પ્રયત્ન કરીશું. — ન. બ.]

(૧) "અમારો બાબો જમતો નથી"

બરી રીતે વિચારીએ તો આ બાબત નવાઈ પમાડે તેવી છે. કુદરતી રીતે જ જીજીવિષાની પ્રેરણાથી, જીવન ટકાવી રાખવાના કાર્યના ધક્કાથી જ, જમવું એ તો જીવનનો ધર્મ જ છે. આ માટે પ્રશ્ન ઊઠે તે જ આશ્ચર્ય પમાડે તેવું ગણાવું જોઈએ. છતાં પ્રશ્ન ઊઠે છે તે હકીકત છે.

આ પ્રશ્ન પૂછનારાં માબાપોમાં બે પ્રકાર છે. અને આમાં હકીકતો પણ બે પ્રકારની મળે છે. આમાંના પહેલા પ્રકારનાં માબાપોની ફરિયાદ વાજબી ન ગણી શકાય તેવી છે. એ લોકોને જરા વિગતથી પૂછીએ તો જાણવા મળે છે કે 'બાબો' ચોકલેટ પીપરમેંટ બિસ્કીટ, દુકાનોમાંથી રેંકડીમાંથી ભાગ લઈને બાઈ લે છે. રેંકડીમાંથી મળે છે તેવા ભાગ અને બરફના ગોળા બાવાની એમની ઇચ્છા ઘણી રહે છે. ઘરમાં પણ હાલતાં ચાલતાં પેંડા, દૂધ, ગાંઠિયા વગેરે બાઈ પી લે છે. પણ ભાણે બેસી બરાબર જમતો નથી. એટલે બરી રીતે આ પ્રશ્ન બાવાનો બનતો નથી પણ બોટી રીતે બાવાનો બને છે. આ બોટી રીતે બાવું (Wrong feeding) એમાં બાળક કરતાં મોટેરાંનો જ દોષ વધારે લેખી શકાય. અને આને માટે તો માબાપોએ જ કાળજીપૂર્વક યોજના કરવી પડે. અને બાળકને 'બહારનું જે તે બાવાની ટેવ છોડાવી–કદીક સખત બનીને પણ–નિયમિતપણે ઘેર ભાણે બેસીને સમયસર બાવાની ટેવ પાડવી જોઈએ.

બીજા પ્રકારના માબાપોની મુશ્કેલી સાચી છે. એમની ચિંતા પણ સાચી ગણાવી શકાય. આવા પ્રકારનાં બાળકો બરેબર જ જમતાં નથી. દૂબળાં, ચીડિયાં, અસ્થિર અને અસ્વસ્થ જોવા મળે છે. વળી પહેલાંના કરતાં હાલનાં બાળકોમાં આ વૃત્તિ વધારે દેખાય છે, તેમ જ પહેલાં કરતાં આજના માબાપોને મોઢે પણ આ ફરિયાદ વિશેષ સંભળાય છે.

આ બાબત બરેબર વિચારણા માગી લે છે. આવું બનવાના ઘણાં કારણો હોઈ શકે

(૧) કુટુંબની સંખ્યા

અગાઉ જે સંયુક્ત કુટુંબની સંસ્થા હતી તે આજે પ્રમાણમાં ઓછી થતી જાય છે. નાનાં નાનાં કુટુંબોની સંખ્યા વધતી જાય છે. કુટુંબનાં એકમો નાનાં બન્યાં છે. નોકરી અંગે, મોટાં શહેરોમાં જગ્યાના અભાવથી એવાં ઘણાં કારણોથી પુરુષ, સ્ત્રી અને એકબે બાળકો હોય એવું કુટુંબ બની ગયું છે. દાદા, દાદી, નાના, નાની, કે ભાઈ બહેનોને કુટુંબમાં રાખવાનો આજે સમાસ નથી, વૃત્તિ પણ નથી. પુરુષવર્ગ કામે જાય ત્યારે ઘરમાં બાળક અને મા એકલાં બને છે. આવી પરિસ્થિતિમાં બીજાં બાળકોના અભાવથી બાળકને બાવાની વાતમાં પોતાનાં સમોવડિયાં બાળકોનું અનુકરણ કરવાનું, બીજાં બાળકોને બાતાં જોવાનું મળતું નથી. બાળક ઘણી બધી સામાજિક વર્તણૂકો પોતાની સમાનવયનાં બાળકોને જોઈ જોઈને જ શીખતું હોવાથી- અને આ બાબતમાં બાળક એકલું હોવાથી જ બાવાના કાર્યનો કંટાળો અનુભવે છે. આવાં બાળકો બાળમંદિરમાં આવવાથી બાવા લાગે છે. સગાંવહાલાંને ત્યાં લગ્ન, જનોઈ વગેરે પ્રસંગો જેમાં ઘણાં બાળકો ભેગાં થતાં હોય ત્યાં બાતાં થઈ જાય છે.

(૨) બંને, આબાપ બહાર કામ કરતાં હોય

આવાં ઘરોમાં નોકરી ધંધા અંગે પુરુષ અને સ્ત્રી બંને જો બહાર જતાં હોય તો સમય સાચવવાની ધમાલમાં ખાવાપીવાનું "પતાવી દેવા"ના તાલેથી ચાલે છે. સવારનું પહેલું ખાણું ૧૦ વાગે જલદીથી પતાવવું પડે છે બાળકને પણ સમયસર ભૂખ હોય કે ન હોય, વૃત્તિ હોય કે ન હોય તેને પણ જમી લેવું પડે છે. એકંદરે કામ પતાવી દેવાની દૃષ્ટિથી બાળકને પણ જલદી જલદી ખાઈ લેવાની ફરજ પાડવામાં આવે છે. આવા સંજોગોમાં પણ બાળકને ખાવામાંથી રસ ઊડી જાય છે.

વળી બાળકની સાથે મોટેરાં જમવા ન બેસે તો પણ બાળકને ખાવામાં રસ ન રહે તેવું પણ બને છે. મારા એક પરિચિત ડોકટર અને તેમનાં પત્ની (તેઓ પણ ડોકટર છે) બંને પોતાના અલગ અલગ કામોમાં પડેલાં હોય છે. ડોકટર બપોરે ૧–૧૫ વાગે જમે. તેમનાં પત્ની પણ એમની સગવડે વહેલાંમોડાં જમે. બાળકને શાળામાં જવાનું હોય એટલે ૧૦–૧૦॥ વાગે એકલા જમવું પડે. એ બાળકે ખાવાનું છોડ્યું દૂબળો પડવા લાગ્યો, કોઈ શારીરિક કારણ–માંદગી ન હતી. આખરે મેં ડોકટરને સલાહ આપી કે શાળામાંથી બાળકને લઈ લો. ભલે ભણતર એકાદ વર્ષ બગડે પણ તમે એની સાથે જ જમવાનું રાખો. મારી સલાહ એમને ગળે ઊતરી અને આજે હવે એ બાબો બરાબર જમે છે તબિયત પણ સુધરી છે.

ત્રીજું અને સૌથી અગત્યનું કારણ માબાપની વધારે પડતી કાળજીનું છે. નવા જમાનાનાં ભણેલા માબાપોમાં આ મુશ્કેલી વધારે પ્રમાણમાં જોવામાં આવે છે. બાળકના રોજના ખોરાકમાં અમુક તત્ત્વો જવાં જ જોઈએ. અમૂક વિટામિન,

મેઘદૂત-
૭૨૨

મોડલ-૭૨૨
મનોરંજન માટે
બેનમૂન !



સુંદર ભૂખરા રંગની મહોગની કેબીનેટવાળું આ આકર્ષક મોડલ આ પ્રકારના ઇતર રેડિયોમાં ઉત્કૃષ્ટ છે.

મોડલ-૭૨૨: આકર્ષક આકારમાં ભૂખરા રંગની મહોગની કેબીનેટ; ૬ વાલ્વ, ૩ બેન્ડ. મોડલ એ-૭૨૨ એસી કરંટ માટે; મોડલ યુ-૭૨૨ એસી/ડીસી કરંટ માટે. મોડલ બી-૭૨૨ ૫ વાલ્વ, ૩ બેન્ડવાળો ડ્રાય બેટરી સેટ
રૂ. ૩૩૫/–સાથી

આજે જ નજીકના નેશનલ-એકો ડીલરને ત્યાં એને સાંભળો. આપને એ રેડિયો અવશ્ય પસંદ પડશે !

GP.A. 6400 (R)

જનરલ રેડિયો એન્ડ એપ્લાયન્સીઝ મદ્રાસ લીમીટેડ

ઓપેરા હાઉસ, મુંબઈ–૪ • મદન સ્ટ્રીટ, કલકત્તા • ૧૩, ૧/૧૮ માઉન્ટ રોડ, મદ્રાસ • ૩૬/૭૯ સિલ્વર જ્યુબિલી પાર્ક રોડ, બેંગલોર • જોગધિયાન કોલોની, ચાંદની ચોક, દિલ્હી • રાષ્ટ્રપતિ રોડ, સિકંદ્રાબાદ, ફ્રેઝર રોડ, પટના •

અમુક 'કેલોરી' અમૂક પ્રમાણમાં દૂધ એવું બધું હમેશાં બાળકોએ લેવું જોઈએ એવું ચોપડીમાં વાંચ્યા પછી આ પ્રકારનાં માબાપો બાળકને આગ્રહ કરી ખવડાંવવા લાગે છે. આ force feeding થી (પરાણે ખવડાવવાથી) બાળકને ખોરાકનો સહંતર કંટાળો આવી જાય છે. એવાં બાળકો ચા પીવાની હઠ કરે છે. માબાપો જે વસ્તુ ન ખાવા જેવી માનતાં હોય તેવી વસ્તુઓ બીજેથી પણ ખાઈ આવે છે. અને "અમારી મમ્મી તો અમને અમુક ખાવા દે જ નહીં" એવું પાંડોશમાં પણ કહી આવે છે. આ બાબતમાં અમેરિકામાં પ્રયોગો થયા છે અને એકંદરે એમ નક્કી થયું છેઃ આખરે બાળક જે કાંઈ રુચિપૂર્વક ખાય છે તેનાથી જ તેની તબિયત સુધરે છે; વજન વધે છે.

હું એવાં ઘણાં ઘરો જાણું છું કે જ્યાં બાળકોને ચા પીવાની મનાઈ છે, અને એવાં બાળકો બહાર માગી માગીને ચા પીવે છે એથી ઊલટું જે ઘરમાં બધું ખાવાની છૂટ છે, જ્યાં મોટેરાં બેત્રણ કપ ચા પીએ છે ત્યાં બાળકો સ્વેચ્છાથી જ ચા પીતાં નથી.

છેલ્લું એક કારણ એવું પણ છે કે એકંદરે જ જે બાળકોને ઘરમાં પ્રેમ, સંરક્ષણ સ્વીકાર ન મળતાં હોય, માબાપ તરફની બીક હોય, મોટેરાંનું બાળકો પ્રત્યેનું વર્તન સ્વસ્થ ન હોય ત્યાં બાળકો એક વિશેષ પરિસ્થિતિને લઈને ખાવાનું છોડે છે. આમાં બાળકનો અંતર્મનમાં પડેલો મોટેરાં તરફનો વિરોધ (Defence Mechenism) કામ કરે છે. કોઈ વાર ધ્યાન ખેંચવા, પ્રેમ અને લાડ મેળવવા, કોઈ વાર વિરોધ બતાવવા પણ બાળક ખાવાનું છોડે છે. આવાં અનેક કારણોથી બાળકો ખાવાનું છોડી દે છે.

આ વખતે આપણે કારણોનો વિચાર કર્યો. હવે પછી તેના ઉપાયોનો વિચાર કરીશું.

— નરેન્દ્ર બુધેકા

પ્રસંગોપાત મુખવાસ માટે
વપરાતી
☆ દિલ્હુરંજન ☆
સેન્ટેડ સોપારી
* સુમધુર * સૌને આનંદિત
કરતી સર્વ જગ્યાએ વેચાય છે.
આપના ગામની એજન્સી માટે લખોઃ
રાવજીભાઈ કે. સોપારીવાલા
શાંતિભુવન, ચોપાટી સીફેસ, મુંબઈ–૭
બ્રાંચ : પોસ્ટ ઓફિસની બાજુમાં
વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ–૪.
ચકુભુવન, સુપર સીનેમાની બાજુમાં,
ચાંદરોડ, મુંબઈ–૭

બાળકોની શક્તિઓનો મોહ

આજનું બાળક પહેલાંનાં બાળક કરતાં વધુ હોશિયાર, વધુ બુદ્ધિશાળી, વધુ ચંચળ દેખાય છે. પહેલાંનું બાળક મંદ ભોટ દેખાતું. તેને ભણાવવાની ઉંમર પણ આજના કરતાં મોટી હતી. લગભગ સાત વર્ષે બાળકને નિશાળે બેસારાતું. આજે અઢી વર્ષે બેસારવામાં આવે છે. આજે ડૉ. મોંટેસોરી જેવાં શિક્ષણશાસ્ત્રીઓ નાનાં બાળકોનો સર્વાંગીણ વિકાસ કરવાની શોધ કરી છે. તેને પરિણામે અઢી વર્ષના બાળકને શાળામાં મોકલવામાં આવે છે. બાળકનો વિકાસ તો ગર્ભમાં હોય ત્યારથી જ થવા માંડે છે એ વાત તો કોઈથી અજાણી નથી એટલે શિક્ષણ તો ગર્ભમાંથી જ થાય છે એ આપણે જાણે એ જ છીએ. પણ સાથે સાથે એટલું પણ જાણવું જરૂરી છે કે વિકાસની વાતો કરવી જેટલી સહેલી છે. તેટલી જ સમજવી અઘરી છે. એ કામ બધાં જ માબાપ બધાંજ શિક્ષકો નથી કરી શકતા. તે તો ખૂબ જ વિચારવંત અને ધીરજવાળાં માતાપિતાના અથવા શિક્ષકના હાથમાં હોય તો જ સફળ થાય. નહીં તો સંભવ છે કે આપણે આવી ઊગતી કૂલકળીને સમજ્યા વિના તેની શક્તિઓને વિકસાવવાને બહાને ચૂંથી નાખીએ; વિકૃત કરી નાખીએ. સામાન્ય માબાપે અને સામાન્ય શિક્ષકે તો જ્યાં તેને આ વાત પૂરેપૂરી ન સમજાય ત્યાં ચૂપ રહેવું અને બાલકને તેના સ્વભાવિક માર્ગે જવા દેવું વધારે ઇષ્ટ થશે. તેને બાડા ટેકરા, ઝાળાં ઝાંખરાંથી બચાવે એથી વિશેષ કંઈ ન કરે તોપણ તે બાળકના વિકાસમાં મદદ કરી શકે. આથી ઊલટું આજે તો ઓછી સમજણવાળા, વધુ જાણવાનો ડોળ કરવા વાળા, દોઢ ડાહ્યા શિક્ષકો અને માબાપોના હાથમાં બાળ-શિક્ષણને નામે બાળકને યંત્ર માની તેની શક્તિઓ ખેંચી કાઢવાનો પ્રયત્ન થઈ રહ્યો હોય તેમ દેખાય છે. આથી બાળકોમાં સ્વાભાવિક વિકાસની જગ્યાએ અનેકગણો વિકાસ અનેકગણી શક્તિઓ જોવામાં આવે છે. લોકો ચકિત થાય છે, અંજાય છે. ઓછી સમજવાળા માબાપો પોતાનાં બાળકોમાં આટલી ઉમરે આટલો જ વિકાસ કરાવવાની આશા સેવે છે, પ્રયત્નો કરે છે. અને આમાં કેન્દ્ર રૂપ બાળકની બુદ્ધિ કે શક્તિઓનો તાગ લીધા સિવાય એ માર્ગે પ્રયત્ન કરે છે. પરિણામે બાળકનો દેખીતો વિકાસ લાગે છે. પણ તેમાં તેની કઈ કંઈ શક્તિઓના હ્રાસ થાય છે? કઈ કઈ ઓની તાણ પડે છે, તેવી તબિયતને ધક્કો લાગે છે કે નહીં? તેનામાં સર્જન શક્તિનો વિકાસ થાય છે કે મરી જાય છે? વગેરે કોઈ જોતું નથી.

આ પ્રશ્નો અભ્યાસ માગી લે છે. એટલે આ બાબતમાં ઊંડી તપાસ થવી ઘટે. અને અણસમજુ ઉતાવળાં માબાપ અને શિક્ષકોથી બાળકોને બચાવવાનું વિચારવું જોઈએ. — નર્મદાબેન રાવળ

મુંબઈ રાજ્યમાંની પૂર્વ–પ્રાથમિક પ્રશિક્ષણ સંસ્થાઓનો અલ્પ પરિચય

(૧) **મેરી થી. હાડિજ કિંડરગાર્ટન સ્કૂલ:** સોલાપુર, સ્થાપના ૧૯૦૧–૨, સંચાલક: અમેરિકન મિશન શરૂઆતમાં The American Mission Josephine Kindergarten School આ નામથી સંસ્થાની શરૂઆત થઈ. તે ૧૯૦૪–૦૫ માં બંધ થઈ. પછી ફરી ૧૯૨૦–૨૧ માં આજ સંસ્થા ઉપર આવેલા નામથી શરૂ થઈ. શિક્ષણનું માધ્યમ મરાઠી. સંસ્થાના મુખ્યાધ્યાપિકા શ્રી હેમેકમ છે. અને મુંબઈ રાજ્યની આ સૌથી પહેલી પૂર્વ–પ્રાથમિક શિક્ષણ સંસ્થા છે. મુખ્યત્વે કિંડરગાર્ટન ધોરણ પ્રમાણે ચાલુ છે. હાલ કાર્યપદ્ધતિનો આ સંસ્થાનો પોતાનો અભ્યાસક્રમ હોઈ બાકીનો બધો અભ્યાસક્રમ રાજ્યની અન્ય સંસ્થામાં જે અભ્યાસક્રમ ચાલે છે. તે મુજબ છે.

(૨) **શ્રી દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપનમંદિર, ભાવનગર**–સ્થાપના: ૧૯૨૫, સંચાલક: શ્રી દક્ષિણામૂર્તિ ભવન. સંસ્થાપક તથા મુખ્યાધ્યાપક સ્વ. શ્રી ગિજુભાઈ બધેકા હતા. શિક્ષણનું માધ્યમ ગુજરાતી. ઈ. સ. ૧૯૨૫ થી ૧૯૩૮ સુધી આ સંસ્થામાં લગભગ એક હજાર વિદ્યાર્થીઓનું પ્રશિક્ષણ થયું. ૧૯૩૮માં આ સંસ્થા બંધ થઈ. અને પછી ફરી ૧૯૫૦માં સૌ. સરકાર નિયુક્ત વિશ્વસ્ત મંડળ દ્વારા સ્વ. ગિજુભાઈના પુત્ર શ્રી નરેન્દ્રભાઈ બધેકાની નિમણૂક મુખ્ય અધ્યાપક તરીકે કરીને તે ફરીથી શરૂ કરવામાં આવી. ૧૯૫૮ સુધી મુંબઈ રાજ્યનો તથા નૂતન બાલ શિક્ષણ સંઘનો અભ્યાસક્રમ અહીં કરાવવામાં આવતો હતો. અને સંસ્થાને શરૂઆતથી જ સૌરાષ્ટ્ર અને મુંબઈ સરકારની માન્યતા હતી. ૧૯૫૮–૫૯ થી મુંબઈ રાજ્યે તૈયાર કરેલો નવો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ સંસ્થાના નિયામકપદે શ્રીમતી તારાબેન મોડક છે.

(૩) **બાલ અધ્યાપન મંદિર, દાદર, મુંબઈ ૧૪** સ્થાપના: ઑગસ્ટ, ૧૯૩૬ સંચાલક: શિવુવિહાર મંડળ દાદર. શરૂઆતથી જ આ સંસ્થામાં મરાઠી અને ગુજરાતી બન્ને ભાષામાં પ્રશિક્ષણની વ્યવસ્થા છે. શ્રીમતી તારાબેન મોડક, સંસ્થાના મુખ્યાધ્યાપિકા તરીકે ૧૯૪૭ સુધી હતાં. ૧૯૪૭ પછી તેમની જગ્યાએ શ્રી શેષ નામલેની નિમણૂક કરવામાં આવી. ગયા ત્રેવીસ વર્ષમાં લગભગ બે હજાર શિક્ષકોને પ્રશિક્ષણ આપીને તૈયાર કર્યા છે. સંચાલક મંડળના પ્રમુખ શ્રી. ગો. શ. પરાંજપે, કાર્યાધ્યક્ષ શ્રીમતી તારાબેન મોડક, મંત્રી શ્રી મનુભાઈ આગટે. મરાઠી માધ્યમના બે તથા ગુજરાતી માધ્યમના બે એમ કુલ ચાર વર્ગો છે. વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૦ છે.

(૪) **બાલ અધ્યાપન મંદિર પૂના:** સ્થાપના: જુલાઈ ૧૯૪૫, સંચાલક: હિંગણે સ્ત્રી શિક્ષણ સંસ્થા, પ્રમુખ: શ્રીમતી સૌ. સં. મા. લેડી લક્ષ્મીદેવી નાઈક નિબાંળકર, કાર્યાધ્યક્ષ: ન્યાયમૂર્તિ મ. વિ. ભિડે, મંત્રી શ્રી ભા. ધો. કર્વે, મુખ્યાધ્યાપિકા: શ્રીમતી તારાબેન પરાંજપે, શ્રીમતી સૌ. કમલિનીબાઈ દામલે શરૂઆતમાં સંસ્થાના મુખ્ય અધ્યાપિકા હતા. હિંગણે સ્ત્રી શિક્ષણ સંસ્થાએ પોતાની પચાસમી વર્ષગાંઠે આ સંસ્થાની સ્થાપના કરી હતી. આ જ સુધી આ સંસ્થામાં ૫૦૦ ઉપર વિદ્યાર્થીઓ શીખી ગયા છે. હાલમાં સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૪૫ છે.

(૫) **બાલઅધ્યાપન મંદિર સુરેન્દ્રનગર:** સ્થાપના: ૧–૭–૧૯૫૫, સંચાલક: શ્રી રતિલાલ વર્ધમાન શાહ બાળકેળવણી મંડળ સુરેન્દ્રનગર. પ્રમુખ શ્રી મગનભાઈ વર્ધમાન દોશી, મંત્રી: રાઘવજી હુંગરશી દોશી, શ્રી પોપટલાલ હ. શાહ, મુખ્યાધ્યાપક: શ્રી બાબુભાઈ મ. શાહ. ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા ૮૫, વર્ગ સંખ્યા બે.

(૬) **ભગિની મંડળ બાલઅધ્યાપન મંદિર નાગપુર સ્થાપના :** ૧૯૪૯, સંચાલક ભગિની મંડળ નાગપુર. પ્રમુખ : શ્રી સૌ. સુશીલાબાઈ મોહની, મંત્રી : વિદ્યાવંતી થેરગાંવકર મુખ્યાધ્યાપિકા : શ્રીમતી પ્રમિલાતાઈ આમટે. વિદ્યાર્થી સંખ્યા ૨૫, વર્ગ સંખ્યા ૧, ૧૯૫૭ સુધી સંસ્થામાં નૂતન બાલશિક્ષણ સંઘનો શિક્ષણક્રમ ચાલતો હતો. હવે ૧૯૫૮થી મુંબઈ રાજ્યનો શિક્ષણ ખાતાનો શિક્ષક્રણમ લેવામાં આવેલ છે.

(૭) **બાલઅધ્યાપન મંદિર સાંગલી, સ્થાપના :** જૂન ૧૯૫૮, સંચાલક : બાલશિક્ષણ મંડળી, અધ્યક્ષ શ્રી રા. ગો. શિરાળકર, મંત્રી શ્રીમતી મનુતાઈ અભ્યંકર, મુખ્યાધ્યાપિકા : શ્રી સૌ. શાલિનીતાઈ જોગળેકર. પહેલા વર્ષમાં સંસ્થાએ બે વર્ગો શરૂ કર્યા હતા. ગયે વર્ષ વિદ્યાર્થીઓની સંખ્યા ૫૪ હતી. આ વર્ષે એક જ વર્ગ હોઈ વિદ્યાર્થીની સંખ્યા ૪૩ છે. સંસ્થામાં વસ્તીગૃહની સગવડ છે.

(૮) **બાલઅધ્યાપન મંદિર કોલ્હાપુર :** સ્થાપના : જૂન ૧૯૫૯, સંચાલક : શ્રી તારારાણી વિદ્યાપીઠ, પ્રમુખ : શ્રી રાવસાહેબ વ્હી. ટી. પાટીલ, મંત્રી : શ્રી વ્હી. એસ. અય્યર, તથા શ્રી શકુન્તલાબાઈ ધારગે. મુખ્યાધ્યાપિકા : શ્રીમતી સૌ. માલતી. એસ. ઠાકુર. વિદ્યાર્થી સંખ્યા ૬૪, બે વર્ગો.

(૯) **અધ્યાપિકા મહાવિદ્યાલય કરાડ :** સ્થાપના. જૂન ૧૯૫૯, સંચાલક : બાલવિકાસ મંડળ કરાડ, પ્રમુખ : શ્રી ગ. નં. પેંઢારકર, મંત્રી : શ્રી સ. ગો. ઉમરાણી, મુખ્યાધ્યાપિકા : શ્રી મૈનાતાઈ ગરવાર. કુલ વિદ્યાર્થી સંખ્યા ૫૫. એક વર્ષનો અને બે વર્ષનો શિક્ષણક્રમ ચાલુ છે, વર્ગ સંખ્યા ૨.



(૧૦) **બાલઅધ્યાપન મંદિર નડિયાદ :** સ્થાપના જૂન ૧૯૫૮, સંચાલક : ફૂલચંદ બાપુજી સ્મારક સમિતિ, પ્રમુખ : શ્રી શિવાભાઈ ભૂલાભાઈ પટેલ, મંત્રી : શ્રી રણછોડલાલ મગનલાલ શાહ, શ્રી મણીભાઈ છગનલાલ, શ્રી રમાબેન ઝવેરભાઈ પટેલ, મુખ્યાધ્યાપક : શ્રી સોમાભાઈ શીવાભાઈ પટેલ વિદ્યાર્થી સંખ્યા ૭૪, કુલ બે વર્ગ.

(૧૧) **શાસકીય પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ શાળા નાગપુર :** સ્થાપન : ૧૯૫૪, સંચાલન: મુંબઈ રાજ્ય તરફથી આ સંસ્થનું સંચાલન થાય છે. સંસ્થાના પ્રમુખ, મંત્રી તથા મુખ્યાધ્યાપિકા તરીકે શ્રીમતી સુધાતાઈ ગોખલેની નિમણૂક શરૂઆતથી થઈ છે. વિદ્યાર્થીઓની સંખ્યા કુલ ૬૦ તથા વર્ગ સંખ્યા ૨ છે. દરેક વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ આપીને ખૂબ ગરજ અને નોકરી માટેની બાંહેધરી આપે તેવી વિદ્યાર્થીઓને પ્રાધાન્ય આપવામાં આવે છે. પ્રશિક્ષણ પછી ગામડામાં જઈને વિદ્યાર્થીઓ કાર્ય કરે છે.

(૧૨) **સેવાસદન પૂર્વ-પ્રાથમિક પ્રશિક્ષણ વિદ્યાલય નાગપુર :** સ્થાપના : ૧૯૫૪, સંચાલક: મંડળ સેવાસદન સોસાયટી નાગપુર શાખા, પ્રમુખ ડો. એમ. બી. નિયોગી, મંત્રી ડબ્લ્યુ. આર. પુરાનિક, મુખ્યાધ્યાપિકા : શ્રી સૌ. સુશીલાબાઈ ગોખલે, કુલ વિદ્યાર્થી સંખ્યા ૮૦. સંસ્થાની સ્વતંત્ર ઈમારત છે. વસતીગૃહની વ્યવસ્થા છે.

(૧૩) **ગુજરાત બાલઅધ્યાપન મંદિર અમદાવાદ :** સ્થાપન : ૧૯૫૫ સંચાલક : યશ રમણ ટ્રસ્ટ, અધ્યક્ષ: હરિસિદ્ધભાઈ દિવેટિયા, મંત્રી: શ્રીમતી યશસ્વતી રમણલાલ ભટ્ટ, મુખ્યાધ્યાપક: શ્રી માણેકલાલ ઠાકર. વિદ્યાર્થી સંખ્યા ૭૨, પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ એવા બે વર્ગો ચાલે છે.

(૧૪) **નૂતન બાલઅધ્યાપન મંદિર વિલેપાર્લા :** સ્થાપન: ૧૯૫૩, સંસાલક : સેવા મંદિર, કુમારીકા સ્ત્રી મંડળ વિલેપાર્લા, પ્રમુખ : શ્રી કાન્તાબેન શાહ, મંત્રી : શકુન્તલાબેન શેઠ, ઈન્દુબેન પંડિત, ઘૈયબાળા વોરા. મુખ્યાધ્યાપિકા શ્રી સૌ. કુમુદિનીબેન શેવડે. ચાલુ વર્ષે વિદ્યાર્થી સંખ્યા ૪૧ થઈ છે. વર્ષમાં સંસ્થા ૨૫૦ શિક્ષકોને પ્રશિક્ષિત કર્યા છે.

(૧૫) ધરશાળા બાલઅધ્યાપન મંદિર, ભાવનગર
(સંસ્થા અંગેની માહિતી સમયસર આવી નથી.)

(૧૬) મોન્ટેસોરી બાલઅધ્યાપન મંદિર યવતમાળ
(સંસ્થાની માહિતી સમયસર આવી નથી)

એક અભિનવ દર્શન

આફ્રિકા આવવાનું તો ઘણા વખતથી મન હતું પણ સંજોગો સાનુકૂળ નહોતા આવતા અને એ લંબાયા કરતું હતું. આ રજાઓમાં પરિસ્થિતિએ પ્રેરણા આપી અને અહીં આવવાનું થયું.

મારા ભાઈ કંપાલામાં રહે છે એટલે સીધો જ યુગાંડામાં આવ્યો અને યુગાંડા એટલે ભારતનું કાશ્મિર, જ્યાં જુઓ ત્યાં લીલી હરિયાળી ધરતી, નાની મોટી ટેકરીઓ અને ભર્યાં ભાદર્યાં જંગલો, પ્રમાણમાં ગુજરાતીઓની વસ્તી પણ સારી એટલે બધે જ પોતાપણાનો અનુભવ થાય.

બેચાર દિવસ કંપાલામાં કાઢયા ને અહીની બાલપ્રવૃત્તિનો વિકાસ જોવા – જાણવાનું મન થયું. કોણ કોણ મિત્રો કામ કરે છે એની તપાસ કરી તો લુગાગીમાં ભાઈ રમેશ મહેતા અને એમનાં પત્ની

અને કક્કિરામાં ગણપતભાઈ ભારદ્વાજ અને એમનાં પત્ની બાલમંદિરોનું સંચાલન કરી રહ્યાં છે–બન્ને પૂર્વપરિચિત હોઈ આનંદ થયો અને અવકાશે ત્યાં જવા વિચારતો હતો ત્યાં જ ભાઈ રમેશ મહેતા સામેથી જ તેડવા આવ્યા અને લુગાગી જવાનું તાકીદે થયું.

સૌરાષ્ટ્રના સાહસવીરો શ્રી. નાનજીભાઈ મહેતા અને શ્રી. મૂળજીભાઈ માધવાણીએ જંગલમાં મંગલ-સમાં બે સુંદર નગરો ઊભાં કર્યાં છે. એકનું નામ યુગાંડા સુગર ફેક્ટરી, લુગાઝી, અને બીજાનું નામ છે મધવાણી સુગર વર્કસ, કક્કીરા. હજારો માણસો અહીં કામ કરે છે, અને ઢગલાબંધ ખાંડની ગુણીઓ તૈયાર કરે છે.

ઔદ્યોગિક દૃષ્ટિએ આ બંને સાહસો આ પ્રદેશની ખૂબ જ મૂલ્યવાન પ્રવૃત્તિઓ છે. પણ ફક્ત એટલું જ એનું સ્વરૂપ હોત તો મને એમાં કદાચ બહુ રસ ન પડત. બન્ને સ્થળે નિરાંતે બબ્બે ત્રણ ત્રણ દિવસો રહીને સમગ્ર કામગીરી જોઈને ખૂબ જ આનંદ થયો. પ્રકૃતિની પેદાશ સમી શેરડીના સાંઠા-ઓનું રૂપાંતર કરી એમાંથી મીઠી મઝાની ખાંડ બનાવવાની સાથે સાથે આ સંસ્થાઓમાં કામ કરતી પ્રજાના શિક્ષણ અને સંસ્કાર વિશે પણ સારો એવો પ્રબંધ કર્યો છે. બાલમંદિર, પ્રાથમિક શાળાઓ, રમતગમત માટેનાં ક્રીડાંગણો, પુસ્તકાલયો, તેમ જ આનંદ–પ્રમોદ માટે જરૂરી સાધનો ઊભા કરવામાં ઠીક ઠીક કાળજી રાખી છે. એશિયન પ્રજા માટેની આ બધી વ્યવસ્થાની સાથે સાથે આફ્રિકન જનતા માટે પણ શાળાઓ તેમ જ ઇતર શિક્ષણ–સંસ્કાર માટેની પ્રવૃત્તિઓનું આયોજન પણ યોગ્ય રીતે કરવા પ્રયત્ન કર્યો છે. પણ હું જેને એક અભિનવ દર્શન ગણું છું એ તો છે આ બધાથી જુદી તરી આવતી, હજુ પા પા પગલી ભરતી અને છતાંએ આંખ ઠારે એવી લુગાગીનાં એક શ્રમજીવી વિભાગમાં આફ્રિકન બાળકો માટે ચલાવાતી ભાઈ રમેશ દંપતીની કામગીરી માટે આદર ઉપજાવે એવી નાની શી "બાલવાડી"

ચ્લેટો ૬૬ પેન
સૌ કોઈની
પેન છે
કારણ કે એ
મજબુત છે,
લખવામાં સરળ છે,
તેની નીબ ટકાઉ છે;
શાહી સહેલાઇથી
ઉતરે છે, બનાવટ
વિશ્વસનીય અને
દેખાવ મોહક છે.



તરહેતરેહની
પ્લેટો પેન
રૂ. ૪ થી
રૂ. ૨૭-૫૦
સુધીની કિંમતમાં
મળે છે

PLATO

plato
66

ઠેકાણે પોકડક
સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ
ધી બેસ્ટ ફાઉન્ટન પેન કું.
પો. બો. નં. ૨૪૨૧, મુંબઇ

Shilpi M. P. 634 GUJ.

ભારતમાં તો ગ્રામ વિકાસ માટે અને પછાત વર્ગના બાળકો માટે બાલવાડી શબ્દ અને એનો કાર્ય મહિમા ઠીક ઠીક પરિચિત છે પણ આફ્રિકામાં તો આ જાતનું આ પહેલું જ સાહસ છે.:

લગભગ અઢી વર્ષ પહેલાં આ બાલવાડીની શરૂઆત થઈ. સંસ્થાના સંચાલકો અને ઉત્સાહી કાર્યકરો સાથે મળી સામાજિક અને સાંસ્કારિક વિકાસ માટેની યોજનાઓની ચર્ચા–વિચારણા કરતાં હતાં એમાં એકાએક જ આ કામગીરીની કલ્પના ઊઠી અને ભાઈ રમેશ દંપતીનો આવાં કાર્યો માટેનો પૂર્વ અનુભવ અને ઉત્સાહ એણે એના તાત્કાલિક અમલ માટેનો માર્ગ મોકળો કર્યો.

પ્રાથમિક શાળાના મકાનમાં જ શાળા બહારના સમયમાં સાંજના વખતે આ પ્રવૃત્તિ ચાલે છે. વાર્તા, સંગીત, નાટક, રમત જેવી સમૂહપ્રવૃત્તિઓ ઉપરાંત સહજ ઉપલબ્ધ એવા સર્વ સામાન્ય બાલભોગ્ય સાધનો સાથેની ક્રિયાશીલ રમતો, નાસ્તો વગેરે કાર્યક્રમો દોઢેક કલાક જેવા સમયમાં આવરી લેવામાં આવે છે. વાલી સંપર્ક એ આ આયોજનનો વિશિષ્ટ ભાગ છે. જ્યારે પ્રાસંગિક ઉત્સ । વગેરે એનું આકર્ષક તત્ત્વ બની રહે છે.

પ્રાથમિક સાધન સામગ્રી, દૈનિક નાસ્તો અને કાર્યકર્તાઓને માનદ્ પુરસ્કાર આ બધાની આર્થિક વ્યવસ્થા ઉપરાંત એમને સ્થળ પર લાવવા લઈજવાની વાહન જોગવાઈ પણ સંસ્થા જ કરે છે અને આ કાર્ય પ્રત્યે ખૂબ જ શ્રદ્ધા અને વિકાસ વાંછનાની નજર જુએ છે.

આ પ્રદેશના આગેવાન કાર્યકરો તેમ જ મુલાકાતી મિત્રોને આ પ્રયોગની મૌલિકતાએ આકર્ષવા માંડયા છે. આંખની કીકી નાની હોવા છતાં જેમ આસમાન જોવાની તાકાત એમાં ભરી પડી છે એવી રીતે બાલવાડીની આ પ્રવૃત્તિ સાગરમાં બિન્દુ સમાન હોવા છતાં એમાં આફ્રિકન પ્રજાના ઉત્કર્ષ માટે અને એશિયન પ્રજાની ઋણ મુક્તિ માટેનો મહાસાગર બનવાની ભાવિ યોજનાનો બીજવારો પડયો છે એ વાતની પ્રતીતિ કોઈપણ સમજદાર વ્યક્તિને આ પ્રવૃત્તિ જોયા પછી થયા વિના નથી રહેતી.

લગભગ બે કલાક જેવા સમયમાં આ બાળકો જેમની સંખ્યા લગભગ ૪૫ જેટલી હતી, એમને માટીકામ, ચિત્રકામ, રંગોળી પૂરવી અને એવી વિવિધ પ્રવૃત્તિઓમાં રોકાયેલાં જોયાં, ગુજરાતી તેમજ સ્થાનિક ભાષામાં ગીતો ગાતાં અને અભિનય કરતાં જોયાં. વિના સંકોચે ભાઈ રમેશ મહેતા અને કુંદનબેનને એમની વચ્ચે ખોવાઈ જતાં જોયાં, શાંતિથી સાથે મળી નાસ્તો કરતાં જોયાં. ઉપરાંત લોકોની ગૃહવ્યવસ્થા અને કાર્યકર્તાઓની દોસ્તીના ફળ સ્વરૂપે એમના મોઢા ઉપર તરવરતી પ્રેમળતા સાથે ખુલ્લા દિલે વાતચીત કરતાં અને આવકારતાં જોયાં અને સાચે જ આ બધાંને અંતે મને એક વિશેષ પ્રકારનો આનંદ થયો. મારે માટે આ પ્રદેશમાં આ એક નહિ ધારેલો અનુભવ હતો. એક અભિનવ દર્શનનો આવિષ્કાર હતો

આ કાર્યને કેન્દ્રમાં રાખી ભાઈ રમેશ મહેતા સાથે થયેલી કેટલીક વાતો તો મને લાગે છે કે એમના પોતાના શબ્દોમાં રજૂ કરવી જ વધારે યથાર્થ થશે.

" બોર્ડીના આદિવાસીઓમાં અને સેવાગંદિરના હરિજન લોકોમાં વર્ષો સુધી કામ કર્યા પછી પીડિત અને પછાત જનતામાં કામ કરવાની એક ભમતાજ જાણે બંધાણી છે. અહી પણ એ માટેની તક મળી એથી ખૂબ જ આનંદ થાય છે. આપણે ત્યાંનાં આવાં બાળકો અને આ બાળકોમાં અમને ઘણું સામ્ય લાગે છે, એમની વચ્ચે જ કામ કરતાં હોઈએ એવું અનુભવાય છે. આ બાળકોમાં પણ ખૂબ જ શક્તિ અને તેજસ્વિતા ભર્યાં પડયાં છે– એને પ્રગટ થવાની પૂરતી તક મળે તો એમાંથી પણ અદ્ભૂત સત્યો લાધે એમ છે."

"શરૂઆતના દિવસોમાં અમારી આકરી કસોટી થતી હતી, ભાષા એ અમારી સૌથી મોટી હાડમારી હતી. શું વાતો કરવી, અને શી રીતે કરવી એ અમારી મોટી મુંઝવણ હતી. પણ સાધનમાં હૈયું ને રામ સહારે અમે તો કામ કરવા માંડ્યું અને કામ કરતાં કરતાં કાર્યની ફાવટ પણ આવતી ગઈ, દિશાઓ સૂઝતી ગઈ."

"વેપારી વર્ગ કહો કે ઔદ્યોગકર્તા વર્ગ કહો. એમની વચ્ચે આપ્તજનોની રીતે હળવા-ભળવાના સંજોગો નહિવત્ મળવાના કારણે શિષ્ટ મનાતી સંસ્કારિતાનું પ્રમાણ એમનામાં ઘણું ઓછું, દારૂની દોસ્તી એ તો ઘરઘરનો વહેવાર, અને રૂપરંગ પણ એમનાં આગવાં જ, આ બધાને કારણે ઘણા મિત્રો અને શુભેચ્છકો અમને સલાહ આપતાં કે અમારે ખૂબ જ સાવધાનીથી વર્તવું. એમની વચ્ચે ઓતપ્રોત થવાય ઉભળકો વશ રાખવો અને ભૂલેચૂકે પણ મારે મારાં પત્નિ કે બાળકોને તો ત્યાં લઈ જ ન જવાં. પણ અમારે માટે ઓછો આ ભારુતી પ્રયોગ હતો કે અમે એવું ગણુક્કારનાં બેસી રહીએ. મારાં પત્નિને તો આવાં કાર્યોમાં મારાથી પણ વિશેષ રસ છે એટલે એ તો મારી સાથે આવતી જ રહી અને એટલું જ નહિ પણ ક્યારેક મારે કામ હોય તો એકલી જતાં પણ ન અટકી. તળાવમાં ભુસકો માર્યા વિના કાંઈ તરતાં ઓછું શીખાય છે? જીવનને જોખમમાં મૂક્યા વિના આત્મિયતાનો સ્પર્શ કાંઈ ઓછો કરી કરાવી શકાય છે? અને એવાં અતૂટ કે અદ્ધર રહીને કરાતાં કામોમાં આનંદ પણ શું આવે?"

અમે તો અમારી રીતે જ કામ કરતાં રહ્યાં અને એમાં કશું જ નુકસાન થવાનો અનુભવ નથી થયો-એથી ઊલટું અમને તો લાગે છે કે આ પ્રવૃત્તિએ અમારા જીવનની શાંતિ અને સમૃદ્ધિમાં ઉમેરો કર્યો છે. માનવી માનવી વચ્ચેનો ભેદ દૂર થાય ત્યારે જ ઈશ્વરત્વ પ્રગટ થાય એ સત્યનો સ્વાનુભવ અમને સતત થાય છે અને "બાળક માત્ર આદરને પાત્ર" એ સેવેલી ભાવનાને મૂર્ત થતી જોવાનું સમાધાન અમને તો મળે છે."

"ભાષાનો સવાલ એ શરૂઆતના દિવસોમાં અમારી આડખીલી જરૂર હતી, પણ આખરે ભાષા એતો માધ્યમ જ છે ને ભાવને વહન કરવાનું દિલની ભાષા અમારી પાસે હતી એટલે દિમાગની ભાષા આપોઆપ જ એની પાછળ દોડતી આવી. તમને નવાઈ લાગશે પણ હમણાં તમે મધાંડીમાં સાંભળ્યાં એ ગીતો પણ અમારા પ્રયત્નોનું જ પરિણામ છે. આ બાળકો વચ્ચે કામ કરતાં કરતાં અમને એક વાતની ખાતરી અવશ્ય થઈ છે કે હોઠની ભાષા ન આવડે ત્યાં પણ હાથની ભાષા (અભિનય) અને હૈયાની ભાષા (આત્મિયતા) અદ્‌ભૂત કામ કરી જાય છે."

સાધનો અંગેની પૂછપરછ કરતાં એમણે જણાવ્યું કે :—

"તમે જુઓ છો એ શાળાનું મકાન પણ ખુલ્લી ઓસરી જ છે. આ એક નાની ઓરડી પણ બાલવાડી શરૂ કર્યા પછી બંધાણી એટલે સાધનો વિષે તો સ્થળ પરના બાલમંદિરનાં કેટલાંક સાધનો સાથે લાવવાં અને પાછાં લઈ જવાં એ અમારો ક્રમ થોડા મહિના ચાલ્યો. પછી વળી થોડાંક સાધનો અમે જરૂર વસાવ્યાં પણ એ ચોરાઈ ગયાં. આજે જે કાંઈ છે એ આજુબાજુમાંથી ભેગાં કરેલાં થોડાંક ઘરગથ્થુ રમતો માટેનાં, મુક્ત વ્યવસાય, અને ક્રિયા-શીલ પ્રવૃત્તિઓ માટેનાં સાધનો છે. પણ અમને એમ લાગે છે કે બાલવાડીનું સ્વરૂપ જ્યાં સુધી એક કલાક-દોઢ કલાકની સમયલક્ષી પ્રવૃત્તિનું રહે ત્યાં સુધી અનેકવિધ સમૂહપ્રવૃત્તિઓ અને રમતગમત પ્રધાન મનોરંજન વગેરે તરફ જ વધારે ઝોક આપવો— તમે જોશો કે નાસ્તા માટેનાં સાધનો પણ બાળકો ઘેરથી જ લાવે છે, એથી એમને તાલીમ મળે છે, સાધન સાચવવાની અને સંસ્થાની મુશ્કેલી ટળી છે સાધન ચોરાવાની. પણ આ પરિસ્થિતિની પૂર્તિ અમે આ બાળકોને અવારનવાર અને ખાસ કરીને રજાઓ દરમિયાન આ બાળકોને સ્થળ પરના બાલમંદિરમાં લઈ જઈને કરીએ છીએ."

તમારી પાસે બસની વ્યવસ્થા છે અને બપોરના સમયે બાલમંદિર પણ બંધ હોય છે તો અહીંને બદલે આ બાળકોને બાલમંદિરમાં લઈ જવાનું અને ધીમે ધીમે એમનું ઘડતર ચોક્કસ કક્ષાએ આવે પછી બાલમંદિર—બાલવાડીના ભેદ કાઢી નાખી એક અમન્વિત સંસ્થાસ્વરુપ ચલાવવાનું વિચારી શકાય? આ પ્રશ્નના જવાબમાં ડોકતાં હિલે એમણે જણાવ્યુ કે:—

"આ ખૂબ જ આદર્શ ભૂમિકા છે. સંસ્થાના સંચાલકોના હૈયે પણ આ અંગેની તમન્ના છે. પણ હજી એ માટે લોકમાનસ તૈયાર નથી થયું. અને તમે જુઓ છો તેમ આ બન્ને વર્ગોની સાંસ્કારિક, સાંસ્કારિક અને આર્થિક ભૂમિકામાં પણ એટલું બધું અંતર છે કે આ સંજોગોમાં યોગ્ય સમય પાક્યા વિના આવું વ્યાપક સાહસ અમે કરવા જઈએ તો એ અખતરો કદાચ ખતરો પૂરવાર થાય એટલે સમ્મિલન સંસ્કૃતિના આદર્શને આંખ સામે રાખવા છતાંયે આજે તો અમે થોડાંક પસંદગીનાં બાળકોને પ્રવેશ આપી અલ્પ સંતોષ માનવાથી આગળ નથી જઈ શકયા. અમે ઇચ્છીએ જરૂર છીએ કે અમારી ગતિ ઝડપી બને."

તમને નથી લાગતું કે શાળાના બીજા શિક્ષકો દ્વારા પણ આવા બાલવાડી પ્રધાન સંસ્કારસિંચનના પ્રયોગો બીજા વિભાગોમાં પણ ચલાવવામાં આવે તો એથી તમારે જે કાંઈ કરવું છે તેનો સહજ વિસ્તાર થાય અને કાંઈક અંશે જે તે શિક્ષકોને પણ સ્વાર્થ સાથે પરમાર્થ કરવાની તક મળે?

"તદ્દન સાચું છે. યોજના ખૂબ જ સુંદર છે શાળાના શિક્ષકો, આફ્રિકન શિક્ષકો સહિત – માટે વેકેશનમાં એકાદ પ્રાથમિક બાલશિક્ષણ તાલીમ શિબિર ચલાવવામાં આવે અને યોગ્ય દોરવણી સાથે ઉત્સાહી શિક્ષકોને આવું કામ સોંપવામાં આવે તો સાચે જ સરસ કામ થાય. પણ આફ્રિકનો વચ્ચે અને તેમાં પણ સાવ નાનાં આવાં બાળકો સાથે કામ કરવું એ ઘણી માનસિક તૈયારી માગી લેતો વિષય છે. બધા જ એશિયન શિક્ષકો એ માટે અભિ-રુચિ ધરાવે એવું મને નથી લાગતું પણ વ્યાપક પ્રયોગ અને સ્વમાનસ શુદ્ધિની દૃષ્ટિએ પણ આ વાત ખૂબ જ વિચારણીય છે. ધીમે ધીમે એ દિશામાં પગલું મંડાય એ જરૂર કરવા જેવું છે. અમારા સંચાલકો આ અંગે ઘણા ઉત્સાહી અને ભાવના-શાળી તો છે જ. કાંઈક નક્કર યોજના એમની પાસે જરૂર મૂકશું. આજે પણ બાલમંદિરનું અમારું સ્વતંત્ર મકાન થોડા જ સમયમાં બંધાય ત્યારે એની સાથે શિક્ષકો માટેની એક બાલ અધ્યાપન મંદિરની કલ્પનાનો અમારી ગણતરીમાં છે જ. સાથે સાથે

આફ્રિકન બાળકો માટેની કેન્દ્રવર્તી શાળા પણ અમારા આયોજનમાં છે.”

આ બધાની સાથે તમને જાણીને આનંદ થશે કે “પરિમલ કલાકેન્દ્ર,” નામની એક સંસ્થા પણ અમારે ત્યાં ચાલે છે. અને એની મારફતે સાહિત્ય સંગીત, કલા કરિગરીની પદ્ધતિસર તાલીમ વ્યવસ્થા કરવાની પણ અમારી કલ્પના છે. એ દિશામાં કાંઈક અંશે કામ થયું પણ છે. આ સિવાય અમારે ત્યાંની શાળાનું શિક્ષણ પણ ફકત ખાતાના અભ્યાસક્રમની ચુંગાલમાં ન પૂરાઈ રહેતાં બાળકોના બહુલક્ષી વિકાસ માટેનું માધ્યમ બને એવી વિવિધ શકયતા ઊભી બનાવવાના પણ અમારા સક્રિય પ્રયત્નો છે.”

“તમે કહ્યું એવું બધું વહેલી તકે યોગ્ય વિકાસ પામે અને એશિયન તેમ જ આફ્રિકન બાળકો એક સરખી તક મેળવી એક સમન્વિત સંસ્કૃતિનુ સર્જન કરે તો અહીં જે ભૌતિક સુંદરતા પેદા થઈ છે એની સાથે આધ્યાત્મિક તત્ત્વતા પણ ભળે અને સાચા અર્થમાં સોનામાં સુગંધ મળે. આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે એ મંગળ દિવસ બહુ વહેલો આવે.”

એ શબ્દો સાથે અમારી વાતો પૂરી થઈ અને બાલવાડીની સિમિત રેખાઓને વટાવી એક અદ્યતન વિદ્યાપીઠનું ચિત્ર મારી આંખ સામે દોડતું દેખાવા માંડ્યું. એની સાથે જ મનમાં એક અવ્યક્ત ઉદ્‌ગાર સરી પડ્યો—

“કેવું અભિનવ દર્શન?”

—પૂનમચંદ શાહ

❋

ક્ષો ભ પ્ર ક્ષો ભ

પ્રવીણભાઈ, ૨૭–૧–૫૭

પરમ દિવસે બાજુની ધંટી ઉપર પ્રવીણભાઈ દળતા હતા. એ ખૂબ મોટી ચપટી દાણા નાખીને ઝડપથી ઘુમાવતા હતા.

સાહજિક રીતે જ મારાથી કહેવાઈ ગયું.

‘એમ ન દળાય, થોડા દાણા નાંખો અને ધીમેથી ફેરવો.’

કહ્યા પછી વિચારો આવ્યા:

“બાલશિક્ષણ એ કેટલી અઘરી વાત છે?

હું આટલો બાલમાનસમાં રસ ધરાવું છું છતાં ઉતાવળ થઈ જાય છે.’

મોટા પ્રવીણભાઈ એમ કેમ કરે છે તે હું જાણું છું. અને આમ બોલવાથી જે કામ થઈ રહ્યું છે એ કામમાં પીછેહઠ થવાનો સંભવ છે. પણ બોલાઈ જવાય છે!

મોટા પ્રવીણભાઈ અત્યારે સોળ વર્ષના છે. અત્યારે ગુજરાતી પાંચમી ભણે છે. એટલે એ ઘણાં ‘પછાત’ ગણાય.

અને એને મોઢે પણ માબાપોએ અને લોકોએ એમને ‘ઢ’ કહેલ છે. અને એટલે એ ય પણ પોતાને ‘ઢ’ માને છે. પોતાની સ્મરણશક્તિ સારી નથી માને છે.

એમને અહીં આવ્યાને છ માસ થવા આવ્યા છે. એ દરમિયાન એમણે મને કેટલું બધું જ્ઞાન આપ્યું છે!

મોટું જ્ઞાન તો મને એ મળ્યું છે કે ‘પછાત પણું’ (Backwardness) એ અનેક કારણે બાળકે ગુમાવેલ આત્મવિશ્વાસનું પરિણામ હોય છે. સિવાય કે એના મગજને કોઈ કારણે નુકસાન થયું હોય કે વિકાસ જ ન થયો હોય.

અને પછી તો નાનાં મોટાં ઘણા જોતાં મને આ રોગનું નિદાન સાચું છે એ મેં ચકાસી જોયું છે!

હવે, બાલગૃહમાં આનો ઉપાય ઘણી સરળ રીતે થઈ જાય છે!

એક તો આ 'ગૃહ' હોવાથી અનેક પ્રવૃત્તિઓ અહીં હોય છે. અને એટલે શાળામાં 'ઢ' ગણાતું બાળક બીજા કાર્યોમાં કુશળતા દેખાડી શકે છે.

વળી, એ કામની પણ મહત્તા 'ગૃહ'માં હોઈ તેને પોતાની મહત્તા દેખાય છે. વિશેષ તો હું શાળા કામથી પણ આને વિશેષ મહત્ત્વ દેતો હોઈ એને વિશેષ મહત્તા મળે છે. અને એટલે બાળક એનો ખોવાયલો આત્મવિશ્વાસ ધીમે ધીમે પાછો મેળવે છે.

અને આમાં ઘંટી, એ તો જાણે બાલગૃહની દ્વાપેટી નંબર એક! એ બહુ જ કામ કરી જાય છે. દયારામભાઈને પણ એ ઘંટીએ જ વ્યવસ્થિત બનાવ્યા.

મજા તો ત્યાં છે કે 'કેસ' જોઈએ તો આત્મ-વિશ્વાસ ખોવાનો હોય કે જોઈએ તો 'તોફાનીપણા'નો હોય ઘંટી બધાને સમધારણ બનાવી દે છે!

ઘંટીમાં મજા એ છે કે એ ચલાવનારને પોતે કંઈ સર્જન કરી રહ્યો છે એ દેખાય છે એટલ એને સર્જનનો આનંદ થાય છે.

કદાચ કોઈ કહેશે કે એમાં સર્જન નહીં, પણ ઘઉંના નાશનું કામ થાય છે. એટલેકે (Distructive) નાશવૃત્તિ કામ કરે છે.

નહીં. આ વાત સાચી નથી.

બાળકની બાબતમાં આપણે તરત જ 'નાશવૃત્તિ'ના નિર્ણય ઉપર કૂદી જઈએ છીએ.

એમાં આપણા બાલમાનસના અજ્ઞાનનું અને બીજા બાળક તરફની માનવૃત્તિના અભાવનું કારણ છે.

ખરી રીતે તો બાળક જે કંઈ નાશ કરતું દેખાય છે, તે માત્ર આપણી મોટેરાંઓની બાલમન જાણવાની બેદરકારી જ કારણ રૂપ છે. બીજું આપણી મોટેરાંઓની પાસે વસ્તુઓની બજારુ કિંમત પડી હોય છે. જ્યારે બાળક પાસે તો વસ્તુની કીમત, એમાંથી પોતે જે કંઈ સર્જન કરવા માગે છે તેમાં તે કેટલી ઉપયોગી છે તેના ઉપરથી હોય છે.

એટલે એ તો જો ધ્યાન ન રાખીએ તો, વીશ રૂપિયાના કપડાને ફાડીને ઢીંગલી બનાવી નાખે!

આ કાંઈ નાશવૃત્તિ ન કહેવાય.

બીજું, આપણે મોટેરાંઓ બધી વસ્તુઓ પરિ-ગ્રહવૃત્તિથી છાતીએ બાંધી રાખીએ છીએ. બાળક તો વસ્તુનો ઉપયોગ એમાંથી પોતે ધારેલી રમત-સર્જન કરવા માટે જ સમજે છે.

અને જેમ દરજી કીંમતી કપડાં ઉપર કાતર ચલાવતાં અચકાતો નથી, કેમકે એને ખબર છે કે એ એ સુંદર કીમતી કપડામાંથી બીજું એથી વિશેષ સુંદર સર્જન કરવાનો છે.

અને એટલે આપણે પણ નાશવૃત્તિ નથી કહેતા. આપણને એનામાં વિશ્વાસ છે. વળી, એ શું સર્જન કરવાનો છે તેની પણ આપણને પહેલેથી ખબર છે. અને એટલે જ આપણે એને નાશવૃત્તિ નથી કહેતા.

પણ બાળક તો જે કરે છે તેના પરિણામની આપણને ખબર નથી હોતી એટલે દરજીને કીંમતી કાપડને કાપતો જોઈને જે ધીરજ રહે છે તે બાળ-કની ભાંગફોડને જોઈ ધીરજ નથી રહેતી. એને તો તરત જ આપણે નાશવૃત્તિનો સિક્કો મારી દઈએ છીએ!

થોડા દિવસ પહેલાં જ નાનો કમલેશ સ્ટેજ ઉપર 'કાગડો ને કાઠિંબુ' નાટકમાં બેઠો હતો અને હાથમાંના દાંતિયાના દાંતા તોડતો હતો.

મને એની પાછળનો હેતુ ન સમજાયો અને મેં એને એમ ન કરવા સૂચના કરી.

પણ એ તો ત્યારે સમજાયો જ્યારે કાગડો એ કમલેશ લુહાર પાસે દાતરડું લેવા આવ્યો અને કમલેશે એ દાંતિયો (જેના હવે તો બધા દાંતા

તોડી નાખ્યા છે એવો) દાતરડા તરીકે કાગડાને આપ્યો !

અને એ દાંતિયો ખુરપી જેવો ઘાસ કાપવામાં વપરાયો ત્યારેજ સમજાયું કે એ નાશ નહોતો પણ સર્જન હતું !

આમ ઘણી ઘણી વાર મને, ઉતાવળે બાળકને ક્રિયા કરતું રોકયા પછી પસ્તાવો થયો છે.

એવું જ આ મોટા પ્રવીણભાઈની બાબતમાં થયું.

હવે, એમણે પણ આવ્યા પછી ઘંટીની દટ્ટા-પેટીથી શરૂઆત કરી છે ! અને અત્યારે હવે એ કેટલી પ્રગતિ કરી રહ્યા છે એ દેખાઈ રહે છે.

એમનો આત્મવિશ્વાસ ખૂબ વધી રહ્યો છે.

દળવું એ તો ગૌણ વસ્તુ છે. મુખ્ય તો એ ઘંટીના હાથા સાથે આત્મવિશ્વાસને પકડી લેવા માગે છે.

ખરી વાત તો એ છે કે એમને દળવામાં દળવા ખાતર જરાકે રસ નથી. એ દળીને પોતાને અને બીજાઓને પોતાની મહત્તા ઠસાવવા માગે છે.

એટલે પહેલું તો એ બને છે કે એ થોડા ઘઉં દળીને પોતે ઝાઝું દળ્યું છે એમ બતાવે છે ! બીજું, જાડું ભરડીને તરત પતાવીને પોતે ઝાઝું દળવાનું માન ખાટવા માગે છે.

અલબત્ત એમની તાકાત ઘણી છે. પણ એમને ખરું તો, હજુ કામનો પ્રેમ જાગ્યો નથી. અલબત્ત એ ય રહેતે રહેતે આવશે જ. એને માટે મારે ધીરજ રાખવી જોઈતી હતી. જે હું રાખી ન શકયો. આમાં ખાસ નુકસાન તો ન થાય પણ થોડી પીછે-હઠ તો જરૂર થાય.

પણ મને તો એ ઉપરથી બીજા વિચારો આવે છે:

આપણા શિક્ષણશાસ્ત્રીઓ ધીરજ રાખ્યા વગર તરત જ નિર્ણય ઉપર કૂદે છે. તરત જ 'મૂર્ખ' બાળકને રસ્તો ચીંધવા લાગી જાય છે.

પણ હવે તો મને ખાતરી થઈ ગઈ છે કે બાળકને ભલે ગમે તેટલો વખત લાગે પણ એને ભૂલો કરીને એની મેળે રસ્તો મળે ત્યાં સુધી આપણે ધીરજ રાખવી જોઈએ.

એમાં બાળકનો વિકાસ રુંધાય છે એમ નથી હોતું. પણ એમાં તો આપણી ધીરજ ખૂટી ગઈ હોય છે એ કારણ હોય છે.

બાકી જો આપણે ધીરજ રાખીને અવલોકન કરીએ–નોંધ લઈએ તો દેખાશે કે એ મુંઝવણનો સમય બાળકને જિંદગીના કેવા મોટા પ્રશ્નો છોડવાની તાકાત આપી જાય છે.

પણ શિક્ષણશાસ્ત્રીઓ તો થોડા વખતમાં ઝાઝું આપી દેવા માગે છે. આમાં તો ચાવ્યા વગર ઝાઝું હોજરીમાં ભરવાની વાત છે !

શિક્ષણ તો બધું ય અજ્ઞાત રીતે જ થઈ જવું જોઇએ. અને ધીરજ રાખવામાં આવે, શિક્ષણ માટે પૂરતી વાતાવરણની સગવડ હોય તો બાળક જાણે પણ નહીં કે શિક્ષિત બની રહ્યો છે.

અને આમ ઘણી બાબતોમાં બને પણ છે જ.

આ મોટા પ્રવીણભાઈને ખબર નથી કે પોતે કેવી પ્રગતિ કરી રહ્યા છે.

એ પહેલા તો બોલતાં જ ડરતા હતા !

અને હવે, એ અનેક લોકો સાથે ઝઘડાઓ કરે છે. (અલબત્ત Reaction) પણ એ તો સહજ છે. અરે નોકરોને દબડાવે છે ! ...ભાઈને મૂર્ખ સમજે છે અને એને પોતાના નાના ભાઈની જેમ સાચવે છે. આ પણ એમનો આત્મવિશ્વાસ વધારે છે.

(ઘરે તો નાનાભાઈની હોશિયારી એમને આત્મવિશ્વાસ ખોવા તરફ લઈ જતી હતી. અહીં ...ભાઈ કારણે એ વધવા તરફ જાય છે.)

એ હવે અભ્યાસમાં પણ ઠીક આગળ વધે છે. અંગ્રેજી નાટકો–ઇતિહાસ ભૂગોળ વગેરેમાં આગળ કરતાં ખૂબ આગળ વધ્યા છે.

એથી હું તો એ નોંધવા માગું છું કે 'આચાર્ય' થવા માટે તો બહુ તપસ્યાની જરૂર છે. એ માત્ર પરીક્ષા આપ્યાથી કે ડીગ્રી મેળવવાથી નથી બનતું.

હજુ શિક્ષણમાં સંશોધનની ખૂબ જરૂર છે.

ઓજસ્

બાળ વિભાગ

ફેરિયો

આવે છે ફેરિયો રે.....નિશાળના દરવાજે,
ભાળું હું રોજ રોજ સાંજે....નિશાળના દરવાજે.
મારી નાની દુકાનમાં રાખ્યાં રમકડાં જુદાં જુદાં
મારા કુંગ્ગા પિપૂડી લેવાને આવે સૌ ભૂલકાં
મારા પડઘમ ખ્યુગલ બાજે...નિશાળના દરવાજે
એક નાની શી ટોકરીમાં લઈને બેઠો હું ગંડેરી
સાથે શિંગો વેચું છું બાફેલી લાગે છે બારીબારી
દોસ્તોને બવડાવી તું બાજે...નિશાળના દરવાજે,
તમતમતા તીખા ચણા વેચું છું મારા ખુમચામાં,
મને સાંભળીને છોકરાં નાખે છે હાથ એના ખિસ્સામાં
હું બોલું છું મીઠા બવાજે...નિશાળના દરવાજે.

વસંત દેસાઈ

જૂહુ ને દરિયે

(રાગ–એક માછીની છોડી આવતીતી)

અમે જુહુને દરિયે ફરતા'તા (૨)
અમે રેતીના બંગલા બનાવતા'તા (૨) અમે જુહુને.
દિન શરદ પૂનમનો શોભતો (૨)
હોંશે ચાંદલિયો રૂડો પ્રકાશતો'તો (૨)
એના દૂધલીઆ અજવાળે નાચતા'તા...અમે જુહુ.
નીલા આકાશે તારલા ટમકતા'તા (૨)
એના પડછાયા પાણીમાં પડતા'તા (૨)
અમે આનંદે પાણીમાં તરતા'તા (૨) અમે જુહુ.
નાની નાની મઝાની એક હોડી હતી (૨)
તે તો દરિયા ને બંધવચે તરતી હતી (૨)
અમે હોડીમાં બેસી ગીત ગાતા'તા (૨) અમે જુહુ.

નટવર બહેતા

ગોવાળીયા

હાં રે અમે ગોવાળિયા રે ભાઈ
કોઈ કહે નટખટિયા
કોઈ કહે લટપટિયા
તો યે મસ્ત મગનમાં રે—હાં રે અમે...

કાન કુંવરના અમે રે ગોઠિયા
ગાયો ચરાવતા સંગે રે છોટિયા
હે...લીલૂડાં બેતરમાં ગાયોને છોડી
નાની રે લાકડીની કરતા રે દોડી
નાચીએ લંગોટિયા ભેળા રે મળી
(હાં રે ભાઈ) કેળાને કાકડી બાઈ...હાં રે અમે...

તોફાની ટોળીનો સરદાર કાનકુંવર
મુરલી બજાવે કો દિ' મૂકી અધર પર
હે...આડોશી પાડોશીના ઘરે જઈને
શીકાને મટકી તોડી ફોડીને
માખણ દૂધ દહીં બાઈ...હાં રે અમે...

હાંફળા ને ફાંફળા આવતા રે લોકો
કાન કુંવરિયાને શાને ના ટોકો ?
હે...એવું માડી જસોદાને કહેવા આવે
ત્યારે તો મનમાં કાંઈ કાંઈ થાયે
બેસીએ ડાહ્યા ડમરા થૈ...હાં રે અમે...

નાનાં ને મોટાં કરવા તોફાનો
શૂરો છે એમાં અમારો કાનો
હે...કો' દિ જમના કાંઠે ને પૂનમરાતે
ભેળા મળીને ગોઠિયા સંગાથે
બેલવીએ રાસડો લૈ...હાં રે અમે...

હાલો રે હાલો

હાલો રે... હાલો રે
હાલો રે... હાલો
નંદના દુલારાને
કાનકુંવરિયાને
જસોદાના જાયાને
પારણીયે ઝૂલાવવા હાલો રે હાલો...

હાથે પગે કાળો દોરો, કેડે કંદોરો
લાગે એ તો શામળો ને તોયે મુખે નમણો
એવા કાનકુંવરિયાને ભાળો રે ભાળો
હાલો રે હાલો...

ઊંચા ઊંચા મહેલમાં વાગે મીઠી શરણાઈ
નંદના દુલારાની આજે વધાઈ
થોકે થોકે લોકો આવે
મીઠાં રાગે ગીતડાં ગાયે
એ તો સહુનો લાડીલો લાગે
વ્હાલો રે-વ્હાલો
હાલો રે હાલો....

અનિરુદ્ધ તન્ના

ગોપાલ લૈયો

વ્હાલો ગોપાલ લૈયો રે
નંદજીનો છૈયો રે
રાસે રમે ગોપ ગોપી સંગ
એને હૈયે અનેરો છાયો ઉમંગ...
જમુનાને કાંઠે રૂડો રાસ રચાયો
ગોપગોપી ચાલ્યા સહુએ છોડીને ગાયો
ઢોલ રે ઢમાઢમ
ઝાંઝર ઝમાઝમ
મુરલીની સંગે આજે જામ્યો છે રંગ
એને હૈયે....

એક એક કાનજીને એક એક ગોપી
લાલપીળું કેડિયું ને માથે કાનટોપી
લીલી ચૂંદડી રે
ફરતી ફૂદડી રે
ફરતા રે લાગે કેવો નવો નોખો ઢંગ
એને હૈયે....

અનિરુદ્ધ તન્ના

નાનાં પાસેથી ધડો

નાનાં બાળકો જ્યો બીજાં જરાક તેમનાથી નાનાં બાળકોથી ઊંચાં હોય છે તેઓ વધારે કામ કરી શકે છે અને દોડી શકે છે, ત્યારે માને છે કે આપણે મોટાં થયાં છીએ. તે કહે છે કે 'હવે હું મોટો થયો છું–મોટી થઈ છું.' પણ ખરી રીતે મોટાઈના માપમાં તે બહુ નાનું છે. એમ જ મનુષ્યમાત્રનું છે.

આનો ધડો મોટાં અને પોતાને મોટાં સમજનારાં લે તો કેવું સારું ?

અવલોકન બરાબર કરો

અવલોકનમાંથી અનુભવ જન્મે છે. અનુભવનો સંગ્રહ એટલે જ્ઞાન. જ્ઞાન અટલે એક શક્તિ. શક્તિનો સદુપયોગ એટલે ઉન્નતિનો માર્ગ.

પણ અધૂરું અવલોકન અનુભવને ઝાંખો, આછો અને અપૂર્ણ રાખે છે. પૂર્વગ્રહ (Prejudice) વાળું અવલોકન અનુભવને રંગી (coloured) બનાવે છે. રંગ પક્ષમાં પણ દેખાય અને વિરુદ્ધ પણ દેખાય. અવલોકનની કળા અને નિયમો જાણ્યા વિના અવલોકન અસ્તવ્યસ્ત થાય, સુરૂપ ન થાય; ને તેથી જન્મેલો અનુભવ પણ તેવો જ થાય. અવલોકન એકાંગી હોય તો અનુભવ પણ તેવો જ થાય. અવલોકન Subjective અને Objective પણ હોય છે. બધો આધાર અવલોકન પર છે.

માટે અવલોકન બરાબર કરો.

— ગિજુભાઈ



વીમો ઉતારવો આપણને તે કેમ પાલવે?

તમે કહેશો: *"જેની પાસે પૈસા હોય તે વીમો ઉતરાવે."*

વીમો ઉતારવા માટે કંઈ મોટી રકમની જરૂર નથી. ઓછી આવક-વાળા લોકોને પણ પરવડી શકે એ જાતની વીમા પૉલિસીઓ હોય છે. તમારી ટુંકી આવક વડે તમે માંડ માંડ ઘર ચલાવો છો પણ ધારો કે એટલી આવક પણ સાવ બંધ થઇ જાય તો તમારા કુટુંબનું શું થાય? અરું જોતાં, સામાન્ય આવકવાળા માણસ માટે તો વીમો આસ આશીર્વાદરૂપ છે.

GP LIC 45 E GUJ


*
દરરોજ
દરેક ઘરમાં
કોઇને કોઇ
વાપરતું હોય છે
લોમા
REGD.
વાળને શ્યામ
કરવા માટે
અથવા તો શ્રેષ્ઠ
કેશ-પ્રસાધન તરીકે
Loma
REGD.
Loma
for
Cooling the head
સોલ એજન્ટસ:
એમ. એમ. ખંભાતવાલા
અમદાવાદ-૧.
એજન્ટ:
સી. નરોતમની કું.
મુંબઈ-૨
MPS

BISTA-SO-74.GUJ



*"ટીનોપાલ" જે. આર. ગાઇગી, એસ. એ., બાલ, સ્વિત્ઝરલેન્ડનો રજીસ્ટર્ડ ટ્રેડ માર્ક છે

બનાવનાર: સુહૃદ ગાઇગી પ્રાઇવેટ લિમિટેડ, વડી વાડી, વડોદરા—સૌલ ડીસ્ટ્રીબ્યુટર્સ: સુહૃદ ગાઇગી ટ્રેડીંગ પ્રાઇવેટ લિમિટેડ, પી. ઓ. બોક્સ ૯૬૫, મુંબઇ ૧

શિક્ષણ-પત્રિકા

સહસંપાદકો

માણેકલાલ ઠાકર — લીલાબેન શાહ
યશસ્વીબેન ભટ્ટ — નરેન્દ્ર બધેકા
ચંદુલાલ પંડ્યા

ઓક્ટોબર : નવેમ્બર : ૧૯૫૯

અનુક્રમ	પૃષ્ઠ
સમાચાર	૨
બાળઅભિલાષ	૪
ફૂલ ઝાડ	૮
કુલડીનું ઘી	૧૧
ચાંદો બિચારો તળાવમાં પડી ગયો	૧૬
વાલજી	૧૮
હેં બા, એમ કેમ હશે ?	૨૨

વૃત્તાંત

અમ્બાવાડા:—બાલશિક્ષણોત્સવની ચાર દિવસની યોજના કરવામાં આવી હતી. જેમાં વ્યાખ્યાનો, ચર્ચા, વિચારણા, પ્રવચનો અને પ્રશ્નોત્તરીનો વિવિધ અને રસિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સંમેલનને સફળ બનાવવામાં મુખ્ય પાંચ બાલમંદિરની કમિટીઓ તથા પટેલ સમાજનો મુખ્ય ફાળો હતો. શ્રી. હેમુભાઈ ને બેર મિત્ર-મિલન થયું ત્યારે દક્ષિણામૂર્તિ સંસ્થાને, શ્રી. ગિજુભાઈને તથા ભાવનગરને ખૂબ યાદ કરવામાં આવ્યાં હતાં. સંમેલનની સફળતા ઇચ્છતા અનેક સંદેશાઓ આવ્યા હતા.

મુંબઈ:—ભગિની સમાજ ટી. એન. માળવી બાલમંદિરમાં તા. ૧૨-૮-૫૯ ને શનિવારે વાલી સભા યોજવામાં આવી હતી.

ગોવિંદજી માધવજી ભાટિયા બાલમંદિરનો ૭૦વીસમો વાર્ષિક મેળાવડો શ્રીમતી લીલાબેન શાહના પ્રમુખપદે તા. ૧૨-૮-૫૯ ને શનિવારે યોજવામાં આવ્યો હતો.

લીમડી:—શ્રી. મૂર્તિકાંત શાંતિલાલ સાર્વજનિક બાલમંદિરની ૧૩ મી વાર્ષિક ઉજવણી અંગે એક બાલકેળવણીને રોચક એવું ચિત્રપ્રદર્શન યોજ્યું હતું. તેમાં જગતભરનાં ૧૨ વર્ષની ઉંમરનાં બાળકોનાં ચિત્રો હતાં. પ્રદર્શનનું ઉદ્‌ઘાટન શ્રી ડે. કલેક્ટર શ્રી ચંદુલાલ જોષીના વરદ હસ્તે થયું હતું.

ગાંધી જયંતિ

પાટણ:—કોમર્સ કૉલેજના પ્રિન્સીપાલ શ્રી. એસ. વી. દેસાઈના શુભ હસ્તે ખાદી પ્રદર્શનની ઉદ્‌ઘાટન વિધિ રાખવામાં આવી હતી. તથા કાંતણ, વેશભૂષા, તથા વકતૃત્વ હરીફાઈ રાખવામાં આવી હતી.

ભાવનગર:—શ્રી દક્ષિણામૂર્તિ સંસ્થામાં ગાંધી જયંતિ પ્રસંગે તા. ૨૯-૯-૫૯ થી ૨-૧૦-૫૯ સુધી જુદા જુદા વક્તાઓએ પ્રવચનો કર્યાં હતાં. શ્રી. નરેન્દ્ર બધેકા, શ્રી. જ્યોતિભાઈ દેસાઈ, પ્રો. રવિશંકર જોશી તથા શ્રી. મૂળશંકરભાઈ ભટ્ટનો અનેરો લાભ અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓને મળ્યો હતો. શ્રી. જદવજીભાઈ મોદીએ ગાંધી-જયંતિના દિવસે સંસ્થાની મુલાકાત લીધી હતી. અખંડ ભજન તથા સખંડ કાંતણ આ દિવસે રાખવામાં આવ્યાં હતાં. કુમારમંદિરનાં બાળકોએ કાંતવાનો સંકલ્પ કર્યો હતો તે પૂરો કર્યો હતો.



કાલનો સૂરજ કેવો હશે...

બાળક દુનિયાને એની નજરે નિહાળે છે. રમત અને રમકડાંને બદલે
ઓજારોનો ઉપયોગ એને સમજાય છે. તારના યાંભલામાંથી એ અનોખું સંગીત
તારવે છે. વિમાનનો ઘરેરાટ એને દૂર દૂરના દેશોનું ભાન કરાવે છે, એનામાં
રહસ્ય જગાડે છે. પછી તો પિતાને પગલે ચાલવાની રમત નવા રંગે રંગાય છે.
આવતી કાલે રમતમાંથી ઉદ્યમ એને હાથ લાગશે. જીવનનો જુદો
હેતુ એને સમજાશે. ત્યારે પણ એની રમતનાં રમકડાં મોજુદ
હશે પણ જીવનનો પલટો એને જવાબદારી સોંપશે.
આજની મથામણ અને પ્રયાસ એનો એવી દુનિયામાં ઉછેર
કરશે કે જેમાંથી કાંઇક વધુ સાંપડે, કાંઇક ચિંતા ઓછી થાય,
કાંઇક વધુ ઉલ્લાસ માનવને ભાગે આવે.

આજે, ગઇ કાલની જેમ, અમારું ઉત્પાદન ઘરઘરમાં સ્વાસ્થ્ય,
સ્વચ્છતા અને સુખનો સંચાર કરે છે. તોય, આજે અમે કામે લાગીએ છીએ...
આવતી કાલ માટે, એ વેળા વધુ રૂડા જીવન માટેના સળવળાટ વધ્યો હશે.
વધુ પ્રયાસોની એ ભાગણી કરશે. અને અમે સજ્જ હશું વિશાળ સેવા
માટે, નવા વિચાર માટે, નવાં ઉત્પાદન સાથે...

આપ જો કે કાલના હિન્દુસ્તાનના જીવન ઘડતરની સેવા બજાવો છો

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૪] બાલસાહિત્ય અંક : ઑક્ટોબર : નવેમ્બર : ૧૯૫૯ [અંક : ૭-૮

બાળઅભિલાષ

હું માગું તે દે,
મને બા ! હું માગું તે દે (૨)

તારા – ટપકીવાળું મોઘું ઝભલું ના માગું,
આકાશેથી એક જ તારો માડી વીણી દે,
મને બા ! હું માગું તે દે....૧.

ભાતભાતનાં નથી રમકડાં મારે બા ! જોતાં,
એકાદો ચાંદો કે સૂરજ આમને લાવી દે,
મને બા ! હું માગું તે દે....૨.

સિસોટી, પીપેાડી, પાવેા, ચાબુક ના જોયે,
કોયલ, મોર અને પોપટનો ટહૂકો એક જ દે,
મને બા ! હું માગું તે દે....૩.

મેવા ને મીઠાઈ, કઢેલું દૂધ મને ના દે,
તારા મોંની બચ્ચમચ્ચ બચીઓ બેત્રણ પીવા દે,
મને બા ! હું માગું તે દે....૪.

આગગાડી કે મોટરગાડી, વિમાન ન ગમતાં,
ઊંચે આકાશે ઊડવા બે પાંખ ગરુડની દે,
મને બા ! સાચ્ચે લાવી દે,
મને બા ! હું માગું તે દે....૫.

ગિ. અ. ભટ્ટ (ગિરીશ)

નીચેની બાબતો જોઈ લેવામાં

આવી રહી છે

વધુ વિગતો માટે નીચેના અધિકારીઓનો સંપર્ક સાધો
નાની બચતના નાયબ સંચાલક, બૃહદ્ મુંબઈ, ...
મુંબઈ જિલ્લાઓમાં કલેક્ટરો, તાલુકાઓમાં
મામલતદારો અને મહાલકરીઓનો

DIRECPUB

બાળમિત્રો,

તમે ઉંમરમાં નાના છો છતા ઘણાં મોટા થવાના છો. મોટા થવા માટે પોષણ મળવું જોઈએ. શરીરને મોટું થવા માટે અને વધવા માટે સારું અને જરૂરી ખાવાનું જોઈએ. આપણી બુદ્ધિ વધવા માટે આપણને સારું સારું વાંચવાનું મળવું જોઈએ. આપણા મનના વિકાસ માટે સારું અને સુંદર વાતાવરણ જોઈએ.

દિવાળી આવી છે. નાનાંમોટાં સૌ દિવાળીની રાહ જુએ છે. દિવાળીમાં આમ કરીશું ને તેમ કરીશું. દિવાળીમાં ફટાકડા ફોડીશું. સારી વસ્તુ ખરીદ કરીશું. સારાં લુગડાં ખરીદશું. સારી સારી વાની–ગળી ગળી વાની કરીને ખાઈશું તેવું સૌ ઇચ્છે છે.

તમે બધાં વાંચી શકો છો, કેટલાંક વાંચતા નહીં હોય. તેમને માટે જોવાનાં સારાં ચિત્રો જોઈએ. એ ચિત્રો અમે આપી શકતા નથી. એનું અમને દુઃખ છે. જેઓ વાંચે છે તેને માટે થોડાં પાનાંનો આ અંક છે. આના કરતાં ઘણો ય સારો અંક કાઢવો જોઈએ. સારી વાતો, સારી રીતે, સુંદર રીતે તમારી આગળ રજૂ કરવી જોઈએ તે અમે સમજીએ છીએ. આજે તો ઉતાવળે જે છે તે તમારી પાસે રજૂ કર્યું છે. તમે એ વાંચીને સંતોષ માનજો.

બીજી એક વાત.

તમે વાંચનાર મિત્રો તો સારી રીતે જીવી શકો છો. ખાવાનું સારું મળે છે. રહેવાનું ઘર છે. પહેરવાનાં કપડાં છે. ફોડવાના ફટાકડા છે. આનંદ મેળવવા નાટક સીનેમા છે.

પણ એવાં ય કેટલાંય નાનાં છોકરાંઓ આપણા દેશમાં છે જેમને હજુ પૂરું ખાવાનું મળતું નથી. રહેવાનું ઘર નથી. લહેર કરવાનું મળતું નથી. એ બધાંયના દુઃખનો પાર નથી.

તમે બધાં આનંદ કરો. આનંદ કરી મોટાં થાઓ. આટલી વાતનો નિર્ણય કરજો :—

" અમે મોટાં થઈ અમારા દેશના બધાં ગરીબ બાળકોની ગરીબી દૂર કરીશું. અમારા દેશનાં બધાં ભાઈબાંડુને સરખાં ગણીશું. આ દેશ અમારા સૌનો છે. ભારત દેશ અમારા સૌનો છે. એમાં કોઈ ઉંચો નથી. એમાં કોઈ નીચો નથી. નીચો હશે તેને ઉંચે લેશું. સૌ સાથે મળીને જીવીશું. સૌ સાથે મળીને આનંદ કરીશું. આજની દિવાળી અમારી મટી જઈ અમારી સૌની દિવાળી બનશે. "

ટેલીગ્રામ : "લક્સ સીલ્કસ"

નૂતનવર્ષાભિનંદન !

ટેલીફોન : ૬૦૩૯૨

શ્રી લક્ષ્મી સીલ્ક મીલ્સ

આર્ટ સીલ્ક કાપડની શુશોભિત, ટકાઉ, તેમ જ નવીન ડીઝાઈનો આકર્ષક રંગોમાં જેવાં કે બ્રોકેડઝ, ટાફેટા, ફેન્સી ટાફેટા, શાટીન, જેકાર્ડ ટાફેટા, બુશશર્ટીંગ, ક્રેપ, નાયલોન તથા શાર્કસ્કીન વગેરે

માટે

લોકમાન્ય વસ્તુભંડાર રીટેલ શોપ નં. ૨૪
દાદર, મુંબઈ-૨૮
ની જરૂર મુલાકાત લ્યો.

સ્ટેનલેસ સ્ટીલનાં વાસણોને બફ કરવા માટે 'જેકાસ' ના ફાઈબર પોલિશિંગ બ્રશ વાપરો

વ્યાપારી પૂછપરછ માટે મળો અગર લખો:—

બનાવનાર

જે કા સ બ્રા શ વે ર

શ્રી લક્ષ્મી વૂલન મિલ્સ એસ્ટેટ

હેન્સ રોડ,

મહાલક્ષ્મી : મુંબઈ – ૧૧

ટે. ફો. નં. ૪૦૬૨૩

ફૂલઝાડ

એક હતું ફૂલઝાડ
એક હતી સોનબાઈ
બંનેને બહુ જ બાઈબંધી.

ફૂલઝાડ ઉપર સવાર—સાંજ રંગબેરંગી ફૂલોની કળીઓ ખીલતી અને સોનબાઈને કહેતી :—

"સોનબાઈ, તારા માટે અમે ખીલીએ છીએ. તું માળા ગૂંથે એટલા માટે ભોંય પર પડીને આળોટીએ છીએ."

સોનબાઈને પણ ફૂલઝાડ બહુ જ વહાલું. વહાલું વહાલું હિમ. કંઈ કામને મસે મસે સોનબાઈ ફૂલઝાડ નીચે ફર્યા કરતી. ફૂલની માળા ગંથતી ને ફૂલોને ચૂમતી.

તેના અડવાથી ફૂલો હસી ઊઠતાં.

ફૂલઝાડ પર બે પોપટ રહેતા. મીઠું મીઠું બોલતાં અને મીઠું મધુ ચૂસતા. તેને પણ સોનબાઈ સાથે મૈત્રી હતી. પોતાની લાલ લાલ ચાંચથી તેઓ સોનબાઈનું માથું ગંથી દેતા.

પછી પાનખર આવી ને ફૂલઝાડનાં પાંદડાં ખરી પડ્યાં. ફૂલો ખીલ્યાં નહીં. ફૂલોની સુવાસથી વન મહેંકી ઊઠ્યું નહીં.

સોનબાઈને માળા ગૂંથવા ફૂલો ન મળ્યાં. તેની કાળી ભમ્મર જેવી આંખોમાંથી આંસુ ટપકવા લાગ્યાં.

પોપટ પણ કોણ જાણે ક્યાં ચાલ્યા ગયા હતા! સોનબાઈ ખૂબ રડી. તેનું હસવું—રમવું બંધ થયું ને દુઃખી દુઃખી થઈ ગઈ.

પાન વિનાના ઝાડ સામે જોતી અને પાલવના છેડાથી આંસુ લ્હો'તી સોનબાઈ ઝાડ નીચે ફર્યા કરતી ને ઝાડને ઠપકો આપી કહેતી :—

ભૌતિક પ્રગતિ





એક પુરાણી કહેવત છે કે 'ભૂખે પેટે કામ ન સુઝે.' તેથીજ આપણા આ વિશાળ દેશમાં રચાઇ રહેલા આર્થિક અને સામાજિક ક્રાંતિકારી પરિવર્તનની જવાબદારી જેમને પૂરતું પોષણ પણ નથી મળતું એવા લોકો સંભાળે એવી આશા ન રાખી શકાય

આપણા લોકોને પૂરતો ખોરાક નથી મળતો એમ કહેવાનો જરાય આશય નથી. આપણે ત્રણ ચાર ટંક પેટ ભરીને આરોગીએ અને છતાં પણ આપણને પૂરતું પોષણ ન મળે; આપણે દરરોજ સ્વાદિષ્ટ ભોજન જમીએ તો પણ આપણને પૂરતું પોષણ ન મળે. યોગ્ય પોષણ મેળવતા માણસનો આહાર સાદો હોવા છતાં પણ સમતોલ હશે. દરરોજ તેમાં પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, ખનિજ દ્રવ્યો, વિટામિન અને સ્નિગ્ધ પદાર્થોનો યોગ્ય પ્રમાણમાં સમાવેશ થતો હોય છે. કામકાજ કરતાં મોટાં અને ઉછરતાં બાળકો માટે સ્નિગ્ધ પદાર્થો ઘણાં જ જરૂરી છે કારણકે તેઓ ઘઉં અથવા ચોખા કરતાં ૨૬/૨ ગણી શક્તિ પૂરી પાડે છે અને રોગનો સામનો કરવા માટે શરીરમાં વધારાની શક્તિનો સંગ્રહ કરે છે.

'ડાલ્ડા' વનસ્પતિ શુદ્ધ વનસ્પતિજ તેલોમાંથી બનાવવામાં આવે છે અને તેમાં પ્રત્યેક ઔંસ દીઠ ૭૦૦ આંતરરાષ્ટ્રિય યુનિટ વિટામિન 'એ' ઉમેરવામાં આવે છે. તે ઉપરાંત તેમાં પ્રત્યેક ઔંસ દીઠ ૫૬ આંતરરાષ્ટ્રિય યુનિટ વિટામિન 'ડી' પણ ઉમેરવામાં આવે છે. ઉત્પાદન દરમિયાન 'ડાલ્ડા'ને હાથ લગાડવામાં આવતો નથી અને રાંધવા માટે તેના અનેક વિવિધ ઉપયોગો છે. દર વર્ષે ભારતભરમા વધારે ને વધારે કુટુંબો 'ડાલ્ડા' ઉપર ભરોસો રાખતા થાય છે અને એ રીતે ભોજનમાં અધિક પોષણ ઉમેરી ને તેને સલામત અને સમતોલ બનાવે છે.

હિન્દુસ્તાન લીવર લિમિટેડ, મુંબઇ.

DL. 674-X52 GJ

"ફૂલઝાડ, મારા મિત્ર ! હું તને આટઆટલું બોલાવું છું પણ તું કાં નથી બોલતું ? મને જવાબ કેમ નથી આપતું ? શું તું મારી સાથે રિસાયું છો ? હવે તું વસંતના વાયુના તાલ સાથે ડોલીશ નહીં ? તારી સુકાયેલી ડાળો ઉપર ફૂલો ખીલશે નહીં ? જોતું નથી તારા શોકથી મારી આંખનાં આંસુ સૂકાતાં નથી ?"

સોનબાઇના સાદથી જાણે ફૂલઝાડે જવાબ આપ્યો હોય તેમ તેને ફૂલો આવ્યાં.

ફાગણ માસ આવ્યો ને સુકાઈ ગએલી ડાળો લીલાં લાલ કુણાં કુણાં પાનથી ભરચક બની ગઈ. ફરીવાર કળીઓ બેઠી અને ફૂલો ખીલ્યાં.

સોનબાઈ ખુશી ખુશી બની ગઈ. એના આનંદનો પાર ન રહ્યો.

પણ ફૂલો એને કહ્યાં વિનાં ચાલ્યાં ગયાં હતાં એટલે સોનબાઈ રિસાઈ હોઈ તેમ દૂર ઉભી રહી.

ફૂલો : "સોનબાઈ, એમ દૂર કાં ઊભી છો ? વાહ, તું તો રિસાઈ લાગે છે ને શું ? પણ હવે તું રીસ છોડીને અમારી સાથે હસી હસીને વાતો કર. અમે તો દૂર દેશ ગયાં હતાં. પણ તારા વિના અમે ખીલ્યાં જ નથી હો. અને આળા થઈને કોઈની ડોકમાં પણ રહ્યાં નથી."

સોનબાઈની રીસ ઊતરી ગઈ.

સોનબાઈ કહે, "નારે ભાઇ, રીસ નથી ચડાવતી. પણ મને કહ્યું યે નહીં ને તમે ચાલ્યાં ગયાં ? કયાં ગયાં હતાં તે તો કહો. ત્યાં મારા જેવી સખી મળી હતી કે ?"

ફૂલો : "તારા જેવી ? ના રે ના, તારા જેવું મધુર તો કોઈ હસતું જ નથી. કોઈને આવડતું યે નથી, તારા જેવી સખી કયાંથી મળે ? એટલે તો અમે પાછાં આવ્યાં."

પોપટ પણ પાછા આવ્યા.

ફૂલઝાડ ઉપર હજારો ફૂલ ખીલવા લાગ્યાં.

સોનબાઈ ફૂલ છાબડી લે, વનમાં જાય, ફૂલ વીણે ને ફૂલની માળા ગૂંથે, ફૂલોને ચૂમે ને રમે.

સ્વ. મોંઘીબેન બધેકા

કુલડીનું ઘી

દમુ ઘર ઘરની અને ઢીંગલા–ઢીંગલીની રમતમાં મશગૂલ હતી. ઘરના ઓરડાની એક દીવાલ પાસે ઊભા કરેલા પાટલા પાછળ એની રમત ચાલતી હતી. માજીએ એને રમવા માટે ગોળ, મમરા, શીંગ, મીઠું–મરચું એવું બધું'ય આપ્યું હતું ! એટલે જ એમાં ઘીની પણ જરૂર પડે. ઘી પણ એનાં માજીએ એક નાની એવી સાંકડા મોંવાળી કુલડીમાં આપેલું.

રમતાં રમતાં દમુએ એની ઢીંગલીને કહ્યું : " જો બેટા ! અહીં જરા ધ્યાન રાખજે. હમણાં હું બે કળશા શરીર ઉપર ઢોળી, નાહીને આવું છું.

નેશનલ-એક્કો સપ્તાહ-૧૮ થી ૨૪ ઓક્ટોબર

નેશનલ રેડિયો

બેટરી મોડલ બી-૭૨૨

અનોરંજનનું

અનુપમ સાધન !

ભૂખરા રંગની સુંદર મહોગની કેબિનેટવાળું આકર્ષક મોડલ બી-૭૨૨ તેના વર્ગનો અદ્વિતીય બેટરી સેટ છે. આપના નજીકના નેશનલ-એક્કો ડીલરને ત્યાં આજેજ જઈને સાંભળો...આપ એની પર અવશ્ય મુગ્ધ થઇ જશો!



મોડલ બી-૭૨૨ : ૫ વાલ્વ અને ૩ બેન્ડવાળો ડ્રાય બેટરી સેટ. ₹. ૩૩૫/- સાદી સ્થાનિક વેરા જુદા

નેશનલ-એક્કો રેડિયો વધારે સારા છે—
તેઓ ઑન્સુનાઈઝ્ડ હોય છે!

જનરલ રેડિયો એન્ડ એપ્લાયન્સીઝ ઇન્ડિયા લીમીટેડ
ઓપેરા હાઉસ, મુંબઇ ૪ • ૩ મદન સ્ટ્રીટ, કલકત્તા ૧૩
ફ્રેઝર રોડ, પટના • ૧/૧૮ માઉન્ટ રોડ, મદ્રાસ • ૪૬/૭૯ સિલ્વર જ્યુબિલી પાર્ક રોડ, બેંગલોર • જેમખિયાન કોલોની, ચાંદની ચોક, દિલ્હી • રાષ્ટ્રપતિ રોડ, સિકંદરાબાદ

GRA 7842

મારે જલદી રસોઈમાં લાગવું જોશે. મોડું કરું તો તારે નિશાળે મોડું થાય ને !"

દમુ ગઈ. દીવાલ ગારાની હતી. ગારાની દીવાલમાં એક કાણું હતું. કાણામાં ઉંદર બેઠેલો. ઉંદર બેઠો બેઠો બધું જોતો હતો. એને ઘીની વાસ આવતી હતી. દમુની પીઠ ફરતાં જ એ દોડીને ઘીની કુલડી પાસે પહોંચ્યો. ઝડપ દઈને કુલડીમાં માથું નાખ્યું. કુલડીનું મોં સાંકડું હતું. મોં અંદર ઘુસી તો ગયું પણ બહાર નીકળ્યું નહિ. ઉંદર અકળાયો. પાછલા પગ પર બેસી આગલા પગથી કુલડી કાઢવા મહેનત કરવા માંડયો. કેમેય કરી કુલડી ન નીકળી. મુંઝાઈને એ દોડાદોડ કરવા માંડયો. પાટલી સાથે ભટકાયો તો પાટલી પડી. પિત્તળની રકાબીમાં બાવાની ચીજો હતી તે ઊંધી વળી ગઈ.

ઘરના ચૂલાની રાખમાં મીનીબાઈ ગુંચળું વળીને ઊંઘતાં હતાં. ઉંદરના અવાજથી એ જાગી ગયાં. સામે જોયું તો ઉંદર દેખાયો. ઊઠીને આળસ મરડી એ આગળ વધી. ધીમે પગલે ઉંદર પાસે પહોંચ્યાં. મોઢું એનું કુલડીમાં હતું. શરીર અને પૂંછડી બહાર હતાં. મીનીબાઈએ હળવેથી એક પંજો પૂંછડી ઉપર લગાવ્યો. લગાવતાં જ ઉંદર કૂદ્યો. સમજી ગયો કે એનો કાળ આવી ગયો. મીનીબાઈને ઉંદરના મોંનો દેખાવ જોઈને હસવું આવ્યું. આવા મોંવાળો ઉંદર એણે કદી જોયો ન હતો. ઉંદર ઝપટમાં આવતાં મીનીબાઈ હમેશ એની સાથે રમત રમીને પકડતાં. આજનો ઉંદર એને વિચિત્ર લાગ્યો. મોં એનું નવીન જાતનું લાગ્યું. એને લાગ્યું કે એને એક ઝપાટે પકડી લેવો.

મીનીબાઈ એની પાસે ગયાં. પૂછડીને બદલે મોં જ પકડી લેવાનો નિર્ણય કર્યો. જોરથી તરાપ મારીને મોં ફાડીને કુલડીવાળું માથું પકડયું. મોં વધુ ફાડાઈ ગયું. કુલડીવાળું મોં અંદર સલવાઈ ગયું. કુલડી જરા ઊંડી ગળા સુધી ઘુસી ગઈ હતી !

મીનીબાઈનું ન તો મોં બંધ થાય કે ન તો કુલડી બહાર નીકળે. કુલડી એના મોંમાં અને કુલડીમાં ઉંદરભાઈનું માથું ! મીનીબાઈ માંડયાં કકળાટ કરવા

કરવા. પગના પંજાથી મહેનત કરીને કુલડી મોંમાંથી કાઢવા ઘણી ય મહેનત કરી. કેમે ય કર્યા ફાવ્યાં નહિ.

મીનીબાઈ તો ખૂબ ગભરાઈ. એની આંખો ચડી ગઈ. પૂછડી પછાડતી એ તો ગાંડા જેમ ભાગાભાગ કરવા લાગી. ઘડીક ઓરડામાં ને ઘડીક બહાર. ઘડીક અભરાઈ પર તો ઘડીક રસોડામાં. અભરાઈમાંથી વાસણ પડ્યાં. આથણાની બરણી ફૂટી. ઘરમાં ધમાધમી બોલી ગઈ.

આ બધી ધમાલમાં દમુ આવી પહોંચી. આવીને એણે આ બધું જોયું. પોતાની કુલડી ને ભાતાની ચીજો વેરવિખેર પડી હતી. એ ગભરાઈ ગઈ. જોરજોરથી એનાથી રડી પડાયું.

બાજી બાજુના ઓરડામાં સૂતાં હતાં. બપોરા જ અવાજો એમણે સાંભળ્યા. એમાં દમુના રડવાનો અવાજ ભળ્યો. બપોરે જમીને એ આડે પડખે થયાં હતાં. કામકાજથી થાકયાં હતાં. હજી હમણાં જ એમની આંખ મળી હતી. આ અવાજથી એ ચિડાયાં. ઊભા થઈને ગુસ્સાથી એણે બૂમ પાડી: "એલી દમુડી! ઘડીક તો વિસામો ખાવા દે. આ ઘડીક સૂતી છું ત્યાં તો ઘર આખું માથે લીધું. આવડો મોટો રાગડો શા સારું તાણ્યો છે?"



ઝાડા, ઉલ્ટી, મરડો, ગુમ ખારી, અમુંઝણ, માથાનો દુખાવો, દાંત-દાઢની પીડા, ઈ દરદો માટે ઉપયોગી.
બધા જાણીતા દવાવાળાને ત્યાં મળશે
જે. એન. શેઠના
જીવનધારા ઓફીસ, નડીઆદ.

પ્રસંગોપાત મુખવાસ માટે
વપરાતી
☆ દિલ્હરંજન ☆
સેન્ટેડ સોપારી
* સુમધુર * સૌને આનંદિત કરતી સર્વ જગ્યાએ વેચાય છે.
આપના ગામની એજન્સી માટે લખો:
રાવજીભાઈ કે. સોપારીવાલા
શાંતિભુવન, ચોપાટી સીક્રેસ, મુંબઈ-૭
બ્રાંચ : પોસ્ટ ઓફિસની બાજુમાં
વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ-૪.
ચંદ્રભુવન, સુપર સીનેમાની બાજુમાં,
ગ્રાંટરોડ, મુંબઈ-૭.

બોલતાં બોલતાં એ દમુ પાસે આવ્યાં. આવીને જુએ'છે તો બિલાડી જોઈ. એને જોઇને એને વધુ ગુસ્સો આવ્યો. એની પાસે આવીને એ બોલ્યાં: "ઊભી રહે, તને હમણાં સીધી કરું છું. આજ ઠીક હાથમાં આવી છો. જ્યારે ને ત્યારે દૂધ-ઘી ચાટી જા છો તે!"

મોનીબાઈ થાકયાં હતાં. ઘડીક દાઢી ટેકવી એ એક જગ્યાએ બેઠાં હતાં. મોં તો એનું ફાટેલું જ હતું. મોંમાં કુલડી હતી. કુલડીમાં ઉંદરનું માથું હતું. ઉંદર બહાર નીકળવા પછાડા મારતો હતો.

માજી વેલણ લાવ્યાં. વેલણ લાવીને લાગ જોઇ મોનીના મોં પર જોરથી લગાવ્યું. મોંમાંની કુલડી ફૂટી ગઈ. કુલડીમાંથી ઉંદર છૂટો થઈ ગયો. છૂટીને ભાગી નીકળ્યો. મોનીબાઈ માંડ છૂટ્યાં સમજી રવાના થઈ ગયાં. માજી નીચે બેઠાં. દમુને પોતાની પાસે લીધી. દમુનું રડવું બંધ થઇ ગયું. રડવાને બદલે હસવાનું શરૂ થયું. હસતાં હસતાં પેટ દુઃખી આવ્યું.

માજી દુઃખી થઇને બોલ્યાં: "અરેરે મેં! ખિજાઇને મીંઢડીને બહુ મારી. બીચારીને ખૂબ વાગ્યું હશે. કચાંક વધુ વાગ્યું હોત તો એ મરી જાત. મરી જાત તો પાપ લાગત. કાશીએ જઇને પાપ ધોવું પડત."

દમુ ઢીંગલી પાસે ગઈ. ઢીંગલીને જઇને કહ્યું, "આવું જ ઘર સંભાળછ ને? ઠીક ઠીક હવે. આંસુ લૂછી નાખ. નવરાવીને સુવાડી દઉં છું."



ખોટો ઇંક પેન ખરીદતી
વખતે એટલું ધ્યાન રાખો
કે એની ક્લીપ, રીંગ,
બૅરલ, ફીડર, સેક્શન
અને નીબ પર પ્લેટો
નામ લખેલું છે. આ
ભાગો પર પ્લેટો નામ
હોય તો ખાતરીથી માનવું
કે એ પ્લેટો ઇંક પેન છે.

ફીડર

સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ :

PLATO

ધી એસ્ટ ફાઉન્ટન પેન કું.
પો.ઓ.બો. નં. ૨૪૨૧, મુંબઈ ૨

Shilpi MP. 772 GUJ

ચાંદો બિચારો તળાવમાં પડી ગયો !

એક મોટું જંગલ હતું. જંગલમાં એક તળાવ હતું. તળાવને કાંઠે ખૂબ મોટાં ઝાડ હતાં. એ ઝાડ ઉપર કેટલાંક વાંદરાં રહે. વાંદરાંને નાનાં નાનાં બચ્ચાં. બચ્ચાં કયાંય છાનાં ન રહે તેવાં. કૂદાકૂદ ને હૂપાહૂપ કરે. એક ઝાડથી બીજે ઝાડ ને બીજે ઝાડથી પેલે ઝાડ. ઘડીક નીચેની ડાળે હોય તો ઘડીક ટોચે પહોંચી જાય. આખો દિવસ કીકીયારીઓ કરે. મોટા વાંદરા એમને શિખામણ આપે પણ કોઈ એમની શિખામણ માને નહિ.

એકવાર ચાંદની રાત હતી. ચાંદો આકાશની વચ્ચે હતો. તળાવનું પાણી શાંત હતું. ચાંદાનો પડછાયો તળાવમાં પડતો હતો.

મોટાં વાંદરાં ઊંઘતાં હતાં. એક નાનું વાંદરાનું બચ્ચું જાગી ઊઠ્યું. ઊઠીને તળાવના પાણીમાં જોતું હતું. જોતાં જોતાં તળાવમાં ચાંદો જોયો. ચાંદો જોતાં એને લાગ્યું કે નક્કી ચાંદો તળાવમાં પડી ગયો. એણે તો ધીરે રહીને પોતાના નાના સાથીદારોને ઉઠાડ્યાં. ઉઠાડીને વાત કરી : ‘ બિચારો ચાંદો તળાવમાં પડી ગયો છે. પાણીમાં બિચારો મુંઝાતો હશે. ચાલો એને બહાર કાઢીએ. કાઢીને આકાશમાં ચડાવી દઈએ. ’

બધા થઈ ગયા તૈયાર. પણ ચાંદાને કાઢવો કેવી રીતે ? આ કાંઈ સહેલી વાત ન હતી. પાણી સુધી પહોંચવું તો જોઈએ ને ?

એક બચ્ચાને યુક્તિ સૂઝી. ચાલો આપણે એકબીજાને પકડીને દોરડા જેવી લાંગર બનાવી દઈએ.

તળાવ ઉપર જ ઝાડની એક ડાળી ઝૂકી હતી. ચાંદો બરાબર એની નીચે દેખાતો હતો.

એક બચ્ચું એ ઝાડ પકડીને ઊંધે માથે લટકી પડ્યું. એણે બીજા બચ્ચાની પૂંછડી પકડી. પૂંછડી પકડાતાં એ ઊંધું થઈ ગયું. એણે વળી ત્રીજાની પૂંછડી પકડી. એ ઊંધું લટક્યું. એની સાથે બીજું લટક્યું. એમ ને એમ બધાં બચ્ચાં એકબીજાને આધારે લટકી પડ્યાં. છેલ્લું બચ્ચું પાણીએ

પહોંચ્યું. પહોંચીને ચાંદાને પકડવા બે હાથ પાણીમાં બોળ્યા. પાણીમાં હાથ બોળે છે ત્યાં એકાએક કડડડ–કડડડ–કડડડ એવો અવાજ થયો. ડાળી હતી પાતળી. વજન બધાનું વધી પડ્યું. ડાળી ભાંગીને પડી પાણીમાં. વાંદરાંનાં બચ્ચાં ય પડ્યાં પાણીમાં પડતાં પડતાં એ બધાંએ ચીસાચીસ કરી મૂકી. ચીસાચીસથી મોટાં વાંદરાં જાગી ગયાં. જાગીને જોયું તો બધાં ય બચ્ચાં પાણીમાં. મોટાં વાંદરાંઓએ એકએક કૂદકો મારી એક એક બચ્ચાને પકડીને કાઢ્યું. બચ્ચાંનાં નાકમોંમાં પાણી ભરાઈ ગયું હતું. મરતાં મરતાં બચી ગયાં. મોટાં વાંદરાઓને ય તે બચ્ચાંને બચાવતાં નાકમાં દમ આવી ગયો.

સવાર પડી. સવારમાં બધી વાત સમજાઈ. મોટાં બધાં ભેગાં મળી ખૂબ હસી પડ્યાં. નાનાં બચ્ચાં બિચારાં શરમાઈ ગયાં. એમની શરમનો કોઈ પાર ન રહ્યો.

વાલજી

એક હતી ડોશી. એને કાંઈ છોકરું છૈયું ન મળે. એક નાની એવી ઝુંપડીમાં એ રહેતી હતી.

વહેલી સવારે એ ઊઠે. આસપાસ ફરવા જઈ છાણાં–અડાયાં એકઠાં કરે. જ્યાંત્યાંથી ઘાસ રાડાં એકઠાં કરે. પાછી આવી ચૂલો સળગાવે. ચૂલામાં રાડાં ભાંગી મૂકે. એના ઉપર અડાયાના ટુકડા ગોઠવે. ગોડવણી કરીને દીવાસળી ચાંપી ચૂલો સળગાવે. ચૂલા ઉપર પાટિયામાં પાણી ઊનું કરે. પાણી ઊકળે એટલે ઊકળતા પાણીમાં વાલ ઓરે.

ડોશીને વાલ બહુ ભાવે. દિવસે બે દિવસે વાલ ખાધા વગર એને ચેન પડે નહિ.

એક દિવસે ચૂલો સળગતો હતો. ચૂલામાંથી ચૂલા પાછળ રાડું ઊડી પડ્યું. રાડા સાથે સળગતા છાણાનો કટકો ય ઊડ્યો. ઊડીને રાડાની બાજુમાં પાછળ પડ્યો. પાટિયામાં વાલ ખદબદતા હતા. ઉપર ઢાંકણું હતું નહિ. ખદબદતા વાલમાંથી એક દાણો ઊડીને પેલા રાડા ને સળગતા છાણાની બાજુમાં પડ્યો.

પાછળ ત્રણે જણા એકઠા મળ્યા. રાડું આડું પડ્યું હતું તેમાંથી ઊભું થયું. ઊઠીને બોલ્યું: "અહીંથી હવે ભાગવું જોઈએ. નહિ ભાગીએ તો આ ડોશી ચૂલામાં બાળી નાખશે."

સળગતા છાણાનો ટુકડો બોલ્યોઃ "તું જા તો હું ય તારી સાથે આવું. જોને મારું ય શરીર કેવું સળગે છે?"

"વાહ રે વાહ! તો પછી મેં શું બગાડ્યું છે? હું ય પાછળ રહું તો ડોશી મને ખાઈ જવાની. મને ય આવવા દો તમારી સાથે." વાલનો દાણો બોલ્યો.

ત્રણે ય જણાની દોસ્તી જામી. ત્રણે ય જણા ઊપડ્યા. રાડું ઝુલ્લાં ખાતું ખાતું ઊપડ્યું. અડાયું છાણું પૈડા જેમ ફરતું ફરતું ચાલ્યું. વાલ કૂદતો કૂદતો ઊપડ્યો.



नूतन वर्षाभिनंदन



स्वास्थ्य की
यह पवित्र ज्योति
वर्ष भर जलती रहे

स्वस्थ, सुखी व आनंदमय जीवन के लिए
उचित भोजन व खुली हवा जितनी जरूरी है
उतनी ही जरूरी हैं सर्वोत्कृष्ट कच्ची सामग्री से वैज्ञानिक
विधी से तैयार की गयी औषधियां।
पिछले ४० वर्षों से हम आप की सेवा में अपना पल काढ़ा,
अवलाम्रुत, अन्य काढ़े, आसव, अरिष्ट, रसायन, मात्रा
आदि प्रस्तुत कर रहें हैं। ये उत्तम ढंग से बनाये
गये हैं और हमारे इस मौसम में ये स्वास्थ्य के
लिए लाभप्रद हैं। हमें आशा है कि भविष्य
में भी हम आप की सेवा करते रहेंगे।
इस पवित्र अवसर पर हमारी यह
मंगल कामना है कि 'नव वर्ष' आप
पर खुशी, स्वास्थ्य, आनंद व
समृद्धि की बौछार करे।

धूतपापेश्वर

विक्टोरिया गार्डन बम्बई-२७

ચાલતાં ચાલતાં રસ્તામાં એક ચોકળો આવ્યો. ચોકળો બહુ પહોળો ન હતો. પાણી અંદર ઊંડું હતું. સામે કાંઠે જવું હતું. ત્રણે જણા વિચારમાં પડ્યા. થોડીવારમાં રાડાને એક યુક્તિ સૂઝી. એ બોલ્યું: "હું છું લાંબું. ચોકળા ઉપર હું આડું પડું છું. એક છેડો આ કાંઠે રહેશે ને બીજો છેડો પેલે કાંઠે જશે. મારે તમે પુલ બનાવી દો. પુલ ઉપરથી સામે પહોંચી જાઓ."

પેલા બન્ને તો ખુશ થઈ ગયા. કાણું જરા ઉતાવળું હતું. એ કહે: "હું પહેલું સામે કાંઠે જાઉં. મારું માન રાખવું જોઈએ. હું તારા કરતાં મોટું છું."

કાણું તો દડતું દડતું ઊપડ્યું. રાડા ઉપર દડવા લાગ્યું. પોતે તો સળગતું હતું; હજુ ઓલવાયું ન હતું. અર્ધે પહોંચ્યું ત્યાં રાડું સળગીને વચ્ચેથી ભાંગ્યું. ભાંગતાં જ એ પાણીમાં ગયું. છમ-છમ-છમ કરતું એ પાણીમાં ભીંજાઈને તળીયે ગયું. વાલ કાંઠે ઊભો હતો. એને ખૂબ હસવું આવ્યું. પેટ પકડી પકડીને હસવા લાગ્યો. જોર જોરથી હસવા લાગ્યો. ઊકળતાં ઊકળતાં એનું પેટ ઢીલું પડ્યું હતું. હસતાં હસતાં એ ફટ દઈને ફૂટી ગયું.

એટલામાં રસ્તા ઉપરથી એક રફુ કરનારો નીકળ્યો. ગામનું આ પાદર જ હતું. કાંઠા પાસે ઘર પણ હતાં કામધંધો જોઈતો હતો એટલે એ બૂમો પાડી બોલતો હતો: "રફુ કરાવવું છે, રફુ? શાલ, ગરમશાલ, કોટ-પાટલૂન?"

બોલતાં બોલતાં એની નજર વાલના પેટ ઉપર પડી. એનું પેટ ફાટી ગયું હતું. એને એની દયા આવી. પોતાનો સરસામાન નીચે મૂકયો. નીચે મૂકી વાલજીને કહે: "ધીરજ રાખજે હોં. હમણાં તારું પેટ સીવી આપું."

વાલજી તો રાજી રાજી થઈ ગયો.

રફુ કરનારાએ સોય કાઢી. દોરા કાઢયા દોરા જોયા તો એકલા કાળા. બીજા રંગના દોરા જ ખલાસ થઈ ગયેલા. કાળા તો કાળા. પેટ સીવવાનું કામ હતું. એણે તો સોયદોરો તૈયાર કર્યો. તૈયાર કરીને વાલનું પેટ બરાબર કાળા દોરાએ સીવી લીધું. વાલજી રાજી થઈ ગયા.

જ્યારથી એનું પેટ સિવાયું ત્યારથી વાલના પેટ ઉપર કાળા દોરાની કાળી નિશાની દેખાય છે.

QUICK માલ વાહક ટ્રેનો

ચોક્કસ સમયમાં માલ પહોંચાડે છે.



રેલ્વે દ્વારા માલ
જલ્દી અને
સુરક્ષિત પહોંચે છે.

પશ્ચિમ
અને મધ્ય
રેલ્વે

હેં બા, એમ કેમ હશે ?

બબલી :– એ બા....બા.
કયારની ભૂખ લાગી છે.
બા :– તો જમી લે ને ! હું તો કયારની કહું છું.
બબલી :– હેં, બા હું અને મારી ઢીંગલી બે ય જમી લઈએને ?
બા :– તું તો સાવ ગાંડી જ રહી. ઢીંગલી તે કયાંય ખાતી હશે ?
બબલી :– ઢીંગલી કેમ ન ખાય ?
બા :– ઢીંગલીને ભૂખ ન લાગે ભઈ !
બબલી :– હેં બા, મને તો ભૂખ બહુ લાગે છે, તો પછી ઢીંગલીને ભૂખ કેમ નહીં લાગતી હોય ?
બા :– તને દોડતાં આવડે છે ?
બબલી :– હા.
બા :– ઢીંગલીને દોડતાં આવડે છે ?
બબલી :– ના,. ના.
બા :– તને ગલીપચી કરું તો ?
બબલી :– મને તો બહુ હસવું આવે.
બા :– ઢીંગલી તારી જેમ શ્વાસ લે છે ?
બબલી :– ના રે ના !
બા: :– તું તો બહુ કૂદાકૂદ કરે છે બરુ ?
બબલી :– હા. મને તો નાચવાની અને કૂદવાની બહું જ મજા આવે છે.
બા :– અને તારી ઢીંગલીને કૂદવાની મજા આવે કે નહીં ?
બબલી :– અરે બા ! એને તો હું જયાં બેસારું ત્યાં જ બેસી રહે છે. ન કાંઈ બોલે, ન રમે, ન કૂદે કે ન હસે. બસ ! એ તો બેનબા જયાં

બેઠાં ત્યાં બેઠાં. છાનામાના છપ ! ટગર ટગર મારી સામું જોયા જ કરે, જોયા જ કરે ! આંખનું મટકું પણ ન મારે હોં બા ! હું ભાગ આપું તો ખાય નહીં. હું ધબ્બો મારું તો બોલે નહીં. હું ગલી પચી કરું તો બેનબા હસતાં યે નથી. અમે ઘર ઘર રમીએ તો યે બેનબા મૂંગા ને મૂંગા. પછી તો હું એકલી જ ભાગ ખાઈ જઉં ને ?

બબલી :— જો સાંભળ બા. મેં ઢીંગલીનું એક જોડકણું જોડ્યું છે.

" ઢીંગલીબાઇ તો શાણાં
દેખાવે બહુ રૂપાળાં
પણ જાતે કરે નહીં કામ.

બાળકોના સર્વાંગી વિકાસ માટે
બાળ-કેળવણીનું
પ્રબોધક સાહિત્ય
શિશુ-કલ્યાણ-કેન્દ્ર
મજુર-કલ્યાણ-કેન્દ્ર
નર્સરી સ્કુલો
પૂર્વ-પ્રાથમિક શાળાઓ
શિશુ-અધ્યાપન-મંદિર
માટેના સાહિત્યનું
સૂચિપત્ર મગાવો
અથવા રૂબરૂ મુલાકાત લ્યો.
જેચંદ તલકશી એન્ડ સન્સ
એમ્પાયર બિલ્ડીંગ, ૧ લે માળે,
કેપીટોલ સીનેમાની બાજુમાં,
બોરીબંદર, મુંબઈ-૧

બેસાડીએ ત્યાં બેસે છાનામાના.
ખાવા-પીવામાં સમજે નહીં
હસવા-રડવામાં સમજે નહીં
નાચવા-કૂદવામાં સમજે નહીં
બોલવા-ચાલવામાં સમજે નહીં.

બા :– જા, જા, ગાંડી તું તો ભારે ડહાપણવાળી.
જો સાંભળ એક વાત કહું.
જે દોડે નહીં, હસે નહીં, રમે નહીં, કૂદે નહીં
નાચે નહીં, તારી જેમ ધિંગામસ્તી કરે નહીં
તેને ભૂખ ન લાગે, કેમ ખરી વાત છે ને ?
દોડે-બેલે તેને ભૂખ લાગે,
હસે-રમે તે ખાવા માગે.
કૂદે-નાચે તે ભાગ ખાય !
ભાગ ખાય તે મોટાં થાય.
ઢીંગલીબેન તો હસતાં નથી
ઢીંગલીબેન તો રમતાં નથી.
ઢીંગલીબેન તો કૂદતાં નથી
ઢીંગલીબેન તો ખાતાં નથી.
ને ઢીંગલીબેન તો વધતાં ય નથી.
હવે તો તું સમજી ને ઢીંગલીને કેમ ભૂખ નથી લાગતી તે ?

બબલી :– હા, હા, સમજી ગઈ હોં. એ ખાતી નથી એટલે જ ને ? હું બા !
તો પછી આપણા રાતડા કુતરાને ભૂખ લાગે ને ?

બા :– હાસ્તો ! તું જ તો તેને રોજ દૂધ પીવડાવે છે ને.

બબલી :– તેને દૂધ ન જ પીવડાવીએ તો ?

બા :– જો તને ખાવાનું ન આપ્યું હોય તો !

બબલી :– લ્યો ત્યારે અમને ભૂખ ન લાગે ? અમારા પેટમાં તો કુરકુરિયાં જ બોલે ને ? અને તો ભૂખ લાગે એટલે રોવું જ આવે.

બા :– તો પછી કુતરાને યે ખાવાનું તો જોઇએ જ ને? એને રોટલો ન નાખીએ તો એ ય વાઉ....વાઉ....કરતું રસોડા પાસે ટરપરિયાં નાખ્યા જ કરે.

બબલી :– હેં બા ! આપણે ખાઇએ જ નહીં તો શું વાંધો ? [હેં બા ! આપણે બધું ખાઇએ એનું થાય શું ?] હેં બા ! પેલો નાનકોક ફોટો કોનો છે? અરે એ તો મારો જ ફોટો લાગે છે. કાં બા ?

બા :– હવે જા, જા, આ તારો ફોટો ક્યાં છે ? આ તો કોક ટીનુકડી છોકરીનો ફોટો છે.

બબલી :– ના, ના, બા આ તો મારો જ ફોટો છે. હું સાવ નાનકી, ટીનુકડી બેબી હતી ને ત્યારનો ફોટો છે; તને એટલું યે યાદ નથી ? પણ બા હવે તો હું મોટી થઈ ગઈ ખરું ને ? જો ને ગઈ દિવાળીએ મારે માટે ઘાઘરી પોલકાં સીવડાવ્યાં હતાં તે હવે મને ક્યાં થાય છે ? સાવ ટૂંકાં પડી ગયાં.

બા :– હા ભાઈ હા, બહુ મોટી થઈ ગઈ.

બબલી :– પણ બા હું મોટી કેવી રીતે થઈ એ તો કહે.

સ્વતંત્ર ભારતમાં બનતી સ્વદેશી બનાવટોને ઉત્તેજન આપો.



નૂતન વર્ષાભિનંદન

બા :– ખાઈ પીને વળી: બીજું શું ?

બબલી :– તો જે ખાય પીવે, શ્વાસ લે, નાચે કૂદે રમે, કામ કરે ઊંઘે તે બધાં મોટાં થાય ને ?

બા :– હા એમ જ,

ભૂખ લાગે તે મોટાં થાય.
ખાય પીવે તે મોટાં થાય.
જેને ભૂખ લાગે નહીં તે મોટાં થાય નહીં
જે ખાય પીવે નહીં તે મોટાં થાય નહીં

બબલી :– હા, હા, હવે હું બધું બરાબર સમજી ગઈ. હેં બા ! તો એક વાત બીજી પૂછું ?

બા :– હવે વળી નવું શું પૂછવું છે ? તું તો વળી આખો દિ' પૂછ-પૂછ જ કરછ.

બબલી :– પણ બા આ ઝાડ તો કાંઈ ખાતાં નથી તોયે કેમ મોટાં થાય છે ?

બા:– લે હવે હું તને સામું પૂછું. તું ઝાડને પાણી પાય છે ને ? એના ક્યારો ગોડી ખાતર નાખે છે ને ? એની ઉપર તડકો પડે છે ને ? એને હવા મળે છે ને ?

બબલી :– હા હેં પાણી તો એને હું રોજ નાનકડી ઝારીથી પાઉં છું. અને ક્યારો યે ગોડું 'છું

બા :– બસ ! એ જ એનો ખોરાક
ઝાડને પાણી પાવું પડે
ઝાડને ખાતર નાખવું પડે.
પાણી, ખાતર, હવા પ્રકાશ
મળે નહીં
તો ઝાડ મોટું થાય નહીં.
ઝાડને પાન આવે નહીં.

ઝાડને ફૂલ બેસે નહીં.
ઝાડને ફળ આવે નહીં.
ઝાડ બીચારું કરમાઈ જાય.
ઝાડ બીચારું સુકાઈ જાય.

બબલી :— હવે હું સમજી ઝાડ કેમ મોટું થાય છે ?

બા :— એલી ચાલ તો આપણા બગીચામાં. આ અહીં વળી તેં શેની ઘોલકી કરી છે ?

બબલી :— લે ! એ તો મારા રાતડા કુતરાનું ઘર છે.

બા :— તું તો સાવ ગાંડી જ રહી. આટલીક નાની ઘોલકીમાં આવડો મોટો રાતડો શી રીતે રહેતો હશે ?

બબલી :— અરે ભાઇ ! આ તો મેં ને મોટા ભાઇએ દિવાળીની રજામાં રાતડો સાવ નાનકુંક બલુડિયું હતું ત્યારે ઘર કર્યું હતું. હવે તો એ કેટલો બધો મોટો થઇ ગયો છે. અંદર શી રીતે જઇ શકે ?

બા :— બબલી તું બહુ ડાહી છો ને તો કહે જોઇએ ઘર કેમ ન ધર્યું ?

બબલી :— કહું બા, કહું બા. મને બધી ખબર છે. ઊભી રહેજે કહું છું હોં. મને યાદ કરવા દે.

સ્વદેશી ભાવના કેળવી સ્વતંત્ર ભારતમાં બનતી સ્વદેશી બનાવટોને ઉત્તેજન આપો



777
પરફ્યુમ્ડ
કેસ્ટર ઓઇલ

સર્વશ્રેષ્ઠ સુગંધીત

કામીનીઆ
પરફ્યુમ્ડ
કોકોનટ ઓઇલ



☆ વાળને કાળા ચમકદાર બનાવે છે.
☆ વાળને ખરતા અટકાવે છે.
☆ મગજને ઠંડક આપે છે.
☆ વાળને મુલાયમ સુંવાળા બનાવે છે.
આજે જ વાપરી ખાત્રી કરો.

એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કંપની
૧૯૨, ગેતવાડી મેઇન રોડ, મુંબઇ-૪

" ખાય પીવે તે મોટાં થાય.
ભૂખ લાગે તે મોટાં થાય.
ઘર કાંઈ ખાય નહીં, ઘર મોટું થાય નહીં.

બા :- ત્યારે તું ઘરને ચે તે બચડાવતી હો તો ?



બબલી: (ખિજાઈને) ઘરને ભૂખ ન લાગે. તું તો કાંઈ સમજતી જ નથી! કેટલી વાર કહેવું?

ઘર કાંઈ હસે છે?
ઘર કાંઈ કૂદે છે?
ઘર કાંઈ શ્વાસ લે છે?
ઘર કાંઈ રોવે છે?

બા :- ના, ના, એવું તો કાંઈ નથી કરતું.

બબલી :- તો બસ! હસે નહીં, રમે નહીં, કૂદે નહીં, તો ખાય નહીં પીવે નહીં તે મોટું થાય નહીં.

બા :- બબલી, તું તો ભાઈ બહુ હોંશિયાર થઈ ગઈ.

× × ×

બા :– બબ્બલી ! તારે ફરવા આવવું છે ?

બબ્બલી :– હા લે નહીં આવવું હોય ત્યારે ?

બા :– તો ચાલ જલદી કપડાં પહેરી લે.

બબ્બલી :– બા, આજ તો દરિયાબાજુ ફરવા જઈએ તો ?

બા :– હા, ચાલને એ બાજુ જઈએ. આજે પૂનમ છે એટલે દરિયે જ મજા આવશે.

બબ્બલી :– બા, આજ તો પવનના બહુ સુસવાટા બોલે છે. જોને ! મારી આંખમાં કેટલી રેતી ભરાય છે. અને જો તો બરી સામે મોટા મોટા ઢગલા શેના દેખાય છે ? પહેલી વાર આપણે ફરવા આવ્યા ત્યારે તો આવા ઢગલા નહોતા દેખાતા.

બા :– એ તો રેતીના ઢગલા છે. તારી વાત સાચી છે. થોડા દિવસ પહેલાં આપણે આવ્યાં ત્યારે ત્યાં ઢગલા તો હતા જ પણ નાના નાના હતા. હવે એ મોટા થઈ ગયા.

બબ્બલી :– એમ કેમ બા ? તું તો તે દિવસે નહોતી કહેતી કે બાય તે જ મોટાં થાય; તો આ રેતીના ઢગલાએ શું બાધું હશે ?

બા :– લે હવે રાખ, રાખ, રેતીના ઢગલા તે કયાંય બાતા હશે ?

બબ્બલી :– તો એ મોટા કેમ થયા ? એ તો સમજાવ.

બા :– હા, હોં એ બરોબર સમજવા જેવું છે. જો તું જ કહેતી હતી ને પવનના સુસવાટાથી તારી આંખોમાં રેતી ભરાય છે, એવી જ રીતે બધી રેતીને પેલા પવનના સુસવાટા એક બાજુ ખેંચી લાવે છે અને તેથી રેતીના ઢગલા મોટા થાય છે. પહેલાં ઢગલા નાના હતા પણ પવનથી એ મોટા બન્યા. અને કોઇવાર પવનના સુસવાટાથી એ નાના પણ બની જાય. પવન ઢગલાને નાના પણ કરે અને મોટા પણ કરે

જો, ગંજીપાનાં પાનાંને આપણે ઉપરાઉપર ગોઠવીએ તો મોટો બંચલો થાય ને ? પણ જો એને જોરથી ફૂંક મારીએ તો ?

બબલી :- તો તો ફૂડ્ડૂ ભૂસ કરતું'કને નીચે જ પડેને ? બીજું શું વળી ?

બા :- આ જો તારા નખ ! ગયા રવિવારે કાપ્યા હતા અને આજે તો જો પાછા મોટા થઈ ગયા અને તારા માશીએ તારા વાળ એકસરખા કાપીને કેવા સરસ મજના કર્યા હતા ! તો યે બે મહિનામાં તો કેટલા બધા વધી ગયા ! એમ કેમ થતું હશે ? કહે જોઉં ?

બબલી :- લે, એ તો આપણા શરીરનો એક ભાગ જ કહેવાય ને ? અને હું ખાઉં છું પીઉં છું એટલે નખ અને વાળ તો વધે જ ને ? ઠીક ઠીક, હવે સમજી પેલો રેતીના ઢગલો કાંઈ ખાતો-પીતો નથી. પણ પવને એને મોટો કર્યો અને પવને એને નાનો કર્યો. એની જાતે કાંઈ વધ્યો નથી. મારા વાળ અને નખ તો હું ખાઉં પીઉં છું એટલે એની જાતે વધ્યા.

બા :- તો, હેં બબલી ! આપણા બગીચાની મેંદીનો વાડને આપણે ચોમાસામાં કેટલી બધી કાપી નાખી હતી. તોયે કેમ મોટી થઈ ગઇ હશે ?

બબલી :- કહું ? કહું ? મેંદીને તો આપણે પાણી પાઇએ છીએ એટલે એની જાતે જ વધે ને ?

બા :- બબલી ! ખરેખર, હવે તો તું બધું બરાબર સમજી ગઇ કાં ? જો:-
ખાવા પીવાથી જાતે વધાય.
ખાવા પીવાથી શક્તિ વધે.
જીવતી વસ્તુ ખાઇ પીને વધે.
નિર્જીવ વસ્તુ ભેગી થઇને મોટી થાય:
પછી ખસી જાય તો નાની પણ થઇ જાય.

બાટે :- રેતીના ઢગલા નાના યે થાય, અને મોટા યે થાય.

બબલી :- પણ વાળ મારા કાપો તો યે વધે
નખ મારા કાપો તો યે વધે.

બા :- તો બબલી હવે કહે જોઉં તારામાં જીવ છે કે નહીં ?

બબલી :- હા છે જ સ્તો. હવે તો હું બધું સમજું છું.

બા :– તો હવે કહી બતાવીશ ?

બબલી:– કહું છું, જો સાંભળ :—

" બબલી હસે કૂદે છે ને ?
બબલી ખાય પીવે છે ને ?
બબલી દિવસે દિવસે મોટી થતી જાય છે ને ?
એટલે બબલીમાં જીવ છે.

અને સાંભળ :—

રેતીના ઢગલા ખાતા પીતા નથી.
પત્તાંના ઢગલા જાતે મોટા થતા નથી
પત્તાં અને રેતીના ઢગલા હસતા કૂદતા નથી
એટલે એનામાં જીવ નથી અને મારામાં જીવ છે.

જો બા હવે હું બરાબર સમજી છું ને ?

બા :– હા બેન હા, તો હવે કહી શકીશ કે કોના કોનામાં જીવ હશે ?

બબલી :– હા, હા, કેમ નહીં ?

જો— બેબીમાં જીવ છે
ભાઈમાં જીવ છે
બામાં જીવ છે
ગલૂડિયાંમાં જીવ છે
બિલાડીમાં જીવ છે
ચકલીમાં જીવ છે
કાબરમાં જીવ છે
પતંગિયાંમાં જીવ છે
માખીમાં જીવ છે
ઝાડમાં જીવ છે
બકરામાં જીવ છે

"જે ખાય પીવે છે
જે હરે ફરે છે
જે જાતે વધે છે
તે બધાંયમાં જીવ છે જ.
કેમ સાચું ને?

બા :– હા હોં એ બધી વાત સાચી છે.

× × ×

બબલી :– હેં બા! મને એક યાદ આવ્યું. પેલી બંદૂકની ગોળી દોડે છે તો તેનામાં વળી જીવ હશે?

બા :– ના રે ના! ગોળીમાં જીવ કેવો?

બબલી :– એમ કેમ?

બા :– તને કોઇ કુદાવે તો કહે કે તારી મરજીથી કૂદે?

બબલી :– લે હું તો મારી મરજી હોય તો જ કૂદું ને? મને વળી પરાણે કુદાવે કોણ?

બા :– તો બંદૂકની ગોળીનું શું?

બબલી :– બંદૂકને તો કો'ક ફોડે તો જ કૂટે ને?

બા :– દડાને કો'ક ફેંકે તો ઊછળે
ઘડિયાળને કો'ક ચાવી દે તો ચાલે
પતંગને ઉડાડીએ તો ઉડે
જીવ વિનાની વસ્તુને કોઈ ચલાવે તો ચાલે.
બંદૂકમાં જીવ નથી
દડામાં જીવ નથી

ચાવીવાળાં રમકડાંમાં જીવ નથી
ગ્રામોફોનમાં જીવ નથી
મોટરમાં જીવ નથી
એરોપ્લેનમાં જીવ નથી.
બલેને બંદૂકની ગોળી છૂટે !
" દડો ઊછળે !
" રમકડું રડે !
" ગ્રામોફોન ગાયન ગાય.
" મોટર ભાગી જાય.
" એરોપ્લેન ઊડી જાય.



ભલેને રેલગાડી દોડી જાય.
" સ્ટીમર તરી જાય.
" ઘડીયાળ ટક્ ટક્ કરે.
તોયે એ બધાંયમાં જીવ નથી જ.

× × ×

બા :– હેં બબલી ! તને એક ચોંટિયો ભરું તો ?
બબલી :– લે, એમને દુઃખે નહીં વળી ?
બા :– તો એકલીને કાંકરો મારીએ તો ?
બબલી :– ચીંયાં કરતી ભાગી જાય.
બા :– કુતરાને લાકડી મારીએ તો ?
બબલી :– વાઉ....વાઉ.... કરતું ભાગી જાય.
બા :– તો પછી ઢીંગલીને લાકડી મારીએ તો ?
બબલી :– ઢીંગલી કાંઇ રોવે નહીં.
બા :– તારા દફ્તરને પછાડીએ તો ?
બબલી :– એ તો કાંઇ ન બોલે.
બા :– ભીંતને પાટુ મારીએ તો ?
બબલી :– ઊલટું આપણા પગને જ વાગે ને ?
બા :– જેને દુઃખ થાય તેનામાં જીવ છે, જેને દુઃખ ન થાય તેનામાં જીવ નથી.

× × ×

બબલી :– એ બા ! જો તો ખરી પેલી ચકલી ઘડીયે ઘડીયે પેલા ફોટા પાછળ આવ-જા કેમ કરે છે ? અને દરેક વખતે પોતાના મોઢામાં કાંઇક તણખલાં જેવું લાવે છે અને ફોટા પાછળ સંતાડી દે છે ? અને જો તો ખરી ફોટા પાછળ, રૂ, તણખલાં વાળના ડૂચા, એવું બધું શું કામ ભેગું કરતાં હશે ?
બા :– એ તો છેને બબલી ! ચકલીને ઈંડાં મૂકવાનો વખત થયો છે ને એટલે પોતાનું ઘર તૈયાર કરે છે. બબલી ! એને માળો કહેવાય. જોને !

દિવાળી ઉપર આપણી કુતરીએ ગલૂડિયાં માટે બખોલ નહોતી કરી એમ જ !

બબલી :— હેં બા, ઈંડાંમાંથી શું થશે ?

બા :— એ વાત તો એવી છે કે ચકલી એ ઈંડાં ઉપર થોડા દિવસ બેસીને ગરમી આપશે. પછી એમાંથી સરસ મજાનાં નાનાં નાનાં બચ્ચાં નીકળશે. દરેક પક્ષી પહેલાં ઈંડાં મૂકે પછી એમાંથી બચ્ચાં થાય.

બબલી :— હેં બા ! એ બચ્ચાં કહેવાય કોનાં ?

બા :— કેમ વળી ચકલીનાં જ તો.

બબલી :— આ કાબરું ગલૂડિયું કોનું છે ?

બા :— પેલી કાળવીનું ! ત્યારે તું કોની દીકરી ?

બબલી :— તારી; અને આ નાનોભાઈ કોનો દીકરો ?

બા :— મારો.

બબલી :— તો હેં બા ! આ ઢીંગલી કોની દીકરી ?

બા :— એ તો હું બજારમાંથી તારા માટે લાવી.

બબલી :— પણ એ ઢીંગલીની કોઈ બા તો હશે જ ને ?

બા :— ના રે ના, કહે જોઈએ તારી ચોપડીની બા કોણ હશે ?

બબલી :— એ પણ બાપુજી બજારમાંથી લાવ્યા હતા ને ?

બા :— જો ત્યારે વાત આમ છે.

પ્રાણીઓને બચ્ચાં થાય,
પક્ષીઓને બચ્ચાં થાય,
માણસોને બચ્ચાં થાય,
જીવમાંથી જીવ પેદા થાય.
ઢીંગલીને બચ્ચાં ન થાય.
બંદૂકને બચ્ચાં ન થાય.
ચોપડીને બચ્ચાં ન થાય.
નિર્જીવ વસ્તુને બચ્ચાં ન થાય.

બબલી :– એટલે તો એમ કે જેનામાં જીવ હોય તેને બચ્ચાં થાય, જેનામાં જીવ ન હોય તેને બચ્ચાં ન થાય.

× × ×

બબલી :– હેં બા ! દાદાને દાંત કેમ નથી ?

બા :– દાદાના દાંત પડી ગયા છે.

બબલી :– પણ મારા દાંત તો પડી ગયા હતા અને પાછા ઊગ્યા એમ જ ફરી પાછા દાદાના દાંત ઊગશે ને ?

બા :– ના ના, હવે દાદાને દાંત ન ઊગે.

બબલી :– એમ કેમ ?

બા :– દાદા હવે ઘરડા થયા છે ને એટલે.

બબલી :– દાદા હવે લાકડીને ટેકે કેમ ચાલે છે ?

બા :– ઘરડા થઈ ગયા એટલે.

બબલી :– દાદાના વાળ ધોળા ધોળા કેમ છે ?

બા :– ઘરડા થાય એટલે વાળ પણ ધોળા થઈ જાય.

બબલી :– હેં બા ! આ ફોટો કોનો છે ?

બા :– એ તો તારા દાદાના દાદાનો છે.

બબલી :– તો એ મારા દાદાના દાદા ક્યાં ગયા છે ?

બા :– એ તો મરી ગયા છે.

બબલી :– મરી ગયા એટલે શું ?

બા :– જેને તે દિવસે એક બિસકોલી નહોતી મરી ગઇ અને પછી મોટાભાઇએ એને જમીનમાં કેવી દાટી દીધી હતી! તેનામાંથી જીવ ચાલ્યો ગયો.

બબ્બલી :– જીવ ચાલ્યો જાય એટલે શું થાય ?

બા :– જીવ ન હોય તે બોલે નહીં
જીવ ન હોય તે શ્વાસ ન લે
જીવ ન હોય તે ખાય પીવે નહીં
જીવ ન હોય તે કૂદે નાચે નહીં
જીવ ન હોય તે હસે રમે નહીં
જીવ જાય તે મરી જાય

× × ×

બા :– હેં બબી! તમે કેટલાં ભાઇબહેન ?

બબ્બલી :– કહું ? એક વિનુ, કુમુદ, રમેશ અને હરીશ એમ ચાર ભાઇબહેન છે.

બા :– પણ ગાંડી તું પોતે બરી કે નહીં ?

બબ્બલી :– હા હેં ! અમે પાંચ ભાઇબહેન.

બા :– તો કહે જોઇએ ચકલીએ કેટલાં ઈંડા મૂક્યાં ?

બબ્બલી :– બે ઈંડાં.

બા :– તો સાંભળ; ચકલો ને ચકલી બે જ હતાં અને તેને બે બચ્ચાં થયાં, કૂતરો કૂતરી બે જ હતાં એને પાંચ ગલૂડિયાં થયાં હું ને તારા બાપુજી બે જ છીએ એનાં તમે પાંચ ભાઇબહેન.

બબ્બલી :– આ તો મજા. એકમાંથી ઘણાં બધાં થાય.

બા :– હા એમ તો એક ઘઉંના દાણામાંથી કેટલા બધા થાય !

એક જીવમાંથી અનેક જીવ પેદા થાય
જીવતી વસ્તુ જન્મ આપે
જીવતી વસ્તુ શ્વાસ લે
જીવતી વસ્તુ ખાય પીવે
જીવતી વસ્તુ વધવા લાગે

જીવતી વસ્તુ નાચે કૂદે
જીવતી વસ્તુ હસે, રડે
જીવતી વસ્તુને દુઃખ થાય
જીવતી વસ્તુ ઘરડી થાય
જીવતી વસ્તુ મરી જાય.
એક જીવમાંથી અનેક જીવ પેદા થાય.
બબલી ! હવે તો તને ખબર પડીને કે સજીવ અને નિર્જીવમાં શું ફેર છે ?
સજીવ એટલે જીવવાળું
નિર્જીવ એટલે જીવ વિનાનું.

બબલી :– હા બા, હવે તો હું બધું બરાબર સમજી ગઈ.

× × ×

દત્તાત્રેય કૃષ્ણ સાંડ બ્રધર્સ ચેંબૂર પ્રાયવેટ લિ.
ચેંબૂર-મુંબઈ. ૭૪
શાખાઓ :—
ઠાકુરદ્વાર, પરેલ, દાદર અને કાલબાદેવી

any time...any place

...any occasion

YOU LOOK YOUR BEST IN

Khatau

VOILES

THE KHATAU MAKANJI SPG & WVG CO LTD

M s Byculla Bombay Office Laxmi Bldg Ballard Estate Bombay 1

SISTA S KMS- 84

For Greatness & Grandeur

USE

ASHOK

UNIQUE RAYON FABRICS

Velvet

MANUFACTURING CO.

PRIVATE LTD.

Silk Mills

SELLING AGENT

V. CHATRABHUJ & CO. PRIVATE LTD.

Regd. No. B. 2241



વીમો ઉતારવો આપણને તે કેમ પાલવે?

તમે કહેશો: *"જેની પાસે પૈસા હોય તે વીમો ઉતરાવે."*

વીમો ઉતારવા માટે કંઈ મોટી રકમની જરૂર નથી. ઓછી આવક-વાળા લોકોને પણ પરવડી શકે એ જાતની વીમા પૉલિસીઓ હોય છે. તમારી ટુંકી આવક વડે તમે માંડ માંડ ઘર ચલાવો છો પણ ધારો કે એટલી આવક પણ સાવ બંધ થઇ જાય તો તમારા કુટુંબનું શું થાય? ખરું જોતાં, સામાન્ય આવકવાળા માણસ માટે તો વીમો ખાસ આશીર્વાદરૂપ છે.

લાઇફ ઈન્શ્યૉરન્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયા

ISP LIC 45 B GUJ

મુદ્રક અને પ્રકાશક: નરેન્દ્ર ગિજુભાઈ બધેકા
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ, દાણાપીઠ, ભાવનગર

નૂતન બાલશિક્ષણ સંઘ સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ ૩૪ : અંક ૯ : ડિસેમ્બર, ૧૯૫૯

સંસ્થાપકો
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી તારાબેન મોડક

તંત્રી :
શેષ નામલે

☆

વાર્ષિક લવાજમ રૂા. ૪/૦૦
છૂટક નકલ ૩૭ નયા પૈસા

મતાગ્રહનું ઝેર

મતાગ્રહીઓના વાડામાં ફસાયલો માણસ બહિર્મુખ બને છે. એનો રસ અને આશય બહારની વસ્તુઓમાં જ હોય છે. અંદરના દરવાજા એને માટે બંધ થાય છે, અને આત્મશક્તિથી કેવળ વિમુખ બની ચેતનાવિનાનું જડ જીવન જીવે છે. એની ઉચ્ચ શક્તિઓનો વપરાશ અને ઉછેર અટકી જવાથી જીવન સંકુચિત બને છે, વિકૃત બને છે. કોઈ પણ વિકાસને પામ્યા વિના અનેક બંધનોથી બાંધેલા વાડામાં એ અટવાયા કરે છે તથા આત્મસંયમના અભાવે અવળી શિસ્તને વશ થઈ સમગ્ર જીવન નીતિભ્રષ્ટ કરે છે.

ચંદ્રશંકર કા. ભટ્ટ

કાર્યાલય : શિક્ષણ પત્રિકા : દક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર

આજે

વધુમાં વધુ

વેચાણ થાય છે.



સંપૂર્ણ હેર-ડાર્કનર હોવા ઉપરાંત 'લોમા' એક શ્રેષ્ઠ કેશ-પ્રસાધન પણ છે. એથીજ વધુ અને વધુ લોકો આ વિશાળ દેશમાં અને પરદેશોમાં પણ અન્ય કોઇ હેર-ડાર્કનર કરતાં એ વધુ પસંદ કરે છે. વાળને શ્યામ કરવા માટે અગર તો સફેદ થતા અટકાવવા માટે 'લોમા' સાચેજ શ્રેષ્ઠ છે.

લોમા
REGD.

વાળને શ્યામ કરવા માટે
વિશ્વભરમાં માન્યતા પામેલ

સોલ એજન્ટસ:
એમ. એમ. ખંભાતવાલા,
અમદાવાદ. ૧.
એજન્ટસ:
સી. નરોત્તમદાસ કું.,
મુંબઈ ૨.

... સુસ્વાસ્થ્યને માર્ગે

કાનજી ગાડાવાળાના જીવનમાં એક સમય એવો હતો કે સારા ડૉક્ટરની દવા લેવાને મોટા શહેરમાં જવું પડે, અને સ્વાસ્થ્ય કેન્દ્રોની તો કદી કોઈને કલ્પના પણ ક્યાંથી હોય ?

રાષ્ટ્ર વિકાસ યોજનાઓએ આજે એ પરિસ્થિતિ પલટાવી દીધી છે. ડૉક્ટર તો આજે કાનજીનો ભાઈબંધ છે, અને સ્વાસ્થ્ય કેન્દ્ર એના ગામ જીવનનું અંગ બની ગયું છે. એને લીધે કાનજીને રોગ અને માંદગી સામે રક્ષણ મેળવવાનું આરોગ્ય શિક્ષણ મળે છે. દાખલા તરીકે આરોગ્ય જાળવવાનો અને રોગનો સામનો કરવાની શક્તિનો આધાર સમતોલ આહાર ઉપર કેટલો બધો છે એનું એને જ્ઞાન મળે છે. અલબત્ત આવા આહારમાં પ્રોટીન, કાર્બોહાઇડ્રેટસ, ખનિજ દ્રવ્યો, વિટામિન અને સ્નિગ્ધ પદાર્થોનો સમાવેશ થવો જ જોઇએ. સ્નિગ્ધ પદાર્થોમાંથી મળેલી અથવા ચોખા કરતાં ૨ ૧/૨ ગણી શક્તિ મળે છે અને તેનાથી શરીરને રોગનો સામનો કરવાની શક્તિ મળે છે.

રાંધવા માટેના સ્નિગ્ધ પદાર્થ 'ડાલ્ડા'નો જ આપણે દાખલો લઇએ. 'ડાલ્ડા' છાપ વનસ્પતિ ગામડામાં તેમજ શહેરોમાં વધારે લોકો વાપરે છે. વનસ્પતિજ શુધ્ધ તેલોમાંથી 'ડાલ્ડા' બનાવવામાં આવે છે. 'ડાલ્ડા'ના પ્રત્યેક ઔંસ દીઠ ૭૦૦ આંતરરાષ્ટ્રિય યુનિટ વિટામિન 'એ' ઉમેરવામાં આવે છે. આ ઉપરાંત તેમાં પ્રત્યેક ઔંસ દીઠ ૫૬ આંતરરાષ્ટ્રિય યુનિટ વિટામિન 'ડી' પણ ઉમેરવામાં આવે છે. ઉત્પાદન દરમિઆન 'ડાલ્ડા'ને હાથ લગાડવામાં આવતો નથી, અને તેનાથી વિવિધ પ્રકારની કેટલી બધી વાનગીઓ રાંધી શકાય છે !

ડાલ્ડા વનસ્પતિ રાંધવા માટેનો સ્નિગ્ધ પદાર્થ હોવા ઉપરાંત ખોરાક સુધ્ધા છે. કાનજી તેમજ દેશભરના એના બાંધવો માટે એ ભરોસા પાત્ર અને પૌષ્ટિક ખોરાક છે.



DL. 475-X52 GJ

હિન્દુસ્તાન લીવર લિમિટેડ, મુંબઈ

શિક્ષણ-પત્રિકા

સહસંપાદકો

આણેકલાલ ઠાકર — લીલાબેન શાહ
યશસ્વતીબેન ભટ્ટ — નરેન્દ્ર બધેકા
ચંદુલાલ વ. ભટ્ટ

ડીસેમ્બર : ૧૯૫૯

અનુક્રમ	પૃષ્ઠ
સંઘ સમાચાર	૨
સંપાદકીય	૪
શિક્ષણ પદ્ધતિઓની મર્યાદા	૯
સંસ્કાર વર્ગનું વિહંગાવલોકન	૧૨
ફ્રોબેલની ઈનામ અને પ્રવૃત્તિ યોજના	૧૫
મને મેળાયે કરવા દો	૨૦
બોલ્યું ચાલ્યું માફ કરજો	૨૧

સંઘ સમાચાર

પં જવાહરલાલ નેહરુ અને સ્વ. ગિજુભાઈ જન્મજયંતિ

તા. ૧૪–૧૧–૫૯ થી ૨૨–૧૧–૫૯ સુધી.

અમદાવાદ :—નૂતન બાલશિક્ષણ સંઘ તથા બાલમંદિર સંચાલક સંઘ તરફથી સ્વ. ગિજુભાઈ જયંતી પ્રસંગે તા. ૧૪–૧૧–૫૯ થી ૨૨–૧૧–૫૯ સુધી ભરચક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી. મગનભાઈ દેસાઈ તથા શ્રી. વિનોદીનીબેન નીલકંઠ તથા અન્ય વક્તાઓનો લાભ સંઘના કાર્યકરોને તથા શ્રોતાજનોને મળ્યો હતો. આ ઉપરાંત વાર્તા, ગીતો, રમતો, ઉખાણા, દૂહા, વેશભૂષા વગેરેના કાર્યક્રમો યોજાયા હતા.

વલભિપુર:—બાલકેળવણીના પ્રણેતા સ્વ. શ્રી ગિજુભાઈ બધેકાની જન્મભૂમિ વલભિપુરમાં મહિલા મંડળ સંચાલિત "ગિજુભાઈ બાળમંદિરનું" ઉદ્‌ઘાટન વળાના ઠાકોર સાહેબને પ્રમુખસ્થાને, શ્રી જાદવજીભાઈ મોદીના હસ્તે થયું હતું. શ્રી મનુભાઈ પંચાળીએ તથા શ્રી નરેન્દ્ર બધેકાએ આ પ્રસંગે પ્રવચનો કર્યાં હતાં.

ભીઠાપુર:—શ્રીમતિ નારગોલવાલાના વરદ હસ્તે તા. ૧૫–૧૧–૫૯ ને રવિવારે આઠ વાગે બાલવાડીના મકાનનું ઉદ્‌ઘાટન થયું હતું. તથા સાંજના ચાર વાગે વાલી સંમેલન, સ્વ. ગિજુભાઈના ફોટાની અનાવરણ વિધિ વગેરે કાર્યક્રમો થયા હતા.

ભાવનગર :—તા. ૧૪–૧૧–૫૯ ને શનિવારે બાલમંદિરોએ ભેગા મળી બાલસરઘસ, પુષ્પપ્રતિકોનું વેચાણ વગેરે કાર્યક્રમો કર્યા હતા.

તા. ૧૫–૧૧–૫૯ ને રવિવારે સવારના ૭ વાગે દક્ષિણામૂર્તિમાં "જીવન મંદિર"નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શરૂઆતમાં પ્રાર્થના, ભજન તથા ગીતો થયા બાદ પ્રો. જોશી સાહેબે તથા શ્રી જાદવજીભાઈ મોદીએ ગિજુભાઈના જીવન વિષે બે શબ્દો કહ્યા હતા.

સવારે નવ વાગે નવાપરા સંસ્કાર કેન્દ્રમાં શ્રી જાદવજીભાઈ મોદીને હસ્તે બાલમંદિરનું ઉદ્‌ઘાટન થયું હતું. સભામાં શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈ તથા શ્રી નરેન્દ્રભાઈ બધેકાએ પ્રસંગોચિત પ્રવચનો કર્યાં હતાં.

તા. ૧૬, ૧૭, ૧૮, ૧૯ ને ૨૦ સુધી નૂતન બાલશિક્ષણ સંઘના સભ્યો તથા શિક્ષણ પત્રિકાના ગ્રાહકો નોંધવાની ઝૂંબેશ દક્ષિણામૂર્તિના અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓએ ખૂબ મહેનત લઈ કરી હતી.

તા. ૨૨ મી ને રવિવારે ધરશાળા તથા દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓએ પછાત

વર્ગમાં જઈ અધ્યાપકોના માર્ગદર્શન નીચે સફાઈ તથા સાંસ્કારિક કાર્યક્રમ કરી બાલસંપર્ક સાધી સારો એવો રંગ જમાવ્યો હતો. આ કામ સતત્ ચાલુ રહેશે તો પછાત વર્ગમાં પલટો આવશે એમ પછાત વર્ગના ભાઈઓ જ બોલતા હતા.

સાંજના પાંચ વાગે ટાઉન હૉલમાં શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈના પ્રમુખપદે વાલીસભા યોજવામાં આવી હતી. મુખ્ય વક્તા તરીકે શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ આવ્યા હતા. શ્રી નર્મદાબેન રાવળ, શ્રી ચંદુભાઈ ભટ્ટ તથા શ્રી નરેન્દ્ર બધેકાએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

મીઠાપુર:—નૂતન બાલશિક્ષણ સંઘના મંત્રીશ્રી શેષ નામલેભાઈની મીઠાપુરની ત્રણ દિવસની મુલાકાત ઘણી સફળ નીવડી. 'આધુનિક યુગમાં બાલશિક્ષણનું મહત્ત્વ' તથા 'ઔદ્યોગિક નગરમાં બાલકેળવણી' વગેરે વિષયો પર મનનીય વ્યાખ્યાનો આપ્યાં. આ ઉપરાંત શ્રી નામલેભાઈએ કહ્યું કે મીઠાપુર જેવું ઔદ્યોગિક નગર હિન્દુસ્તાનનું કેમીકલ્સનું બેનમૂન કેન્દ્ર બન્યું છે તેમ બાળકેળવણી ક્ષેત્રે પણ મીઠાપુર કેન્દ્ર બને તે વધુ ઇચ્છવા યોગ્ય છે. મીઠાપુર બાલમંદિરના કાર્યકર્તાઓએ તથા મંત્રીશ્રીએ તથા જનતાએ નામલેભાઈનું ભાવભીનું સ્વાગત કર્યું હતું.

પુના—ગુજરાતી શિક્ષણ સંઘ–પુના તરફથી તા. ૨૦–૧૧–૫૯ ના દિને બાલશિક્ષણ પ્રણેતા "પૂ. ગિજુભાઈ દિન" ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો. આ ઉત્સવમાં પુનાનાં ઘણાં બાલમંદિરોએ તેમજ શિક્ષણ સંસ્થાઓએ ભાગ લીધો હતો. પ્રમુખપદેથી શ્રી ગોપીનાથ તળવલકરે શિશુઓને આવું રાષ્ટ્રીયત્વનું શિક્ષણ આપવા અનુરોધ કરી, પૂ. ગિજુભાઈને આદરાંજલિ આપી હતી. બાળકોએ મનોરંજન કાર્યક્રમ યોજ્યો હતો. છેલ્લે સંઘના મંત્રીશ્રી વ્રજ મો. ઓઝાએ સર્વનો આભાર માન્યા બાદ કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

❁

પ્રસંગોપાત મુખવાસ માટે
વપરાતી
દિલરંજન
સેન્ટેડ સોપારી
* સુમધુર * સૌને આનંદિત કરતી સર્વ જગ્યાએ વેચાય છે.
આપના ગામની એજન્સી માટે લખો:
રાવજીભાઈ કે. સોપારીવાલા
શાંતિભુવન, ચોપાટી સીફેસ, મુંબઈ–૭
બ્રાંચ : પોસ્ટ ઓફિસની બાજુમાં
વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ–૪.
ચંદુભુવન, સુપર સીનેમાની બાજુમાં,
ગાંટરોડ, મુંબઈ–૭

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૪] ડિસેમ્બર : ૧૯૫૯ [અંક : ૯

સંપાદકીય

બાલકલ્યાણ સંસ્થાઓના સહકારની આવશ્યકતા

બાલકલ્યાણ કાર્યના અનેક પ્રશ્નોના ક્ષેત્રમાં અનેક છૂટી છૂટી સંસ્થાઓ આપણા દેશમાં કાર્ય કરી રહી છે. બાલ આરોગ્યના પ્રશ્ન માટે બાળ આરોગ્ય કેન્દ્રો નીકળ્યાં છે તેમજ તેમના માનસિક આરોગ્ય માટે બાલચિકિત્સાલયો નીકળતાં જાય છે. બાલ કેળવણીના ક્ષેત્રમાં બાલવાડીઓ, બાલમંદિરો, બાલોદ્યાનો વિકસતાં જાય છે તો બીજી કેટલીક સંસ્થાઓ બાલપુસ્તકાલય બાલક્રીડાંગણ બાલસાહિત્ય, બાલ સંગીત, બાલનૃત્ય, બાલનાટ્ય, બાલચિત્રપટો, બાલસંગ્રહાલય, બાલવસ્તુભંડાર જેવી વિશિષ્ટ પ્રવૃત્તિ પસંદ કરીને પોતાની રીતે બાલસેવા કરી રહી છે. વળી અનાથ, અપંગ, પછાત અને ગુનાહિત બાળકો માટે બાલસહયોગ મંડળો, બાલવિશ્રામાલયો, અનાથાલયો આદિ સંસ્થાઓની યોજના થઈ છે અને થતી જાય છે. બાલકલ્યાણના અનેક પ્રશ્નોના જુદા જુદા ક્ષેત્રોમાં કેટલીક સંસ્થાઓનું કામ ઘણી ઊંચી કક્ષાએ પહોંચ્યું હશે એમ પણ માની શકાય. છતાં આવી કેટલીક સંસ્થાઓને કાર્યક્ષમતા પ્રાપ્ત કરવા માટે કેવા કેવા પ્રયાસ કરવા પડ્યા હશે, કેવી કેવી કસોટીઓમાંથી પસાર થવું પડ્યું હશે એ ઇતિહાસ જાણવા જેવો હશે. દરેક સંસ્થાએ એકલા હાથે જે કંઈ કામ કર્યું હશે તેમાં જે મુશ્કેલીઓ અને મુસીબતો આવી હશે તેના અનુભવનો તથા જ્ઞાનનો લાભ બીજી સંસ્થાઓને પહોંચાડે એવી કોઈ સંસ્થા વચ્ચે ન હોવાથી દરેક સંસ્થાએ પ્રાપ્ત કરેલ અનુભવ અને જ્ઞાન પણ તે તે સંસ્થામાં જ રહ્યું છે. એથી જે કોઈ સંસ્થાને બાલકલ્યાણનું કાર્ય કરવું હોય તેને દરેક વાતમાં જાત અનુભવ કરીને જ આગળ જવાનું થાય છે. આ પ્રયાસમાં કેટલી શક્તિનો વ્યય થતો હશે, કેટલા કાર્યકરો નિરાશ થતા હશે અને કેટલાને સફળતા મળી હશે એ માહીતિ જાણવી રસપ્રદ નીવડશે.

ઘણી સંસ્થાઓ અને કાર્યકરો નિષ્ફળ ગયા છે

ઉપર મેં જે કાર્યક્ષમ–સંસ્થાઓની વાત કરી તે તો આંગળીને વેઢે ગણી શકાય એવી સંસ્થાઓની થઈ. મોટા ભાગની સંસ્થાઓ તો પોતાની મુશ્કેલીઓનો સામનો કરીને ઊંચી જ આવી શકતી નથી. તેથી તેનું કાર્ય પણ ઊંચી કક્ષાએ પહોંચી શકતું નથી. સમાજમાં આવી સંસ્થા નિષ્પ્રભ સ્વરૂપમાં દેખાય છે. આવી નિષ્પ્રભ અને 'નામ કે વાસ્તે' ચાલતી સંસ્થાઓનો આંકડો આપણા દેશમાં કેટલો હશે ? આવી સંસ્થાઓ કાર્યકરોને નિરાશ બનાવે છે. સમાજમાં તેના કાર્ય પ્રત્યે અવિશ્વાસ ઉત્પન્ન કરે છે. આવી અનેક સંસ્થાઓને સેંટ્રલ સોશીયલ વેલફેર બોર્ડે મદદ કરી છે અને લાખો રૂપિયાની મદદ આપી છે છતાં આ બધી સંસ્થાઓ વધુ કાર્યક્ષમ બનવાને બદલે દિવસે દિવસે યોગ્ય માર્ગદર્શનના અભાવે વધુ અકાર્યક્ષમ બની રહી છે એ હકીકત દેખાય છે.

એકલા નાણાંથી સંસ્થાઓ કાર્યક્ષમ ન બની શકે

સારી અને જેમતેમ જીવતી આ સંસ્થાઓની આજની કથા જોતાં અને ભારત સરકાર તરફથી એવી સંસ્થાઓને પ્રોત્સાહન આપવાની યોજનાઓ જોતાં ઘણી ખરી સંસ્થાઓને નાણાં કરતાં પણ કાર્યક્ષમ કાર્યકરો, સાધન સામગ્રીની સુલભતા, તાંત્રિક જ્ઞાનની સુલભતા, કાર્યક્રમો ઘડવા અને ચલાવવા અંગેનું માર્ગદર્શન એ બધાની કંઈક જરૂર દેખાય છે. નાણાં વિના કોઈ કામો આગળ ધપી શકતાં નથી, એ વાત જેટલી સાચી છે તેના કરતાં એકલા નાણાંથી કોઈ કામ આગળ જઈ શકતું નથી એ વાત પણ એટલી જ સાચી છે. એથી જ આજની ઘડીએ બાલકલ્યાણકારી સંસ્થાઓના પરસ્પર સહકારનું સર્જન કરતી સંસ્થાની વાત અનિવાર્ય બની રહે છે.

આજે તો બાલકલ્યાણ કાર્ય પણ છૂટું રહી શકશે નહિ

બાલકલ્યાણ કાર્ય એટલે બાળકના વિકાસ માટે થતું કોઈ પણ કાર્ય. એવાં કાર્યોની યાદી આપણે ઉપર જોઈ. એ બધી બાલકલ્યાણકારી સેવાઓ કહી શકાય. બાલકલ્યાણની જુદી જુદી સેવાઓ અંગેનું કામ જો છૂટું છૂટું સ્વતંત્ર રીતે કરીએ તો સંસ્થાઓની કેવી દશા થાય છે તેની વાત મેં ઉપર કરી પણ આજે કલ્યાણકાર્ય અંગે જેમ જેમ સ્પષ્ટતા થાય છે તેમ જણાય છે કે કોઈ પણ પ્રકારનું બાળ-કલ્યાણનું કાર્ય સમાજ કલ્યાણથી વેગળું નહિ કલ્પી શકાય. સમગ્ર સમાજ કલ્યાણની કલ્પના વિના બાલકલ્યાણ એકલું આગળ ધપી શકશે નહિ. આ સંબંધમાં ગયા ઑગસ્ટમાં બાલસેવા સમિતિની જે વાર્ષિક સભા મળી હતી તેમાં તેના પ્રમુખ શ્રી. ઇન્દિરાબેન ગાંધીએ એ વસ્તુ તરફ કલ્યાણ કાર્યના કાર્યકર્તાઓનું ધ્યાન ખૂબ જ માર્મિક રીતે ખેંચ્યું હતું. તેઓ કહે છે: "It would be a mistake to consider child welfere as an isolated item on the–programme. It should be an integrated part of the national welfare. Children are not a community by themselves, they are a part of every community and their problems are the part of all the problems of the nation." કાર્યક્રમના એક વેગળા મુદ્દા તરીકે આપણે જો બાળકલ્યાણ અંગે વિચારશું તો તે આપણી ભૂલ થશે. રાષ્ટ્ર કલ્યાણ સાથે જોડાયેલા એક ભાગ તરીકે જ તેનો વિચાર થવો

સ્વદેશી ભાવના કેળવી સ્વતંત્ર ભારતમાં બનતી સ્વદેશી બનાવટોને ઉત્તેજન આપો



777 પરફ્યુમ્ડ કેસ્ટર ઓઇલ

સર્વશ્રેષ્ઠ સુગંધીત

કામીનીઆ પરફ્યુમ્ડ કોકોનટ ઓઇલ

★ વાળને કાળા ચમકદાર બનાવે-છે.
★ વાળને ખરતા અટકાવે છે.
★ મગજને ઠંડક આપે છે.
★ વાળને મુલાયમ સુંવાળા બનાવે છે.

આજે જ વાપરી ખાત્રી કરો.

એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ્સ કંપની

૧૯૨, ખેતવાડી મેઇન રોડ, મુંબઈ-૪

જોઈએ. કારણ બાળકો એટલે તેનો કોઈ સ્વતંત્ર સમાજ નથી. આપણા સમાજના જ તેઓ એક ભાગ રૂપે છે તેથી તેમના પ્રશ્નો પણ આપણા રાષ્ટ્રીય પ્રશ્નના જ એક ભાગરૂપ છે.”

યોજના ને નિયોજનના આ જમાનામાં બાલ-કલ્યાણની જુદી જુદી સંસ્થાઓ તરફથી થતા કામમાં પણ નિયોજન થવું ઘટે છે. સાદી બાલકલ્યાણ સંસ્થાઓના અનુભવની તારવણી થવી જોઈએ અને તેનો લાભ આ ક્ષેત્રમાં કાર્ય કરતી દરેક સંસ્થાને મળવો જોઈએ. બાલકલ્યાણકારી સંસ્થાઓને એક બીજાના કાર્યની માહિતી મળવી જોઈએ. તેઓની વચ્ચે પરસ્પર સહકારની ભાવના રહેવી જોઈએ. આપણા દેશનાં બાળ કલ્યાણનું કાર્ય એવું વિરાટ છે કે તે પાર ઉતારવા માટે આપણી શક્તિનો થતો નકામો વ્યય આપણે ચાલુ રાખીએ તો તે પાલવે એમ નથી. આપણી શક્તિ મર્યાદિત છે તેથી તેવી જે કંઈ શક્તિ છે તેનો વધુમાં વધુ ઉપયોગ કેમ કરવો એ આપણે જોવાનું જ રહ્યું. દરેક પ્રકારની સંસ્થામાં પડેલાં શક્તિ તંત્રો એકત્ર થવા જોઈએ અને આ સમગ્ર કાર્યની વ્યાપ્તિ સમજીને તેના ઉપયોગ માટે આયોજન થવું જોઈએ.

શ્રી મોરારજીભાઈના પ્રમુખપદે મંત્રણા

પત્રિકાનો આ અંક પ્રકાશિત થશે ત્યારે બાલ-કલ્યાણ સંસ્થાઓના સહકારનું આયોજન કરવાના હેતુથી બાલકાનજી બારીએ મુંબઈમાં યોજેલી સભાની મંત્રણાઓ પૂરી થઈ હશે. નૂતન બાલશિક્ષણ સંઘના પ્રમુખ શ્રી મોરારજીભાઈ દેસાઈ અત્યારે બાલકાનજી બારીના પ્રમુખપદે છે. તેમના જ પ્રમુખપદે બાલકાનજી બારીએ બાલકલ્યાણ પ્રવૃત્તિમાં સહકાર આયોજન અંગેની મંત્રણા યોજી છે. આ સંબંધમાં બાલકાનજી બારીએ જે પરિપત્ર તૈયાર કરેલ છે તેમાં એ સહકાર આયોજનના ઉદ્દેશો નીચે પ્રમાણે જણાવ્યા છે:

(૧) તાંત્રિક અને વ્યાવસાયિક માહિતીનો પ્રસાર કરવો.
(૨) તાંત્રિક સહાયતા આપી શકાય તે માટે એવી સેવાઓનો સંગ્રહ કરવો.
(૩) આર્થિક સદ્ધરતા વધારવી.
(૪) સેવાઓના ધોરણો જાળવવા માટે પ્રયત્ન કરવા.
(૫) આપણી જરૂરિયાતો અંગે રાજ્યની, રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનું ધ્યાન ખેંચવું.
(૬) આપણી જરૂરિયાતો માટે સામાજિક જાગૃતિ નિર્માણ કરવી.
(૭) કાર્યક્રમ સંચાલનમાં સર્વાંગી સુધારા કરવા.
(૮) પંચવર્ષીય યોજના અને તેના અમલ માટે પોતાનો ફાળો.
(૯) બાલકલ્યાણ અને તેની સાથેના સંબંધ ધરા-વતા સમાજ કલ્યાણ કાર્યોનું સંગઠન કરવું.
(૧૦) કલ્યાણ વિનિમય કેન્દ્ર યોજવું

સહકાર આયોજન સંસ્થાઓના આ ઉદ્દેશો કોઈને પણ માન્ય થાય તેવા જ છે. છતાં સહકાર આયોજન સંસ્થાનું કાર્ય જેટલું લાગે છે એટલું સરળ નથી. આપણે ત્યાં સંસ્થા–સંસ્થાઓ વચ્ચે વિશ્વાસનું વાતાવરણ નથી. દરેક સંસ્થાના ચાલકોનો કંઈક- એવો ખ્યાલ બંધાઈ ગયો છે કે તે જાતે કંઈક કરે તો જ કામ સારામાં સારી રીતે થાય. એવી સંસ્થાઓ પોતાનું કામ બીજી સંસ્થા મારફત કરે એવો રિવાજ પડ્યો નથી. ભૂલેચૂકે કોઈ સંસ્થાને બોલાવવાનું બને તો તેમાં શ્રેયને માટેની અનિચ્છનીય ચડસાચડસી ચાલે છે. એક ગામની કેળવણીની બાલસંસ્થાઓ પણ એક બીજા સાથે સહકાર કેળવ-વાને બદલે સ્પર્ધાનો ભાવ કેળવી રહી છે. આ પરિસ્થિતિમાં બાલકલ્યાણ સંસ્થાઓમાં સહકારની ભાવનાનું નિર્માણ કરવું–પરસ્પર વિશ્વાસનું અને વ્યવસ્થાનું નિર્માણ કરવું એ એક અશક્ય કક્ષાનું કામ ગણાયું છે. બાલકાનજી બારી જેવી સંસ્થાએ જે પ્રકારના આયોજન માટે આવાહન કર્યું છે તેને બાલકલ્યાણ સંસ્થાઓ પોતાનો સાથ આપે એમ અમે ઇચ્છીએ છીએ.

ના.

'શિક્ષણ પત્રિકા'નું સ્વરૂપ

'શિક્ષણપત્રિકા'નું પ્રકાશન ગુજરાતમાંથી શરૂ થયું છે. તેના સંપાદનકાર્યમાં પણ ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ બાલશિક્ષણના કાર્યકરો ફાળો આપશે તે આશાએ આ કાર્ય ઉપાડ્યું છે.

શિક્ષણપત્રિકાનું સ્વરૂપ છેલ્લે છેલ્લે મોટે ભાગે અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓને ઉપયોગી વધુ થાય તેવી સામગ્રીવાળું બન્યું હતું. તેની ઉપયોગીતા વિષે બેમત ન હોઈ શકે. તેમ છતાં આ પત્રિકાને જો વધુ બહુજનભોગ્ય બનાવવી હોય તો માતાપિતાઓના પ્રશ્નો અને તેમને ઉપયોગી જણાય તેવી જાતના લખાણોનો પણ તેમાં ઠીક પ્રમાણમાં નિયમિતરીતે સમાવેશ કરવો જોઈએ.

જે કેટલાક કાર્યકરોને ગુજરાતી પત્રિકાનું સંપાદનકાર્ય સોંપાયું છે, તેઓએ એકઠા મળી થોડું વિચાર્યું છે અને હજુ વિચારતા રહેશે જ. વિચારતાં જે કેટલાક મુદ્દા નજર સમક્ષ આવ્યા છે તે મુદ્દા નીચે ચર્ચ્યા છે. આવા આ બધા જ મુદ્દાઓને સ્પર્શીને આ પત્રિકાનું વસ્તુ ગોઠવવું જોઈએ તેમ લાગે છે. તે કાર્ય માત્ર સંપાદનની જવાબદારી લીધેલ ભાઈબહેનો પૂરું કરી શકશે નહિ. ગુજરાતમાં બાલ-શિક્ષણનો પ્રવાહ ઘણાં વર્ષોથી વહેતો થયો છે. ગુજરાતમાં ઘણા અનુભવી બાળશિક્ષકો, કેળવણીકારો, તથા વિદ્વાન અને અનુભવી માતાપિતાઓ પણ છે. તેઓ સૌ પાસે અમે સારાં અને ઉપયોગી લખાણો માટે ટહેલ નાખીએ છીએ

(૧) પત્રિકામાં માતાપિતા અને બાળકોના પ્રશ્નો અંગે સામાન્ય લોકો પણ સમજી શકે તેવી છણાવટની કલ્પના છે. અનેક નિત્યજીવનના બનતા પ્રસંગોને વાતચીત અને વાર્તારૂપે ગૂંથી લઈ શકાય. ઘણા મુંઝવણભર્યા પ્રશ્નોની રજુઆત, છણાવટ અને ઉકેલ લાવવાના તે માટે પ્રયાસો કરી શકાય.

(૨) શિક્ષણના અનેક પ્રશ્નો જેમાં બાળકોનું આરોગ્ય, બાળકોની રમતો, બાળકોનાં વૈજ્ઞાનિક રમકડાં; બાળકોનું લેખન વાચન, તેની વય મર્યાદા; તેમનું સ્વાતંત્ર્ય, તેમની સ્વતંત્ર પ્રવૃત્તિઓ, આ બધાની મર્યાદા; બાલસાહિત્ય, તેનું સ્વરૂપ અને મૂલ્યાંકન; બાલગીતો અને તેનું સ્વરૂપ વગેરે બાળકોને સ્પર્શતા જીવનના અનેક પાસાંઓને પણ આ વિભાગમાં આવરી લઈ શકાય. પરદેશના શૈક્ષણિક પ્રવાહો અને અનુભવો પણ આમાં ઉપયોગી નીવડે,

(૩) શિક્ષણના આવા પ્રશ્નો ઉપરાંત અમારી ગણતરી શિક્ષકોના પ્રશ્નો પણ છેડવાની છે. આજની પરિસ્થિતિમાં લેખો મારફત તેનો નિકાલ ન થાય તોય તેની ચર્ચા વિચારણાથી એની ચોક્કસ ભૂમિ-કાનો ખ્યાલ તો આવે જ. શિક્ષકજીવનની કરુણતાની એક બાજુ છે તો શિક્ષકજીવનની ઉત્તમતા અને તેની

આપનો
સમય પસાર કરવા
અને
આનંદ મેળવવા
માટે
"પાર્ક સન્સ"
પ્લેઇંગ કાર્ડ થી
રમો
અને
મોજ મેળવો
પાર્ક સન્સ પ્રીન્ટર્સ,
લાલબાગ
મુંબઈ - ૧૨

પાસેની અપેક્ષાઓ ઘણી ઉચ્ચગામી છે. આ બધું એક યા બીજા સ્વરૂપે આપણા માસિકના વસ્તુનો એક ભાગ બને તો અજુગતું ન બને તેવું અમને લાગે છે.

આ ઉપરાંત કોઈ ચોક્કસ વિવાદાસ્પદ મુદ્દાઓ પર ચર્ચાપત્રો પણ ચાલે તેવી ય અમારી કલ્પના રહે છે. કોઈ પણ પ્રશ્નના જુદાં જુદાં દૃષ્ટિબિન્દુઓને આ મારફત છણવાનો અને સમજવાનો અવકાશ આપણે ઊભો કરી શકીશું. તે માટે અમારું આમંત્રણ છે.

આ ઉપરાંત બાલસાહિત્યનો સ્વીકાર–સમાલોચના, ચાલુ પ્રાસંગિક નોંધ વગેરે પત્રિકાના અંગો બનશે.

આપ સૌ આમાં આપનો ફાળો અને સહકાર આપો જ એવી અમારી નમ્ર ભાવે અત્યંત આગ્રહભરી માગણી છે.

જવાહર જયંતી તથા ગિજુભાઈ જયંતી

કોઈ કુદરતી રીતે જ આ બે જયંતીઓ નવેમ્બર તા. ૧૪ અને તા. ૧૫ના રોજ અનુક્રમે આવે છે.

કદાચને દુનિયાના ઇતિહાસમાં પંડિત જવાહરલાલજીનો ફાળો અદ્વિતીય નોંધાય તેવું આપણે સૌ જોઈ શકીએ છીએ. દુનિયાના રાજકારણું અને દુનિયાની શાંતિની ઝંખના કરનાર માત્ર નહિ પણ તેનું વ્યવહારૂ સ્વરૂપ આપવાની દોરવણી આપી શકવાની શક્તિનું તેમનામાં આપણને દર્શન થાય છે. દુનિયાના અનેક ઝંઝાવાતો અને મુંજવણભર્યા પ્રશ્નો વચ્ચે સ્થિરતાથી એ દોરવણી આપે છે. આજને તબક્કે આપણા રાષ્ટ્રના ગંભીર લેખાય તેવા ચીન સાથેના પ્રશ્નોમાં પણ ઘણી સ્થિરતાથી એ દોરવણી આપે છે.

આમ છતાં એ ઘણા મોટા મહાન પ્રશ્નોના ગંભીર વાતાવરણ વચ્ચે એ પાયાની વાત ભૂલ્યા નથી જ. આજની પેઢી પોતાની આવતી પેઢીને માટે જીવનની વિચારણા અને પુરુષાર્થો કરે છે તે તરફ તેમણે આપણું અને આખી દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. મહાત્માજીએ પોતાની જીવનસાધનાનું મધ્યબિન્દુ જેને બનાવ્યું હતું તે રેંટિયો એટલે કે વિકેન્દ્રિત અર્થરચના–તેને પોતાના જન્મદિન સાથે જોડી દીધેલ. પોતાના જન્મદિવસને તેમણે રેંટિયા-બારસ નામ આપ્યું હતું. એવું જ કંઈક પંડિતજીનું બન્યું છે. જીવનસાધના તો એમણે પણ આદરી છે. એ જીવનસાધના જો કોઈને ય માટે હોય તો આવતી પેઢીને માટે છે. અને નવી પેઢીના પાયા કે જેના ઉપર ચણતર થઈ શકે તે બાળકો જ છે તે વાત તેમને સંપૂર્ણપણે સમજાય છે. તેનો વિચાર અને તેનું ઘડતર આજથી ન થાય તો નવી કોઈ જોરદાર ઈમારત ઊભી થઈ શકે જ નહિ. પ્રજાની પોતાની અસ્મિતા ઊભી થાય તેના સંસ્કાર બાલ્યકાળમાં જ નંખાય છે તે વાતની સમજણ આપનાર આપણે બાલશિક્ષકોએ પણ આ મહાન નેતા પાસેથી આ પ્રસંગે પ્રેરણા મેળવવી પડે તેવું બન્યું છે. પોતાના જન્મદિનને એટલે જ એમણે 'બાલદિન' નામ આપી દીધું છે. આવતી કાલની જેમની પાસે સૂઝ છે તેમનો આ અર્થસૂચક નિર્ણય છે.

આવા જ આ નિર્ણયને અમલી સ્વરૂપ આપવાની પૂર્વભૂમિકા પણ ગુજરાતમાં સ્વ. ગિજુભાઈએ ઊભી કરેલી. બાળક અને બાલશિક્ષણનો વિચાર એ નવા રાષ્ટ્રનિર્માણના પાયામાં અનિવાર્ય વસ્તુ છે તે તેમને સમજાયું હતું. ગુજરાતે પણ આ વાત સમજીને કંઈક અંશે સ્વીકારી છે. આવી આ બે વિભૂતીઓની જયંતીઓ ઊજવવા નિમિત્તે આપણા બાલશિક્ષણના કાર્યને બળ મળે જ છે. એ બળ વધુ બળવત્તર થાય તે માટેની આપણી સૌની જવાબદારી ઘણી મોટી છે તે તરફ અમે સૌનું લક્ષ દોરીએ છીએ.

ચૂ.

શિક્ષણ પદ્ધતિઓની મર્યાદા

મનુષ્યજાતિ જે વખતે સાવ જંગલી અવસ્થામાં હશે, અને જ્યારે માણસજાતનું જ્ઞાન કંઈક પરિમિત હશે ત્યારે યે તે જ્ઞાન મેળવવાની–લેવાની–શીખવાની માણસની શક્તિ તો તેનામાં કુદરત પ્રેરિત હતી જ અથવા હોવી જોઈએ. એ શક્તિના બળે તો તે જંગલી મટી સંસ્કારી બન્યો. એના જ્ઞાનના વિષયો વધુ ને વધુ વ્યાપક સ્વરૂપ લેતા ગયા.

કુદરતનાં બળો જ એ કોઈ દૈવીરૂપ છે અને એની પ્રાર્થનાના બળે જ પોતે કંઈ કરી, વિચારી શકે છે તેમ માની તેની તેણે પ્રાર્થનાઓ કરી છે. આજની ઘડી સુધી તે તે જ વાત ભલેને સુસંસ્કૃતરૂપે પણ તેણે સમજવા યત્ન કર્યો છે અને કુદરતનાં બળો સમક્ષ એક અથવા બીજે રૂપે એણે મસ્તક ઝુકાવ્યું છે અને તેમાંથી તેણે પ્રેરણા અને શક્તિ લેવા યત્નો કર્યાં છે. આ એનું આસ્તિક સ્વરૂપ ગણી શકાય.

આટલી વાત સમજવાથી એક વાત તો નિર્વિવાદ બને છે કે મનુષ્યજાત પાસે જ્ઞાન લેવાની–મેળવવાની એક અગાધ અને અમર્યાદ શક્તિ રહેલી છે. એ જ્ઞાન એ મેળવ્યે જ જાય છે. એને નવું નવું જાણવાની ઇચ્છા થવી અને તેની તૃપ્તિ કરવા યત્નશીલ થવું તે તેનો સ્વભાવ છે. આવી જે જ્ઞાન મેળવવાની પ્રક્રિયા દરેક વ્યક્તિમાં ચાલી રહી છે તેને કંઈક વ્યવસ્થિત રૂપ આપી તેના પ્રયત્નો કરવા એટલે શિક્ષણ અને કેળવણીની સંસ્થાઓ ઊભી થવી. કોઈ જાતની એવી રીતસરની વ્યવસ્થા સિવાય પણ માણસ જાતે–મનુષ્ય સમાજે પોતાનો વિકાસ તો સાધ્યો છે જ.

કુદરત પ્રેરિત એક એવી પણ સહજ ઇચ્છા મનુષ્યજાતમાં રહેલી છે કે પોતા પાસે જે જ્ઞાન આવ્યું તે બીજાને આપવું. પ્રજા સાતત્યની જે મૂળભૂત પ્રવૃત્તિ તેના અંગરૂપે કદાચને આ બનાવ બનતો હશે આવી આ મહેચ્છાને વ્યવહારૂ સ્વરૂપ આપવા માટે કુટુંબસંસ્થાઓ જોઈઈ, શિક્ષણ-સંસ્થાઓ ઊભી થઈ. જે સમગ્રપણે તમામ માતા-પિતાઓ ન કરી શકે, તેને ડાહ્યા, વિદ્વાન મુનિઓ આશ્રમ સંસ્થાઓમાં સમૂહગત રીતે અમલમાં મૂકે તેવું બન્યું હશે. પોતાના જ્ઞાનનો લાભ નવી પેઢીને આપવો, અને નવી પેઢી પોતાના સ્વયં જ્ઞાન પ્રાપ્ત કરવાના અનુભવો સાથે આગલા પેઢીના જ્ઞાનના અનુભવને જોડી દે તેવી રીતે આ શિક્ષણની પ્રક્રિયાઓ શરૂ થઈ હશે. પોતે જે રીતે, જે પદ્ધતિએ, કોઈ ચોક્કસ પ્રકારનું વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કર્યું તે પદ્ધ-તિએ બીજાને એ જ્ઞાન આપવાના તેણે પ્રયાસો કર્યા એણે ઇચ્છ્યું પણ ખરું કે એ જ્ઞાન નવી પેઢીને મળે અને તે ટૂંકા પ્રયત્નથી મળે.

આટલી હકીકતો કદાચને ઘણા જૂના સમય પૂરતી થઈ ગણાય. જેમ જેમ માણસની સંસ્કારિતા, જ્ઞાન અને અનુભવો વધતા જાય છે તેમ તેમ જ્ઞાનના વિષયોના ઘણા નાના નાના વિભાગો થતા જ જાય છે. વિષયની ઝીણવટો ઊભી થતી જાય છે, તેનાં ઊંડાણ વધતાં જાય છે. માત્ર વિષયાનુભવ થવો કે વિષયનું ઉપર ઉપરનું જ્ઞાન થવું તેમ નહિ પણ તેમાં અવગાહન કરવું તે પ્રવૃત્તિઓ ક્રાળક્રમે વધુ ને વધુ જોર પકડતી જાય છે. આવી આ પ્રવૃત્તિઓ એટલે જ આજની શાળા મહાશાળાઓ છે. તેમાં આવા વિષય વૈવિધ્યના જ્ઞાનપ્રાપ્તિના પ્રયાસો યોજાય છે. શિક્ષણસંસ્થાઓ તે માટેનાં આયોજનો કરે છે. એ માટેનાં વાતા-વરણો યોજે છે. યાદ રાખવું જોઈએ કે આ જ્ઞાન લેવાના વ્યક્તિના–વિદ્યાર્થીના જે સ્વાભાવિક પ્રયાસો અને વલણો છે તેને મદદરૂપ થવાનું જ તેમનું ક્ષેત્ર ગણાવું જોઈએ.

આજે તો માનસશાસ્ત્ર વિકસ્યું છે. મનુષ્ય જાતની બાલ્યાવસ્થાથી તે વૃદ્ધાવસ્થા સુધીની તેની

મનની પ્રક્રિયાઓ અને વલણો વિષે ઘણું ઘણું જાણી શકાયું છે. કઈ ઉંમરે શી શી જરૂરીઆતો છે, શાં શાં વલણો હોય છે, કઈ કઈ જાતનાં જ્ઞાન અને તેની કઈ કક્ષાએ વિવિધ ઉંમરનાં બાળકો હોય છે તે બધું સામાન્ય રીતે સમજાયું છે. આ બધી વિશાળ સમજણને પરિણામે બાલમંદિરથી ઉચ્ચશિક્ષણ સુધીના અભ્યાસક્રમો યોજાયા છે. એ અભ્યાસક્રમો જ્ઞાનોપાર્જનના વિકાસનાં પગથિયાં છે. શારીરિક વિકાસ, માનસિક વિકાસ, બૌદ્ધિક વિકાસ, લાગણી વિષયક વિકાસ એ બધું એ જ્ઞાનોપાર્જનની ક્રિયા-પ્રક્રિયાનું પરિણામ છે. તેમાં શીખનારાઓ સક્રિય રહે જ એ એનું મધ્યબિન્દુ હોવું જરૂરી છે. સ્થૂળ રીતે તેમજ સૂક્ષ્મ રીતે શીખનાર જ સમગ્ર આયોજનનો મુખ્ય પુરુષ છે. પાયાના શિક્ષણમાં આ સિદ્ધાન્ત જ સાચો હોઈ શકે. માણસનો સર્વાંગી વિકાસ એ એનો મુખ્ય ઉદ્દેશ અને હેતુ હોય છે. એ સર્વાંગી વિકાસ ત્યારે જ થઈ શકે, જ્યારે જેનો વિકાસ થવાનો છે તે સક્રિય બને. શાળા મહાશાળાઓ અને શિક્ષકોનું કામ આવી જ્ઞાનોપાર્જનની પ્રક્રિયાઓ દરેક કક્ષાએ ચાલુ રહે તેવી પરિસ્થિતિ નિર્માણ કરી આપવાનું છે. શિક્ષકનું આ મહા ભગીરથ કાર્ય છે. કુદરતમાંથી બાળકોને ઉઠાવીને જ્યારે શિક્ષક પોતા પાસે લે છે ત્યારે બાળક મહેનતપૂર્વક કુદરત પાસેથી જ બોધપાઠ લે છે તે બોધપાઠ, શિક્ષક પોતાના સ્વાનુભવના બળે, શાળા-રૂપી કુદરતનું નાનું અંગ બનાવી તેમાંથી તેને દોરવણી આપવા યત્નશીલ બને છે. આ કામ ઘણું કપરું છેઃ નવું નવું શીખવાનું જે કાર્ય છે તેને સરળ બનાવી દેવું, એના રસ્તા ટૂંકાવવા, શીખનારના પ્રયત્ન આડા આવતાં આવરણો હટાવી દેવા વગેરે રીતોને આપણે જુદી જુદી પદ્ધતિઓ કહીશું.

મનુષ્ય સમૂહ તો ઘણો મોટો છે. એની સંખ્યા ઘણી મોટી છે. એ આખાય સમૂહને જ્ઞાની કરવાને માટે આજની સુધરેલી સમાજે ઘણા મોટા પ્રયાસો કરવા જોઇશે. શિક્ષણ-કેળવણી-જ્ઞાન લેવાનાં અનેક સ્થળો ઊભાં કરવાં જોઈશે. આવાં સ્થાનો ઊભાં થયાં છે જ. જુદી જુદી કક્ષાનાં સ્થાનો ઊભાં થયાં છે તેમાં વિવિધ પ્રકારનાં બાળકો અને વિદ્યાર્થીઓ આવે છે. એ સૌની સમક્ષ જ્ઞાન અને જ્ઞાનના વિષયોની રજુઆત કરવી અને તે જ્ઞાન તેઓ લઈ શકે અને લેતાં થાય તેવું કરવા માટે જુદી જુદી બુદ્ધિપૂર્વકની નવી નવી રીતો અખત્યાર કરવી જરૂરી છે. આવી અખત્યાર થયેલી રીતો એ જ જુદી જુદી પદ્ધતિઓના નામે વિખ્યાત છે.

માણસ પાસે જે જ્ઞાન છે તે જ્ઞાનને આધારે કંઈક નવું જ્ઞાન લેવાના એ યત્નો કરે છે. શિક્ષક તેમાં મદદરૂપ થાય છે. મદદરૂપ થયા પછી એ જ્ઞાન લેનારે લીધું કે નહિ, લઈ શકયો કે નહિ તેની સમીક્ષા કરી લેવી અને પછી તે અંગેની કેટલીક પુનરાવર્તનની પ્રવૃત્તિઓથી તે જ્ઞાન તે પાકું કરી શકે તેવું આયોજન કરવું તે બધું જ શિક્ષણશાસ્ત્રની પદ્ધતિઓનું એક અથવા બીજી જાતનું સ્વરૂપ છે.

પદ્ધતિઓના સ્વીકારમાં આ દૃષ્ટિબિંદુ રહેલું છે.

આજને તબક્કે બનવા એવું લાગ્યું છે કે નક્કી થયેલા જ્ઞાનના વિષયોની જરૂરિયાત સમગ્ર રીતે સ્વીકારાઈ છે, અને એટલે જ એ જ્ઞાનના વિષયોને પદ્ધતિના બળે-જોરે જાણે કે વિદ્યાર્થીઓમાં રેડવાના યત્નો થાય છે. વિષયમાં સમજણપૂર્વકનાં-રસપૂર્વકનો પ્રવેશ કેટલો થાય છે, અથવા તો થાય છે કે નહિ તે જોવાનો સમય ઓછો રહે છે. વિષયમાં પ્રવેશ જરૂરી છે એમ માની પ્રવેશ કરાવી દીધો એમ માનીને શિક્ષણનું કામ પૂરું થતું નથી. પદ્ધતિનું સાફલ્ય એ પ્રવેશ પછી, એ વિષયમાં શીખનારની બુદ્ધિ સજાગ બની, ઊંડાણ પકડે તેમાં છે. ગણિત શીખ્યા છતાં ગણિતિબુદ્ધિ જાગતી નથી; વિજ્ઞાન શીખ્યા છતાં વૈજ્ઞાનિક દૃષ્ટિ ખીલતી નથી; ભાષા શીખ્યા છતાં ભાષા જીવનને વ્યક્ત કરવાનું માધ્યમ બની શકતી નથી; ચિત્રકલા શીખ્યા પછી કેટલાંક

નમૂનાના ચિત્રો કરી, ચિત્રકારની દૃષ્ટિ જ આવતી નથી. સંગીતનાં ગીતો શીખ્યા છતાં જીવનસંગીત ઊભું થતું નથી.

શિક્ષણનું વિજ્ઞાન વધ્યું છે, પદ્ધતિઓ આવી છે, માનસશાસ્ત્ર શીખ્યા હોઈએ છતાં જેને જ્ઞાન આપવાનું છે, જેને શીખવવાનું છે, જે વિષયો શીખવવાના છે તે બધાથી શીખનાર અલિપ્ત રહેવા લાગ્યો છે. શીખવાના વિષયો શાળા બહાર–કુદરતમાં જ એને વધુ દેખાય છે. બુદ્ધિપૂર્વક બંધનયુક્ત શિક્ષણનું શાળામાં વાતાવરણ ઊભું કરવામાં જે આપણે શીખનારની મૂળભૂત સ્વાભાવિક જ્ઞાનોપાર્જનની જીજ્ઞાસાને ચગદી નાખીએ તો કેળવણીતંત્રની તેમાં હાર છે.

જરૂર પડે તો આપણે પદ્ધતિઓ ફેરવીએ. પદ્ધતિઓ આપણા મૂળ હેતુને પરિપૂર્ણ કરવા માટે હોવી જોઈએ. આજે શીખનાર અક્રિય બનવા લાગ્યો છે, આજે શીખનારનું સ્વાતંત્ર્ય અને વૃત્તિ હણાય છે. જ્ઞાનનો ભાર બીજાઓનો ઉપાડવા જેવું થયું છે. 'જીવન માટે જીવન મારફત શિક્ષણનો' જે નવો સૂર પાયાના શિક્ષણમાં સંભળાય છે તે વ્યવહારમાં આવવો ઘણો કઠણ છે અને છતાં એ જ સાચો છે. શાળાઓનાં ચોકઠાંઓમાં, અને જેઓ શાળાઓ ચલાવે છે તેમની શક્તિ–મતિ મર્યાદિત હોવા છતાં, શિક્ષણની ચાલતી પ્રક્રિયાઓની મધ્યમાં રહેલ જે વિદ્યાર્થીઓ છે તેની પ્રવૃત્તિઓને સમજીને ચાલવાની અત્યંત આવશ્યકતા છે. તેનામાં જ્ઞાન રેડવાના પ્રયત્નોનું સાધન એ શિક્ષણપદ્ધતિ નથી પણ જ્ઞાન લેનારને મદદ કરનારું એ સાધન છે અને શિક્ષક તેનો જ્ઞાનાનુભવી તેવો સુકાની કે સૂત્રધાર છે.

ચંદુલાલ વ. ભટ્ટ

o

With Best Compliments

Of

Shri Ambica Mills Ltd.

P. O. Box No. 112

AHMEDABAD-8

સંસ્કાર વર્ગનું વિહંગાવલોકન

પૂર્વ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં મનોવિજ્ઞાનના વિકાસની સાથે સાથે અમુક ફેરફારો થયા. આ દિશામાં શ્રી. નામલેભાઈએ જે પ્રયોગો કર્યા તે પ્રશિક્ષણ લીધેલા અન્ય શિક્ષકો અને શિક્ષિકાઓ સમક્ષ રજૂ કરવા તેમણે શિશુવિહાર મંડળ તરફથી એક સંસ્કાર વર્ગની આયોજના કરી.

આ આયોજનનાના મૂળમાં શિક્ષકો પોતપોતાનાં મંતવ્યો રજૂ કરી વિચારોની આપલે કરી છેલ્લાં સંશોધનોથી પરિચિત થાય એ હેતુ હતો.

આ સંસ્કારવર્ગનું ઉદ્‌ઘાટન શિશુવિહારમાં શનિવાર તા. ૧૭–૧૦–૫૯ના રોજ મુંબઈના નગરપતિ શ્રી. પી. ટી. બોરાલેના હસ્તે થયું. સંસ્કારવર્ગ ખુલ્લો મૂકતાં શ્રી. બોરાલેએ શિશુવિહાર મંડળને હાર્દિક ધન્યવાદ આપ્યા હતા અને આ પૂર્વ પ્રાથમિક કેળવણી નાનાં બાળકો પૂરતી મર્યાદિત ન રહેતાં પ્રાથમિક કક્ષા સુધી પહોંચે એ અંગે કોઈ ઉપાય યોજવાનું શિશુવિહાર મંડળને સૂચન કર્યું હતું

આ પ્રસંગે શ્રી. નાથીબાઈ દા. ઠાકરસી યુનિવર્સિટી તરફથી આવેલાં શ્રીમતી બેર તથા અમેરિકા તરફથી હિન્દુસ્તાનમાં વધુ સંશોધનાર્થે આવેલાં ડો. મીસ ડ્યુરેટનાં પ્રવચનો થયાં હતાં.

સભાનો સમારોપ કરતાં શ્રી. પટવર્ધને મુંબઈના નગરપતિ તથા અન્ય મહેમાનોનો આભાર માન્યો હતો.

ઉપરોક્ત સંસ્કારવર્ગના બે મુખ્ય ભાગ હતા. (૧) વ્યાખ્યાનમાળા તથા (૨) પ્રદર્શન.

વ્યાખ્યાનમાળામાં પાંચ દિવસ સુધી પૂર્વ પ્રાથમિક શિક્ષણના વિવિધ વિષયો ઉપર નિષ્ણાતોનાં પ્રવચનો થયાં હતાં. આમાં મુખ્ય ધ્યાન ખેંચે તેવી નિમ્નોક્ત બાબતો હતી.

પૂર્વ પ્રાથમિક શાળાના આયોજન વિષે બોલતાં શ્રી. હેમલતાબહેને કહ્યું હતું કે બાળકના સામાજિક વ્યક્તિત્વનો વિકાસ સરખી વયનાં બાળકો સાથે સહવાસમાં રહેવાથી સારી રીતે વિકસી શકે છે. બાળકના જીવનના સંસ્કારો બાળમંદિરમાં જ કેળવાશે. અને બાળકમાં 'वसुधैव कुटुम्बकम्'ની ભાવના પણ એક બાળશિક્ષક જ પ્રેરી શકશે.

બાળકોના આરોગ્ય વિષે બોલતાં શ્રી. નામલેભાઈએ જણાવ્યું હતું કે બાળકોની આરોગ્યની ટેવો (health habit) સુધારવાની ઘણી જરૂર છે. તેને માટે બાળમંદિરોએ નીચેની વસ્તુઓ ઉપર ધ્યાન આપવું જરૂરી છે, જેમકે યોગ્ય આહાર તથા પૂરતા પ્રમાણમાં પાણી તથા બાળકને શાળામાં વિશ્રાંતિ લેવાની સગવડો.

પૂર્વ પ્રાથમિક શાળામાં હસ્તવ્યવસાય વિષે બોલતાં શ્રી. હેમલતા બહેને જણાવ્યું હતું કે પહેલાં જેમ કેળવણી Three R's ની હતી તેમ આજે તે Three H's ની થઈ છે. જેમાં Hand, Head and Heartનો સમન્વય સધાય છે. ચિત્રકામ અને માટીકામ જેવા હસ્તવ્યવસાય દ્વારા બાળક પોતાની ભાવનાઓનો આવિષ્કાર કરી શકે છે, અને દબાયેલી વૃત્તિઓનું વિમોચન સાધી શકે છે. આ સાથે પૂંણી કામને પણ બાલમંદિરમાં સ્થાન હોવું જોઈએ જેથી મૂલોદ્યોગની પૂર્વ તૈયારી સાધવામાં બાલમંદિરો કંઈક અંશે મદદરૂપ થાય.

તા. ૧૮–૧૦–૫૯ના રોજ 'આજુબાજુની દુનિયાનો પરિચય.' વિષય પર બોલતાં શ્રી. નામલેભાઈએ જણાવ્યું હતું કે આ પરિચયમાં (૧) સૃષ્ટિ પરિચય તથા (૨) સમાજ પરિચયનો સમાવેશ થાય છે. પ્રત્યક્ષ અનુભવદ્વારા બાળક સચોટ જ્ઞાન મેળવી શકે છે. માટે બાળમંદિરમાં બાલપ્રવાસને ઘણું વધુ મહત્ત્વ આપવું જોઈએ.

સૃષ્ટિ પરિચયનો ખ્યાલ શિક્ષકો વધુ સ્પષ્ટ રીતે બાળકો સમક્ષ રજૂ કરી શકે માટે એ વિષયના

નિષ્ણાત શ્રી. માધવરાવ રાઉતનું એક પ્રવચન યોજવામાં આવ્યું હતું. શ્રી રાઉતે જણાવ્યું હતું કે બાળકોને કુદરતનો પરિચય કરાવતાં પહેલાં શિક્ષકે એ વિષયની માહિતી પ્રાપ્ત કરવી જરૂરી છે.

ત્રીજા દિવસની બેઠકમાં કેન્દ્રીય સંસ્થાની જરૂરિયાત પુરવાર કરતાં શ્રી. નામલેભાઈએ સુંદર મંતવ્યો રજૂ કર્યાં હતાં.

જગ્યાના અભાવે હાલ એવી કોઈ કેન્દ્રીય સંસ્થા નથી જ્યાં શિક્ષકો માનસિક આરામ મેળવી શકે તથા વધુ અભ્યાસ કરી શકે. આ અંગે શિશુવિહાર મંડળે ઈમારત નિધિની એક યોજના ઘડી છે.

આ કેન્દ્રીય સંસ્થામાં પ્રયોગશાળા, વાંચનાલય, શિક્ષકો માટે આરામગૃહ તથા નિવાસસ્થાન, અધ્યાપન મંદિર અને પ્રાથમિક શાળા તથા પ્રાયોગિક બાલમંદિરનો સમાવેશ થાય છે.

ઇન્દ્રિય શિક્ષણની કાર્યપદ્ધતિ વિષે બોલતાં શ્રી. નામલેભાઈએ જણાવ્યું હતું કે હાલ માનસશાસ્ત્રીય ભૂમિકા બદલાઈ છે; અને જે કામમાં વધુ હેતુપ્રેરણ હોય તેમાંથી જ વધુમાં વધુ ઇન્દ્રિય શિક્ષણ પ્રાપ્ત થાય છે. મેડમ મોન્ટેસોરીનાં સાધનો પાછળ આવું પ્રબળ હેતુપ્રેરણ ન હોવાથી અમુક પ્રસંગે એ સાધનો આ કસોટીમાંથી પસાર થતાં નથી.

શોભારચના, શિલ્પરચના તથા બાંધકામનાં કેટલાંક નવાં સાધનોનો ઉપયોગ પણ સ્પષ્ટ કરવામાં આવ્યો હતો.

ચોથી બેઠકમાં લેખન અને વાચનને બાળમંદિરમાં કેટલું મહત્વ આપવું જોઈએ એ વિષેના પોતાના વિચારો શ્રી. નામલેભાઈએ વ્યક્ત કર્યા હતા.

બાળકમાં વાંચનાભિમુખતા reading readiness લગભગ સાડા ૬ વર્ષની વયે આવે છે એમ જણાવ્યું હતું.

દરેક બાલમંદિરમાં ઢીંગલીઘરને પણ સ્થાન હોવું અનિવાર્ય છે કારણકે શરૂમાં કાલ્પનિક જણાતી આ રમતો આગળ જતાં રચનાત્મક કક્ષાએ પહોંચે છે.

આ વ્યાખ્યાનમાળાઓ સાથે વચ્ચે વચ્ચે ચર્ચા-સભાઓ ગોઠવવામાં આવી હતી, જેમાં શિક્ષકોએ પોતાના બાળમંદિરનાં બાળકો અંગે મૂંઝવતા પ્રશ્નોના ઉત્તરો મેળવ્યા હતા.

વ્યાખ્યાનમાળા દરમ્યાન સાંભળેલા ભિન્ન ભિન્ન વિષયોનું પ્રાત્યક્ષિક જ્ઞાન શિક્ષકોને મળે એ દૃષ્ટિથી શિશુવિહારમાં એક નાનકડું પરંતુ સુંદર અને અભ્યાસપૂર્ણ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

આ પ્રદર્શન મુખ્યત્વે આઠ વિભાગમાં વહેંચવામાં આવ્યું હતું. પ્રદર્શનની શરૂઆતમાં જ આદર્શ બાળમંદિરનું એક સુંદર પ્રોજેક્ટ બ્લુ કરવામાં આવ્યું હતું. આ સાથે ભીંતપત્રોની મદદ દ્વારા એક આદર્શ બાળમંદિરનું આયોજન કરવામાં મદદ-રૂપ થઈ શકે તેવી સામગ્રી પીરસવામાં આવી હતી.

થોડુંક આગળ વધતાં બાળમંદિરમાં અત્યંત જરૂરી એવા ક્રીડાંગણનું પ્રોજેક્ટ બ્લુ કરવામાં આવ્યું હતું. અને તે અંગે જરૂરી ભીંતપત્રો મૂકી કયાં સાધનો દ્વારા કયા સ્નાયુઓનો વિકાસ સાધી શકાય છે તે સ્પષ્ટ કરવામાં આવ્યું હતું.

જમણી બાજુએ બાળકોનો આહાર કેવો હોવો જોઈએ તે ભીંતપત્રો દ્વારા બતાવવામાં આવ્યું હતું અને શરીરને આવશ્યક એવાં જીવનસત્ત્વો તથા ક્ષારો બાળકોને કયા ખોરાકો દ્વારા આપી શકાય તેની માહિતીપૂર્ણ વિગતો આપવામાં આવી હતી.

અંદરના ઓરડામાં મુક્તવ્યવસાય તથા ઇન્દ્રિય-શિક્ષણ અંગેની આધુનિક કલ્પનાઓને વધુ સ્પષ્ટ રીતે મૂર્ત સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આમાં ઢીંગલીઘર શિલ્પરચના અને શોભારચનાનાં આકર્ષક સાધનો ખાસ ધ્યાન ખેંચતાં હતાં. જુદા જુદા શિક્ષણશાસ્ત્રીઓના ઇન્દ્રિયવિકાસ અંગેનાં મંતવ્યો રજૂ કરવામાં આવ્યાં હતાં જેમાં રૂસો, ફ્રોબેલ, પેસ્ટોલોઝી, મેડમ મોન્ટેસોરી વગેરેનો સમાવેશ થાય છે; અને છેલ્લે આધુનિક મનોવિજ્ઞાનને આધારે થએલાં સંશોધનો બતાવવામાં આવ્યાં હતાં.

આગળ જતાં નાની એવી રેલગાડીના એક ભીંતચિત્ર દ્વારા સ્ટેશન ઉપર થતા વિવિધ વ્યવહારોની વિગતે માહિતી આપવામાં આવી હતી.

એક તરફ બાળકો સમક્ષ રજૂ કરી શકાય તેવાં વૈજ્ઞાનિક રમકડાંઓની રજુઆત કરવામાં આવી હતી.

અહીંથી ત્રીજા ઓરડામાં પ્રવેશતાં લોખીમાં ચિત્રકામ, માટીકામ, કાતરકામ વગેરે હસ્તવ્યવસાયો કયા ક્રમમાં આપવા તે બાબતની સ્પષ્ટ કલ્પના આપવામાં આવી હતી.

છેલ્લા ઓરડામાં નાખી દેવા જેવી નકામી વસ્તુઓમાંથી મનને આકર્ષે એવા કેટલાક સુંદર નમૂનાઓ બનાવી મૂકવામાં આવ્યા હતા. અહી પ્રદર્શન પૂરું થયું હતું.

શિશુવિહાર મંડળ દ્વારા આયોજીત આ સંસ્કાર-વર્ગ કેવળ શિક્ષકો પૂરતો જ મર્યાદિત ન રહેતાં અમારા જેવા એક સંચાલક માટે તથા અન્ય વાલીઓ માટે એક અત્યંત માહિતીપૂર્ણ આયોજન હતું. પાંચ દિવસના આ ભરચક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ દરેક વ્યક્તિએ આ આયોજન દ્વારા બાળ-કેળવણી માટે જરૂરી એવું ઘણું જ મેળવ્યું છે.

આવા સંસ્કારવર્ગો શિશુવિહાર મંડળ સર્વ-સામાન્ય જનતા અને ખાસ કરીને સંચાલકો માટે ભવિષ્યમાં યોજશે એવી આશા રાખવી અસ્થાને નહિ ગણાય.

મધુરીબેન મ. વ્યાસ
તથા
લક્ષ્મીદાસ ગો. ઠક્કર
૫/૬ ડી બ્લોક
મીરાણી નગર,
મુલુંડ, મુંબઈ–૮૦

ફ્રોબેલની ઈનામ અને પ્રવૃત્તિ યોજના

ફ્રોબેલની કિંડર ગાર્ટન પદ્ધતિમાં સૌથી વધુ લક્ષવેધક અને મૌલિક મહત્ત્વનો ભાગ એટલે તેમને પૂર્વ–પ્રાથમિક વયના બાળકોને રમતા રમતા 'જ્ઞાન' આપવા માટે સાધનો સહિત યોજેલી ઈનામ તથા પ્રવૃત્તિની યોજના. આ યોજનામાંના સાધનો ઉપર ફ્રોબેલે ૧૮૩૬ થી તે ૧૮૫૦ સુધીના સોળ વર્ષ પ્રયોગો કરીને તેને આખરી સ્વરૂપ આપ્યું. ૧૮૫૦ના 'ધી વીકલી જર્નલ ઑફ એજ્યુકેશન'ના એક અંકમાં ઈનામ અને પ્રવૃત્તિ અંગેની પોતાની યોજના તેમણે પ્રકાશિત કરી હતી. ઈનામની યોજનામાં કુલ નીચેની નવ પેટીઓ તેમણે યોજી છે.

૧. રંગીન છ દડાની પેટી.

૨. ગોળ, ઘન અને નળાકારની પેટી.

૩. મોટા ઘન અને તેના ભાગ.

૪. મોટા ઘન અને તેના ઘન લંબચોરસ ભાગ.

૫. મોટા ઘન તથા ઘનાકાર અને ત્રિકોણાકાર ભાગ. (ત્રીજી પેટીનું વિસ્તરણ)

૬. મોટા ઘન અને તેના ઘન લંબચોરસ ભાગ. (ચોથી પેટીનું વિસ્તરણ)

૭. ક્ષેત્રાકારની પેટી.

૮. સળીની પેટી.

૯. વર્તુળ અને અર્ધવર્તુળાકાર રિંગની પેટી.

આ ઈનામનાં સાધનો ઉપરની રમતમાં બાલમનના આવિષ્કારને (Expressing world within) અવકાશ મળે છે એવી ફ્રોબેલની સમજણ હતી. આ જ સમજણને આધારે એણે આ ઈનામોની સાથોસાથ બાળકોને યોગ્ય એવી પ્રવૃત્તિ યોજના પણ કરી હતી. ફ્રોબેલની દૃષ્ટિથી 'ઈનામ' અને 'પ્રવૃત્તિ' એમાં કંઈ ફરક નથી. આ બન્ને બાબતો એકબીજાને પોષક નિવડે એ દૃષ્ટિથી તેણે યોજેલી ઈનામ ઉપરની રમતમાં બાળક જે કંઈ શીખે છે તેનો જ વધારે અભ્યાસ પ્રવૃત્તિમાં થાય છે. બીજા શબ્દોમાં પ્રવૃત્તિ એટલે ઈનામ યોજનાનું વ્યવહારિક સ્વરૂપ એવી ફ્રોબેલની કલ્પના હતી.

તેમની પ્રવૃત્તિઓનું વર્ગીકરણ નીચે પ્રમાણે કરી શકાય. તેમ છતાં આ વર્ગીકરણમાંનો ક્રમ હમેશ આવો જ રાખવો જોઈએ એવું નથી. શિક્ષક જરૂરિયાત પ્રમાણે તેમાં ફેરફાર કરી શકે છે.

(૧) ઘનાકાર અંગેનું જ્ઞાન : માટી કાર્ડબોર્ડ તથા કાગળનો ઉપયોગ કરીને આકાર બનાવવો.

(૨) ક્ષેત્રાકાર અંગેનું જ્ઞાન : ઘડીકામ, કાતરકામ, રંગકામમાંથી આપવું.

(૩) રેષા તથા બિન્દુ : આ વિષેનું જ્ઞાન કાગળની પટ્ટીઓ ગૂંથીને સાદડી બનાવવી, કિંડર ગાર્ટન, સિવણકામ, મીણ, ગુચ તથા સળીઓનો ઉપયોગ, પટ્ટી પટ્ટીઓનું ચિત્રકામ, મુક્ત ચિત્રકામ, માટીકામ, જાળીકામ

વ્યવસાયમાં વલણશીલ (plastic) પદાર્થનો ઉપયોગ કરવો એ મુખ્ય વાત જણાય છે. આવા પદાર્થોના વિવિધ આકાર બનાવવા, તે બદલીને નવા આકાર બનાવવાની વાત ખાસ કરીને આવે છે. ફ્રોબેલની ઈનામ અને પ્રવૃત્તિની સામાન્ય કલ્પના લીધા પછી આ સાધનમાંથી રમતા રમતા શિક્ષણ આપવાની ફ્રોબેલની કેવી કલ્પના હતી તે જોઈએ.

ફ્રોબેલની ક્રીડનપદ્ધતિ

ઈનામની પહેલી પેટીમાં મૂળ રંગના ત્રણ અને તેમાંથી થનારા બીજી શ્રેણીના ત્રણ રંગો એટલે લાલ, પીળો, ભૂરો, લીલો, કેસરી અને જાંબુડી આમ છ રંગના ઉનના નરમ છ દડા છે. તેમાંના એક લાલ રંગના દડાની મદદથી કઈ કઈ રમતો શીખવી

પ્લેટો ૬૬ પેન
સૌ કોઈની
પેન છે
મરણ કે એ
મજબુત છે,
લખવામાં સરળ છે,
તેની નીબ ટકાઉ છે;
શાહી સહેલાઇથી
ઉતરે છે, બનાવટ
વિશ્વસનીય અને
દેખાવ મોહક છે.



તરહેતરેહની
પ્લેટો પેન
રૂ. ૪ થી
રૂ. ૨૭-૫૦
સુધીની કિંમતમાં
મળે છે

PLATO

plato

66

મહાને પ્રોડક્ટ્સ

સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ
ધી બેસ્ટ ફાઉન્ટન પેન કંપની
પો. બો. નં. ૨૪૨૧, મુંબઇ

શકાય તે ફોબેલે જ સૂચવ્યું છે. આ પેટીમાંથી એક દડો કાઢીને શિક્ષિકા બાળકોની સામે જમીન ઉપર મૂકે છે. તેને ધક્કો મારીને તે કેવી રીતે ગબડીને છોકરાઓની પાસે પહોંચે છે તે તરફ ધ્યાન ખેંચે છે. ત્યાંથી તે ફરીથી પોતાની તરફ ગબડાવવા કહે છે. તે જ પ્રમાણે જમણી બાજુ, ડાબી બાજુ, ઉપર, એમ ગતિ આપીને બાળકોને દિશાનું જ્ઞાન આપી શકાય. પછી આ બૉલને એક દોરી બાંધીને એ લંબરેષામાં કેવી રીતે લટકે છે, કેન્દ્રની આસપાસ કેવી રીતે ગોળ ગોળ ફરે છે તે બતાવે છે.

બાળકો બૉલ હાથમાં લે ત્યારે તેનું વજન, તેનું પોચાપણું બાળકોના ધ્યાનમાં આવી શકે છે, તેવી જ રીતે તેને ઉપર ફેંકીને અથવા સામસામે ઝાલીને બાળકોના હાથના સ્નાયુનો વ્યાયામ મળશે. શિક્ષિકાબેન જે કરે છે તે બધી રમતો બાળકો પોતે કરી જુએ છે. આવી રીતે બાળકો રમે છે. તેમાં તેમને મઝા પડે છે. રમતા રમતા દડાના રંગની કલ્પના બાળકોને મળે છે. આ દડાનો રંગ કોના જેવો દેખાય છે, કોના જેવો દેખતો નથી એની ચર્ચા કરીને બાળકોને રંગનો પરિચય કરાવે છે. તે જ પ્રમાણે આ દડો કેવો પોચો છે તે સમજાવે છે. ટેબલ દાબીને જુઓ, દડો દાબીને જુઓ, ટેબલ કઠણ છે અને દડો કેવો તેના કરતા જુદો લાગે છે, આ રીતે દડા અંગેની જુદી જુદી સંવેદનાને આધારે તેના બાળકોનું ઇન્દ્રિય શિક્ષણ કરે છે. દડાની મંદ તથા ત્વરિત ગતિનું, તે ગતિદ્વારા સૂચિત થતી દિશાનું, તેના આકારનું જ્ઞાન, શિક્ષિકાબેન કરાવે છે. એમાં અપ્રત્યક્ષરીતે બાળકોને અનેક શબ્દોનો અર્થ સમજાય છે. તેનો નિશ્ચિત સંદર્ભમાં કેવી રીતે ઉપયોગ કરવો એ બાળકો સમજવા લાગે છે. આ રીતે ગ્રહણશક્તિ અને વિચાર પ્રગટ કરવાની શક્તિનો વિકાસ થઈને તેની માતૃભાષાનો વિકાસ થાય છે. એમાં બાળકોનું અવલોકન સૂક્ષ્મ બને છે. તેનો વિવિધ અનુભવ મળે છે. જાતે પ્રયોગો કરતા આવડે છે અને તે અંગે બીજા સાથે વાતો કરવાની તક મળે છે.

કેળવણી અંગેની ફ્રોબેલની કલ્પના

કેળવણીની કલ્પના કોઈ ગમે તે કરે તો પણ તેમાં નીચેના ત્રણ ઉદ્દેશનો સમાવેશ થવો જ જોઈએ. તેમાંનો પહેલો ઉદ્દેશ એટલે જ્ઞાન સંપાદન. બીજો એટલે શારીરિક અને માનસિક શક્તિનો વિકાસ, અને ત્રીજો ઉદ્દેશ એટલે ક્રિયાકુશળતાનો વિકાસ. વિવેચન માટે આ ત્રણે ઉદ્દેશો જુદા છે એ દર્શાવ્યા છતાં એ બધાનો ઉદ્દેશ એટલે બાળકનો વિકાસ કરવો એ છે. આ ઉદ્દેશો એટલે સમગ્ર વિકાસની જુદી જુદી બાજુ છે, એમ આપણે સમજવું જોઈએ. પ્રસિદ્ધ શિક્ષણ-વેત્તા હાર્બર્ટ સ્પેન્સરે શિક્ષણ એટલે " પૂર્ણ જીવનની તૈયારી' Preparation for complete living." એવું કહ્યું છે. એટલે જ્ઞાનસંપાદન, ક્રિયાકૌશલ્ય સંપાદન, અથવા શરીર અને મનનો વિકાસ સાધવા માટે સ્વતંત્ર જુદા જુદા કાર્યક્રમોની જરૂર નથી. એક જ કાર્યક્રમમાંથી કેળવણીના આ ત્રણે ઉદ્દેશો સાધ્ય કરતા આવડવા જોઈએ. કારણ આ બધી બાબતોને પરસ્પર નિકટનો સંબંધ છે. તેનો વિકાસ એક બીજા વિકાસ થયા ઉપર જ અવલંબે છે.

આજની બેઝીક કેળવણીમાં ક્રિયા અને જ્ઞાનમાં સમવાયનો જે સિદ્ધાન્ત છે તેનું મૂળ આપણી કિંડરગાર્ટન પદ્ધતિમાં જોવા મળે છે. ફ્રોબેલના મત પ્રમાણે કેળવણીની પ્રક્રિયામાં ત્રણ ક્રિયાની સ્પષ્ટતા થવી જોઈએ. આમાંથી પહેલી ક્રિયાને એ 'ગ્રહણ' (Taking in) કહે છે. બીજી ક્રિયા એટલે 'પચન' (Assimilating) અને ત્રીજી ક્રિયાને 'પ્રગટન' (Giving out expression)'. એમાંની દરેક ક્રિયા બીજી બે ક્રિયા વ્યવસ્થિતરીતે તથા સારી રીતે થવા ઉપર અવલંબે છે. ઉપર કહ્યા પ્રમાણે વિકાસ સમગ્ર રીતે થતો હોય છે. "આ જેમ ફ્રોબેલની પદ્ધતિનું એક મૂળભૂત તત્ત્વ છે તે જ પ્રમાણે" વિકાસની ક્રિયા-પ્રક્રિયા અનુબંધિત હોય છે. આ એમનું બીજું મૂલભૂત તત્ત્વ છે. દા. ત. પચનની પ્રક્રિયા એ સારી રીતે ગ્રહણ થવાની પ્રક્રિયા ઉપર આધાર રાખે છે, ત્યાર પછી એ જ બાબતો પ્રગટ કરવા માટે મળતો યોગ્ય અવકાશ મેળવી આપવો તથા તે અંગે બાળકોને બોલવાની તક આપીએ એટલે પ્રગટનની ક્રિયા થએલી કહેવાય. આ બન્ને ક્રિયા સારી થાય એટલે જ જ્ઞાન સંપાદન અથવા 'પચન' થઈ શકે છે.

જ્ઞાન સંપાદન એટલે માહિતીનો સંગ્રહ કરવો એવું ફ્રોબેલ સમજતા નહોતા. માહિતી અંગભૂત

સ્વતંત્ર ભારતમાં બનતી સ્વદેશી બનાવટોને ઉત્તેજન આપો.

બનીને જ્યારે માહિતી વ્યક્તિત્વા વર્તનમાં પરિવર્તન આણે તેને જ જ્ઞાન કહે છે. એટલે શિક્ષણમાંનું જ્ઞાન સંપાદન એટલે માહિતી સંપાદન કરવી એમ નથી. આ જ્ઞાનથી શરીર અને મનની શક્તિ વધવી જોઈએ. તે જ પ્રમાણે વ્યક્તિની ક્રિયા કુશલતા વધવી જોઈએ એવી ફ્રોબેલની અપેક્ષા છે.

ઈનામ અને પ્રવૃત્તિમાં આ તેમની શિક્ષણપ્રક્રિયા વિષેની બાબતોને તેમણે ખાસ પ્રાધાન્ય આપ્યું છે. શિણુણમાંનું 'ગ્રહણ' 'પચન' અને 'પ્રગટન' આ ત્રણે ક્રિયા કેવી રીતે સારી રીતે થઈ શકે એનો પણ એમણે વિચાર કર્યો છે. તેથી તેમના શિક્ષણનું સૂક્ષ્મ તંત્ર સમજી લેવા માટે તેમની ઈનામની યોજનાનો થોડો વિગતવાર વિચાર કરીએ.

(૧) પહેલું ઈનામ: રંગીન ૭ દડાની પેટી.

આ પેટીમાં ત્રણ ચાર વર્ષનાં બાળકોના હાથના પ્રમાણના આકારના ૭ ઉનના દડા છે. એમાંના દરેક દડાનો રંગ જુદો જુદો છે. ઉપર કહ્યા પ્રમાણે લાલ, પીળા તથા ભૂરો આ મૂળ રંગનો એક એક દડો છે. આ રંગના મિશ્રણમાંથી થનારા કેસરી, લીલો અને જાંબલી રંગનો એક એક દડો છે. આકારમાં આ દડા સરખા છે. આ દડા સાથે રમતાં રમતાં બાળકની શિક્ષણવિષયક ગ્રહણક્રિયા સારી થાય એ દૃષ્ટિથી ફ્રોબેલે આ દડામાંનું સરખાપણું તેના રંગમાંના વિરોધ તરફ લક્ષ ખેંચવાનું સૂચન શિક્ષકને હોય છે. જે બે બાબતોમાં ફરક દેખાય છે એવી બાબતોની જોડી બનાવીને જો આ બાબતોનો પરિચય બાળકને કરી આપીએ તો તેને સારી રીતે ધ્યાનમાં રહે છે એમ ફ્રોબેલનું કહેવું છે. ફ્રોબેલનું આ તત્ત્વ 'વિરોધ નિદર્શનનો સિદ્ધાંત' Doctrine of Contrast તરીકે જાણીતું છે. ફ્રોબેલ પછી મેડમ મોન્ટેસોરીએ આ જ તત્ત્વનો ઉપયોગ કરેલો દેખાય છે. વિરોધી બાબતોના નિદર્શનને લીધે વસ્તુ, વસ્તુમાંનો ફરક તરત લક્ષમાં આવે છે. એના ગુણ-ધર્મમાંનું જુદાપણું આંખમાં તરી આવે છે અને બાળકોના ધ્યાનમાં રહે છે. પરંતુ વિરોધી બાબતોના પરિચય પછી તરત તેમાંની દરેક બાબત શેના જેવી દેખાય છે એવો પ્રશ્ન કરીને તે સામ્ય શોધવાનો પ્રયત્ન કરે છે. 'આ દડો ભૂરો' અને 'આ દડો લાલ' આ વિરોધી રંગનો પરિચય પછી તે 'આ ભૂરો શેના જેવો છે?' 'આ લાલ શેના જેવો છે?' એવા પ્રશ્નો પૂછીને બાળકના મનમાં સરખામણી કરવા તે સૂચવે. તેમાંના સરખાપણા અને વિરોધ તરફ ધ્યાન ખેંચવું. વસ્તુનો પરિચય દૃઢ કરી લેવા માટે જુદા જુદા ગુણધર્મોનું જે પૃથક્કરણ બાલમનમાં ચાલુ હોય છે તેને ફ્રોબેલ મદદ કરે છે. ગુણધર્મ પૃથક્પણે ધ્યાનમાં લેવાથી વસ્તુ અંગેનું સમગ્ર જ્ઞાન વધુ સ્પષ્ટ થાય છે. બધા ગુણધર્મો મળીને વસ્તુ બને છે એ બાબત ધ્યાનમાં લેવાની પ્રક્રિયાને "સંકલન" Synthesis કહે છે.

આ સંકલન એટલે સમગ્રપણે વસ્તુ સમજી લેવાની એક પ્રકારની મનની હિલચાલ સમજવી



જોઈએ. ગુણધર્મો છૂટા પાડવા અને ફરીને તે સમગ્ર રીતે સમજવું એટલે પહેલાં ગુણધર્મોનું પૃથક્કરણ તથા પછી તેનું સંકલન કરીને સમગ્ર રીતે જોવાની એ ક્રિયા ગ્રહણક્રિયામાં થતી હોય છે. જ્ઞાનનો બધો

વિકાસ આ રીતે થતો હોય છે. પરંતુ આ ફક્ત ગ્રહણક્રિયા વિષે થયું. ગ્રહણક્રિયાની સાથોસાથ પ્રગટનને પણ અવકાશ મળવો જોઈએ. પ્રાપ્ત થએલું જ્ઞાન વાચનના દ્વારા અથવા ક્રિયા દ્વારા પ્રગટ થવું જોઈએ. તેથી ફ્રોએલ નાના બાળકોની વય ધ્યાનમાં લઈને આ રમતમાં સંગીત અને અભિનય–કલા કરી લે છે. કોઈ કોઈ વાર પ્રગટનકલાને અવકાશ મળવાની દૃષ્ટિથી તે જુદી જુદી રમતનો ઉપયોગ કરે છે. ચિત્રકલા, માટીકામ કાગળકામ, રચના- કામ, વગેરે જે ફ્રોએલે વિવિધ પ્રવૃત્તિઓ સૂચવી છે તેમાં જ્યાં જ્યાં પ્રગટનને અવકાશ મળવાની શકયતા છે તે બધી બાબતોનો ઉપયોગ કરી લે છે. ઈનામયોજનાનાં બધાં સાધનો ઉપરની રમતનું આ જ મુખ્ય તંત્ર છે– 'ગ્રહણ'' અને 'પ્રગટન'. આ તંત્રને લીધે જ બહુ જ્ઞાન પ્રાપ્ત થઈને વ્યક્તિના શારીરિક અને માનસિક કુશળતાનો વિકાસ થાય છે એવું ફ્રોએલનું કહેવું છે. તેની ઈનામ અને પ્રવૃત્તિ યોજનાનો આગળના લેખમાં ક્રમશઃ વિચાર કરીશું.

શેષ આવતે

મને મેળાયે કરવા દ્યો

હીરાને અઢી વર્ષ થયાં છે. એ નળ ઉપર મોઢું ધોવા ઉભી પણ મેળાયે મોઢું ધોવામાં મુશ્કેલી પડે છે. હાથ નાના છે. ખોબામાં નળમાંથી પાણી ઝીલતાં ફાવતું નથી. એ ખુલ્લા નળ નીચે પોતાની નાની હથેળી ધરે છે. તેના ઉપરથી દડતું નળનું પાણી આનંદપૂર્વક જોયા કરે છે.

છેવટે એ પોતાનું મોઢું ધોવાનું શરૂ કરે છે, અને હાથમાં આવે તેટલું પાણી લઈ એક જ ગાલ ધૂવે છે. બીજો ગાલ ધોવાનું ભૂલી જાય છે. આંખો ધોવાનું તો રહી જાય છે. કાન ધોવા પાણી લઈને કાને અડાડવા જતાં ટચુકડી આંગળીઓથી પાણી ટપકી નીચે પડે છે. તેનાં ટપકતાં ટીપાં જોવામાં તલ્લીન બને છે.

હીરા મોઢું ધોઈને આવે તેની વાટ જોતી મા ઉભી છે. આખરે વધુ વાર થતાં મા કંટાળે છે. ગુસ્સે થાય છે. તેને વધુ વખત ઉભા રહેતા કંટાળો આવે છે કારણ કે તેને બીજાં કામો બોટી થાય છે. એટલે હીરાનું બાવડું કચકચાવીને પકડી ગુસ્સાભર મા મોઢું ધોવા લાગે છે. અને...

હીરા ચીસો પાડે છે. 'મને મારી મેળે કરવા દ્યો' એમ કહી ધમપછાડા કરે છે. પણ મા તેને ગણકાર્યા વગર એક લપાટ મારી ઝટપટ મોઢું ધોઈ ઘરમાં લઈ જાય છે.

મોટેરા આમ શા માટે કરતા હશે? તેને બબર નથી કે બાળકને મેળે કરવું હોય ત્યારે ધીરજથી તેને કરવા દેવું જોઈએ.

નાનપણથી જ બાળક મેળે કરતું હોય ત્યારે તે કામમાં મદદ કરીને તે કામની ઝીણવટ ભરી ક્રિયા બતાવીને તેને સમજણ પાડવી જોઈએ.

બાળકોને નિયમિત રીતે તાલીમ આપી ધીરે ધીરે કેટલીક ટેવો પાડવામાં આવે તો એ ટેવો જીવનભર રહે છે. ઉપરાંત બાળકના સ્વભાવ ઉપર બળજબરીની હંમેશાં બરાબ બસર પડે છે. એથી તે હઠીલું થઈ જવા સંભવ છે.

જો બાળક માટે મોટેરા બધું જ કરી આપે તો મોટું થતાં એ દરકાર થઈ જાય છે.

બાળક કશુંક કરતું હોય ત્યારે તેની ધીમી ગતિ જોતાં ગમે તેટલો કંટાળો આવતો હોય તો પણ મન ઉપર સંયમ રાખી શાન્તિથી તેને કરવા દેવું જોઈએ. બાળકને કામ કરવાની સ્વતંત્રતા આપી તેને દોવરણી આપવી જોઈએ અને કામ કરવાની સાચી રીતો ઝીણવટભરી વિગતથી બતાવવી જોઈએ અને બાળકને સ્વતંત્ર રીતે કામ કરવાના પ્રયાસોને ઉત્તેજન આપવું જોઈએ.

નર્મદાબેન રાવલ

બોલ્યું ચાલ્યું માફ કરજો

બાળકો બાલમંદિરમાંથી ઘેર જવાની તૈયારીમાં હતાં. સૌ પોતપોતાનાં બુટ–ચંપલ પહેરવાના કામમાં રોકાયેલાં હતાં. કોઈ પોતાની મેળે બુટ પહેરીને બહેનની રજા લઈને વિદાય લેતાં હતાં તો કોઈ પોતાની શેરીનાં બાળકોની મંડળી બનાવી સાથે જવાની તૈયારી કરતાં હતાં. થોડાં બાળકો તેડવા આવેલ વ્યક્તિ સાથે ગયા પણ હતાં.

રળિયાતમા પોતાના પૌત્ર કિશોરને લેવા આવેલ. માને જોઈને કિશોર સેંડલ લઈને શિક્ષિકાબહેન પાસે આવ્યો ને કહેવા લાગ્યો 'મને જલ્દી સેંડલ પહેરાવો. મારે મા સાથે જવું છે' શિક્ષિકાબહેને સેંડલ પોતે પહેરે તેમ કહ્યું. કિશોરે ના પાડી. શિક્ષિકાબહેને આગ્રહ રાખ્યો એટલે કિશોર રડી પડ્યો ને માની પાસે દોડી ગયો.

મા ઉતાવળાં થયાને તાડુકયા 'તમે છોકરાને રોવરાવવો છો શેના ? તમે બધાં શું કરો છો ? તે કાંઈ ચોગ્ય કહેવાય ? તમને છોકરા રોવરાવવા રાખ્યા છે ? જોડા પહેરાવતા કાંઈ શરમ લાગે છે ?'

બહેને શાંતિથી ઉત્તર આપ્યો 'મા આવું ન બોલો. આમાં કિશોરને હેરાન કરવાની વાત નથી. અમે તો બાળકો પોતે પોતાનું કામ કરતાં શીખે એટલા માટે આમ કરીએ છીએ. કિશોરે ગઈકાલે પોતાની મેળે બુટ કાઢયા હતાં અને પહેર્યાં હતાં. આજે તમને જોઈને તેમ ન કરતાં રડવા લાગ્યા. કાલે તો આવું કાંઈ ન હોતું કર્યું માટે મારી તો તમને વિનંતી છે કે તેમનું કામ તેમને પોતાને કરવા દો. તે પોતાની મેળે કામ કરતાં શીખી જશે અને તે માટે બીજાની જરૂર નહિ રહે. સમજ્યાને મા ? આમ ઉતાવળા થઈને અમને વઢો કાં ? તમારા જેવા અનુભવી પાસેથી તો અમારે હજુ ઘણું શીખવાનું છે. આપ અમને આમ ધમકાવો



રળિયાત મા તો બહેનની નમ્ર વાતથી ખૂબ રાજી થયાં. એમની ઉતાવળે થયેલી ભૂલ સમજાઈ. તે બોલી ઊઠ્યાં "ને બેન, મને બબર નહિ કે આમ હશે. અમારા લાડકા કિશોરને અમે સાચવીને રાખીએ ને તમે રોવરાવો ઈ મને ન ગમ્યું એટલે મેં ઉતા વળે તમને થોડું વઢી નાંખ્યું. હવે મને સમજાણું કે તમે કિશોરને સારો બનાવવા માટે આ બધું કરો છો. હું પણ કાંઈક કરીશ. 'બોલ્યું ચાલ્યું માફ કરશો' કહીને મા એ કિશોર સાથે રજા લીધી.

બીજાં બાળકોનાં વડીલો પોતાના સંસ્કાર–શિક્ષણમાં રસ લે ને ઘટતું કરે તો કેવું સારું?

— જયશંકર ક. જોષી
મીઠાપુર.

"શિક્ષણ પત્રિકા" ને
લગતું

કામકાજની સૂચનાઃ—

નૂ. આ શિક્ષણ સંઘ સંચાલિત ગુજરાતી 'શિક્ષણપત્રિકા'નું આજસુધી કામકાજ અને ઑફિસ "શ્રી સરસ્વતી પ્રિન્ટીંગ પ્રેસ" ભાવનગર મારફત હતું.

હવેથી તે "ઑફિસ દક્ષિણામૂર્તિ બાલમંદિર તખ્તેશ્વર પ્લોટ–ભાવનગરના સરનામે ફેરવેલ છે. આપ સૌને અમારી અમારી નમ્ર વિનતિ છે કે આપનો સઘળો પત્રવ્યવહાર, લવાજમ વગેરે નીચેના સરનામે મોકલવા વિનતિ છે.

— વ્યવસ્થાપક

સ્થળ :—

વ્યવસ્થાપક,
"શિક્ષણપત્રિકા કાર્યાલય"
c/o. દક્ષિણામૂર્તિ બાલમંદિર
તખ્તેશ્વર પ્લોટ : ભાવનગર





મશહૂર નેશનલ-પેનાસોનિક રેડિયોનાં બે ઉમદા મોડલ

દેખાવમાં ખૂબસૂરત... કામ બમણાકામનાં ઉત્તમ

આપના કુટુંબના મનોરંજન માટે નેશનલ-પેનાસોનિક રેડિયોના આ બે મોડલોમાંથી કોઈ પણ એક ઘરમાં વસાવો. તેમની ઉત્તમ કામગીરી આપના પૈસા વસૂલ કરી આપશે. આ બંને રેડિયો 'મૉન્સુનાઈઝ્ડ' હોય છે અને એટલે બધી ગેરંટી ધરાવે છે. આજે જ આ નવીનતમ નેશનલ-પેનાસોનિક ડીલરને ત્યાં તેમને સાંભળો.



મૉડલ ૭૨૭: પાકા લાલ રંગની પ્લાસ્ટિક કેબિનેટમાં સોનેરી રંગની 'ગ્રિલ' હોય છે. મોડલ ૭૨૭માં ૫ બૅન્ડ, ૩ બૅન્ડવાળો રેડિયો, ૨૩૦ વોલ્ટ એસી/ડીસી કરંટ માટે બનાવેલ છે. ૪ બૅન્ડવાળો ડ્રાય બૅટરી સેટ રૂ. ૨૫૦/-

કિંમતો સાફી છે,

[illegible] વેરા જુદા



મૉડલ ૭૨૨: બ્રાઉનિશ રેડ અને બ્લેક કેબિનેટ. મૉડલ ૭૨૨માં ૪ બૅન્ડ, ૩ બૅન્ડ અને ૬ બૅન્ડ, ૩ બૅન્ડ રેડિયો માટે ૫ બૅન્ડ, ૩ બૅન્ડ રૂ. ૨૩૩.

[illegible] રેડિયો

[illegible] બનાવે છે.

ઑપેરા હાઉસ, મુંબઈ ૪ * મદન સ્ટ્રીટ, કલકત્તા ૧૩ ફ્રેઝર રોડ, પટના * ૧/૧૮ માઉન્ટ રોડ, મદ્રાસ * ૩૭/૭૬ સિલ્વર જ્યુબિલી પાર્ક રોડ, બેંગલોર * જોગબિયાન કોલોની, ચાંદની ચોક દિલ્હી * રાષ્ટ્રપતિ રોડ, સિકંદરાબાદ.

આપણાં બન્ને છે

આપણને એમ થાય કે મારામાં કંઈ જ નથી, તેમાં આત્માની દુર્બળતા છે. આપણને એમ થાય કે બસ હું જ છું, મારામાં જ બધું જ છે, તો તેમાં આપણું અભિમાન છે. આપણે જેવા છીએ તેવા જ આપણને સ્વીકારીએ તો અતિ ખેદ અને અતિ હર્ષની ભરતી ઓટ નહિ થાય. આપણાં ન્યૂનતાઓ અને વિશેષતાઓ બન્ને છે.

ન્યૂનતાઓ માટે જાગૃત રહેવું પણ ખિન્ન રહેવું નહિ. વિશેષતાઓ માટે પ્રસન્ન રહેવું પણ મગરૂર રહેવું નહિ.

આપણી શ્રદ્ધા

આજે આપણે કેટલું ઓછું કામ કર્યું એના ઉપર કામ કર્યાનો સંતોષ અસંતોષ, સેવા કર્યાનો આનંદ નિરાનંદ, કે જીવન જીવ્યાની સાર્થકતા ન માપીએ. પણ આપણે જે થોડું ઘણું કામ કર્યું તેની પાછળ આપણી શ્રદ્ધા કેટલી હતી, આપણો પ્રેમ કેટલો હતો, આપણી ધગશ કેટલી હતી, આપણો જીવનઉત્સાહ અને ઉલ્લાસ કેટલો હતો તે જાણી તેના ઉપર કામ કર્યાનો તોલ બાંધીએ.

કામ ઢગલો કર્યું હોય અને છતાં તોલમાં કંઈ જ ન તળે. કામ પાશેર જ કર્યું હોય ને વખતે બાંડી યે તોળાય. બરી વાત કામ પાછળની નિષ્ઠા છે, કામ પાછળનું સત્ય છે.

આપણે જોઈ લઈએ

આપણે વધારે નિકટ આવવા માટે આપણા વચ્ચે અંતર કેટલું છે તે માપી લઈએ.

આપણે સૌનની શક્તિ વધારવા માટે બોલવાની શક્તિ જોઈ લઈએ.

આપણે પ્રેમનો મંત્ર પૂરો સમજવા માટે દ્વેષનું બળ જાણી લઈએ.

આપણે ત્યાગનું મહત્ત્વ જીવનમાં લાવવા પરિગ્રહની મર્યાદા અનુભવી લઈએ.

એમ જ આપણે શાન્તિનું સામ્રાજ્ય સ્થાપવા યુદ્ધનો સાર કાઢી લઈએ.

— સ્વ. ગિજુભાઈ

det

PROUD OF YOUR WASH!

ભારતનો અદ્‌ભુત ડેટર્જન્ટ

પાણી ક્ષારયુક્ત હોય કે ક્ષારમુક્ત, પણ સાબુ કરતાં ડેટ વધુ ઝડપથી કામ આપે છે. ચીકાશને એ ત્વરાથી દૂર કરે છે, ફીણ પુષ્કળ થાય છે અને છારી રહેતી નથી.

ડેટ તમારાં શ્વેત કપડાંને અધિકાધિક શ્વેત બનાવે છે. અને રંગીન કપડાંને આહ્‌લાદક ઉઠાવ આપે છે. તમને સૌથી વધુ ગમતાં અને અત્યંત નાજુક કપડાં ડેટમાં સવિશેષ સલામત છે.

ડેટ વાપરતી વેળા સફેદ કે આસમાની ઝાંય લાવવા માટે અન્ય કોઈ પદાર્થ નાંખવાની જરૂર રહેતી નથી. ડેટમાં જ એવું રાસાયણિક તત્ત્વ હોય છે જે કપડાંને વધુ ચમકદાર બનાવે છે

કેવી

અહા!
આહ્‌લાદક
સ્વચ્છતા!!

સર્વગુણસંપન્ન ડેટ—

સુતરાઉ, ગરમ, રેશમી તથા નાયલૉન અને રેયોનના—સર્વ જાતના કપડાં ધોવા માટે ઉપયોગી છે ઠંડા પાણીમા બનાવેલું ડેટનું દ્રાવણ એ સોને સ્વચ્છ બનાવે છે અને ટકાવી રાખે છે

ડેટ ધૂએ છે સરસ અને સત્વર

ડેટ વાપરી
આનંદી બનો, નિશ્ચિંત બનો,
બગડ્યુર બનો.

સ્વસ્તિક ઑઈલ મિલ્સ લિ. મુંબઇ

એનો કૂવો શુવાનું છે.
કે બીજો ઉતરાવું!



તમે કહેશો: 'માણસ વહેલો મરે જીવન વીમો ઉપયોગી થઇ પડે. પણ મારા જેવા હૃષ્ટ પુષ્ટ જુવાનને જીવન વીમો શા અપનો? હું તો ઘણું જીવવાનો છું.'

માત્ર મૃત્યુ થાય તો જ જીવન વીમો કામ લાગે એવું નથી. જીવન વીમો એટલે ઉત્તમ રીતે બચત કરવાની રીત. જીવન વીમા દ્વારા ફરજિયાત ને ચોક્કસ બચત થાય. જીવન વીમા મારફત તમે પુત્રના શિક્ષણ, પુત્રીનાં લગ્ન અને ઘડપણના દિવસો માટે નિવૃત્તિ વેતનની જોગવાઇ કરી શકો. આમ જીવન વીમો તમારા ભાવિને સુખદ બનાવશે.

લાઇફ ઇન્શ્યોરન્સ કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા

મુદ્રક અને પ્રકાશક: નરેન્દ્ર ગિજુભાઈ બારોટ

નૂતન બાલશિક્ષણ સંઘ સંચાલિત

શિક્ષણ-પત્રિકા

વર્ષ ૬૪ : અંક ૧૦ : જાન્યુઆરી, ૧૯૬૦

સંસ્થાપકો
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી તારાબેન મોડક

તંત્રી :
શેષ નામલે

☆

વાર્ષિક લવાજમ રૂા. ૪/૦૦
છૂટક નકલ ૩૭ નયા પૈસા

કાર્યાલય : શિક્ષણ પત્રિકા : દક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર



ભોજન અને પ્રગતિ



એક પુરાણી કહેવત છે કે 'ભૂખે પેટે કામ ન સુઝે.' તેથીજ આપણા આ વિશાળ દેશમાં રચાઇ રહેલા આર્થિક અને સામાજિક ક્રાંતિકારી પરિવર્તનની જ્વાળ-દ્વારી જેમને પૂરતું પોષણ પણ નથી મળતું એવા લોકો સંભાળે એવી આશા ન રાખી શકાય

આપણા લોકોને પૂરતો ખોરાક નથી મળતો એમ કહે-વાનો જરાય આશય નથી. આપણે ત્રણ ચાર ટંક પેટ ભરીને આરોગીએ અને છતાં પણ આપણને પૂરતું પોષણ ન મળે; આપણે દરરોજ સ્વાદિષ્ટ ભોજન જમીએ તો પણ આપણને પૂરતું પોષણ ન મળે. યોગ્ય પોષણ મેળવતા માણસનો આહાર સાદો હોવા છતાં પણ સમતોલ હશે. દરરોજ તેમાં પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, ખનિજ દ્રવ્યો, વિટામિન અને સ્નિગ્ધ પદાર્થોનો યોગ્ય પ્રમાણમાં સમાવેશ થતો હોય છે. કામકાજ કરતાં મોટાં અને ઉછરતાં બાળકો માટે સ્નિગ્ધ પદાર્થો ઘણાં જ જરૂરી છે કારણકે તેઓ ઘઉં અથવા ચોખા કરતાં ૨૧/૨ ગણી શક્તિ પૂરી પાડે છે અને રોગનો સામનો કરવા માટે શરીરમાં વધારાની શક્તિનો સંગ્રહ કરે છે.

'ડાલ્ડા' વનસ્પતિ શુદ્ધ વનસ્પતિજ તેલોમાંથી બનાવ-વામાં આવે છે અને તેમાં પ્રત્યેક ઔંસ દીઠ ૭૦૦ આંતરરાષ્ટ્રિય યુનિટ વિટામિન 'એ' ઉમેરવામાં આવે છે. તે ઉપરાંત તેમાં પ્રત્યેક ઔંસ દીઠ ૫૬ આંતરરાષ્ટ્રિય યુનિટ વિટામિન 'ડી' પણ ઉમેર-વામાં આવે છે. ઉત્પાદન દરમિયાન 'ડાલ્ડા'ને હાથ લગાડવામાં આવતો નથી અને રાંધવા માટે તેના અનેક વિવિધ ઉપયોગો છે. દર વર્ષે ભારતભરમાં વધારે ને વધારે કુટુંબો 'ડાલ્ડા' ઉપર ભરોસો રાખતા થાય છે અને એ રીતે ભોજનમાં અધિક પોષણ ઉમેરી ને તેને સલામત અને સમતોલ બનાવે છે.

હિન્દુસ્તાન લીવર લિમિટેડ, મુંબઇ.

DL. 474-X52 GJ

શિક્ષણ-પત્રિકા

સહસંપાદકો

આણેકલાલ ઠાકર — લીલાબેન શાહ

યશસ્વતીબેન ભટ્ટ — નરેન્દ્ર બધેકા

ચંદુલાલ વ. ભટ્ટ

જાન્યુઆરી : ૧૯૬૦

અનુક્રમ

	પૃષ્ઠ
સંપાદકીય નોંધ	૧
બાળકો માટેનું સાહિત્ય	૩
કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ	૧૩
બાળકોને કોણ બગાડે છે ?	૧૮
મૂંઝવતા વાલીઓ	૨૨

મૂંઝવતા વાલીઓ

[અનુસંધાન પૃષ્ઠ-૨૪ થી]

તેને લીધે બાળકોના વિકાસની જરૂરિયાત કઈ? બાળકોએ કઈ વયમાં કયું કામ કરવું જોઈએ આ અંગેની એમની નિશ્ચિત કલ્પના હોય છે. બાળક માટેની દરેક બાબતમાં તેમની યોજના, તેમાંના સૂક્ષ્મ વિચાર સાથે તે તૈયાર હોય છે. બાળકે કયો ધંધો કરવો જોઈએ, કેવી રીતે કરવો જોઈએ એ અંગેનો સંપૂર્ણ વિચાર તેમણે કરી રાખ્યો હોય છે. પોતાની જે કંઈ ઇચ્છાઓ પાર પાડી શકાય નથી તે બધી પોતાના બાળક ઉપર લાદતા હોય છે.

આમાંના કેટલાક વાલીઓમાં પોતાનાં બળકનો ઉપયોગ પોતાના ભાવનાત્મક સમાધાન માટે કરી લેવાની વૃત્તિ દેખાય છે. પોતાની પ્રતિષ્ઠા રહે એને માટે માતા અથવા પિતામાં બાળકો પોતાનું જે કહ્યું માને તેથી માનસિક રીતે બાળકોને પોતપોતાની તરફ ખેંચવાનો પ્રયત્ન કરે છે. બાળકો માટે પોતે કેટલું બધું કરે છે એનું સતત પ્રદર્શન કરતા હોય છે. બાળકોના સુખદુઃખમાં સહભાગી થવાનું પણ પ્રદર્શન તેઓ કરતા હોય છે. ટૂંકમાં આ બધા વાલીઓમાં બાળકના સ્વતંત્ર વ્યક્તિત્વની જરા પણ જાણ હોતી નથી. પોતાની જ વિચારસરણી વડે તેઓ બાળકને જુએ છે અને એ જ રીતે એમણે વર્તવું જોઈએ એવો આગ્રહ રાખે છે.

હુકમ બજાવનારા વાલીઓને પણ આપણે આ જ પ્રકારમાં ગણી શકીએ. આવા બાળકોના વાલીઓમાં સામાન્ય રીતે પોતાનું એવું કશું જ વ્યક્તિત્વ હોતું નથી. પોતાનો નિર્ણય લેવાની પાત્રતા તેમનામાં આવતી નથી. બાળકોને તેઓ લૂલા-પાંગળા બનાવી દે છે.

ઉપર જણાવેલા વાલીઓને અમે મૂંઝવતા વાલીઓ એવું કહ્યું છે તે એવા અર્થમાં કે તેમનું શિક્ષણ બીજા કોઈને કરવું અઘરું થઈ પડે છે. તેઓ પોતાનું શિક્ષણ પોતાની મેળે ગમે ત્યારે કરી શકે છે. બાળકનો અસ્વીકાર કરનારા વાલીઓ બાળકોને લીધે ઘરને સ્વર્ગ બનાવેલા વાલીઓનો આદર્શ જોઈને પોતાના વર્તનમાં ફેરફાર કરવાની સુબુદ્ધિ સૂઝવાની. શકયતા છે, અથવા તેમની પરિસ્થિતિમાં ફરક પડવાથી તેમનું બાળક માટેનું વલણ બદલવું શકય બને છે. તે જ પ્રમાણે અતિકાળજી કરનાર વાલીઓને પણ અનુભવથી ધક્કો બેસે છે ત્યારે ડહાપણ આવવાની શકયતા છે. તે જ પ્રમાણે જ્યાં ત્યાં પોતાને જ કેન્દ્ર સમજીને જગત તરફ પોતાના બાળક તરફ જોનારા વાલીઓની દૃષ્ટિમાં ફરક પડવાની શકયતા છે. પણ આ બધાં વાલીઓને જો એક જ દવા લાગુ પડે એમ હોય તો તે પોતાના અનુભવોનું આત્મપરીક્ષણ અને માનસશાસ્ત્રનો અભ્યાસ, મૂંઝવતા વાલીઓ આ દવાથી સહેલાઈથી સુધરી શકશે.

શે. ના. નાગલે

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૪] જાન્યુઆરી : ૧૯૬૦ [અંક : ૧૦

સંપાદકીય નોંધ

વિચારવિનિમય સંમેલન

ચાલુ માસની તા. ૩–૧–૬૦ના રોજ સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતમાં બાળશિક્ષણમાં કામ કરતા અને રસ લેતા કેટલાક કાર્યકરોએ નૂતન બાળશિક્ષણ સંઘના સ્વરૂપ અને કાર્ય વિષે વિચારવિનિમય કરવા અને તેને વેગ આપવા માટે એક વિચારવિનિમય સંમેલન યોજેલું: સમગ્રપણે બધા જ ભાઈબહેનોને તેમાં બોલાવતાં તેનું સ્વરૂપ ઘણું મોટું થઈ જાય એને પરિણામ કશું ન આવે તે બીકે અમુક અંશે તેનું ક્ષેત્ર મર્યાદિત રાખેલું.

વર્ષો પહેલાં બાળશિક્ષણનું કાર્ય સ્વ. ગિજુભાઈએ ભાવનગરમાં શરૂ કર્યું. તેમના કાર્ય અને અનુભવનો વિસ્તાર વધતાં સાથે સાથે જ 'શિક્ષણ પત્રિકા' મારફત ગુજરાતી આમજનતામાં બાળશિક્ષણના વિચારપ્રવાહો સમજાય અને બાળકો તરફની એમની દૃષ્ટિ બદલાય તે માટે તેમણે પ્રયાસો આદરેલા. વર્ષો સુધી એમની એ સેવા અવિરત ચાલી. અકાળે સ્વ. ગિજુભાઈનું અવસાન થતાં તેમના જ સાથી કાર્યકર શ્રી તારાબેન મોડક જેઓને પણ સંજોગોવશાત ભાવનગર છોડવું પડેલું, તેમણે તે કામ ઉપાડ્યું. શ્રી તારાબેન તે વખતે મુંબઈમાં કામ કરતાં અને એટલે સમગ્ર કાર્યનું મધ્યબિંદુ ભાવનગર મટી મુંબઈ બન્યું. બાલમંદિર સિવાયનું સંઘનું અને 'શિક્ષણ પત્રિકા'નું કામ શ્રી તારાબેને ઉપાડ્યું. મરાઠી અને હિંદી શિક્ષણ પત્રિકાઓ પણ તે જ કાળમાં ત્યાંથી જ પ્રસિદ્ધિ પામી અને ચાલુ રહી. શ્રી તારાબેનની સાથે શ્રી ચંદુલાલ ભટ્ટ, શ્રી ગોપાળરાવ વિદ્વાંસ અને પાછળથી શ્રી શેષ નામલે જેવા કાર્યકરનારાઓ હતા. ક્રમેક્રમે તેમાંના કેટલાક છૂટા થતાં છેવટે શ્રી શેષ નામલે રહ્યા. તેઓ હજી આજની ઘડી સુધી આ ભાર વહે છે જ.

શ્રી તારાબેન અને શ્રી નામલેના સહયોગથી મુંબઈ–દાદરના 'શિશુવિહાર'ની સંસ્થા ચાલી રહી છે. બાળશિક્ષણ અને બાલશિક્ષક અધ્યાપન કાર્યના વર્ષોના અનુભવોમાંથી મળતો જ્ઞાનાનુભવ સર્વને મળતો રહે તે વસ્તુ 'શિક્ષણ પત્રિકા'ઓ મારફત ચાલતું રહ્યું છે. સાથે સાથે જ સ્થપાયેલા 'નૂતન બાલશિક્ષણ સંઘ' મારફત મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને તદુપરાંત ભારતના બીજા પણ કેટલાક વિભાગોમાં ચાલતાં બાળશિક્ષણનાં કેન્દ્રોને બળ, પ્રેરણા અને માર્ગદર્શન મળે તેવા પ્રયાસો થતા રહ્યા છે. આ બધાં કાર્યોમાં, જેમ જેમ તેનો વિસ્તાર વધતો ચાલ્યો તેમ તેમ તેમાં વધુ ને વધુ કાર્યકરોની મદદની અપેક્ષા રહ્યા જ કરી. એવા જે કાર્યકર મિત્રો આવી મળતા અથવા મળે છે તે સૌ પણ પોતપોતાની સ્વતંત્ર સંસ્થાઓ ચલાવનાર હોય છે. આ દૃષ્ટિએ સૌના સહકાર વિના આ સાધના કાર્યને વેગ મળે અને તેની ઉપયોગિતા વધુ ચોક્કસ પ્રકારે સિદ્ધ થાય તે માટે યોજના પુરઃસરની વિચારણા થવી જરૂરી ગણાય.

આવી લાંબી દૃષ્ટિએ વિચાર કરતાં, અને હવે જ્યારે ભાષાકીય ધોરણે જ્યારે મુંબઈ રાજ્યના પણ

શિક્ષણ-પત્રિકા

સહસંપાદકો

માણેકલાલ ઠાકર — લીલાબેન શાહ

યશસ્વતીબેન ભટ્ટ — નરેન્દ્ર બધેકા

ચંદુલાલ વ. ભટ્ટ

જાન્યુઆરી : ૧૯૬૦

અનુક્રમ — પૃષ્ઠ

સંપાદકીય નોંધ	૧
બાળકો માટેનું સાહિત્ય	૩
કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ	૧૩
બાળકોને કોણ બગાડે છે ?	૧૮
મૂંઝવતા વાલીઓ	૨૨

મૂંઝવતા વાલીઓ

[અનુસંધાન પૃષ્ઠ–૨૪ થી]

તેને લીધે બાળકોના વિકાસની જરૂરિયાત કઈ? બાળકોએ કઈ વયમાં કયું કામ કરવું જોઈએ આ અંગેની એમની નિશ્ચિત કલ્પના હોય છે. બાળક માટેની દરેક બાબતમાં તેમની યોજના, તેમાંના સૂક્ષ્મ વિચાર સાથે તે તૈયાર હોય છે. બાળકે કયો ધંધો કરવો જોઈએ, કેવી રીતે કરવો જોઈએ એ અંગેનો સંપૂર્ણ વિચાર તેમણે કરી રાખ્યો હોય છે. પોતાની જે કંઈ ઇચ્છાઓ પાર પાડી શકાય નથી તે બધી પોતાના બાળક ઉપર લાદતા હોય છે.

આમાંના કેટલાક વાલીઓમાં પોતાનાં બળકનો ઉપયોગ પોતાના ભાવનાત્મક સમાધાન માટે કરી લેવાની વૃત્તિ દેખાય છે. પોતાની પ્રતિષ્ઠા રહે એને માટે માતા અથવા પિતામાં બાળકો પોતાનું જે કહ્યું માને તેથી માનસિક રીતે બાળકોને પોતપોતાની તરફ ખેંચવાનો પ્રયત્ન કરે છે. બાળકો માટે પોતે કેટલું બધું કરે છે એનું સતત પ્રદર્શન કરતા હોય છે. બાળકોના સુખદુઃખમાં સહભાગી થવાનું પણ પ્રદર્શન તેઓ કરતા હોય છે. ટૂંકમાં આ બધા વાલીઓમાં બાળકના સ્વતંત્ર વ્યક્તિત્વની જરા પણ જાણ હોતી નથી. પોતાની જ વિચારસરણી વડે તેઓ બાળકને જુએ છે અને એ જ રીતે એમણે વર્તવું જોઈએ એવો આગ્રહ રાખે છે.

હુકમ બજાવનારા વાલીઓને પણ આપણે આ જ પ્રકારમાં ગણી શકીએ. આવા બાળકોના વાલીઓમાં સામાન્ય રીતે પોતાનું એવું કશું જ વ્યક્તિત્વ હોતું નથી. પોતાનો નિર્ણય લેવાની પાત્રતા તેમનામાં આવતી નથી. બાળકોને તેઓ લૂલા–પાંગળા બનાવી દે છે.

ઉપર જણાવેલા વાલીઓને અમે મૂંઝવતા વાલીઓ એવું કહ્યું છે તે એવા અર્થમાં કે તેમનું શિક્ષણ બીજા કોઈને કરવું અઘરું થઈ પડે છે. તેઓ પોતાનું શિક્ષણ પોતાની મેળે ગમે ત્યારે કરી શકે છે. બાળકનો અસ્વીકાર કરનારા વાલીઓ બાળકોને લીધે ઘરને સ્વર્ગ બનાવેલા વાલીઓનો આદર્શ જોઈને પોતાના વર્તનમાં ફેરફાર કરવાની સુબુદ્ધિ સૂઝવાની. શકયતા છે, અથવા તેમની પરિસ્થિતિમાં ફરક પડવાથી તેમનું બાળક માટેનું વલણ બદલવું શકય બને છે. તે જ પ્રમાણે અતિકાળજી કરનાર વાલીઓને પણ અનુભવથી ધક્કો બેસે છે ત્યારે ડહાપણ આવવાની શકયતા છે. તે જ પ્રમાણે જ્યાં ત્યાં પોતાને જ કેન્દ્ર સમજીને જગત તરફ પોતાના બાળક તરફ જોનારા વાલીઓની દૃષ્ટિમાં ફરક પડવાની શકયતા છે. પણ આ બધાં વાલીઓને જે એક જ દવા લાગુ પડે એમ હોય તો તે પોતાના અનુભવોનું આત્મપરીક્ષણ અને માનસશાસ્ત્રનો અભ્યાસ, મૂંઝવતા વાલીઓ આ દવાથી સહેલાઈથી સુધરી શકશે.

શે. ના. નાગલે

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૪] જાન્યુઆરી : ૧૯૬૦ [અંક : ૧૭

સંપાદકીય નોંધ

વિચારવિનિમય સંમેલન

ચાલુ માસની તા. ૩–૧–૬૦ના રોજ સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતમાં બાળશિક્ષણમાં કામ કરતા અને રસ લેતા કેટલાક કાર્યકરોએ નૂતન બાળશિક્ષણ સંઘના સ્વરૂપ અને કાર્ય વિષે વિચારવિનિમય કરવા અને તેને વેગ આપવા માટે એક વિચારવિનિમય સંમેલન યોજેલું: સમગ્રપણે બધા જ ભાઈબહેનોને તેમાં બોલાવતાં તેનું સ્વરૂપ ઘણું મોટું થઈ જાય એને પરિણામ કશું ન આવે તે બીકે અમુક અંશે તેનું ક્ષેત્ર મર્યાદિત રાખેલું.

વર્ષો પહેલાં બાળશિક્ષણનું કાર્ય સ્વ. ગિજુભાઈએ ભાવનગરમાં શરૂ કર્યું. તેમના કાર્ય અને અનુભવનો વિસ્તાર વધતાં સાથે સાથે જ 'શિક્ષણ પત્રિકા' મારફત ગુજરાતી આમજનતામાં બાળશિક્ષણના વિચારપ્રવાહો સમજાય અને બાળકો તરફની એમની દૃષ્ટિ બદલાય તે માટે તેમણે પ્રયાસો આદરેલા. વર્ષો સુધી એમની એ સેવા અવિરત ચાલી. અકાળે સ્વ. ગિજુભાઈનું અવસાન થતાં તેમના જ સાથી કાર્યકર શ્રી તારાબેન મોડક જેઓને પણ સંજોગોવશાત ભાવનગર છોડવું પડેલું, તેમણે તે કામ ઉપાડ્યું. શ્રી તારાબેન તે વખતે મુંબઈમાં કામ કરતાં અને એટલે સમગ્ર કાર્યનું મધ્યબિંદુ ભાવનગર મટી મુંબઈ બન્યું. બાલમંદિર સિવાયનું સંઘનું અને 'શિક્ષણ પત્રિકા'નું કામ શ્રી તારાબેને ઉપાડ્યું. મરાઠી અને હિંદી શિક્ષણ પત્રિકાઓ પણ તે જ કાળમાં ત્યાંથી જ પ્રસિદ્ધિ પામી અને ચાલુ રહી. શ્રી તારાબેનની સાથે શ્રી ચંદુલાલ ભટ્ટ, શ્રી ગોપાળરાવ વિદ્વાંસ અને પાછળથી શ્રી શેષ નામલે જેવા કાર્યકરનારાઓ હતા. ક્રમેક્રમે તેમાંના કેટલાક છૂટા થતાં છેવટે શ્રી શેષ નામલે રહ્યા. તેઓ હજી આજની ઘડી સુધી આ ભાર વહે છે જ.

શ્રી તારાબેન અને શ્રી નામલેના સહયોગથી મુંબઈ–દાદરના 'શિશુવિહાર'ની સંસ્થા ચાલી રહી છે. બાળશિક્ષણ અને બાલશિક્ષક અધ્યાપન કાર્યના વર્ષોના અનુભવોમાંથી મળતો જ્ઞાનાનુભવ સર્વને મળતો રહે તે વસ્તુ 'શિક્ષણ પત્રિકા'ઓ મારફત ચાલતું રહ્યું છે. સાથે સાથે જ સ્થપાયેલા 'નૂતન બાલશિક્ષણ સંઘ' મારફત મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને તદુપરાંત ભારતના બીજા પણ કેટલાક વિભાગોમાં ચાલતાં બાળશિક્ષણનાં કેન્દ્રોને બળ, પ્રેરણા અને માર્ગદર્શન મળે તેવા પ્રયાસો થતા રહ્યા છે. આ બધાં કાર્યોમાં, જેમ જેમ તેનો વિસ્તાર વધતો ચાલ્યો તેમ તેમ તેમાં વધુ ને વધુ કાર્યકરોની મદદની અપેક્ષા રહ્યા જ કરી. એવા જે કાર્યકર મિત્રો આવી મળતા અથવા મળે છે તે સૌ પણ પોતપોતાની સ્વતંત્ર સંસ્થાઓ ચલાવનાર હોય છે. આ દૃષ્ટિએ સૌના સહકાર વિના આ સાધના કાર્યને વેગ મળે અને તેની ઉપયોગિતા વધુ ચોક્કસ પ્રકારે સિદ્ધ થાય તે માટે યોજના પુરઃસરની વિચારણા થવી જરૂરી ગણાય.

આવી લાંબી દૃષ્ટિએ વિચાર કરતાં, અને હવે જ્યારે ભાષાકીય ધોરણે જ્યારે મુંબઈ રાજ્યના પણ

વિભાગો થાય છે ત્યારે ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છ પૂરતી સંઘની સ્વાયત્ત ધોરણે કોઈ રચના થાય અને કામની વહેંચણી યોગ્ય સ્વરૂપે થાય તો સંઘના ચાલુ કાર્યને વેગ મળવાની શકયતા છે તેવું લાગેલું. રાજ્યકક્ષાએ પણ બાળશિક્ષણના કાર્યોને મદદ મળે તેવા હેતુથી પણ આવા પ્રાદેશિક ધોરણે સંઘની રચનાનું વિચારાય તો અનુકૂળ પડે તેવું જણાયેલું.

અમદાવાદમાં તા. ૩-૧-૬૦ના રોજ વર્ષોથી બાળશિક્ષણમાં ઝંપલાવેલ તેવા કેટલાક અનુભવી પીઢ કાર્યકરોએ આ બધી વાતોનો લંબાણથી વિચાર કર્યો. સંઘની હસ્તી હોવા છતાં, તેનો કાર્ય વિસ્તાર વધતાં એકજ કેન્દ્રમાંથી તેનું સંચાલન થાય તેને બદલે પ્રાદેશિક ધોરણે સંચાલન થાય તો વધારે સારું તેમ જણાતાં, ઘણી લાંબી ચર્ચાઓને અંતે સંઘના ચાલુ બંધારણને ધોરણે, ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છના તમામ જિલ્લાઓમાં સંઘની શાખા-પ્રશાખાઓ સ્થાપવાનું કાર્ય આવેલા ભાઈબહેનોને જિલ્લાવાર સોંપાયું.

'ગુજરાતી શિક્ષણ પત્રિકા' તો આ રીતે કાર્યને વિકેન્દ્રિત કરવાની દૃષ્ટિએ તથા આર્થિક રીતે પગભર થવા માટે આ સંમેલન પહેલાંજ પાછી ભાવનગર આવી છે. તે 'શિક્ષણ પત્રિકા'નું સ્વરૂપ વધુમાં વધુ કેટલું વિસ્તૃત અને વ્યાપક થઈ શકે તેની ઘણી લાંબી ચર્ચાઓ ચાલી. તેના સંચાલન માટે સંપૂર્ણપણે ધ્યાન આપી શકે તેવા કાર્યકરને પૂરા વેતનથી રોકી લેવાની જરૂરીઆત પણ સ્વીકારાઈ.

આ રીતે આટલી ચર્ચા વિચારણાને અંતે કોઈ બંધારણીય ફેરફારની જરૂરીઆત પડે તો તે માટે વિચારવા એક સમિતિની પણ રચના કરવામાં આવી.

સરકાર કક્ષાએ બાળશિક્ષણ, બાળમંદિરની ગ્રાન્ટો, અધ્યાપનમંદિર અને તેનાં કાર્યો, તેમાંથી ઉપસ્થિત થતાં પ્રશ્નો વગેરેની વિચારણા માટે પણ એક સમિતિની રચના કરવામાં આવી.

ચર્ચાઓ સવારે નવથી સાંજના ચાર વાગ્યા સુધી ઘણા ખુલ્લે દિલે અને જોરશોરથી ચાલી. આ રીતે પરસ્પરના વિચારોનો વિનિમય સારા પ્રમાણમાં થતાં ભવિષ્યના કામ માટે વેગ આવવાનો સંભવ ઊભો થયો.

ગુજરાત બાલઅધ્યાપન મંદિરના સંચાલકો શ્રી યશસ્વતીબેન ભટ્ટ, શ્રી માણેકલાલભાઈ ઠાકર અને તેમના કાર્યકર મિત્રો અને શિક્ષાર્થીઓનાં સૌ તે દિવસના આમંત્રિત મહેમાનો બન્યાં હતાં. સવારથી સાંજ સુધીની બધીજ જાતની આગતાસ્વાગતા કરવામાં તેઓ સૌ ખડે પગે રહ્યા હતા.

બધા જ વિચારપ્રવાહો, જે કયારેક નબળા તો કયારેક જોરદાર બનતા હતા તેને સુયોગ્ય દિશામાં વાળી તેને રચનાત્મક દિશામાં કામ કરતા કરવામાં શ્રી જાદવજીભાઈ મોદીએ ઘણો અગત્યનો ભાગ ભજવ્યો તેમ કહેવું જોઈએ.

સંઘના નિયંત્રણમંડળે, ગુજરાતી વિભાગ પૂરતી વિકેન્દ્રિત કામની જવાબદારી જે પાંચ ભાઈબહેનોની સમિતિને સોંપેલી તેમના આયંત્રણથી આ વિચાર વિનિમય સંમેલન અનૌપચારિક રીતે થયું.

ઈચ્છીએ કે આને પરિણામે 'નૂતનબાલશિક્ષણ સંઘ'ના સમગ્રકાર્યને વધુ વેગ મળે અને ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનાં બાળશિક્ષણનાં બધાં જ બળો એકત્રિત બની બાલશિક્ષણનાં બધાં જ બળો એકત્રિત બની બાળશિક્ષણનાં બધાં કાર્યો વધુ તેજસ્વી, પ્રાણવાન, નિષ્ઠાવાન અને કલ્યાણકારી બને. ચં.

શિક્ષણ સમાચાર

તા. ૧-૧-૬૦ જ. મ. બાલમંદિર-વસોના ૪૫ મા સ્થાપન દિનની ઉજવણી સૌ. સુભદ્રાબેન રવિન્દ્રકુમાર અમીન બી. એ. (ગૃહવિજ્ઞાન)ના પ્રમુખપદે કરવામાં આવી હતી. સંસ્થાનું નિવેદન આચાર્યશ્રી મૂળદેવ પંડયાએ રજુ કર્યું હતું. મનોરંજન કાર્યક્રમ અને વાલીસભામાં નડિયાદ બાલ અધ્યાપન મંદિરનાં ૨૦ તાલીમાર્થી ભાઈબહેનોએ ભાગ લીધો હતો.

હરિજન બાલવાડીમાં બાલગીતનો કાર્યક્રમ વાસનાં ભાઈબહેનો સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.

બાળકેળવણી પોષક પ્રવૃત્તિમાં સ્થાપન દિન પસાર કરી સૌ રાસ ગરબીની રમઝટ લઈ વિસર્જન થયાં હતાં.

* બાળકો માટેનું સાહિત્ય

યુનાઈટેડ નેશન્સ મહાસભાની સામાજીક સમિતિએ તાજેતરમાંજ જાહેર કર્યું છે કે માનવજાત પાસે જે કંઈ શ્રેષ્ઠ વસ્તુ હોય તે તેણે બાળકોને આપવી જોઇએ!

બે મોટી લડાઈઓ પછી, લડાઈમાં સંડોવાયેલા બધા દેશો પોતાનું કીમતી યૌવનધન ગુમાવ્યા પછી, દુનિયાની પુનર્રચના કરવાના પ્રશ્નો હાથ ધરવા લાગ્યા છે. તેમાં નવી પેઢીને લડાઈ, વેરઝેર, દ્વેષ ઇર્ષ્યાથી મુક્ત કરી, સમગ્ર દુનિયામાં શાંતિ માટેની વિચારણાને રસ્તે ચડવાનું સૌને મુનાસીબ લાગ્યું છે. એટલે જ હવે માનવજાત પાસે જે કંઈ શ્રેષ્ઠ હોય તે બાળકોને આપવું તેવો નિર્ણય થાય છે.

માનવજાત પાસે શું શ્રેષ્ઠ છે ?

જીવનમાં કેટલાંક તત્ત્વો સનાતન મૂલ્ય તરીકે સ્વીકારાઇ તેની પ્રતિષ્ઠા હમેશાં થતી જ આવી છે. સચ્ચાઈ, અહિંસા, દયા, નમ્રતા, સેવા, સ્વાર્પણ, વિશ્વાસ વગેરે વસ્તુઓની જીવનમાં અનિવાર્યતા સ્વીકારાઈ છે. આ ગુણો કયારેક કુટુંબ પૂરતા મર્યાદિત થયા છે, કયારેક દેશ પૂરતા તો કયારેક સમગ્ર દુનિયા પરત્વે વિસ્મરીત થયા છે. એની પ્રાપ્તિમાં મનુષ્યજાતનો પુરુષાર્થ સમાયેલો છે.

માણસજાતને વારસામાં જેમ સ્થૂલ શરીરો મળે છે તેમ માનસિક પ્રક્રિયાઓ અને વ્યવહારો કરવાની શક્તિ મળે છે. એને બુદ્ધિ જેવી ચોક્કસ શક્તિ મળે છે. ભાષા એનું વાહન કે માધ્યમ બને છે. બોલાતી, લખાતી અને વંચાતી એવી એની તાસીર છે. વિચારો–ભાવનાઓ–સંસ્કારોને વહન કરી શકે તેવી તેની શક્તિ છે. જેમ જેમ એ શક્તિ વિકસે છે તેમ તેમ તેનું સ્વરૂપ ચોક્કસ સ્વરૂપ લે છે અને પરિણામે એ વિચારો વ્યક્ત કરવા કે વહન કરવાનું માત્ર માધ્યમ નથી રહેતું પરંતુ સમગ્ર પ્રજાના વિચારો, ભાવનાઓ, જ્ઞાન વગેરેની સંગ્રહાયેલી મૂડી હોય છે તેનું એમાં પ્રતિબિંબ પડે છે

---

* બાલસાહિત્ય નિર્માણ શિબિર : ગલીયાવાડા સમક્ષ રજુ કરેલ વિચારોની નોંધ.

સ્વતંત્ર ભારતમાં બનતી સ્વદેશી બનાવટોને ઉત્તેજન આપો.

આ એક હકીકતના મંડાણ ઉપર આપણે ચાલીએ છીએ.

પુખ્તવયના મનુષ્યો માટેના સાહિત્યની આ વાત થઈ. આમાં આપણે બે વિભાગો કરીએઃ

૧ લોકસાહિત્ય અને ૨ શિષ્ટસાહિત્ય.

લોકસાહિત્યનો વિચાર કરીએ તો એ સાહિત્ય ઘણા સમય સુધી મોટે ભાગે કંઠસ્થ રહ્યું છે અને એ જ રીતે નવી પેઢીને વારસામાં મળતું રહ્યું છે. તેના વિભાગો કરીએ તો લોકગીતો અને લોકવાર્તાઓ તેમાં મુખ્ય ભાગ ભજવે. આપણા દેશમાં કોઈ જ શાસ્ત્ર ન જાણનાર એવી અણજાણ વ્યક્તિઓના મોંમાંથી સરી પડેલ અને પ્રચલિત થયેલ એ સાહિત્ય સ્વ. મેઘાણીએ ઘણું ય એકઠું કર્યું અને તેનું મૂલ્યાંકન પણ થયું. જીવનનાં સારાં-નરસાં પાસાંનું તેમાં ચિત્રામણ જોવા મળ્યું છે. કોઈપણ સાહિત્યનું નિર્માણ સુખદુઃખના પ્રઘાતોમાંથી લાગણીઓ હલતાં જન્મે છે. આટલું લોકસાહિત્ય પૂરતું. ગીતો અને વાર્તાઓથી વિશેષ પ્રકારો એ સાહિત્યમાંથી વધુ નથી મળતા એમ કહી શકાય. માણભટ્ટોની કથાવાર્તાઓનો પણ તેમાં સમાવેશ થઈ જાય.

શિષ્ટસાહિત્યના પ્રકારો વધી ગયા ગણાય. તેમાં કાવ્યો, નાટકો, નિબંધો, વાર્તાઓ, નવલિકાઓ, નવલકથાઓ, ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન બધું જ સમાય છે. જેમ જેમ આપણી કે કોઈપણ ભાષાનું ખેડાણ થાય છે અને સંસ્કૃતિનો વિકાસ થતો જાય છે તેમ તેમ સાહિત્યનો પ્રદેશ અમર્યાદ બનતો જાય છે. આજે આપણે એવા અમર્યાદ વિસ્તારમાં પ્રવેશ કરી ચૂક્યા છીએ.

આપણી વિચારસરણીમાં અને સામાજિક રચનામાં સમગ્ર પ્રજાના વિકાસનો સવાલ ઉપસ્થિત થયો છે. કોઈ એક વર્ગ, કોઈ એક સમુદાય નહિ–સમગ્ર પ્રજાનો વિચાર એ આજની વિચારસરણીનું કેન્દ્ર બનેલ છે. એથી આગળ જઈએ તો હવે માત્ર ઉંમરલાયક લોકોનો જ વિચાર નહિ પણ બાળક, કુમાર, કિશોર, જુવાન, વૃદ્ધ, સ્ત્રી, પુરુષ એમ પ્રજાના તમામ નાનામોટા વિભાગોનો વિચાર થવા લાગ્યો છે. મન અને મનનું શાસ્ત્ર હયાતીમાં આવતાં દરેક જુદે જુદે કાળે, ઉંમરે–જુદા જુદા ભાવો, શક્તિઓ, લાગણીઓના પ્રવાહો વહેતા હોય છે તે વાત વધુ સ્પષ્ટ રીતે સમજવા લાગી છે. સાહિત્યના ક્ષેત્રમાં પણ આવી વધુ વિગતથી વિચારવાનું ઉપસ્થિત થઈ ગયું છે.

આપણું મર્યાદિત ક્ષેત્ર 'બાલસાહિત્ય'નું છે. આ બાલસાહિત્યનો ઉદ્દેશ શો, એનું સ્વરૂપ કેવું, એનું

સ્વદેશી ભાવના કેળવી સ્વતંત્ર ભારતમાં બનતી સ્વદેશી બનાવટોને ઉત્તેજન આપો



777 પરફ્યુમ્ડ કેસ્ટર ઓઈલ

સર્વશ્રેષ્ઠ સુગંધીત

કામીનીઆ પરફ્યુમ્ડ કોકોનટ ઓઈલ

☆ વાળને કાળા ચમકદાર બનાવે છે.
☆ વાળને ખરતા અટકાવે છે.
☆ મગજને ઠંડક આપે છે.
☆ વાળને મુલાયમ સુંવાળા બનાવે છે.

આજે જ વાપરી ખાત્રી કરો.

એંગ્લો ઇન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કંપની

૧૯૨, ખેતવાડી મેઈન રોડ, મુંબઈ-૪

વસ્તુ કેવું, ભાષા કેવી, શૈલી કેવી એના રૂપરંગ કેવાં તેના વિચારો આપણે સૌ આજે સાથે મળીને કરીએ છીએ. આ વિષયમાં મને સૂઝતા કેટલાક વિચારો આપ સૌ સમક્ષ મૂકું છું.

કેળવણી કે શિક્ષણની સંસ્થાઓમાં ભાષા એક વિષય તરીકે દાખલ કરવામાં આવે છે. પ્રાથમિક શાળાઓમાં 'ભાષાશિક્ષણ' અપાય છે. તે બાળકમાં રહેલી ચેતનાને પ્રગટ કરવા માટેનું માધ્યમ પ્રાપ્ત કરાવી આપવા માટે હોય છે. બાળક ભાષા બોલતું તો થયેલું છે જ. ખૂબીની વાત તો એ છે કે કોઈપણ જાતના શિક્ષણ વગર પણ એ વ્યાકરણ-શુદ્ધ ભાષા બોલતું થઈ જાય છે. ઈંગ્લાંડનું બાળક અંગ્રેજી બોલે છે, ગુજરાતીનું ગુજરાતી, જર્મનનું જર્મન અને ફ્રેન્ચનું ફ્રેન્ચ. આ બોલાતી ભાષાને લખતા વાંચતાં શીખવવાનું કાર્ય પ્રાથમિક શાળાઓ કરે છે. પાઠ્યપુસ્તકો એ એનાં સાધન છે. ક્રમિક રીતે શબ્દભંડોળ વધારતા જવું અને સરળ સાદી અને ટૂંકી વાક્ય રચનામાંથી જરા વધુ લાંબા – અઘરાં વાક્યો અને રચના તરફ જવાનો તેમાં ક્રમ ગોઠવાયો હોય છે એનો ઉદ્દેશ ભાષા પરનું બાળકનું પ્રભુત્વ આવે તે હોય છે.

તો આપણે એમ કહી શકીએ કે બાલસાહિત્યની પ્રાથમિક કક્ષા તે ભાષા પરની પકડ આપવાની હોય. એ પકડ આવી એટલે એ સાધનનો ઉપયોગ એ પોતાની ઇચ્છા અને હોંશથી કરવા લાગે છે. એ પકડ લેવામાં પણ એ ત્યારે ફાવે છે અને આપણે પણ ત્યારે ફાવીએ છીએ જ્યારે બાળકને તે પ્રક્રિયામાં રસ પડે. આમાં આજની નિશાળો કેટલી કરોડી રીતે નિષ્ફળ જાય છે તેના ઉદાહરણો અનેક છે. શાળાન્ત પાસ થઈને શિક્ષક થવા આવેલાં ભાઈ બહેનોમાંથી કેટલાંય એવાં છે કે જેમણે ભાષા – સાહિત્યમાં માત્ર 'શાળાન્તનો ભોમિયો' જ વાંચ્યો હોય છે ! ભાષા કે સાહિત્યનું પુસ્તક વાંચવાની કોઈ ઇચ્છા કે રસ તેમના અંતરમાં ઉદ્ભવતોજ નથી. પ્રાથમિક શાળાઓ-માંના ભાષાશિક્ષણને માટે આ એક ગંભીર પડકાર છે એમ હું આજે જોરશોરથી જાહેર કરવાની રજા લઉં છું.

'બાલસાહિત્ય' ના ક્ષેત્રને વિસ્તરીત કરવા માટે આ ભૂમિકા – જો ફળીભૂત થાય તો જ 'બાલ-સાહિત્ય' ના બીજા વિભાગોનો આપણે શાંતિથી વિચાર કરી શકીએ. જીવનના બીજા કોઈપણ રસિક વિષય જેમ, ભાષાપ્રવેશને પણ રસિક બનાવવો



પ્રસંગોપાત મુખવાસ માટે
વપરાતી
☆ દિલરંજન ☆
સેન્ટેડ સોપારી
* સુમધુર * સૌને આનંદિત
કરતી સર્વ જગ્યાએ વેચાય છે.
આપના ગામની એજન્સી માટે લખો:
રાવજીભાઈ કે. સોપારીવાલા
શાંતિસુવન, સોપારી સીફેસ, મુંબઈ–૭
બ્રાંચ : પોસ્ટ ઓફિસની બાજુમાં
વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ–૪.
મધુસુવન, સુપર સીનેમાની બાજુમાં,
ગાંધરોડ, મુંબઈ–૭.

જ જોઈએ. નામ, ક્રિયાપદ, વિશેષણ, ક્રિયાવિશેષણ, અવ્યય વગેરે બધાં વાકયમાંના પદોને પોતાનું ચોક્કસ કાર્ય છે. એ કાર્યની સમજણ જો શીખતાં શીખતાં આવે તો રસિકતા વધે.

ત્યારબાદ સમજણપૂર્વકનું વાચન હોય. તેમાં શબ્દો–વાકયો–પાઠો–વર્ણનો વગેરે આવે. અલબત્ત એ બધામાં તેનું વસ્તુ બાળકની પોતાની જાત, માતાપિતા, સગાંવહાલાં, ઘર, શેરી, મિત્રો, બાગ, પશુઓ, પંખીઓ વગેરે પરિચયની સૃષ્ટિ હોય.

આ દૃષ્ટિએ આ બાલસાહિત્યના પહેલા વિભાગને આપણે બૌદ્ધિક વિકાસ અને ભાષા બંધારણનો કાળ કહી શકીએ. આ કાળ પૂરો થાય એટલે પછી સાહિત્યના ખેડાણ માટેની વસ્તુઓનું ક્ષેત્ર અમર્યાદ બની જાય છે. અલબત્ત બાળકોની ઉંમર, તેમની વૃત્તિઓ, તેમની સમજણની કક્ષા, કોઈ પણ કાળે ભૂલાવી ન જોઈએ. કોઈ પણ લેખક કે કવિ જેમ મોટેરાઓ માટે લખે છે ત્યારે તેના વિષયને માટે કોઈ મર્યાદા નથી તેવું જ બાળકો માટે હોઈ શકે. જ્યાં સુધીમાં એ વાંચતું થાય છે ત્યાં સુધીમાં જીવનના નાના મોટા અનુભવો, સારા માઠા અનુભવો, સાચજૂઠના પ્રસંગો, જુદા જુદા સ્વભાવો, જુદી જુદી સુખદુઃખની લાગણીઓ, લુચ્ચાઈ છેતરામણીના પ્રસંગો, ગુસ્સો, અદેખાઈ – ઈર્ષા વગેરે જે કંઈ બધું આ સંસારમાં છે તેના નાના પાયા ઉપર પણ ઓછેવત્તે અંશે તેમને કેટકેટલાક અનુભવો થયા હોય છે. આ બધી ય વસ્તુઓને સારો સાહિત્યકાર–જેની પાસે ભાષાનું પ્રભુત્વ છે અને બાળકોની ઉંમર અને ભાષાશક્તિનું માપ છે–તે તેમની કક્ષાની ભાષામાં રજૂ કરી શકે. તેમાં વાર્તા આવે, વર્ણન આવે, નાટક આવે કે નાનો એવો નિબંધ પણ આવે.

આથી આગળ વધીને એમ પણ કહીએ કે બાળકની દૃષ્ટિ એ વૈજ્ઞાનિક દૃષ્ટિ છે. જે કંઈ છે, દેખાય છે, બને છે તેનાં કારણો અને વિશેષ જ્ઞાન મેળવવાની તેની હમેશાં ઇંતેજારી હોય છે. એ જીવે છે. એ પ્રવૃત્તિઓ કરે છે, એ કામ કરે છે, એ રમે છે. સવારથી સાંજ સુધી એ ક્રિયાશીલ છે. ક્રિયાશીલતા એ એનું જીવન છે. એ ક્રિયાશીલતામાંથી એ નવું નવું શીખે છે, જાણે છે, અનુભવે છે, જ્ઞાન મેળવે છે. જ્ઞાન મેળવવામાં એણે ક્રિયાશીલ બનવું પડે છે. એ ક્રિયાશીલતા સ્થૂળ પણ હોય અને સૂક્ષ્મ પણ હોય. શરીર એ ક્રિયા કરે છે. હાથથી એ ક્રિયા કરે છે. હાથનાં આંગળાથી એ ઘણાં કામો કરે છે. પ્રવૃત્તિઓ કરે છે. સાથે સાથે જ એની બુદ્ધિ મદદે આવી છે. એનો બૌદ્ધિક વિકાસ થતો જાય છે. ભાષા એનું માધ્યમ બની છે. શબ્દ–ભાષા મારફત એના અનુભવો સ્મૃતિમાં કાયમી બને છે. એટલે કે જે જ્ઞાન એ સ્થૂળ ક્રિયાઓ મારફત પોતે મેળવે છે તે જ જ્ઞાન એ લખાણ મારફત બીજાઓએ ક્રિયા મારફત મેળવેલ જ્ઞાન જે શબ્દબદ્ધ કર્યું છે તે વાંચીને મેળવી શકે છે.

આકાશમાં ચાંદો દેખાય છે, સૂરજ દેખાય છે, તારા દેખાય છે. ચોમાસામાં વરસાદ આવે છે, ઉનાળામાં તાપ પડે છે, શિયાળામાં ઠંડી પડે છે. જમીનમાં ઘાસ ઊગે છે, વનસ્પતિ ઊગે છે, જમીનમાંથી પથ્થર નીકળે છે, નાનાં મોટાં પ્રાણીઓ દેખાય છે. જન્મ થાય છે–મૃત્યુ થાય છે. આ બધા બનાવો શા માટે બને છે તેના પ્રશ્નો આપોઆપ તેમને થાય છે. એના ઉત્તરો એને કોણ અને કયારે આપે છે? પોતાની માને એક બાળક આવે છે અને તે તેની બહેન તરીકે જાહેર થાય છે. એ બનાવ કેમ બન્યો–શું બન્યો–એ બાળક કોને પૂછે ને કોણ કહે છે? કોણ જવાબ આપે છે? જે સ્વસ્થતાથી એક વ્યક્તિ આ જવાબ આપે તેના કરતાં કોઈ હોંશિયાર–બાળકની ભાષાની અને મનની અવસ્થા–કક્ષાને સમજનાર વ્યક્તિ જો તે જવાબો ભાષાબદ્ધ કરે તો બાળકના એ સાથીદાર બની શકે.

ટૂંકમાં જીવનના જ્ઞાનના તમામ ક્ષેત્રોમાં પ્રવેશ આપવાને માટે આવું ભાષાસાહિત્ય તૈયાર થઈ શકે.

બાલસાહિત્યનું આ એક અતિ અગત્યનું અને છતાં તૈયાર કરવામાં મહેનત કરવી પડે તેવું અંગ છે.

આ વાતની વિગતો નક્કી કરતી વખતે આપણે આપણા જીવન તરફની કઈ દૃષ્ટિ છે તેનો અગાઉથી વિચાર કરી લેવો જોઈએ.

આપણી નવા સમાજની કલ્પના કેવી છે તેનું સ્પષ્ટ ચિત્ર આપણા મગજમાં હોવું જરૂરી છે, રાજા-શાહીના યુગમાંની રાજા–રાણીની વાતો ને સાહિત્ય હજી ટકે છે. આ વસ્તુ ભૂતકાળની વાત બનતાં નવીનતા તરીકે કદાચ અવશેષરૂપે રહેશે. સાહિત્યકાર પોતે નવા વિચારપ્રવાહોથી રંગાતા એના વિચારો–વસ્તુ પણ પલટા ખાશે જ. આપણા ધાર્મિક ખ્યાલો, નીતિવિષયક ખ્યાલો એ બધું જ જો વધુ સ્પષ્ટરૂપ ધારણ કરશે તો આપણું સર્જન ચોક્કસ દૃષ્ટિવાળું બનશે. વૈજ્ઞાનિક દૃષ્ટિ એ જ જો આપણો સમાજ-રચનાનો પાયો હશે તો તેવું સાહિત્ય નિર્માણ થશે.

આ વખતે જ સાહિત્ય એ જેમ જીવનનું પ્રતિબિંબ છે તેમ કહીએ છીએ તે જ રીતે એમ કહેતા થઈએ કે નવા જીવનને પ્રતિબિંબિત કરવાના તેના પ્રયાસો પણ હોવા જોઈએ અને રહેવા જોઈએ.

વાર્તા કે સાહિત્યમાંના ચમત્કારો, છોકરા છૈયાં માટે માનતા માનવાની વાતો, બાલ્યાવસ્થામાં સાહિત્ય મારફત રજૂ કરતાં એના સંસ્કારો કેવો ભાગ ભજવે તે સમજી શકાય તેવું છે. 'ઝીઝકા માતા' જેવી હકીકતોમાં, પ્રજાના જબરજસ્ત સમૂહની બાલ્યા-વસ્થાની છાપો જ કારણભૂત ગણી શકાય.

આ રીતે હવે આપણે કહી શકીએ કે ભાષા-પ્રવેશ પછી, જીવનઘડતર માટેની જે ચોક્કસ દૃષ્ટિ હોય તે દૃષ્ટિપૂર્વકનું, વૈજ્ઞાનિક સાહિત્ય એ જરૂરી અંગ ગણાય. જીવનને વધારે ચોક્કસ પ્રકારનો વળાંક અને સમજણ આપવા માટેનો આ વિભાગ ગણાય. વૈજ્ઞાનિક ભૂમિકા ઉપર વૈજ્ઞાનિક કલ્પનાઓનો આ

ટેલીગ્રામ: "લક્સ સીલ્કસ"

ટેલીફોન: ૬૦૩૯૨

શ્રી લક્ષ્મી સીલ્ક મીલ્સ

આર્ટ સીલ્ક કાપડની શુશોભિત, ટકાઉ, તેમ જ નવીન ડીઝાઈનો આકર્ષક રંગોમાં જેવાં કે બ્રોકેડઝ, ટાફેટા, ફેન્સી ટાફેટા, શાટીન, જેકાર્ડ ટાફેટા, ગુશશર્ટીંગ, ક્રેપ, નાયલોન તથા શાર્કસ્કીન વગેરે માટે

લોકમાન્ય વસ્તુભંડાર રીટેલ શેપ નં.૨૪ દાદર, મુંબઈ–૨૮ ની જરૂર મુલાકાત લ્યો.

(તા. ક. : સોમવારે બંધ રહેશે.)

પ્રદેશ ગણાય. Wizard of oz ન જાને રામકૈ પરાક્રમ – વગેરે વાર્તાઓની ગૂથણીમાં પણ કંઈક વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ અને વૈજ્ઞાનિક સિદ્ધાંતોને સમજાવાના યત્નો દેખાય છે.

ચારિત્ર્ય ઘડતર

સાહિત્ય મારફત ચારિત્ર્ય ઘડતરના પ્રયાસોમાં કેટલું કેટલું શક્ય છે–કેટલું કેટલું નથી. સારી ટેવો, સારા માઠાનો ભેદ, દુઃખીને મદદ, વગેરે કેટલીક વાતો મિત્રપ્રેમની વાર્તાઓ અને પ્રસંગોની રજુઆત માત્રથી મન પર અસર કરી જ જાય છે. આમ છતાં સાહિત્ય મારફત જ આ આવે તેવું નથી જીવનઘડતર અને જીવન જીવવાની વ્યવસ્થા–વાતાવરણ તેમાં ઘણો ભાગ ભજવે છે. ભાષા–સાહિત્ય નહિ હોય ત્યારે ય આવા સારા સામાજિક સદ્‌ગુણો માણસજાતમાં આવેલા છે જ. એક રીતે માણસ સામાજિક પ્રાણી છે જ એટલે અને એને લાગણીઓ પણ છે જ એટલે એક અથવા બીજી રીતે આ સદ્‌ગુણોનો વિકાસ જીવન-વ્યવહાર મારફત થાય છે. એથી ઊલટું જીવન જીવવામાં જ અનુકૂળતા નથી–પ્રતિકૂળતાઓ છે એટલે, પુસ્તકોમાં વાંચવાથી કોઈ ચારિત્ર્ય ઘડતરનો અવકાશ રહેતો નથી. 'કેળાની છાલ રસ્તા પર ન નાખવાની વાત' પરીક્ષામાં નાગરિકતાના શિક્ષણ–તરીકે લખી સો માર્ક લેનાર વિદ્યાર્થી અસામાજિક બનવામાં આનંદ પડે તેવી તેની સામાજિક પરિસ્થિતિને કારણે વ્યવહારમાં એથી ઊલટું જ કરી બીજાઓને દુઃખ આપવામાં આનંદ લે છે. જીવનમાં સાહસ કે પ્રવાસને સ્થાનજ ન આપીએ અને કથાઓથી એ કામ પતાવવા ધારીએ તો પતતું નથી. જીવન જીવવાની સાથે આવું વાચન પૂર્તિરૂપ બને. સ્વાર્થી મટી પરમાર્થી કરવાનો પ્રયાસ પણ વાર્તા કે સાહિત્ય મારફત કરવો મુશ્કેલ છે. સ્વાર્થ સાધવો સરળ છે તેની ખાતરી થતાં એ સુખેથી પરમાર્થી બનવા તત્પર બને છે. સ્વાર્થ સાધવામાં ભૂલીએ તો અસલામતી છે તેવો અનુભવ પરમાર્થી થતા અટકાવે છે.

આમ છતાં સંસ્કારસિંચન,, સારા આદર્શો, સારી ભાવનાઓ, સચ્ચાઈ વગેરેની સાહિત્ય મારફતની રજુઆતની આવશ્યકતા જરા ય ઓછી નથી. બાળકોની લાગણી વિષયક બાજુ વધુ મુલાયમ બને, વધુ સંસ્કારી થાય તે માટે કુદરત, માણસ, પશુસૃષ્ટિ વગેરેની જે ઉત્તમ બાજુ છે તેની રજુઆત સાહિત્યમાં અનિવાર્ય છે. માણસજાતના જ્ઞાન, ડહાપણ અને શિક્ષણની વાતો સાવ, સાદી અને સમજી શકાય તેવી રસિક ભાષામાં આપી શકાય.

હજુ સાહિત્યની બીજી બાજુ તપાસીએ. બાળવાર્તાઓ કે બાળસાહિત્યમાં જીવનનાં વિવિધ પાસાં રજૂ થાય છે. જુદાં જુદાં સ્વભાવનાં ચિત્રવિચિત્ર પાત્રો, જીવનની સરળ–અસરળ બાજુઓ, સરળ–અસરળ સ્વભાવો, જીવનવ્યવહારની તાલીમનો ખ્યાલ, જીવનના સ્થૂલ પ્રકારના આનંદો અને એ બધું બાળવાર્તાઓમાં ઢગલાબંધ આવે છે. જીવનની કૂટનીતિ, ઉત્સાદી, છેતરીને પણ મિત્રને બચાવવો વગેરે જીવન તાલીમના અંગો બાળકોના સાહિત્યમાં–ખાસ કરીને વાર્તાઓમાં આવરી લેવાયાં છે. 'પંચતંત્ર'ની વાતો, હિતોપદેશની વાતો, બાદશાહ બીરબલની વાતો અને એવું સાહિત્ય એ આનાથી ભર્યું પડ્યું છે. લુચ્ચાઈ, ભોળપણ, મંદબુદ્ધિપણું, શ્રમમહાત્મ્ય, બુદ્ધિમત્તા વગેરેના દર્શન કરાવવા માટે જુદાજુદા પ્રાણીઓની કથાઓ યોજાઈ છે. લુચ્ચાઈ એટલે કાગડો કે શિયાળ કે કાબર, ભોળપણ એટલે કબૂતર, મંદબુદ્ધિ એટલે ગધેડું, શ્રમમહાત્મ્ય એટલે કીડી અને મધમાખી એ બધા ખ્યાલો સાહિત્ય મારફત આપણા મગજમાં ચોક્કસ બની ગયા છે. મહાભારતમાં જેમ હરામખોર સાધુઓથી માંડી મહાન ઋષિઓ સુધીનાં પાત્રો આવે તેમ બાળવાર્તા, બાળસાહિત્ય કે લોકસાહિત્યમાં જીવન આખું આવરી લેવાયું છે–આવરી લઈ શકાય.

પેમલા–પેમલી જેવી વાર્તાઓ મારફત સુસ્ત પતિ અને ચબરાક પત્નીનો ખ્યાલ બાળકો સુધ્ધાં

ખાદિ

ઇસવ

કાળની છીણીએ અનુભવતણી હથોડીએ, આંકી રેખા એને ભાલ;
આંખા થાતાં નયને નિરખતો, ઉછરતો એનો લાલ.
બાળક કાજે સર્વ સમર્પે, જતન કરીને રક્ષે,
જ્ઞાન ને અનુભવતણો અઢળક ખજનો અર્પે;
બની યુવક એ બાળ, ભાવિથી બાથ ભીડશે.
મધુર આકાંક્ષા સુખતણી, વિમલ યશઇચ્છા હૃદે વસે,
પ્રેરે એને નિત્યે; ઊલટભર કર્તવ્યપથમાં;
થશે સિદ્ધિ નિશ્ચે, જીતી વિવિધ વિઘ્નો જ કપરાં.
માનવ મથે સુખ પામવાને, ચિંતાતણો બોજ નિવારવાને;
કણ વાવીને મણ પામવાને, લગરિક આનંદ મા'ણવાને.

આજે, ગઇકાલની જેમ, અમારું ઉત્પાદન ઘરઘરમાં સ્વાસ્થ્ય,
સ્વચ્છતા અને સુખનો સંચાર કરે છે. તોય, આજે અમે કામે લાગીએ છીએ...
આવતીકાલ માટે, એ વેળા વધુ રૂડા જીવન માટેના સળવળાટ વધ્યો
હશે. વધુ પ્રયાસોની એ માગણી કરશે. અને અમે સજ્જ હશું વિશાળ સેવા
માટે, નવા વિચાર માટે, નવાં ઉત્પાદન સાથે...

PR. 4-X52 GA

લઈ શકે છે. 'પોપટ ભૂખ્યો નથી' એ વાર્તામાં નાનપણથી જ પૈસા રળવા જવાની વાતથી જીવનમાં પૈસાના મહત્ત્વની ઝાંખીની પણ છાપ પડે છે. રળતો દીકરો મા બાપનેય વહાલો લાગે છે. આ અને આવી અસંખ્ય જીવનવ્યવહારની બાજુને દેખાડતી હકીકતોની છાપો બાળસાહિત્ય મારફત બાળકો ઝીલે છે. આ રીતે જીવનની સ્વાભાવિક પરિસ્થિતિનું દર્શન અને આદર્શજીવનની કલ્પના એ બન્ને સાહિત્યમાં પ્રતિબિંબિત થવાં જોઈએ. વ્યવહારૂ રીતે શરૂઆતમાં સાચનો વિજય થતો દેખાડી શકાય છે. આમ છતાં સાચાને કષ્ટજ ભોગવવાનું આવે છે. આ હકીકત આગલે તબક્કે ચોક્કસ રીતે રજૂ કરી શકાય. સાચો પણ સુખી જ થતો નથી પણ ગોળીથી વીંધાઈ પણ જાય છે એ આજના જીવનનો ન્યાય છે એ વાત સ્પષ્ટ રીતે રજૂ થવી જોઈએ. આમ બનવા છતાં માણસ સચ્ચાઈ છોડતો નથી અને પોતાનો નાશ વહોરી લે છે તેવી વાતો જ ત્યાગની ભૂમિકનું ચિત્ર રજુ કરે છે. વિકાસની ભૂમિકાનો એ છેલ્લો તબક્કો છે. વ્યવહારમાં ગોથાં ખાતાં ખતાં એ કક્ષાએ પહોંચાય છે એ સાચો માણસાઈનો વ્યવહાર છે.

હજુ બેત્રણ બાબતો વિષે લખું.

બાળકોની લાગણીવિષયક બાજુના વિકાસમાં કેટલું'ક સમજવા જેવું લાગે છે. સુખદુઃખની લાગણીઓ અને બીજા દ્વન્દ્વો જે માણસમાં રહેલા છે, તેના ઊંડાણો અને સમજણો બાલ્યાવસ્થામાં ઘણી ઊંડી હોતી નથી. બાળકોની લાગણીઓના ખળભળાટો ઘણા ક્ષણિક હોય છે. ખૂબ ઝગડી પડેલાં બે બાળકો બીજી જ ક્ષણે શાંતિથી એકઠાં રમતાં હોય છે. રાગદ્વેષ–પ્રેમ–વેર વગેરેનાં ઊંડાણો મોટેરાંઓ જેટલા તેમના ઊંડાં નથી હોતાં. મૃત્યુની વાતોમાં–મૃત્યુનો ખ્યાલજ પરિપક્વ થયો નથી હોતો એટલે એવી ગંભીરતા જણાતી નથી.

એક જનાવર બીજાને ખાય તે વાત સ્વાભાવિકપણે તેઓ સ્વીકારી લે છે. જે બચાઈ જવાનું છે તે સિફતથી છટકી જાય છે. વોલ્ટડીઝનીના કેટલાંક ચલચિત્રોમાં આવી જ હકીકતો દેખાય છે. બાળકો એ જુએ છે. આપણને મોટેરાઓને કદાચ તેમાં અરેરાટી આવી જાય છે. નાનાં બાળકો ફુદાં–પતંગિયાં પકડે છે. દેડકાઓને પથરા મારે છે. કીડી–મકોડી મારી નાખે છે. એ બધામાં મૃત્યુના દુઃખની કલ્પનાનો અભાવ છે. કીડી–મકોડીને મારવામાં માત્ર ગતિ અટકાવવા સિવાય બીજો કોઈ ખાસ હેતુ નથી હોતો. બીજાને દુઃખ થાય છે માટે દુઃખ ન આપવું, બીજાના દુઃખથી પોતે દુખી થવું એ અનુભવ પછી વિકાસની એક ભૂમિકાનો તબક્કો છે. શરૂઆતમાં તો પોતાને દુઃખ થાય તો દુઃખ. દુઃખની વાસ્તવિક ભૂમિકા ઉપરથી કલ્પના વિકસતાં બીજાના દુઃખમાં સહાનુભૂતિ પ્રગટે છે. ખુદ મૃત્યુના દુઃખ કરતાં મારનું દુઃખ તેમને વધુ સમજાય છે.

આવી વિશાળ રીતે બાળસાહિત્ય મારફત જીવનનું દર્શન થાય છે. એમાં બધા પ્રકારની સુખદુઃખની લાગણીઓ આવે છે. તે વાંચવા સાંભળવામાં એક પ્રકારનો આનંદ આવે છે. આનંદ મળવો–સુખ થવું–શાંતિ મળવી–સ્થૂળ કરતાં સૂક્ષ્મ પ્રકારે બુદ્ધિ અને લાગણીનાં સ્પંદનો અનુભવી જીવવું, અને એ બધાથી પર એવા જુદા જુદા અનુભવો કરવા અને જ્ઞાન મેળવવું એવો વિશાળ અર્થ બાળસાહિત્યમાં સરે છે. બાળકોના મગજમાં ઘણી મોટી દુનિયા ભાષા મારફત ખડી થાય છે. કલ્પનાનો વિકાસ તો તેમાં થાય છે જ.

કવિના કે લેખકના મગજમાં દેખાતું 'ગુલાબનું ફૂલ' કોઈ નવું જ રૂપ ધારણ કરે છે બાળકે ગુલાબ જોયું છે એટલે એના વિષે ગમે તેટલી વિસ્તારથી થતી વાતો સાથે એનું અનુસંધાન થાય છે. હીંચકે હીંચકેલું બાળક

"હીંચકો ખરરર ઊડ્યો આકાશમાં,

હીંચકાને આવી પાંખો બે પાસમાં—એવા ગીત સાથે હીલ્લાળા લઈ શકે છે,

ભાષા માણસ જ બોલે છે. પશુઓ બોલતાં નથી. છતાં પશુઓના મોમાં ભાષા મૂકાય તો પણ સમજણપૂર્વક તેનો સ્વીકાર કરી બાળકો તેની નવી રચનાનો આનંદ લઈ શકે છે. ચકા–ચકીની એક એક દાણો એકઠો કરીને ખીચડી કરી ખાવાની હકીકતમાં કલ્પનાનો જ રંગ ભર્યો છે ને!

બાળસાહિત્ય માટેના આ કેટલાક વિચારો મેં રજૂ કર્યા છે.

લેખક હમેશાં માનસશાસ્ત્રી નથી હોતા અને છતાં વિવિધ માનસનું અવલોકન અને તેની રજુઆત કરવી તે તેનું કાર્ય છે. એના બુદ્ધિ અને લાગણીના તાર જીવંત હોય છે. નાનપણથી એવી જાતના ઘડતરનું એને વાતાવરણ મળ્યું હોય છે. કેટલીક મદદ મળી હોય છે. કોઈ ચોક્કસ લાગણીના પ્રથમ આવેગને લીધે સાહિત્યનું સર્જન થઈ જાય છે. લેખક–કવિ પાસે ભાષાનું સાધન હોય છે. ગદ્ય–પદ્ય–નાટક કે બીજા કોઈ પ્રકારમાં એના લાગણીના કે વિચારના પ્રવાહને વેગ મળે છે. તે લખી કાઢે છે. વાંચનાર એને અનુકૂળ સમજણ, વાતાવરણ કે પ્રતિકૂળ વાતાવરણ કે સમજણ તેમાં જુએ તે પ્રમાણે તે સાહિત્યનો સ્વીકાર કરે કે છોડે. સાહિત્યકાર પાસે ચોક્કસ ચોક્કસ ઉંમરના લોકોના લાગણીના પ્રવાહોની ઝાંખી છે. બાળલેખકોને માટે બાળકોની માનસિક ભૂમિકાની ઝાંખી હોવી જરૂરી છે. બાળકોને સમજવાની, તેની કક્ષાએ જવાની શક્તિની જરૂર છે. એમ થતાં રસપૂર્વક એ પોતાના કોઈપણ વિષયની રજુઆત કરી શકશે. બાળકોની માનસિક ભૂમિકા અને લાગણીઓની મુલાયમતા અને તેની સપાટી તેણે ચૂકવી ન જોઈએ.

લેખક કે કવિ એ માત્ર શાસ્ત્રજ્ઞ કે વૈયાકરણી નથી. શાસ્ત્ર કે વ્યાકરણ તો પાછળથી ભાષાનું પૃથક્કરણ થતાં ઊભાં થયેલાં છે. લેખક કે કવિ આવું શાસ્ત્ર કે વ્યાકરણ જાણે એ સારું છે. આમ છતાં એ શાસ્ત્ર જાણીને શાસ્ત્રીયતા લાવવાના પ્રયાસમાં કૃત્રિમતા ઊભી થવાની. સંગીતકાર સંગીતની જમાવટ કરે ત્યારે એના વિસ્તારમાં તેને આનંદ પડે છે. વિસ્તાર થવો એ એની પ્રગતિની સ્વાભાવિક સ્થિતિ અને પ્રક્રિયા છે. વિસ્તાર કરવા ખાતર વિસ્તાર કરનારા માત્ર કસરત કરતા દેખાય છે. એમાંથી રસ ઓસરી જાય છે–શાસ્ત્ર રહે છે–વ્યાકરણ રહે છે. લેખક કે કવિનું પણ એવું છે ને એવું સમજવું જોઈએ. એમણે માત્ર શાસ્ત્ર કે વ્યાકરણથી ચેતવું જોઈએ.

ભાષા–અલંકાર–ઉપમા–પદ્ધતિ–શૈલી એ બધું કારીગરને મળવા લાગે છે. જેમ કારીગરી વધે તેમ

અને આમ છતાં જેને માટે એ લખાયું હોય તેની આગળ એ મૂકાઈ જાય. બાળકો માટે લખાયેલું સાહિત્ય બાળકો સ્વીકારે તો રાખવું ને નહિ તો તેના પર ચોકો મૂકવો એ એની કસોટી ગણવી જોઈએ.

ચંદુલાલ વ. ભટ્ટ

તેનો વિસ્તાર વધે છે. જીવંત સૃષ્ટિ–સમગ્ર સૃષ્ટિ એની સમક્ષ પડી છે. એનું મગજ ચેતનવંતુ બન્યું છે. એની લાગણીઓ વિકસી છે. એનું અવલોકન, અનુભવ, ભાવો, વિચારો વિકસ્યા છે. એની દુનિયાને, સૃષ્ટિને, મનુષ્યને સમજવાની શક્તિ વિકસી છે. આઘાત–પ્રત્યાઘાતના પરિણામો ભાષા સાહિત્ય મારફત એનામાંથી સરી પડવાના છે. એવા સ્વાભાવિક શક્તિ અને મતિવાળાઓનું સાહિત્ય જીવંત બનવાનું છે.

નમ્ર વિનંતિ

આથી શિક્ષણપત્રિકાના ગ્રાહકોને નમ્ર વિનંતી જે—ઘણાં ગ્રાહકોનાં લવાજમો બાકી છે, અને એરીયર્સ ખેંચાયા કરે છે.

"શિક્ષણપત્રિકા" ધંધાદારી માસિક ન હોઈને નફો કરવાની તેની ભાવના હોઈ જ ન શકે. આપ સૌના સહકારથી જ આ કાર્ય સંપૂર્ણપણે વ્યસ્થિત થઈ શકે તેમ છે, તો દરેક ગ્રાહક પોતાનું બાકી લવાજમ નીચેના સરનામે મોકલાવી આપે જ, તેવી નમ્ર વિનંતી છે.

વ્યવસ્થાપક,
શિક્ષણપત્રિકા કાર્યાલય,
C/o દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર,
તખ્તેશ્વર પ્લોટ, ભાવનગર.

કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ

આપણા દેશની મોટા ભાગની વસ્તી ગામડામાં વસે છે, અને દુર્દૈવની વાત એ છે કે આ મોટા ભાગની વસ્તીમાં અજ્ઞાનતાનાં અંધારાં હજુ એટલાં જ પ્રવર્તે છે. એ જોઈતા પ્રમાણમાં દૂર થઈ શકયાં નથી. એની પાછળ અનેક કારણો છે. તેમાંનું નરી આંખે દેખાઈ આવે એવું એક કારણ એ છે કે ગામડામાં કામ કરનારા નિષ્ઠાવાન કાર્યકરો જોઈતા પ્રમાણમાં મળતા નથી. શ્રી તારાબેન મોડક, શ્રી જુગતરામ દવે તથા શ્રી નાનાભાઈ ભટ્ટ જેવા કેટલાક ધુરંધરો ગામડાંઓમાં પ્રાણ પૂરવા મંડી પડયા છે, પણ આવી વ્યક્તિઓ ગણીગાંઠી જ છે અને તે સૌ પોતપોતાની રીતે કામ કરે છે.

ગ્રામસુધારણાની દૃષ્ટિએ – ખાસ કરીને બહેનો અને બાળકો માટે – રાષ્ટ્રીય ધોરણે કાર્ય કરતી કોઈ સંસ્થા હોય તો તે "કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય-સ્મારક ટ્રસ્ટ" છે.

ઉગમ

૨૨, ફેબ્રુઆરી ૧૯૪૪, શિવરાત્રીના પવિત્ર દિવસે પૂનામાં આવેલા આગાખાન મહેલમાં કસ્તુરબાનું અવસાન થયું. બાપુની જેમ બા પણ ભારતની પ્રજાના હૈયામાં વસેલાં હતાં. એમની યાદને ચિર સ્થાયી કરવા કંઈક કરવું જોઈએ એમ પ્રજાને લાગતું હતું. એના અનુસંધાનમાં પંડિત મદનમોહન માલવીયા અને બીજા અગ્રગણ્ય નેતાઓએ ૮ માર્ચ ૧૯૪૪ ના રોજ પ્રજા સમક્ષ ટહેલ નાખી અને જોત જોતામાં સારું એવું ફંડ ભેગું થયું. એકત્રિત થયેલું આ ફંડ ગાંધીજીને એમની ૭૫ મી જન્મજયંતિ ૨, ઑકટોબર, ૧૯૪૫ ના રોજ અર્પણ કરવામાં આવ્યું. ગાંધીજીએ એ સ્મારકનિધિનું નામ "કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ" રાખ્યું અને એના સંચાલન માટે યોગ્ય ટ્રસ્ટીમંડળ વગેરે નીમ્યું.

ટ્રસ્ટ સમગ્ર રાષ્ટ્રવ્યાપી હોઈ, તેના સંચાલનમાં સરળતા થાય અને કામમાં પણ સંગીનતા આવે એ દૃષ્ટિએ દેશના જુદા જુદા પ્રદેશોમાં એક એક સ્ત્રી પ્રતિનિધિ પણ નીમવામાં આવ્યાં છે.

ધ્યેય

ટૂંકમાં જ કહેવું હોય તો ગામડાંઓમાં કાંઈક દૈવત પૂરવું એ જ ટ્રસ્ટનું પ્રધાન ધ્યેય છે. ગામડાંની બહેનો અને બાળકોમાં સંસ્કાર સિંચન કરવું, તેમને એવા કોઈ ગ્રામોદ્યોગો અને ગૃહ-ઉદ્યોગો શિખવવા કે જેથી તેઓ સ્વાવલંબી



પ્લેટો ૬૬ પેન
સૌ કોઈની
પેન છે
કારણ કે એ
મજબુત છે,
લખવામાં સરળ છે,
તેની નીબ ટકાઉ છે;
શાહી સહેલાઇથી
ઉતરે છે, બનાવટ
વિશ્વસનીય અને
દેખાવ મોહક છે.



તરહેતરેહની
પ્લેટો પેન
રૂ. ૪ થી
રૂ. ૨૭-૫૦
સુધીની કિંમતમાં
મળે છે

PLATO

plato
66

મહાત્રે પ્રોડક્ટ્સ
સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ
ધી બેસ્ટ ફાઉન્ટન પેન ડેપો
પો. બો. નં. ૨૪૨૧, મુંબઇ

Shilpi 11. P. 634 GUJ

બને; પોતાના આરોગ્ય અને સ્વચ્છતા પ્રત્યે જાગ્રત થાય અને પોતાનું જીવન ધોરણ સમગ્ર પણે સુધારી શકે એવા પ્રયત્નો પણ ટ્રસ્ટ કરે છે. પોતાના ધ્યેય પ્રમાણે ટ્રસ્ટ પોતાનું કાર્યક્ષેત્ર પસંદ કરે છે—એ હુન્નરથી પણ ઓછી વસ્તી વાળાં ગામડાંને પોતાના કાર્યક્ષેત્રમાં આવરી લે છે. આ ગામડાંઓમાં ટ્રસ્ટ "ગ્રામ–સેવિકા"ની તાલીમ પામેલ બહેન મૂકે છે જે ટ્રસ્ટના ધ્યેય પ્રમાણે ત્યાં કાર્ય કરે છે.

પ્રવૃત્તિઓ

ટ્રસ્ટ દ્વારા નીચે પ્રમાણેની જુદી જુદી પ્રવૃત્તિ ચાલે છે :—

(અ) ભારતના જુદા જુદા કેટલાક પ્રદેશોમાં "ગ્રામ સેવિકા વિદ્યાલયો" ચાલે છે જ્યાં ગ્રામ–સેવિકાની તાલીમ અપાય છે. જે જે પ્રદેશોમાં વિદ્યાલયો છે તેનાં નામ નીચે પ્રમાણે છે.

(૧) સીતાનગરમ્, આંધ્ર (૨) શરણિયા, આસામ (૩) રમરેપૂર, ઉત્તર પ્રદેશ (૪) કોબા, ગુજરાત. (૫) રાદૌર, પંજાબ (૬) બલરામપુર, બંગાળ (૭) વૈની, બિહાર (૮) કસ્તૂરબાગ્રામ, મધ્યપ્રદેશ (૯) આસીકેરી, મૈસૂર (૧૦) સાસવડ, મહારાષ્ટ્ર (૧૧) શાહપૂરા, રાજસ્થાન (૧૨) માધાન, વિદર્ભ (૧૩) દુર્ગાપૂર, હિમાચલ પ્રદેશ (૧૪) હૈદર-શાહ કોટ, હૈદરાબાદ.

(બ) ગામડામાં ગ્રામ–સેવિકા બહેન નીચે પ્રમાણે પ્રવૃત્તિઓ કરે છે.

(૧) ૨॥ થી ૭ વર્ષનાં બાળકો માટે બાલવાડી.
(૨) ૭ થી ૧૪ વર્ષનાં બાળકો માટે શાળા અને ઘર વચ્ચેના સમયમાં પૂરક પ્રવૃત્તિઓ.
(૩) પ્રૌઢ શિક્ષણ તથા સમાજ શિક્ષણ.
(૪) ગામડાની સમગ્ર સ્વચ્છતાનો ખ્યાલ.
(૫) ગામડાને અનુરૂપ એવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ.

(ક) શક્ય હોય ત્યાં ગામડાંઓમાં આરોગ્ય–સેવિકા પણ મૂકવામાં આવે છે. કોઈક ઠેકાણે ગ્રામ–સેવિકા પોતે પણ આરોગ્યની દૃષ્ટિએ કેટલીક પ્રવૃત્તિઓ કરે છે જેવી કે :—

(૧) તાત્કાલિક ઉપચાર.

(૨) સામાન્ય ઘરેલુ દવાઓનો ઉપયોગ.

(૩) સગર્ભાવસ્થામાં તથા પ્રસૂતિમાં અને પ્રસૂતિ પછી, બાળક તથા માતાની સંભાળ કેમ રાખવી તેની સમજૂતિ ગામડાની બહેનોને આપવી.

(૪) ટ્રસ્ટ દ્વારા બહેનો માટે કેટલીક હોસ્પીટલો અને પ્રસૂતિ ગૃહો ચાલે છે. આ હોસ્પીટલોમાં કોઈક ઠેકાણે આરોગ્ય-સેવિકાની તાલીમ આપવાનો પ્રબંધ પણ હોય છે. નીચેનાં સ્થળોએ હોસ્પીટલો ટ્રસ્ટ દ્વારા ચાલે છે :—

(૧) સીતાનગરમ્ જી. પૂ ગોદાવરી (૨) સીગાનલ્લુર જી. કોઈમ્તૂર. (૨) ઓમંડૂર જી. ટ્રીચીનોપલ્લી (૪) રાસ, ગુજરાત (૫) સારગાંવ, જી. રાયપૂર (૬) કસ્તૂરબા ગ્રામ, મધ્યપ્રદેશ.

તાલીમ-પ્રબંધ

ગ્રામ સેવિકાની તાલીમ માટે ઓછામાં ઓછા શાળાંત પાસ સુધીના અભ્યાસની જરૂર હોય છે. અને ઉંમરનું બંધનસામાન્ય રીતે ૧૮ થી ૩૦ વર્ષનું છે. શારીરિક ખડતલતા અને માનસિક સ્વસ્થતા તથા શ્રમજીવનને સમજપૂર્વક અપનાવવાની તૈયારી, આ તાલીમમાં જોડાનાર બહેનની હોવી જોઇએ. તાલીમમાં જોડાયા પછી એ અંગેનો ખર્ચ ટ્રસ્ટ આપે છે અને તાલીમ પૂર્ણ થયા પછી એના ઋણ રૂપે તાલીમ પામેલી બહેને, ટ્રસ્ટ મૂકે તે ગામડામાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સેવા આપવાની હોય છે સેવાના વર્ષો દરમિયાન સેવિકા બહેનને ટ્રસ્ટના નિયમ પ્રમાણેનો પગાર મળે છે.

ગ્રામ સેવિકા ઉપરાંત 'પ્રસૂતિ-સેવિકા' તથા ઉદ્યોગ-શિક્ષિકા જેવી કેટલીક વિશિષ્ટ તાલીમોનો પણ પ્રબંધ હોય છે.



"શિક્ષણ પત્રિકા"ના વાંચકોને

અગત્યની સૂચના:—

નૂ. બા. શિક્ષણ સંઘ સંચાલિત ગુજરાતી 'શિક્ષણપત્રિકા'નું આજસુધી કામકાજ અને ઑફિસ "શ્રી સરસ્વતી પ્રિન્ટીંગ પ્રેસ" ભાવનગર મારફત હતું.

હવેથી તે ઑફિસ દક્ષિણામૂર્તિ બાલમંદિર તખ્તેશ્વર પ્લૉટ-ભાવનગરના સરનામે ફેરવેલ છે. આપ સૌને અમારી નમ્ર વિનતિ છે કે આપનો સઘળો પત્ર-વ્યવહાર, લવાજમ વગેરે હવેથી નીચેના સરનામે મોકલવા વિનતિ છે.

— વ્યવસ્થાપક

સ્થળ :—

વ્યવસ્થાપક,
"શિક્ષણપત્રિકા કાર્યાલય"
c/o. દક્ષિણામૂર્તિ બાલમંદિર
તખ્તેશ્વર પ્લૉટ : ભાવનગર

ગુજરાત પ્રદેશ

રાષ્ટ્રીય ધોરણે ટ્રસ્ટની પ્રવૃત્તિઓનો ટૂંકો પરિચય જોયો. હવે ગુજરાત પ્રદેશનો આછો ખ્યાલ મેળવીએ.

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ એ ત્રણેનો એક પ્રદેશ ગણી એ પ્રદેશનાં પ્રતિનિધિ તરીકે શ્રીમતિ સરલાદેવી સારાભાઈને નીમવામાં આવ્યાં છે. અમદાવાદથી આઠેક માઈલ દૂર સાબરમતી નદીને કિનારે કોબા નામના નાનકડા ગામને કાર્યક્ષેત્ર તરીકે પસંદ કરવામાં આવ્યું છે. ગામથી થોડે દૂર "ગ્રામ સેવિકા વિદ્યાલય" છે. ત્યાં અત્યારે ગ્રામ સેવિકા બહેનોને તાલીમ અપાય છે. એ વિસ્તારમાં બીજું એ હજારથી નાની વસ્તીવાળા સાતેક જેટલાં ગામડામાં "ગ્રામ સેવા કેન્દ્રો" ખોલી ગુજરાત પ્રદેશ પોતાનું કાર્ય આગળ ધપાવી રહ્યો છે. આ ઉપરાંત ગુજરાત પ્રદેશની દેખરેખ હેઠળ બોરસદ તાલુકામાં રાસ નામના ગામે એક પ્રસૂતિ-હૉસ્પીટલ પણ ચાલે છે.

કસ્તુરબા ટ્રસ્ટની કેન્દ્રીય ઑફીસ કસ્તૂરબા ગ્રામ, ઇન્દોરમાં છે, અને ટ્રસ્ટદ્વારા "કસ્તૂરબા દર્શન" નામનું એક ત્રિમાસિક પણ બહાર પડે છે. આ બંનેનો સંપર્ક સાધવાથી જીજ્ઞાસુને ટ્રસ્ટ વિષે વધારે માહીતિ મળી રહેશે.

આનંદરાવ લિંગાયત

SISTA'S-SG-7

સહેજ

* ટીનોપાલ

વાપરવાથી કપડાં — સાવ સફેદ — બને છે

* "ટીનોપાલ" જે. આર. ગાઇગી, એસ.-એ., બાલ, સ્વિત્ઝરલેંડનો રજીસ્ટર્ડ ટ્રેડ માર્ક છે



બનાવનાર મુહૃદ ગાઇગી પ્રાઇવેટ લિમિટેડ, વડી વાડી, વડોદરા—સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ મુહૃદ ગાઇગી ટ્રેડીંગ પ્રાઇવેટ લિમિટેડ, પી. ઓ. બોક્સ ૯૬૫, મુંબઇ ૧

બાલી વિભાગ

બાળકોને કોણ બગાડે છે ?

ઘણીવાર માબાપો પોતાનાં બાળકોની જૂદી જૂદી જાતની ફરીયાદો લઈને આવે છે. એમની ફરીયાદોમાં બાળકોની અંદર અંદરની મારામારી, ભાઈબહેનની લડાઈ, મોટા કુટુંબમાં રહેતાં બાળકોની અંદર અંદરની લડાયક અને તિરસ્કારની વૃત્તિઓની વાતો આવે છે. તેઓ પછી અમારું માર્ગદર્શન માગે છે. એવાં માબાપોને આ નીચે લખ્યાં અવલોકનો વાંચી જવાની મારી ભલામણ છે. પહેલાંમાં, આપણા હિન્દુ સમાજમાં ભાઈ અને બહેન વચ્ચે જે તફાવત, ઉંચાનીચાનો ભેદ પાડવામાં આવે છે તેની વાત છે. પ્રસંગ બાલમંદિરમાં બન્યો છે. જો બાલમંદિરમાં શિક્ષકોની હાજરીમાં પણ આમ બને છે તો ઘરમાં શું નહીં બનતું હોય ? બે જોડીયાં ભાઈ વચ્ચે આ દીવાલ ચણાઈ રહી છે અને ભાઈ માત્ર 'ભાઈ' પુરુષ હોવાના કારણે અને 'બહેન' 'સ્ત્રી' હોવાના કારણે આ પ્રસંગો બને છે. આમાંથી આપણે સહેજે સમજી શકીશું કે માબાપ પોતે જ પોતાના હાથે શું મુશ્કેલી ઉભી કરે છે. અને આનાં પરિણામો શું આવે ?

બીજો પ્રસંગ સાસુ વહુનાં બાળકોનો છે. 'વહુ'નું બાળક બરાબર ભણે છે, એ જોઈ સાસુની ઇર્ષાનો આ પ્રસંગ છે. આમાં બીચારાં બાળકોનો શું વાંક ? હકીકતમાં એ બન્ને બહેનોની માતાઓ જ્યારે સાથે નથી હોતી ત્યારે એમનું સુંદર ચાલે છે.

માતાઓના પોતાના રાગદ્વેષ કારણે જ બાળકોનું બગડે છે : અવલોકનો પોતે જ બધું બોલે છે એટલે વધારે લખવાની જરૂર નથી.

માબાપો પોતાનાં જ વર્તન ઉપર સંયમ રાખે અને બાળકોને પોતાના સામાજીક વાતાવરણથી પર રાખીને સમાનતા અને સમતાના ધોરણે ઉછેરે તો ઘણી મુશ્કેલી ટળી જાય.

ન. બા.

કમળા–હરેન્દ્ર બંને જોડીયા ભાઈ–બેન છે. હજુ નવા જ આવ્યા છે. તેની બા, ભાઈ, નોકર રોજ રોજ મૂકવા આવે છે. આજે તેની બા મૂકવા આવ્યાં હતાં.

કમળા જે સાધન લેતી તે હરેન્દ્ર તેની પાસેથી ઝૂંટવી લેતો. એ સાધનથી થોડીવાર રમે ન રમે ત્યાં પાછું કમળાએ લીધેલું સાધન હરેન્દ્ર લઈ લ્યે.

આમ કમળાને અન્યાય થતો હતો, કમળા અને હરેન્દ્ર વચ્ચે ખેંચાખેંચી ચાલતી હતી ત્યાં હું બંને પાસે ગઈ ને સમજાવવા લાગી. મારા બોલવાને ગણકાર્યા વિના બંને જણાં ખેંચાખેંચ કરતા જ રહ્યાં. એટલે મેં સાધન કમળાના હાથમાં આપી હરેન્દ્રને કહ્યું, "પહેલા રમતા હતા તે સાધન મૂકી દો." તેણે જાણ્યું કે હવે હું કમળા પાસેથી સાધન નહિ જ ઝૂંટવી શકું. એટલે સામે બેઠેલા એક બેન પાસે જઈને રડવા લાગ્યા. એ બેન તે એની બા છે એ મેં જાણ્યું ત્યારે હું એની પાસે ગઈ ને હરેન્દ્રને તેનું લીધેલું સાધન જગ્યાએ મૂકીને બીજું સાધન લેવા માટે કહેતી હતી, ત્યાં એની બાએ કહ્યું : "જા હું મૂકી દઈશ તારૂં સાધન."

અને મારા આશ્ચર્ય સાથે પેલા બેન (તેની બા) અહીં બેઠાં બૂમ પાડીને કમળાને કહેતાં હતાં કે હરેન્દ્રને તે આપી દે

પેલા બહેનને મેં કહ્યું કે એમ શા માટે કહો છો ? હરેન્દ્રને સમજાવીને બીજું સાધન આપોને ?

"અરે હમણાં જોજોને બોલીને મારીને ખૂંચવી આવશે." આ તેની બાના શબ્દો હતાં.

અને સાચ્ચે જ તેની બાના કહ્યા પ્રમાણે હરેન્દ્ર કમળાને મારીને પોતાનું સાધન લઈ આવ્યો અને તે પોતાની બા પાસે આવીને ગર્વભરી દૃષ્ટિથી તેની બા સામે જોયું ત્યારે બાએ કહ્યું કે બહુ જબરો છે અને વાંસામાં હાથ ફેરવી હસવા લાગ્યાં. જાણે એના દીકરાએ શું એ કામ ન કર્યું હોય ?

અને કમળા આખા ઓરડાના બાળકોને અશાંતિ પહોંચે એમ રડી રહી હતી. તેને છાની રાખવા ત્યાં બેઠાં તેની બા બોલતાં હતાં " છાની રહે રડે છે છાની ? ભાઈ તારા કરતાં નાનો છે અને એ જબરો છે. "

કમળામાં બાના આ શબ્દો સમજવાની સમજણ નહોતી છતાં ' છાની રહે ' એ શબ્દો પોતાને માટે બા કહે તે ઘણું બધાં છે માની તે ચૂપ થઈ ગઈ પણ ભાવ શૂન્ય મને તે આસન પર બેસી રહી, તેણે ન તો બીજું સાધન લીધું કે ન તો ત્યાંથી ઉભી થઈ. દરેક બાળક સામું, શિક્ષક સામે તે એવી દૃષ્ટિથી જોતી હતી કે મને પૂછો કે હું કેમ એકલી બેઠેલી હતી એટલે, શિક્ષિકાએને દફ્તરપેટી લાવી તેને પાઠ આપ્યો. પણ તે સમયે તેનું ધ્યાન હરેન્દ્ર અને તેની બા તરફ હતું. શિક્ષિકાએન બતાવીને ગયાં પણ તેણે દફ્તરપેટીને હાથ પણ ન અડાડ્યો અને ત્યાં જ બેઠી બેઠી જોઈ રહી કે હરેન્દ્રના કામમાં પોતાની બા કેટલો રસ લે છે !

આ બાજુ હરેન્દ્ર એક પછી એક સાધન પોતાની બા પાસે લઈને આવતો હતો અને એકાદ બે મિનિટ રમીને પાછું સાધન મૂક્યા વગર બીજું સાધન લેતાં અને ચારપાંચ સાધન ભેગાં થાય ત્યારે તેની બા મૂકી દેતાં પણ હરેન્દ્રને મૂકી દેવાનું નહોતાં કહેતાં.

શિક્ષિકા બેનનું ધ્યાન એકવાર તે તરફ ગયું અને તેણે હરેન્દ્રને સાધન મૂકી દેવા કહ્યું ત્યારે હરેન્દ્રે તેની બા સામું જોયું. બા તેના સામું હસ્યા



એટલે હરેન્દ્રે માની લીધું કે બા સાધન મૂકી દેશે અને પોતે શિક્ષિકા બેનનું કહ્યું ગણુકાર્યાવિના પોતાના આસન પર બેસી ગયો.

નાસ્તાના મંજીરા વાગ્યાં ત્યારે હરેન્દ્રનો હાથ પકડી તેની બા હાથ ધોવરાવવા ગયા ત્યારે કમલા ક્યાં છે તેની ચિંતા નહોતી. કમલા ખબર નથી કયારે હાથ ધોઈ નાસ્તો કરવા લાઈનમાં બેસી ગઈ હતી. બે બેઠી હતી નાસ્તો કરવા પણ તેનું ધ્યાન હરેન્દ્ર તરફ હતું. તેની આંખો, તેનાં નાના હાથ કહેતાં હતાં 'હરેન્દ્રને શું નું શું કરી નાંખું.' જ્યારે હરેન્દ્ર તેની તરફ મંદમંદ હસી ગર્વ અનુભવતો હતો.

માને બબર નથી પોતે જ પોતાનાં બાળકો વચ્ચે કેવી દીવાલ ચણી રહી છે !

હું ઘરેથી આવી ત્યારે બાલમંદિરના ઓટલા પર મીરાંબેન રડતાં રડતાં બેઠાં હતાં. મેં પૂછ્યું, "શું કામ રડો છો ?" મીરાંબેને કાંઈ જવાબ ન આપ્યો અને રડવાનું ચાલુ રાખ્યું.

થોડીવાર પછી સંગીતના મંજીરા વાગ્યા ત્યારે પણ મીરાંબેન સંગીતના ઓરડા તરફ જવાને બદલે બાલમંદિરથી ઘરે જવાના રસ્તા પર ધીમે ધીમે જવા માંડ્યાં. સંગીતમાં જવા જબાબેને ખૂબ સમજાવ્યા, પણ તે ન ગયા અને તડકામાં ઊભા ઊભા દરવાજા તરફ જોઈ રહ્યાં હતાં. મને થયું તેનો વિચાર ઘરે જવાનો છે. મેં એને કીધું પણ ખરું કે ઘરે ન જતાં અને હું મારા પીરીયડમાં નીચે ગઈ.

થોડીવાર પછી મીરાંબેનની બા તેના નાના ભાઈને તેડીને આવતાં મેં જોયાં અને થોડીવારમાં તો મીરાબેન પણ દોડતાં એની બા પાસે આવી પહોંચ્યાં. મીરાંબેન કેમ રડતાં હતાં ? કેમ સંગીતમાં ન ગયાં ? એટલે કેમ ઊભા હતાં તે હવે મને સમજાયું. થોડાં દિવસથી મીરાંબેનના નાના ભાઈને બાલમંદિર મૂકવા રોજ તેની બા આવે છે મીરાં-બેનનો સ્વભાવ શરમાળ તો પહેલેથી જ છે. થોડા દિવસથી જ તે મંડળીમાં બેસે છે. પહેલાં બહાર લોબીમાં જ ફર્યા કરતાં ત્યાં વળી એના બા બાલ-મંદિર આવતાં થયાં એટલે એનું ચિત્ત મંડળીમાં કામકાજમાં જરાય નથી હોતું.

સંગીત પૂરું થયાં બાદ મીરાંબેન તેની બાનો સાડલો પકડીને નાની મંડળીમાં આવ્યાં. હાજરી વખતે પણ તે તેની બાને પકડીને જ બેઠાં હતાં. રખેને તેની બા તેને મૂકીને જતાં રહેશે તો ? તેની બાનું બંધન જેટલું મીરાંને હતું તેટલું તેના ભાઈને ન હતું. તે છુટ્ટો બધાંની સાથે લાઈનમાં બેઠો હતો. જબાબેનનાં સૂચનનો બરાબર અમલ કરતો.

હાજરી પૂરીને આસન લેવા બધાં બાળકોને મોકલ્યાં પણ મીરાંબેન તેની બાથી છુટ્ટાં ન પડ્યાં. કોઈપણ જાતનું કામ કરવાની તેની ઇચ્છા ન હતી. તેનો ભાઈ ગમે તે સાધન લઈને રમતો હતો. લગભગ ઘણીવાર સુધી બેસીને કંટાળો આવ્યો હોય કે કેમ પણ મીરાંબેન તેનાં ભાઈ સાથે દફાપેટીથી રમવા માંડ્યાં. બંને ભાઈ-બહેન રમે છે એમ માની તેની બા બાલમંદિરનાં પગથિયાં પર જઈને બેઠાં હતાં.

થોડીવારે મીરાંબેનની બા બેઠાં હતાં તે તરફ મીરાંબેનનું ધ્યાન જતાં જોરથી રડતાં રડતાં બાલ-મંદિરનાં પગથિયાં પાસે આવ્યાં. તેની પાછળ રડતો રડતો તેનો ભાઈ પણ આવ્યો. અને સંસ્કારી દેખાતી બાએ બિચારી મીરાંને કોઈ જોતું નથી, તેનું કોઈ ધ્યાન રાખતા નથી એમ કહી ઓટલા આગળ પછાડી બે ચાર પાટા માર્યા, સીમટા ભર્યા. મીરાં ખૂબ રડવા લાગી. સામેથી વિમુબેન આવતા હતાં, તેણે પૂછ્યું "મીરાં કેમ રડે છે ? શું થયું ?"

મીરાં બિચારી કંઈ કહે તે પહેલાં તેની બાએ કહ્યું, "તેને મંડળીમાં નથી બેસવું એટલે રડે છે."

થોડીવાર પછી હું ત્યાં ગઈ. મીરાં રડતી હતી તેને સમજાવી, હું સમજાવતી હતી ત્યાંજ તેની બાએ

કહ્યું કે કોઈથી નહિ માને. ખૂબ જીદ્દી છે." "તમે એને મનાવો તો માનશે." મેં કહ્યું.

"ના રે ના. કોઈથી ન માને ને એક વાત." એ માનતી નથી. સવારે પરાણે એક કપ દૂધ પીને એ બાલમંદિર આવે છે. ખવરાવવા માટે કેટલું સમજાવું પણ માને જ નહીને પછી ન છૂટકે મારવી પડે છે." "એમાં મારો છો શું કામ ?" એમ મેં કહ્યું.

"મારે નહી તો શું કરે ? પાંચ વર્ષની થઈ. નાની છે ? તેની પાછળથી આવેલી "અમીતા" (મીરાંની ભત્રીજી) બાલમંદિરમાં કેવી રમે છે ?" અમીતા આગળ થઈ જશે અને મીરાં પાછળ રહેશે તેની ચિંતા મીરાંની બાને હતી. (અમીતા મીરાંના બીરમાન ભાઈની પુત્રી હતી.)

માનસશાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરતાં મીરાં કેમ આવી હશે તેનો ખ્યાલ આવે છે.

મીરાંના મા-બાપુજીની ઉંમરમાં ખૂબ મોટો તફાવત છે. શરૂઆતમા નવી પત્નીના બાળક તરીકે મીરાંને લાડમાં રાખી હોય અને પછી નાનો ભાઈ આવતાં તેનાં એ લાડ ઓછાં થયાં હોય. પોતાની ઉમરની પોતાની ભત્રીજી હોંશિયાર હોવાથી પોતાની સમક્ષ એનાં વખાણ થતાં હોય અને પોતાની અણ-આવડતથી માર પડતો હોય.

આવા બધાં કારણોથી જ અત્યાર સુધી અને હજુ પણ મંડળીનાં કામમાં ભાગ નથી લેતાં.

રોજની રોકટોકથી તેનો માનસિક વિકાસ ઓછો થતો હોય તેમ તેનાં વર્તન પરથી લાગે છે.

પહેલાંના વધારે પડતાં લાડમાં એકદમ ઉણપ આવતાં, માને બીજું બાળક થતાં મા પ્રત્યેના પ્રેમની અપેક્ષા ખૂબ રહેતી હોય અને તે કારણે તે સવારમાં જમ્યા વગર આવતી હશે. તેના મનમાં પ્રશ્ન પણ હોય કે અમીતા અને નાનાભાઈના બા વખાણ કરે છે અને મને તો મારે છે એમ કેમ ?

× × ×

મૂંઝવતા વાલીઓ

બાળકનું શિક્ષણ સંપૂર્ણપણે વાલી શિક્ષણ ઉપર અવલંબે છે એવું કહેવાય છે તેમાં બાળક એ વાલીઓનો સર્વાર્થમાં આપત્ય સમજવામાં આવે છે તેના ગુણો અવગુણોનું ચારિત્ર્ય અને મનોવૃત્તિનું અને સંસ્કારનું મૂળભૂત ઘડતર વાલીઓના વાતાવરણમાં થતું હોય છે. તેથી જ વાલીઓનું શિક્ષણ જે સમાજમાં ઉત્તમ રીતે થાય છે ત્યાં બાલ શિક્ષણ આપમેળે થાય છે એવો આ વિચારસરણીનો અર્થ થાય છે.

બાળકના શિક્ષણની દૃષ્ટિથી વાલી શિક્ષણ મહત્ત્વનું હોવા છતાં તે બધા વાલી શીખી શકે એવું નથી. કેટલાક મૂંઝવતા વાલીઓ એવા હોય છે કે જેમના મનનું નવી રીતે ઘડતર થવું ખૂબ અઘરું હોય છે. એવા વાલીઓના મુખ્યત્વે ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે. બાળકનો અસ્વીકાર કરનારા વાલીઓ, બાળકની જવાબદારીનો અતિરેક કરનારા, બાળકો અને બાળકના વ્યક્તિત્વની અવગણના કરનારા વાલીઓ. આવા મૂંઝવતા વાલીઓના ઘરનાં બાળકો પણ વિકાસની દૃષ્ટિથી મૂંઝવતા બને છે. તેમની મૂંઝવણો...ગમે તેટલું કરવા છતાં વધતી જ રહે છે મૂંઝવતા વાલીઓના સંસ્કારની અસર તેમના બાળકોના વ્યક્તિત્વ ઉપર કાયમની જડાઈ જાય છે તેથી એવા વાલીઓનો પરિચય ટૂંકામાં અહિં આપવાનું વિચાર્યું છે.

બાળકનો અસ્વીકાર કરનાર વાલીઓ

બાલમંદિરના બાળકોમાંથી કેટલાંક બાળકો સતત ઉત્પાત કરનારા દેખાઈ આવે છે. બીજાનું ધ્યાન ખેંચી લેવા માટે તેમના અડપલા સતત ચાલુ હોય છે. અન્ય બાળકો ઉપર તેઓ સતત આક્રમણ કરતા હોય છે. શિક્ષક તેમના અડપલાથી ત્રાસી જાય છે. વિરોધ અતિ ચંચલતા બીજાની ઈર્ષ્યા, બંડખોરવૃત્તિ, ચોરી કરવાની વૃત્તિ, ખોટું બોલવાની વૃત્તિ વગેરે લક્ષણોથી આ બાળકો જુદા તરી આવે છે. આવાં બાળકોના વર્તનની પાછળ સાધારણ રીતે તેમના માતપિતાનો અસ્વીકાર જવાબદાર હોય છે. અસ્વીકાર એટલે અમુક કારણોને લીધે આ બાળકો માટે વાલીઓના મનમાં આત્મભાવ જાગતો નથી. વાલીઓને તે પોતાના લાગતા નથી. બાળકો માટેની આ અસ્વીકારવૃત્તિ વિશેષ પરિસ્થિતિને લીધે ઊભી થાય છે. ગર્ભધારણ ટાળવા માટે સતત પ્રયત્નશીલ રહીને પણ ગર્ભધારણ રહે છે. ઘરની ઘણી વ્યક્તિઓને આ બાળક અણગમતો થાય છે. માતાપિતામાંથી કોઇ પણ પોતે ફસાઈ ગયા હોય એમ લાગે. કેટલાંક બાળકો થયા પછી ખૂબ કાળ ગયા પછી જન્મનારાં બાળકો સાધારણ રીતે તેના મોટા ભાંડરડાને અણગમતો થઈ પડે છે. માતા અથવા પિતાના પુનર્લગ્નને લીધે સાવકા બાળકની આજુબાજુ જે પરિસ્થિતિ ઊભી થાય છે એ સાધારણ રીતે અસ્વીકારની જણાઈ આવી છે.

વાલીઓની અસ્વીકારની વૃત્તિને લીધે બાળકને કોઈ પણ એક સંસ્થામાં નાખવાની કલ્પના સગવડવાળી થઈ પડે છે. આ વૃત્તિના આર્થિક આવિષ્કારમાં બાળકના કપડાલત્તા તરફ દુર્લક્ષ કરવું, તેમની માગણીઓ તરફ દુર્લક્ષ કરવું, બાળકની જવાબદારી નર્સ, બાઈ, નોકર અથવા બીજા ઉપર સંપૂર્ણપણે નાખી દેવી વગેરે બાબતો વાલીઓથી થઈ જાય છે. અસ્વીકારનું સૌથી ખરાબ પરિણામ એટલે બાળકને માતપિતાનો અથવા વાલીનો પ્રેમ ન મળવો પોતાના વાલીનો પ્રેમ મળવાના અસમાધાનને લીધે પણ આ બાળકો સતત મુંઝાએલા રહેતા હોય છે અથવા અસ્થિર દેખાય છે. આવા બાળકોને કુટુમ્બમાં અસુરક્ષિતતા લાગતી નથી, વિકાસ પામતા ઔદ્યોગિક યુગમાં કુટુમ્બના નાના નાના તથા વિભક્ત થતા

હોવાથી અસ્વીકારને લીધે થતી ભાવનાત્મક અપોષણની અસર ખૂબ જ તીવ્ર થયાની જણાય છે. મોટા કુટુમ્બમાં કોઈનો ને કોઇનો આધાર બાળકને મળવાની શકયતા હોય છે. પરંતુ નાના કુટુમ્બમાં અસ્વીકાર એટલે માબાપ હોવા છતા બાળકો અનાથ તથા પારકા બને છે.

અસ્વીકાર કરનારા બધા વાલીઓ સ્વાર્થી અથવા કઠોર હૃદયના હોય છે એવું નથી હોતું. કેટલાક વાલીઓ પોતે જ કુસંયોજિત હોય છે. તેમનું લગ્નજીવન સમતોલ હોતું નથી. વડીલ માણસોના દબાણને લીધે અથવા બીજા કોઈ આકર્ષણને લીધે પોતાની ઇચ્છાવિરુદ્ધ તેમનાં લગ્ન થએલાં હોય છે. એકબીજા પાસેથી મળવાનું લૈંગિક અસમાધાનનો અભાવ એ પણ એક મહત્ત્વનું કારણ હોઈ શકે. અથવા બધી છોકરીઓ જ જન્મે, નોકરી ધંધામાં સ્થિરતા ન હોવી, આવી અનેક બાબતોને લીધે વાલીઓ પોતે જ અસ્થિર હોય છે. આ અસ્થિરતાને લીધે બાળક તરફનું તેમનું વલણ અસ્વીકારનું બને છે.

બાળકની જવાબદારીનો અતિરેક કરનારા વાલીઓ

પહેલા પ્રકારના વાલીઓમાં બાળકની જવાબદારીનો અસ્વીકાર હતો તો બીજા પ્રકારના વાલીઓમાં બાળક માટેની જવાબદારી માટે બીજે છેડે પહોંચીને તે માટેની અસ્વાભાવિક ચિંતા કરનારા હોય છે. તેઓ હમેશ પોતાની જવાબદારીને વધારે પડતું મોટું સ્વરૂપ આપે છે. આ વાલીઓમાંનો એક વિભાગ એટલે બાળકને અતિરક્ષણ આપનારા વાલીઓ. આ વિભાગમાં માતાનું પ્રાબલ્ય અધિક હોય છે. તે

બાળકના વ્યક્તિત્વની અવગણના કરનારા વાલીઓ

બાળકના વ્યક્તિત્વની અવગણના કરનારા વાલીઓ અને તેમનો અસ્વીકાર કરનારા બાળકોના વાલીઓમાં મહત્ત્વનો ફરક એ છે કે વ્યક્તિત્વની અવગણના કરનારા વાલીઓ, બાળક એટલે પોતાની જ નાની આવૃત્તિ છે એવું માને છે બાળકનો અસ્વીકાર કરનારા વાલીઓ બાળકો માટે બેદરકાર હોય છે, પરંતુ આવા વાલીઓ પોતાના બાળક ઉપર હમેશ પોતાનું વર્ચસ્વ સ્થાપતા હોય છે. તેમનો ઉછેર પોતાની કલ્પના પ્રમાણે થાય એવા સતત પ્રયત્ન હોય છે. બાળકને જુદું એવું વ્યક્તિત્વ હોય છે એ માનવાને જ તૈયાર થતા નથી.

આવા કેટલાંક વાલીઓમાં સ્વામિત્વવૃત્તિનો અતિરેક જણાય છે. "આ મારું, આ તારું" આ અંગેનું તીવ્ર ભાન તેમનામાં દેખાય છે. આપણું જે કંઈ હોય તે સર્વસ્વ આપણું જ છે એવી તેમની ભાવના હોય છે. મારી ગાડી, મારું ઘર, મારો દીકરો, મારી દીકરી—જીવન જાણે કે પોતાની જ વસ્તુઓનો હાર હોય એવી કલ્પના કરે છે. તેને લીધે પોતાના બાળકનો ઉછેર પણ તે આક્રમણાત્મક વૃત્તિથી કરે છે. આ વાલી પોતાનો આખો દૈનિક વ્યવહાર હુકમ કરી લે છે. બાળકોના પ્રશ્નો ફરિયાદ વગેરેનો હુકમ કરીને જ નિર્ણય કરી દે છે. દરેક બાબતમાં તેઓ પોતાનું પ્રભુત્વ સ્થાપે છે.

બીજા કેટલાંક વાલીઓના મગજમાં કોઇએ વિશેષ તત્ત્વજ્ઞાનથી, જીવન વિષયક એકાદી કલ્પના વડે અથવા શ્રદ્ધા વડે ભરેલું હોય છે. જેને અંગ્રેજીમાં આપણે ફેડીસ્ટ કહીએ છીએ એવા પ્રકારના લોકો શિસ્તનું ફેડ, પોષાકનું ફેડ, સમાજસેવાનું ફેડ, કસરતનું ફેડ, દવાનું ફેડ, કોઈ એવી જ એક કલ્પના વડે તેઓ સમગ્ર જીવન તરફ જોતા હોય છે,

અનુસંધાન અનુક્રમ પૃષ્ઠની આજુમાં

સામાન્ય રીતે પોતાનાં બાળકોને સંભાળવાનો અતિરેક કરે છે. પિતા સાધારણ રીતે છોકરીઓને વધારે પડતા લાડ કરે છે. માતા છોકરાંઓને કોઈ દિવસ પોતાની દૃષ્ટિથી દૂર થવા દેશે નહિ. તેમને કદી છૂટા છોડશે નહીં. કેટલીક વાર અતિશય લાડનું પ્રદર્શન કરે છે. બાળક મોટું થયું હોય તો પણ નાના છે એવી કલ્પના કરીને તેમનાં કામો કરી આપે છે, લાંબો સમય સુધી ધવરાવે છે. બાળકને પોતાની મેળે ખાતાપીતા આવડે તો પણ પોતે ખવડાવે છે. છોકરાની ઇચ્છા ન હોય તો પણ તેમનાં કપડાં પોતે પહેરાવી આપવાનો આગ્રહ રાખે છે. ટૂંકમાં હમેશ તેઓ બાળકને–છોકરાંને નાના રાખવાનો પ્રયત્ન કરતા હોય છે. દવાદારૂ, કપડાંલત્તાનો અતિરેક, ખાવાપીવામાં અતિ વિવેક, બાળકની સતત દયા ખાવી, આ સામાન્ય લક્ષણો હોય છે.

સામાન્ય રીતે જે વાલીઓને ખૂબ મોડા બાળકો જન્મે છે, તેમનામાં આ જવાબદારીનો અતિરેક ખૂબ દેખાય છે. જે વાલીઓનું પોતાનું જીવન અતિ કષ્ટમય હોય છે એવા વાલીઓ પોતાના બાળકનો ઉછેર વધારે પડતી કાળજીથી કરે છે.

આ વધારે પડતી કાળજીનું પરિણામ બાળકના વિકાસ ઉપર બરાબર ઊલટું થાય છે. આવા વાલીઓના છોકરાઓ બીકણ, પોચા નાજુક પ્રકૃતિના, અસામાજિક, પોતે જાતે વિચાર ન કરી શકે એવા પરાવલંબી, જીવનમાં આવતી મુશ્કેલીમાં પાછળ પડનારા, હમેશ પરિસ્થિતિનો દોષ જોનારી બીજા પાસેથી હમેશા અપેક્ષા રાખનારી જણાય છે. બાળમંદિરમાં તેમને ગમતું નથી, છોકરાંઓ ભેગા રમવું ગમતું નથી. બીજાં બાળકો સાથે તેમને ફાવતું નથી; બીજાઓ જોડે સંયોજન થતું નથી તેથી તેઓનો વિકાસ રુંધાય છે. વર્ગના કામમાં તેઓની પ્રગતિ દેખાતી નથી. કંઈ મુશ્કેલી આવે કે રડે છે. ટૂંકમાં ઘરમાં અતિકાળજી ને લાડથી ઉછરેલા હોવાથી બહારના જગતમાં ભળતી વખતે તેઓ સાવ પાંગળા બને છે.

આજે
વધુમાં વધુ
વેચાણ ધરાવે છે.



સંપૂર્ણ હેર-ડાર્કનર હોવા ઉપરાંત
'લોમા' એક શ્રેષ્ઠ કેશ-પ્રસાધન પણ
છે. એથીજ વધુ અને વધુ લોકો આ
વિશાળ દેશમાં અને પરદેશોમાં પણ
અન્ય કોઇ હેર-ડાર્કનર કરતાં એ વધુ
પસંદ કરે છે. વાળને શ્યામ કરવા
માટે અગર તો સફેદ થતા અટકાવવા
માટે 'લોમા' સાચેજ શ્રેષ્ઠ છે.

લોમા
REGD.

વાળને શ્યામ કરવા માટે
વિશ્વભરમાં માન્યતા પામેલ

સોલ એજન્ટસ:
એમ. એમ. ખંભાતવાલા,
અમદાવાદ. ૧.
એજન્ટસ:
સી. નરોતમની કું.,
મુંબઈ ૨.

મુદ્રક અને પ્રકાશક: નરેન્દ્ર ગિજુભાઈ બધેકા
મુદ્રણ અને પ્રકાશનસ્થાન: સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ, દાણાપીઠ, ભાવનગર

નૂતન બાલશિક્ષણ સંઘ સંચાલિત

વર્ષ ૩૪ : અંક ૧૧ : ફેબ્રુઆરી, ૧૯૬૦

શિક્ષણ-પત્રિકા

સંસ્થાપકો
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી તારાબેન મોડક

તંત્રી :
શેષ નામલે

☆

વાર્ષિક લવાજમ રૂા. ૪/૦૦
છૂટક નકલ ૩૭ નયા પૈસા

કાર્યાલય : શિક્ષણ પત્રિકા : દક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર

આપે
વધુમાં વધુ
વૈભવ દર્શાવે છે.



સંપૂર્ણ હેર-ડાર્કનર હોવા ઉપરાંત
'લોમા' એક શ્રેષ્ઠ કેશ-પ્રસાધન પણ
છે. એથીજ વધુ અને વધુ લોકો આ
વિશાળ દેશમાં અને પરદેશોમાં પણ
અન્ય કોઇ હેર-ડાર્કનર કરતાં એ વધુ
પસંદ કરે છે. વાળને શ્યામ કરવા
માટે અગર તો સફેદ થતા અટકાવવા
માટે 'લોમા' સાચેજ શ્રેષ્ઠ છે.

લોમા
REGD.

વાળને શ્યામ કરવા માટે
વિશ્વભરમાં માન્યતા પામેલ

સોલ એજન્ટસ:
એમ. એમ. ખંભાતવાલા,
અમદાવાદ. ૧.
એજન્ટસ:
સી. નરોતમની કું.,
મુંબઈ ૨.

મુદ્રક અને પ્રકાશક: નરેન્દ્ર ગિજુભાઈ બધેકા
મુદ્રણ અને પ્રકાશન સ્થાન: સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ, દાણાપીઠ, ભાવનગર

શિક્ષણ-પંચિકા

સહસંપાદકો

આણેકલાલ ઠાકર — લીલાબેન શાહ
યશસ્વતીબેન ભટ્ટ — નરેન્દ્ર બધેકા

ચંદુલાલ વ. ભટ્ટ

ફેબ્રુઆરી : ૧૯૬૦

અનુક્રમ

	પૃષ્ઠ
ઇન્દ્રિય શિક્ષણનો અંતર્ગત હેતુ	૧
સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિ	૩
માતૃશાલા	૮
કુતૂહલવૃત્તિ	૧૨
વાલી અને બાળક	૧૪
સંપાદકીય નોંધ	૧૮
વાલી અને પૂર્વ-પ્રાથમિક કેળવણી	૧૯
સમાચાર	૨૪

ઇન્દ્રિય શિક્ષણનો અંતર્ગત હેતુ

ડૉકટર મોન્ટેસોરીએ યોજેલા ઇન્દ્રિયશિક્ષણનાં સાધનો અને તેમની ઇન્દ્રિયશિક્ષણ દ્વારા મનને એક વિશિષ્ટ પ્રકારની કેળવણી આપવાની બાબતમાં આજે ઘણી સમજણ રહિત ટીકાઓ થઈ રહી છે. કેટલાક લેખકો તેને બુદ્ધિના વ્યાયામ Intllectual Gymnastic તરીકે ઓળખાવે છે. શરૂઆતની એમની પોતાની લખેલી પદ્ધતિ Method વાંચતાં વાચકના મન ઉપર એવી છાપ પડવા સંભવ છે પણ ખરો; પણ જ્યારે આપણે તેમનાં બધાં લખાણો વાંચી જઈએ ત્યારે એની પાછળ રહેલો પૂર્ણ હેતુ આપણને સમજાય છે.

ઇન્દ્રિયશિક્ષણના મુખ્ય બે હેતુ અગત્યના ગણી શકાય. એક તો જીવનશાસ્ત્રની દૃષ્ટિએ માણસના પોતાના ઘડતરમાં એનું કામ છે, એટલે કે જુદા જુદા ઇન્દ્રિયગમ્ય સંવેદનોની ઊંડી સમજ મેળવવી અને તે દ્વારા બૌદ્ધિક વિકાસ સાધવો. ઇન્દ્રિયો મનનાં સંવેદનો મેળવવાનાં દ્વારો છે અને તે દ્વારા જેટલાં ઝીણાં-વિષદ સંવેદનો મન મેળવી શકે તેટલી મનની નિર્ણયાત્મક શક્તિ વધે, બોધ અને પ્રબોધ વધારે તલસ્પર્શી અને સચોટ થાય. કુદરતે માણસને બક્ષેલી વિશેષ શક્તિઓનો વૈજ્ઞાનિક રીતે વિકાસ કરવાનો અને તે દ્વારા માણસના સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ કરવાનો પ્રથમ હેતુ છે. એ માટે ડૉ. મોન્ટેસોરીએ જ્ઞાનેન્દ્રિયોને વ્યવસ્થિત રૂપમાં જુદાં જુદાં સંવેદનોનો અનુભવ થાય, તેમાં સામ્ય, વિરોધ, ક્રમ સમન્વય અને સમન્વયેલ અનુભૂતિને સ્પષ્ટ ભાષા દ્વારા મનમાં આવિર્ભાવની ભૂમિકા ઉપર દૃઢીભૂત કરાય એવી પદ્ધતિ રચેલ છે. તે માટે ચાવીરૂપ સાધન બનાવેલાં છે.

ઇન્દ્રિયશિક્ષણનું કામ અહીં પૂરું થતું નથી. મનને વિષદ કરીને, ન્યાયની દૃષ્ટિએ બોલવીને સંવેદનોનાં અનુભવોને-કબુતરખાનામાં તેના સામ્ય, વિરોધને ક્રમની સીડીમાં ગોઠવવાનું કાર્ય થવાથી ઇતિ થતું નથી તેથી જ ડૉ. મોન્ટેસોરીએ પોતે જ પોતાનાં પુસ્તકોમાંથી Pidactic 'પ્રબોધક' શબ્દ કાઢી નાખવા ઇચ્છ્યો હતો.

એમણે પાછળથી લખેલી "Discovery of the child" નામના પુસ્તકમાં આપણને આ બીજો અને વધારે અગત્યનો હેતુ મળે છે જેને આપણે સામાજિક હેતુ કહી શકીએ.

માણસ એ સામાજિક-પ્રાણી છે. માણસને સંસ્કૃતિની રચનામાં વાતાવરણને સમજવું છે અને વાતાવરણ ઉપર કાબૂ મેળવવો છે. ઉત્ક્રાંતિની સીડીને છેલ્લે પગથિયે ઊભા રહીને માણસે જ કુદરતી બળોને જીતી જીતીને મનુષ્ય જીવનને એક નવી જ કક્ષા પર આણ્યું છે. મનુષ્યેતર પ્રાણીજીવનમાં આ વાતાવરણ ઉપર કાબુ મેળવવાની પ્રવૃત્તિ દેખાતી નથી તો આ વાતાવરણ પર કાબૂ મેળવવા માટે અને પોતાનું જીવન વધુ ને વધુ સમૃદ્ધ કરવા માટે માણસે શું કર્યું છે ? માણસે પોતાનું અવલોકન વધાર્યું. જે અવલોકન વધારવામાં તેને પોતાના ઇન્દ્રિયજન્ય

અનુભવોની ઉંડી સમજ મદદે આવી. માણસે બધાં જ્ઞાન વિજ્ઞાનો અવલોકન અને પ્રયોગદ્વારા શોધ્યાં. માનવજાતનો ઇતિહાસ એટલે તદ્દન પ્રાથમિક દશાથી આજ સુધીમાં આવાં અવલોકન અને પ્રયોગનો ઇતિહાસ કહી શકાય અને તે દ્વારા જીવનને વધારે સમૃદ્ધ કરવાનો ઇતિહાસ.

આપણે બીજા શબ્દોમાં કહી શકીએ કે ઇન્દ્રિયોનો વધારે ને વધારે ઝીણવટભર્યો ઉપયોગ અને તેનો જીવન સાથેનો સંબંધ જીવનશાસ્ત્રની પરિભાષામાં [Jeleological] સહેતુક છે–હોવો જોઈએ અને એ હેતુ સંસ્કૃતિ અને સમાજરચનાને ઉપકારક છે.

માણસની ઘાણેન્દ્રિય તેને ખાદ્ય અખાદ્ય વસ્તુઓનો તફાવત બતાવે છે, સ્વચ્છતા અસ્વતાનો તફાવત બતાવે છે, તેથી જ એ જ્ઞાનેન્દ્રિયો જેટલી વધારે સુક્ષ્મ રીતે કેળવાયેલી હોય તેટલું તેનું આરોગ્ય વધારે બને એ ચોક્કસ છે.

દાખલા તરીકે કોઈ બાઈ શાક કે મચ્છી ખરીદવા જાય; અને તેને તાજી મચ્છી કે તાજું શાક કેવું હોય તેનો માત્ર શાબ્દિક ખ્યાલ હોય પણ ઇન્દ્રિયજન્ય અનુભવ (વાસ કે રંગ દ્વારા) ન હોય તો તે તાજી મચ્છી કે તાજું શાક લાવી શકશે જ નહિ. આપણે પણ નોકરો પાસે કોઈ કોઈ વાર વસ્તુઓ મંગાવીએ છીએ ત્યારે આ અનુભવ થાય છે કારણકે તેમની જ્ઞાનેન્દ્રિયો ઝીણા ઝીણા ભેદો પારખી શકતી હોતી નથી એમને તે વસ્તુ ખરાબ જ લાગતી નથી.

રસોઈનાં કામોમાં પણ એમ જ છે, કોઈ રસોયો ચોપડી વાંચી રસોઈ કરવા બેસે તેને દરેક વસ્તુ ક્યારે નાખવી કેટલો સમય લેવો વગેરેની ખબર હોય પણ જ્યારે તૈયાર થતી વસ્તુની વાસ, સ્વાદ કે રંગ રૂપ ઉપરથી જ નક્કી કરી એ થઈ ગઈ છે કે કેમ અથવા તેમાં હવે શું નાખવું તે નક્કી કરવું હોય ત્યારે ત્યાં તેની જ્ઞાનેન્દ્રિયોની કેળવણી ન થઈ હોય અને એ કામની ટેવથી ફાવટ ન આવી ગઈ હોય તો રસોઈ બગડે છે.

સ્વચ્છતા અસ્વચ્છતાની બબર પણ આપણને નાક આપી શકે. હરિજનોનાં બાળકો (જે લોકોને મેલું ઉપાડવું પડે છે) તેમને મેલાંની વાસ જ આવતી નથી કારણકે તેઓ નાનપણથી ટેવાઈ ગયેલા હોય છે. રેલ્વેના ત્રીજા વર્ગમાં બેસનાર ઉતારુઓ પોતાની જ બેસવાની જગાની નીચે થૂંકીને ગંદુ કરે છે એ તેમને ગંદુ લાગતું જ નથી તેવી જ રીતે રેલ્વેનાં ખૂબ દુર્ગંધ મારતાં જાજરૂની પાસે જ બેસીને ઘણા લોકો ખાવાનું ખાઈ શકે છે. આવા તો આજુબાજુના અનેક દાખલાઓ આપી શકાય. આ બધાંમાં સમજાય છે કે ઇન્દ્રિયોની ઝીણવટભરી કેળવણીના અભાવને લીધે જ આમ બને છે.

આ જાતની સૌન્દર્ય, સ્વચ્છતા અને તેને લીધે ઉત્પન્ન થતી જીવન સ્વાસ્થ્યની દૃષ્ટિ નાનપણથી જ મળી હોય તો જ સાચી રીતે સમજાય અને ચિરસ્થાઈ અસર કરે છે મોટી ઉમ્મરે બહારની ટાપટીપ વધે, પણ દેખાદેખીથી આવેલ ચીજો અંદરની સુરુચિ કે સુવૃત્તિમાં ઉમેરો કરી શકતી નથી એમ લાગે છે, કારણકે ૩ થી ૬ વર્ષ સુધીનો કાળ જ એવો છે કે તે જીવનમાં બાળકને ઇન્દ્રિયજન્ય સંવેદનોમાં રસ છે, આ કાળમાં જ્યારે સંવેદનોનાં ઝીણા ઝીણા (વિષદ) તફાવતોમાં તેના મનને જીવંત રસ હોય છે એ મોટી ઉમરે રહેતો નથી

બીજી દૃષ્ટિએ વિચાર કરીએ તો બાલજીવનમાં અવલોકનની ટેવ, ક્રિયાઓ અને હિલચાલની કેળવણી, એકંદરે હિલચાલની માર્દવતા (Refinment) માત્ર ૩ થી ૬ વર્ષ સુધીમાં જ આવી શકે અને એવી મૃદુતા શક્ય બનવાને માટે ઇન્દ્રિયોના ઉંડા ઝીણવટભર્યા સંવેદનોની જરૂર રહે છે.

એટલે હવે આપણે કહી શકીએ કે ઇન્દ્રિયશિક્ષણનો હેતુ માત્ર બૌદ્ધિક કેળવણીની કક્ષા ઉપર જ નથી. પદાર્થોના ગુણધર્મોમાં માત્ર સામ્ય, વિરોધ, ક્રમ ઓળખવા અને તેની તે પ્રમાણે રચના કરતાં આવડવું એટલું જ કામ રહેતું નથી પણ તે દ્વારા ઉત્પન્ન થયેલી જીવનને ઉપયોગી એવી સહેતુક દૃષ્ટિ મેળવવી એ છે. આ રીતે સમગ્ર મોન્ટેસોરી પદ્ધતિમાં ઇન્દ્રિય શિક્ષણનાં સાધનો અને તેની રમતોથી જીવનવ્યવહારની તાલીમનાં કામોમાં જે રીતે ઇન્દ્રિય શિક્ષણનો વિચાર થયો છે તે માત્ર બૌદ્ધિક (academic) રીતનો નથી પણ સમાજ અને વ્યક્તિના જીવનને સમૃદ્ધ બનાવવાના હેતુપુરઃસર યોજાયેલ છે.

— નરેન્દ્ર બ્રહ્મભટ્ટ

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૪] ફેબ્રુઆરી : ૧૯૬૦ [અંક : ૧૧

સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિ

સ્વતંત્રતાનો વિસ્તાર

સ્વતંત્રતા એ મારો જન્મસિદ્ધ હક્ક છે અને તે હું પ્રાપ્ત કરીશ એવી ઘોષણા લોકમાન્ય ટિળકે કરી હતી. આખરે સ્વતંત્રતા માટેની એ લડત ભારતની મુક્તિમાં પરિણમી. હિંદે આમ રાજકીય સ્વતંત્રતા તો મેળવી પણ એ રાજકીય સ્વતંત્રતાને જીવનનાં દરેક ક્ષેત્રમાં સામાજીક ક્ષેત્રમાં અને આર્થિક ક્ષેત્રમાં વિસ્તારવાની હજી બાકી છે. જીવનનો વિકાસ કરવાની સમાન તકો સૌને મળી રહે તો જ સ્વતંત્રતાનો અનુભવ દરેક નાગરિકને મળી રહે. આજે આપણા દેશમાં આપણા દેશનો નાગરિકોને માટે એવું મુક્તિનું જીવન સાંપડી શકે તે માટે આયોજનોને અમલી બનાવવાનું સ્વાતંત્ર્ય તો આપણને મળેલું છે જ પણ એ આયોજનો પાર પાડવા જેટલું સંકલ્પ બળ, સહનશક્તિ, સહકાર વિગેરે જો આપણે ન કેળવી શકીએ તો એ સ્વાતંત્ર્યનો પૂરતો લાભ આપણે ઉઠાવી શકીએ નહિ. સ્વતંત્રતા વિકાસની મૂળભૂત અને અનિવાર્ય જરૂરિયાત છે.

સ્વતંત્રતા શા માટે ?

હવે બાળક અને સ્વતંત્રતાનો આપણે વિચાર કરીશું. જીવનદ્વારા માણસને ઉત્તરોત્તર વધુ ને વધુ સ્વાતંત્ર્ય મેળવવાનું છે. એવી આત્યંતિક સ્વાધીનતા એટલે પરાવલંબનમાંથી સર્વથા મુક્તિ અને એવી મુક્તિ સ્વાતંત્ર્યદ્વારાજ અને સ્વાતંત્ર્યમાંજ સંભવી શકે. બાળકની સ્વતંત્રતા એટલે શુ ? તેનું પરિણામ શું ? વિગેરે આપણે સમજી લેવું જોઈશે.

પરાવલંબનમાંથી મુક્તિ એટલે સ્વાધીનતા

બાળકનો જન્મ એ તેનું પરાધીનતામાંથી મુક્ત થવાનું પહેલું પગથિયું છે. જન્મની સાથેજ એ મુક્તિનો પ્રથમ શ્વાસ લે છે. તેના સ્વતંત્ર વ્યક્તિગત જીવનની જન્મથી જ શરૂઆત થાય છે. પછી જેમ જેમ તેનો વિકાસ થશે તેમ તેમ એ ઉત્તરોત્તર સ્વાધીન બનતો જશે. એનો અર્થ એ કે તેની ગતિ સ્વાધીનતા તરફજ છે. દરેક પ્રકારના પરાવલંબનમાંથી મુક્તિ એટલે સ્વતંત્રતા, આ સ્વાધીનતા તેને જન્મથી જ મળી નથી, તે તેનો પ્રયત્ન કરીને જ પ્રાપ્ત કરવાની છે. તેની સહજ ગતિ સ્વાધીનતા પ્રતિજ છે. તેની દરેક પ્રવૃત્તિદ્વારા તે સ્વાધીનતાની સિદ્ધિ કરે છે. સ્વાધીનતા કેળવવા માટે જરૂરી સાધનો તેની પાસે છે. બાલ્યકાળ એ એક અવસ્થા છે. એ અવસ્થા દરમિયાન ભાવિ માનવ-જીવનનો પાયો રચાય છે. માનવ જીવનના વિકાસ માટેની મૂળભૂત રચના બાળકને કરવાની છે. બાળક પડયું પડયું વધતું નથી, તેમ તે માત્ર પોષણથી વધે છે એવું નથી. બાળકના વિકાસ માટે જરૂરી સાધનો તેની પાસે છે. તે સ્વયંપૂર્ણ છે. પણ તે બધા સાધનો અણુવીકસીત સ્થિતિમાં છે. અને તે સાધનો પ્રવૃત્તિદ્વારાજ વિકસે છે. પ્રવૃત્તિ થવાથી સાધનો ઉપયોગમાં આવે છે અને ઉપયોગથીજ તેમનો વિકાસ થાય છે અને કાર્યક્ષમતા વધે છે.

સ્વતંત્રતાનો અર્થ સંચાલન અને ઉપયોગ

માણસ થવા અને માનવતાનો વિકાસ સાધવાનાં દરેક સાધનો મન, બુદ્ધિ, હૃદય, જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો આ બધું ભેગું મળીને બાળકનું એક તંત્ર બને છે. તે તંત્ર તેનું પોતાનું છે. એનું સંચાલન, ઉપયોગ પણ તેને જ કરવાનો છે. એ ઉપયોગ કેમ કરવો, કયા સાધનનો કયારે ઉપયોગ કરવો તે પોતે જ નક્કી કરી શકે. તે બાબતમાં આપણે માર્ગદર્શન આપી શકીએ તેવી સ્થિતિમાં નથી. તેની જરૂરિયાતની તેને પોતાને જ ખબર છે; એટલે આપણે તેની જરૂરિયાત વિષે સજાગ રહેવાનું છે, અને જે જરૂરિયાતોને માટે તે આપણા ઉપર આધાર રાખે છે, તે જરૂરિયાતો તેની માગણી થાય ત્યારે પૂરી પાડવા તત્પર રહેવાનું છે.

સંવેદનકાળની અસર.

બાળક હવે વાતાવરણના સંપર્કમાં આવી ચૂકેલું છે. વૃક્ષ જેમ વાતાવરણમાંથી જમીનમાંથી પોતાનું પોષણ મેળવી લે છે તેમ બાળક પણ વાતાવરણમાં શબ્દ દૃશ્ય, સ્પર્શ વગેરેના સંસ્કારોનું શોષણ સતતપણે કર્યા જ કરે છે, અને એ સંસ્કારોનું શોષણ બાળકના સંવેદનકાળ ઉપર આધાર રાખે છે, બાળકના જીવનના જુદા જુદા કાળમાં આવા જુદા જુદા સંવેદનકાળ પ્રગટે છે, એટલે કે જ્યારે બાળક શબ્દના સંવેદનકાળની અસર નીચે હોય છે, ત્યારે શબ્દપ્રતિ તે સહજ અભિમુખ હોય છે, અને પ્રધાનપણે શબ્દના સંસ્કારો ઝીલતું હોય છે. તેનો અર્થ એમ નથી કે તે સમયે તે બીજા સંસ્કારો ઝીલતું નથી. એમ તો બધાનો વિકાસ સમાન્તરપણે થતો હોય છે તેમ છતાં જે પ્રકારનો સંવેદનકાળ ચાલતો હોય છે તે પ્રકારના સંસ્કારો ઝીલવાની આતુરતાવાળું હોવાથી તેવા તેવા સંસ્કારોનો સ્વીકાર થવાનું વધુ સરળ બને છે. એટલે વાતાવરણમાંથી જે કંઈ તેને મેળવવાનું હોય છે, તે તે મેળવવા માટેની એક જરૂરી અવસ્થા આ સંવેદનકાળ દરમિયાન અસ્તિત્વમાં આવે છે, કે જે અવસ્થા દરમિયાન એવા સંસ્કારો સ્વીકારવાનું સહજ બને છે. જેમ આપણે ગમે ત્યારે પાણી પીતાં નથી ને ગમે ત્યારે ખાતા નથી; પણ જ્યારે તરસ લાગે છે ત્યારે જ પાણી પીઈએ છીએ ને ભૂખ લાગે છે ત્યારે જ ખાઈએ છીએ. તરસ એ પાણીની માગણી છે. એ કાળે બીજું કંઈ સ્વીકારવાની સ્થિતિમાં હોતા નથી. તેમ ભૂખ લાગી હોય ત્યારે ખાવા સિવાય બીજી કોઇ પ્રવૃત્તિનો સ્વીકાર કરવાની મનોદશાવાળા હોતા નથી. જેવી જરૂરિયાત તેવી માગણી ને તેનો જ સ્વીકાર. આ વાત જો આપણે સમજી લઈશું તો બાળકના સ્વાતંત્ર્યનો સ્વીકાર કરવાનું આપણે માટે સરળ બનશે.

સ્વતંત્રતાની વ્યાખ્યા

બાળકનું સ્વાતંત્ર્ય તો સિદ્ધ જ છે. આપણે તેમાં વચ્ચે પડી શકીએ એમ નથી. પણ બાળકના સ્વાતંત્ર્યનો આપણે જાગ્રતપણે સ્વીકાર કરેલો નહિ હોવાથી આપણે તેના સ્વાતંત્ર્યમાં અંતરાયરૂપ નિવડીએ છીએ. બાળકની પાસે તેના વિકાસ માટેનું તંત્ર અને સાધનો છે. એ તંત્ર ઉપર આપણો કોઈ જાતનો કાબૂ નથી. તેથી તે તંત્રને દોરવણી કે ગતિ આપવાનું આપણે માટે શક્ય નથી. પોતાના વિકાસને અનુરૂપ પોતાના તંત્રનું સંચાલન અને ઉપયોગ કરવાની બાળકને સ્વતંત્રતા છે જ. બાળકની સ્વતંત્રતા એટલે પોતાના વિકાસ માટે પોતાને મળેલા તંત્રનું સંચાલન અને ઉપયોગ કરવાની અંતરાય વિનાની છૂટ.

સ્વયંસ્ફૂર્તિ એટલે શું ?

સ્વયંસ્ફૂર્તિ એટલે પોતાના વિકાસ માટે પોતાનાં તંત્ર અને સાધનોનો કયારે અને કેવા રીતે ઉપયોગ કરવો તેની અંતરમાંથી પ્રગટતી સૂઝ. બાળક જ્યારે માતાના ઉદરમાં હતું ત્યારે સંપૂર્ણપણે પરાધીન હતું. જન્મ એ આઝાદીનો ઉદય છે. મુક્તિનું પ્રથમ સ્વરૂપ છે. મુક્તિ મુક્તિમાં અને મુક્તિદ્વારા જ પાંગરી શકે.

SISTA'S-SG-76-GU;

સહેજ * ટીનોપાલ



વાપરવાથી કપડાં — સાવ સફેદ — બને છે

* "ટીનોપાલ" જે. આર. ગાઈગી, એસ. એ., બાલ, સ્વિત્ઝરલેંડનો રજીસ્ટર્ડ ટ્રેડ માર્ક છે

બનાવનાર· સુહૃદ ગાઇગી પ્રાઇવેટ લિમિટેડ, વડી વાડી, વડોદરા—સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ· સુહૃદ ગાઇગી ટ્રેડીંગ પ્રાઇવેટ લિમિટેડ, પી. ચો.. બોકસ હ૬૫, મુંબઇ ૧.

સ્વાતંત્ર્યના અભાવની સ્થિતિ

હવે બાળકના સ્વાતંત્ર્યમાં અંતરાય અને સ્વાતંત્ર્યના અભાવની સ્થિતિમાં બાળકનો વિકાસ થઈ શકે કે કેમ અથવા બાળક એવી પરિસ્થિતિમાં કેવી રીતે વર્તે, અને એવા વાતાવરણની તેના વિકાસ ઉપર કેવી અસર પડે, તેવી સ્થિતિમાં બાળકના પ્રત્યાઘાતોનું સ્વરૂપ કેવું હોય છે ને એવું પ્રત્યાઘાતનું પરિણામ બાળકના જીવનમાં કેવી અસરો નિપજાવે છે તે આપણે વિચારીશું.

માનસશાસ્ત્રનો ઉપયોગ

આમ આપણે સ્વતંત્રતાના અભાવની પરિસ્થિતિનો શિક્ષણની વિકાસની દૃષ્ટિએ જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે બાલ-માનસનો પરિચય અને વિચાર કરવાનો રહે છે. એટલે નવીન શિક્ષણશાસ્ત્રને માનસશાસ્ત્રથી સાવ બાકાત રાખી શકાતું નથી. તેથી ઊલટું માનસશાસ્ત્રના સંયોજનને કારણે જ શિક્ષણનું કામ એક શાસ્ત્ર બની શક્યું છે. એટલે શિક્ષણની કોઈ પણ રચના માનસશાસ્ત્રની દૃષ્ટિ સન્મુખ રાખીને જ થઈ શકે. માનસશાસ્ત્રીય દૃષ્ટિબિંદુદ્વારા જ શિક્ષણના પ્રશ્નોનો ઉકેલ આવી શકે. આપણે વિષયને જાણીએ છીએ ને સારી રીતે રજૂ કરી શકીએ છીએ તે હવે પૂરતું ગણાશે નહિ. શિક્ષણ માત્ર એક બાજુનો આપવાનો જ વ્યવહાર નથી. જ્યે બીજી બાજુથી સ્વીકાર થતો ન હોય, અથવા સ્વીકાર માટેની ભૂમિકા જ તૈયાર થયેલી ન હોય તો ગમે તેવા ઉત્તમ પ્રકારે શીખવાયું હોય છતાં તે શિક્ષણનો સ્વીકાર થએલો ન હોવાથી તે અંદર પ્રવેશી શકતું નથી.

સ્વતંત્રતાનું વાતાવરણ કયારે સંભવે ?

બાલસ્વભાવ સ્વાતંત્ર્યના અભાવની પરિસ્થિતિ જીરવી શકતું જ નથી. જ્યે સ્વતંત્રતા નથી તો સ્વતંત્રતના એવા અભાવવાળા વાતાવરણમાં જે પ્રવૃત્તિઓ થતી હોય તેમાં બાળક જ હોતું નથી. બાળકને જાણવા, સમજવા તેનું અવલોકન કરવું જોઈએ અને એ અવલોકન બાળક જ્યારે સ્વતંત્રતાના વાતાવરણમાં સ્વાતંત્ર્યદ્વારા વ્યક્ત થતું હોય ત્યારે જ થઈ શકે. પણ સ્વતંત્રતાનું વાતાવરણ ન હોય, કે આપણે જ્યે બાળકની સ્વતંત્રતાનો સ્વીકાર ન કરતા હોઈએ તો બાળક માટે સ્વતંત્રતાનું વાતાવરણ સંભવી શકતું જ નથી. બાળક માટે સ્વતંત્રતાનું વાતાવરણ આપણે તો જ ઊભું કરી શકીએ કે જ્યે આપણે બાળકના સ્વાતંત્ર્યનો સ્વીકાર કરેલો હોય.

બાળકના સ્વાતંત્ર્યનો સ્વીકાર એટલે વ્યક્તિ તરીકે તેની સંસ્થાપના છે. એમાંથી જ બાળક પ્રત્યે સન્માનની ભાવના જાગે છે, અને બાળક પ્રત્યે એવી સન્માનની ભાવનાવાળું વાતાવરણ હોય ત્યાં જ બાળજીવન સહજપણે પોતાને પ્રગટ કરતું હોય છે. એ જીવન આમ પ્રગટવું જોઈએ ને તેમ પ્રગટવું જોઈએ એવા કશા નીતિ નિયમો આપણે આપણામાં ભરી રાખવાના નથી.

અવલોકન કેમ કરવું ?

કોઈ પૂર્વગ્રહોથી યુક્ત થઈને આપણે અવલોકન કરી શકીએ નહિ. બાળક જ્યારે વ્યક્ત થાય છે, ત્યારે તે પોતાનું દર્શન આપણને કરાવે છે, અને એ દર્શન જેમ થાય તેમ આપણે જોવાનું છે એવાં સૂક્ષ્મ દર્શનોમાંથી આપણને બાલ-વિકાસના સંવેદનકાળ, તેમને જાગવાનો સમય ને કામ ને તેમની સમય મર્યાદાનું જ્ઞાન થશે. તેથી જેમ બાળક મુક્તપણે પ્રગટે છે, તેમ આપણે મુક્ત થઈને બાળકનું અવલોકન કરવાનું છે.

પૂર્વગ્રહોની અસર

પૂર્વગ્રહો રાખીને જે અવલોકન થાય છે તે અવલોકન જ નથી. તેથી દર્શન પૂર્વગ્રહોથી મુક્ત થઈને કરવું જોઈએ, નહિ તો દર્શન પણ પૂર્વગ્રહોની અસરવાળું થશે. પૂર્વગ્રહોને બાજુએ મૂકવાનું કામ ઘણું આકરું છે. આપણે તે બાબતમાં જાગ્રત ન રહી શકીએ તો પૂર્વગ્રહો પોતાનો ભાગ ભજવી

જશે ને આપણું દર્શન સ્વતંત્ર થશે નહિ. જેથી શિક્ષકે પૂર્વગ્રહોથી મુક્ત થતાં અને રહેતાં શીખવું જોઈએ. પૂર્વગ્રહો બંધાય જ નહિ, તો જ આપણે સર્વથા પૂર્વગ્રહોથી મુક્ત થઈ શકીએ. શિક્ષકની યોગ્યતાનું એક લક્ષણ પૂર્વગ્રહોમાંથી મુક્તિ છે. પૂર્વગ્રહોમાંથી મુક્તિ એ જીવંત સ્વાતંત્ર્યનું લક્ષણ છે.

સ્વાતંત્ર્યની મર્યાદા

સ્વાતંત્ર્યની મર્યાદા પણ હોય છે અને સ્વાતંત્ર્યની મર્યાદા એ જ તેની શોભા છે. સ્વાતંત્ર્યનો ઉપયોગ થાય છે કે દુરૂપયોગ થાય છે તે શિક્ષકે જોતાં રહેવાનું છે. ઉપયોગની મર્યાદાની સાવધાની તેણે રાખવી પડશે. એને સુયોગ્ય વાતાવરણ રચવાની જરૂરીઆત છે.

વિકાસ અને વિકૃતિનાં કારણો

હરેક સાધનોનો ઉપયોગથી વિકાસ થાય છે ને દુરૂપયોગમાંથી જ વિકૃતિ જન્મે છે. ઉપયોગના સાતત્યમાંથી વિકાસની સ્થિરતા થાય છે, અને દુરૂપયોગના સાતત્યથી વિકૃતિ પણ સ્થિર બની જાય છે, અને એવી વિકૃતિ સ્થિર થયા પછી તેને દૂર કરવી ઘણી મુશ્કેલ બની જશે.

રચનાત્મક સૂચનો કરો

કેટલીક જાતની વધુ પડતી કાળજીમાંથી જ આપણે બાળકોને નકારાત્મક સૂચનો કરતાં થયાં છીએ. તેથી બાળવિકાસમાં નકારાત્મક સૂચનો કરતાં રચનાત્મક સૂચનો કરવામાં વધારે યોગ્યતા રહેલી છે. તેવાં વિધેયાત્મક સૂચનો આપી આપીને આપણાં બાળકોનાં સ્વાતંત્ર્યનું સન્માન જાળવી શકીએ

ચૂળજીભાઈ ભક્ત



માતૃશાલા

The Mothers School

["કિંડરગાર્ટન ઈન જર્મની" (જર્મનીતીલ બાલોદ્યાન) આ શ્રી સૌ. યમુનાબાઈ હિર્લેકર એમ. એ એ લખેલા પુસ્તકના પ્રકરણનો આ ગુજરાતી અનુવાદ શિક્ષણપત્રિકાના વાચકોને પ્રેરણાદાયી થશે. શ્રી સૌ. યમુનાબાઈનું આ પુસ્તક જલદીથી જ પ્રકાશિત થવાનું છે.]

આધુનિક યુગમાંની આર્થિક પરિસ્થિતિના દબાણને લીધે માતાને પોતાના બાળકના ઉછેરની જવાબદારી ઘરની બહારની સંસ્થા ઉપર નાંખીને તેમને કમાવા જવાની જરૂર પડે છે. આ સ્થિતિ ખૂબ જ કરુણાજનક છે એવું જર્મન શાસ્ત્રજ્ઞોનો મત છે. ખાસ કરીને કેળવણી અને માનવશાસ્ત્રનું કહેવું એવું છે કે તદ્દન અનિવાર્ય ન હોય ત્યાં સુધી માતાએ અર્થોપાર્જનની જવાબદારી ન લેતાં પોતાના બાળકના ઉછેરનું કાર્ય પોતે કરવું જોઈએ. આર્થિક સ્વાતંત્ર્ય બૌદ્ધિક પ્રવૃત્તિ અને પતિની કમાણીમાં પૂરું ન કરવું અને સતત વધતી જતી જરૂરિયાતો અને મોજમજાહની ભૂલભરેલી કલ્પનામાં માતાએ ન ઊતરી જવું જોઈએ. રસોઈ અને બાળકને સંભાળવું એ વધુ લાભદાયી છે એમ સમજીને સ્ત્રીઓએ તેને જ પોતાનો સમય આપવો જોઈએ. માતા અને બાળકોનો સંબંધ નિસર્ગે જ યોજ્યો છે. વનસ્પતિને જે પ્રમાણે સૂર્યના કિરણોની જરૂરિયાત છે તે જ પ્રમાણે બાળકોના વિકાસમાં માતાના પ્રેમ કિરણોની જરૂરિયાત છે. માતાનું આ કાર્ય કોઈ પણ સંપૂર્ણ રીતે લઈ શકનાર નથી. જેમને પોતાના માતા દિવસોના કેટલાક કલાક મળતા નથી અને જે ભાગ્યવાન બાળકોને તે મળે છે એવાં બાળકોની સરખામણી કરવાથી માતા ન મળનારાં બાળકો કેટલે અંશે દુઃખી હોય છે. તેનો ખ્યાલ આવે છે. બાળક જેટલું નાનું તેટલું તેને માતા ન મળવા બાબતનું ભાવનાત્મક દુઃખ વધારે. બાળકના જીવનના પહેલા વર્ષના વિકાસ અંગેનું મળતું શાસ્ત્રીય જ્ઞાન અને પ્રયોગ ઉપરથી એવું જણાઈ આવ્યું છે કે જીવનની શરૂઆતના કાળમાં બાળકને જે ભાવનાત્મક નુકસાન થાય છે તે આગળ ઉપર પરિસ્થિતિમાં ફેરફાર કરીને પણ ભરપાઈ કરી આપવું મુશ્કેલ બને છે માતા અને બાળકના સંબંધનો પ્રભાવ બાળકની મનોરચના તેથા વિકાસ ઉપર પડે છે. માતા અને બાળકના સંયોજનના વણાટ કામમાંના તારોનો મેળ ન સધાય તો તેના સામાન્ય વિકાસમાં ખૂબ મુશ્કેલી ઊભી થાય છે. છ વર્ષ સુધીના બાળકનું સંવર્ધન જો માતા તરફથી ન થાય તો ત્યાર પછીના જીવનમાં જે અનેક વિકટ પ્રશ્નોનો સામનો કરવો પડે છે તે માટે આશ્ચર્ય કરવા માટે અવકાશ રહેતો નથી એવું માનસશાસ્ત્રનું કહેવું છે.

કુટુંબ અને શાળામાં જનારાં બાળકો

શાળામાં જનારાં બાળકો માટે પણ તેઓ જ્યારે ઘરે હોય ત્યારે તેમની કાળજી માતાએ જ પોતે લેવી જોઈએ. જે કુટુંબમાં માતા ઘરકામમાં મશગુલ હોય છે, અને તેની શાંત હિલચાલ થતી હોય છે એવા કુટુંબનું વાતાવરણ અને જ્યાં માતા કામ ઉપરથી શ્રમથી થાકેલી મોડી ઘરે આવે છે એવાં કુટુંબનું વાતાવરણ એ એની તુલના જ થઈ શકતી નથી. ઘરનું કામ માતાને જ કરવું પડે છે તેથી તે મૂંઝાય છે, થાકે છે, પરંતુ આ કામો તેને જ કરવા પડે છે. આવું ઘર કેવા પ્રકારનું હોઈ શકે એની કલ્પના કોઈને પણ આવી શકે. આવા વાતાવરણની જાણ બાળકોને જ થાય છે એવું નથી. સ્ત્રીના પતિને પણ આ ફરકનું ભાન થાય છે. કામે જનાર માતાના ઘરના વાતાવરણની અસર બાળકની

પ્રૌઢ વયમાં વધુ સ્પષ્ટ રીતે દેખાવા લાગે છે. જે કુટુમ્બમાં માતા કેન્દ્ર સ્થાને હોતી નથી તે કુટુમ્બનું ચિત્ર બાળકના મન ઉપર કેવી રીતે પડશે ? આની અસર તે સમય પૂરતી તો થાય જ છે, પરંતુ આગળ ઉપર તેના ભાવી કુટુમ્બ જીવન ઉપર પણ થતી હોય છે. તેથી જ અત્યંત અનિવાર્ય પરિસ્થિતિમાં પણ બહારનું કામ સ્વીકારતી વખતે માતાએ પૂરતો વિચાર કરવો જરૂરનો છે. પોતાની થોડીએક જરૂરિયાતો ઓછી થાય તો હરકત નહિ. માતૃપદની જવાબદારી સંભાળવાનું શ્રેય મેળવવું એ જ મહત્ત્વનું એવો તેણે વિચાર કરવો જોઈએ. કેટલેક ઠેકાણે પતિ પોતાના કુટુમ્બની આવક વધે તે દૃષ્ટિથી પોતાની પત્નીને બહારનું કામ સ્વીકારવાની ફરજ પાડે છે. આવી સ્થિતિમાં ઉપર ઉપરનું ભૌતિક સુખ અને કૌટુમ્બિક ભાવનાત્મક અતૃપ્તિ અને બીજી બાજુએ જરૂરિયાતો પૂરી કરવા જેટલી આવક અને તેથી સંતુષ્ટ અને સુખી એવી પત્ની અને બાળકો, એમાં કઈ બાબતને કેટલું મહત્વ આપવા જેવું છે તે માતાએ નક્કી કરવું જોઈએ.

માતૃશાળાની કલ્પનાનો ઉગમ

માતૃશાળાની કલ્પનાનો ઉગમ ઉપર રજૂ કરેલી વિચારસરણીમાંથી થયો છે. જર્મનીની પહેલી માતૃશાળા 'સ્ટરગાર્ટ'માં ઈ. સ. ૧૯૧૬માં સ્થપાઈ. ત્યાર પછી તેનો ફેલાવો જર્મનીના બધા ભાગમાં થયો. રાષ્ટ્રીય લોકશાહીના સમયમાં આ સંસ્થાનો ફેલાવો ઘણો થયો હતો. પરંતુ જર્મન-રાષ્ટ્ર જ્યારે લશ્કરી તાબા હેઠળ આવ્યું ત્યારે આ સંસ્થાઓ સ્ત્રીઓના રાજકારણનાં કેન્દ્રો હશે એમ શક પડવાથી તેના ઉપર નિયંત્રણ નાંખવામાં આવ્યું. ઈ. સ. ૧૯૫૦થી હવે આ સંસ્થાનું પુનરુત્થાન કરવામાં આવ્યું છે અને તેનું કાર્ય શરૂ થયું છે. આ સંસ્થાનું સંચાલન, સમાજ કલ્યાણ કેન્દ્ર, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા, ચર્ચ, રેડ ક્રોસ સોસાયટી એવા પ્રકારની સંસ્થાઓ દ્વારા થાય છે. આ સંસ્થાના મુખ્ય સંચાલિકાને 'યુગેંડ લિટરેન' કહે છે. તે તથા તેના સહકાર્યકરો સંસ્થાનું પ્રત્યક્ષ કાર્ય ચલાવે છે.

પ્રસંગોપાત મુખવાસ માટે
વપરાતી
દિલરંજન
સેન્ટેડ સોપારી
* સુમધુર * સૌને આનંદિત
કરતી સર્વ જગ્યાએ વેચાય છે.
આપના ગામની એજન્સી માટે લખો:
રાવજીભાઈ કે. સોપારીવાલા
શાંતિભુવન, ચોપાટી સીફેસ, મુંબઈ-૭
બ્રાંચ : પોસ્ટ ઓફિસની બાજુમાં
વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ-૪.
ચંદ્રભુવન, સુપર સીનેમાની બાજુમાં,
ચાંટરોડ, મુંબઈ-૭.

માતૃશાળાનો ઉદ્દેશ

માતૃશાળાનું કાર્ય એટલે બધી બાજુઓનો વિચાર કરીને યોજેલું સુંદર કામ. તેને માટે શિક્ષિકા-માંની વિવિધ પ્રકારની વિશેષ નિપુણતા, જીવનનો અનુભવ અને વિવિધ રસિકતા માંગી લે છે. તેમાં માનવી મૂલ્યોની પ્રગતિ અને માતાની સમગ્ર વ્યક્તિત્વની કેળવણીનો સમાવેશ થાય છે. માતાનું કુટુમ્બમાંનું કર્તવ્ય વિકટ અને વિવિધ પ્રકારનું થયું છે. કુટુમ્બની સ્ત્રીને પોતાનો પ્રયત્ન, પ્રેમાળ સ્વભાવ, ધીરજ અને સમજણમાંથી પ્રેમાળ અને સુખદ એવું વાતાવરણ નિર્માણ કરવું પડે છે આ વાતાવરણમાં કુટુમ્બમાંનો સંબંધ દૃઢ થવો જોઈએ અને તેમાં બાળકોનો ઉછેર યોગ્ય રીતે થવો જોઈએ. આવાં બધાં કામોમાં અનેક માતાને પોતાને કંઈ માર્ગદર્શન મળે એવું લાગતું હોય છે. સત્ત્વપૂર્ણ અન્ન કેવી રીતે તૈયાર કરવું, ઘરનું સુશોભન અને સંચાલન કેવી રીતે કરવું, પ્રેમાળ તથા સુખદ વાતાવરણ કેવી રીતે ઊભું કરવું વગેરે બાબતોનું પ્રશિક્ષણ મળવું જરૂરી લાગે છે. ફક્ત રસોઈ કરવી ઘર ચલાવવું અને બાળકનો ઉછેર કરવો એટલેથી તેનું પૂરું થતું નથી. તેમને પોતાની એવી બૌદ્ધિક જરૂરિયાતો હોય છે. જીવનમાંનો રસ વિષય હોય છે. માતૃશાળા આ બન્ને પ્રકારની જરૂરિયાતોનો સમન્વય કરવાનું કાર્ય કરતી હોય છે.

માતાનું વર્ગીકરણ અને જુદા જુદા શિક્ષણક્રમ

માતૃશાળામાં આવનાર સ્ત્રીઓના ત્રણ વર્ગ દેખાય છે. જે માતા બહાર કામ કરતી નથી તેઓ દિવસે આવે છે. કામે કરવા જતી માતા તથા થોડા સમયમાં લગ્ન થવાના હોય તેવી કામ કરતી છોકરીઓ સાંજે આવે છે. કામ ઉપર ન જનારી માતા જે સવારના તથા બપોરના આવે છે તેમને માટે ત્રણ મહિનાનો શિક્ષણક્રમ હોય છે. તેઓ પોતાની સાથે પોતાનાં બાળકોને પણ શાળામાં લાવી શકે છે. માતા જ્યારે પાઠ લે છે ત્યારે આ બાળકોને સ્વતંત્ર ઓરડાઓમાં રાખવામાં આવે છે ને ત્યાં તેમની પૂરી કાળજી લેવામાં આવે છે તેને લીધે તેઓ પોતાનું શિક્ષણ સ્વસ્થપણે તથા ધ્યાન દઈને કરી શકે છે. પ્રશિક્ષણ લેનારી માતાનાં બાળકોનો પરિચય કરી લેવો એ અધ્યાપકોની દૃષ્ટિથી મહત્ત્વનું ગણાય છે. માતાઓનું વર્ગીકરણ તેમનાં બાળકોના વય ઉપરથી કરવામાં આવે છે. દા. ત. શિક્ષણક્રમ "ભાવી માતા માટે." "નવ માતા માટે" "શાલેય વયનાં બાળકોની માતા માટે" "મોટાં બાળકોની અનુભવી માતા માટે" "નવા દાદી થએલા માતા માટે" યોજેલા હોય છે. માતા તરીકે આવનાર સ્ત્રીના કુટુમ્બમાં દાદીમા રહેતાં હોય તો તેમને પણ વિદ્યાર્થી–માતાની સાથોસાથ બોલાવવામાં આવે છે આવી રીતે માતૃ-શાળા એટલે બધા પ્રકારની માતાઓની શાળા હોય છે. જે માતા શાળામાં આવે છે તેમનામાં અરસ-પરસ અનુભવની જે આપ લે થાય છે તેને લીધે પણ માતાને ફાયદો થાય છે. તે દરેકને પોતાના બાળકના કેળવણીના પ્રશ્નો હોય છે જ. આ પ્રશ્નો અને અન્ય ઘરેળુ ગ્રહવ્યવસ્થાના પ્રશ્નો ઉપર ચર્ચા કરવાની હોય છે. શિક્ષણક્રમમાં તાત્ત્વિક અને વ્યાવ-હારિક એવા બે ભાગ હોય છે. તેમાં નીચે પ્રમાણેના વિષયો હોય છે; "લગ્ન", "કેળવણી" "આધુનિક ગૃહવિજ્ઞાન", "વિવેકપૂર્ણ રહેણી", "પોષણ", "આરોગ્ય" વગેરે. ટૂકમાં આ એક વિશેષ પ્રકારનું પ્રૌઢ શિક્ષણ જ છે એમ સમજવું જોઈએ.

લગ્નજીવન સુખી કરવા ઉપર ભાર

કામકરતી છોકરીઓના વિષયો તેમનું લગ્નજીવન સુખી કરી શકાય એવી દૃષ્ટિથી યોજેલા હોય છે. દા. ત. તેને પોતાના પતિના કપડાને ઈસ્ત્રી કરતા આવડવી જોઈએ, પોતાના ઘરનું સુશોભન સારી રીતે કરતાં આવડવું જોઈએ, એને રસોઈ સારી રીતે કરતાં આવડવી જોઈએ. આધુનિક યંત્રની મદદ વડે ઘરનું કામ થોડા સમયમાં કરી લઈને સમયનો બચાવ કરતાં આવડવો જોઈએ. તેને બાળઉછેર

પણ આવડવું જોઈએ. ત્યાં સમાજના વિવિધ ઘરમાંથી છોકરીઓ આવતી હોય છે. તેમની શૈક્ષણિક યોગ્યતા વિવિધ પ્રકારની હોય છે. તેમાંથી કેટલીક શહેરોમાંથી અને કેટલીક સામાન્ય ગામડાંમાંથી આવતી હોય છે. કોઈ શાળામાંથી–તો કોઈ વિદ્યા-પીઠમાંથી પણ આવતી હોય છે. પણ તે બધાંનો ઉદ્દેશ પોતાનું લગ્નજીવન અને તેમાંની જવાબદારી **પૂરી કરવા તથા લગ્નજીવન** સુખી તથા સમૃદ્ધ કરવું એ જ એક હોય છે. દૈનિક જીવનના વિશેષ પ્રશ્નો અંગે જુદા જુદા શિક્ષણક્રમની સાથોસાથ જ એક સંઘજીવનનો શૈક્ષણિક, સાંસ્કૃતિક, નૈતિક એવો સર્વ સામાન્ય આ શિક્ષણક્રમ હોય છે.

દરેક વિદ્યાર્થીની–માતાનું ધ્યેય નીચે પ્રમાણે હોય છે: આ માતૃશાળાની મદદથી હું મારી બાબતમાં આત્મચિકિત્સક બનીશ, મારા બાળક અંગે હું સહનશીલ બનીશ; મારા પતિ સાથે સમજપૂર્વક વર્તીશ, સહકાર્યકરો સાથેનું મારું વર્તન મદદના સ્વરૂપનું રહેશે, મારી પરિસ્થિતિના પ્રશ્નો પર મન મોકળું રાખીને મારું દૈનિક કર્તવ્ય આનંદથી કરીશ. ઘરના આનંદમાં સહભાગી બનીશ અને ઈશ્વરની દરરોજ પ્રાર્થના કરીશ.



કુતૂહલવૃત્તિ

બાળકોમાં શિસ્ત અને શાંતિ લાવવાને રાડો પાડતા શિક્ષક તેમના એ પ્રયાસમાં નિષ્ફળ જાય છે ત્યારે એક પ્રકારનો જબ્બર થાક એમનામાં જન્મે છે. આ થાકમાંથી જન્મતો ક્રોધ બાળકના ગુલાબી ગાલ પર ચાર આંગળીઓ ઉપસાવે છે!!! આમાં કોણ દોષપાત્ર? આ સવાલ ઓછા મહત્ત્વનો નથી. કારણ, શિસ્ત અને શાંતિ આણવાના પ્રયાસની નિષ્ફળતાની એક પરંપરા જ આપણે જોવા પામીએ છીએ. શિક્ષક એના પ્રયાસ દ્વારા જે ઇચ્છે છે તે સાચી શિસ્ત અને શાંતિ તો આકાશ–કુસુમવત્ જ રહે છે–અને માટે જ આપણી સામે આવીને ઊભો રહે છે, પેલો મૂળ સવાલ આમાં દોષપાત્ર કોણ?

મને આવડે છે એમ બધું જ બાળકને પણ આવડી જવું જોઈએ એ પ્રકારના શિક્ષકના વિચારમાં ભારે ભૂલ થાય છે એ સૌ પ્રથમ કબૂલવું પડશે. દેખીતી રીતે જ બાળક અને શિક્ષક વચ્ચે ઉંમરનો એક મોટો તફાવત હોય છે. પણ અંગ ઉપાંગ અને ઉંમરના આ બાહ્ય તફાવત ઉપરાંત અને એથી યે વિશેષ લક્ષમાં લેવા જેવી હકિકત તો બીજી છે. અને તે એ કે, બાળક આ નવી અને વિશાળ દુનિયાનો નાનો એવો મુસાફર છે. દુનિયાના જ્ઞાનભંડારમાંથી એણે જ્ઞાન મેળવવાનું છે, અને તેથી સહજ અને તીવ્ર કુતૂહલવૃત્તિ એ જ એક માત્ર જ્ઞાનભંડાર ખોલવાની ચાવી તેની પાસે છે. બાળકનું કુતૂહલ સહજ છતાં અદમ્ય, અને નિર્દોષ છતાં સહેતુક હોય છે. એના અનેકવિધ સવાલો તેની જ્ઞાનાભિમુખતાના દ્યોતક છે. બાળકનું કુતૂહલ, અને તેમાંથી સહેજે ઊઠતા વિવિધ સવાલના મૂળમાં એની જ્ઞાનાભિમુખતા છે એ વાલી કે શિક્ષકના લક્ષમાં નથી હોતું તેથી જ મોટો છબરડો વળે છે. એના ઊઠતા સવાલો તરફ બેદરકારી ન જ બતાવાય, પણ વાલી અને શિક્ષક તે તરફ બેદરકાર રહે છે. એના ઊઠતા સવાલની ન ઉપેક્ષા કરાય કે ન એ તરફ તિરસ્કાર દર્શાવાય, પણ વાલી અને શિક્ષક તો બાળકના કુતૂહલને હડધૂત જ કરે છે. બાળક જ્યારે એના નાનકડા મનમાં ઊઠેલી સમસ્યાનું નિરાકરણ માગે, ભલે નાની પણ એને મન મોટી જણાતી કોઈ ગૂંચનો ઉકેલ માગે, અવલોકન અને તે પછીની મથામણ પછી પણ સમાધાન થયું હોય તેવો કોઈ સવાલ કરી માર્ગદર્શન કે માહિતી માગે ત્યારે તે સંજોગોમાં શિક્ષક કે વાલીએ સેવેલી ઉપેક્ષા, "બેસ દોઢડાહ્યા, એમાં તું શું સમજે" કહી આપેલો તિરસ્કાર અને અપમાનભર્યો ઠપકો કે ઉશ્કેરણમાં કરેલી શારીરિક શિક્ષા–કેવાં વિપરીત અને અનર્થકારી પરિણામો પેદા કરે છે તે આપણે જોવું જોઈએ. અને આટલું જોવા જેટલા જાગ્રત થઈએ તો આપણાં એ પગલાં આપણને જ ચોંકાવનારાં નીવડે. બાળકનાં કુતૂહલ અને તે વિશેની તેની પૃચ્છા સામેનાં આપણાં ઉપેક્ષા, ઠપકો અને માર બાળકની પ્રશ્ન કરવાની વૃત્તિને કુંઠિત કરી મૂકે છે. "હવે જ્યાં ને ત્યાં બકબક કરતો બંધ થયો, હવે ડાહ્યો થયો" એવું જે વાતનું શિક્ષક કે વાલી સમાધાન લેવા ચાહે છે, તે વાત બરોબર તેવી સમાધાનકારક નથી જ. અલબત્ત એ દેખીતી રીતે 'બકબક' કરતો બંધ થાય છે પણ ડાહ્યો તો નથી જ થતો. તેથી તો અનેકવિધ પ્રવૃત્તિઓ કરવા પ્રેરતો તેનો ઉમંગ મૂળથી સૂકાઈ જાય છે. પોતાનો ગમો–અણગમો, પસંદગી–નાપસંદગી એને માટે એના ચિત્તમાં ખાસ અવકાશ જ નથી રહેતો. કારણ, જોનારી અને સાંભળનારી ઇન્દ્રિયો દ્વારા બાળક જૂએ અને સાંભળે ખરું, પણ તે પછી તેના મગજમાં જે સહજ રીતે જાગવા જોઈએ તે પ્રયત્ન કરવા છતાં ય વિચારોના આંદોલન જાગતા જ નથી. પરિણામે આવું બાળક ઓછા બોલું, નિરસ, નિષ્ક્રિય અને મીઢું થાય છે.

આ જ મુદ્દાની આવડતમાં જઈએ તો કેટલાક સંજોગોમાં બાળકના કુતૂહલમાં આપણને અતિરેક જોવા મળે. આ અતિરેકને કારણે બાળકમાં માનસિક-શારીરિક અસ્થિરતા પણ ઊભી થાય છે, પણ તે પરિણામ કુતૂહલવૃત્તિનું નહીં પણ કુતૂહલના અતિરેકનું છે એ ધ્યાન બહાર ન જવું જોઈએ અને તેથી બાળકના કુતૂહલના અતિરેકને વાલીએ કે શિક્ષકે કુશળતાપૂર્વક સમતોલ કરી મૂકવો જોઈએ.

આમ મૂળ મુદ્દાની વાત એ છે કે બાળકની કુતૂહલવૃત્તિ કે જે જ્ઞાન-પ્રાપ્તિનું એક માત્ર સ્વાભાવિક દ્વાર છે તે વાલી કે શિક્ષકને હાથે બંધ ન થવું જોઈએ. તે બંધ થતાં તેનો અનાયાસ થતો સ્વાભાવિક વિકાસ રુંધાય છે અને વધારામાં બીજી વિકૃતિઓ જન્મે છે.

એટલે બાળકના વિકાસના પાયાની આ કુતૂહલવૃત્તિને ઓળખીએ તો બાળકનો વિકાસ વેગ પકડે અને તે વિકાસ સહજ અને સ્વાભાવિક બને. બાળકના પૂછાયેલા સવાલના તેને સમાધાનકારક જવાબ મળે તો તેથી તેની સમજણ મર્યાદા વિસ્તરતી જાય. સાચી દિશામાં તેના ગમા-અણગમા ઊભા થાય, તે વિશે ચોક્કસ વલણ તેના ચિત્તમાં ઘડાય, પોતાની પ્રવૃત્તિમાં એ વધારે કાર્યક્ષમ બને અને વાલી કે શિક્ષક માગે છે તે શિસ્ત અને શાંતિ તેનામાં આપમેળે આવીને ઊભાં રહે. અને આ રીતે આવેલાં શિસ્ત અને શાંતિ બનાવટી, પોકળ કે ક્ષણજીવી નહીં હોય, પણ તે તો હશે કેવળ કુદરતી અને શાશ્વત બીજી રીતે કહીએ તો એ શિસ્ત અને શાંતિ બાળકના જીવનમાં જુદાં ન પડે તેવાં ગૂંથાયેલાં હશે.

પણ બાળકની આ કુતૂહલવૃત્તિ અક્ષત રહે તે માટે, બાળક પોતાની સમસ્યાનું સમાધાન મેળવવા, પોતાના સવાલનો જવાબ મેળવવા હરખથી દોડતું આવે, ખુલાસો કે જવાબ મેળવ્યા પછી તેનો હરખ ઓવડાય, તે માટે, શિક્ષકે પ્રેમાળ વાતાવરણ સર્જવું પડે. અને શિક્ષક આવું વાતાવરણ ન સર્જી શકે તો તે અમુક કલાકનો મજૂર છે, એમ ગણાય. પણ શિક્ષક એવો મજૂર નથી. એ તો સર્જક કલાકાર છે. કોઈ પણ કલાકાર પાસે ન હોય તેવાં જીવંત-સાધનરૂપ બાળકો તેની પાસે હોય છે અને તેથી જ કલાકારની પાત્રતા એણે મેળવવી જોઈએ અને બાળકની અનેકવિધ શક્તિઓને વિકસાવી તેણે સમાજને પોતાની તે પાત્રતા વિશેની પ્રતીતિ કરાવવી જોઈએ.

ઈશ્વરાચાર્ય

"શિક્ષણ પત્રિકા"ના વાંચકોને અગત્યની સૂચના:—

નૂ. બા. શિક્ષણ સંઘ સંચાલિત ગુજરાતી 'શિક્ષણપત્રિકા'નું આજસુધી કામકાજ અને ઓફિસ "શ્રી સરસ્વતી પ્રિન્ટીંગ પ્રેસ" ભાવનગર મારફત હતું.

હવેથી તે ઓફિસ દક્ષિણામૂર્તિ બાલમંદિર તખ્તેશ્વર પ્લોટ-ભાવનગરના સરનામે ફેરવેલ છે. આપ સૌને અમારી નમ્ર વિનતિ છે કે આપનો સઘળો પત્રવ્યવહાર, લવાજમ વગેરે હવેથી નીચેના સરનામે મોકલવા વિનતિ છે.

— વ્યવસ્થાપક

સ્થળ :—

વ્યવસ્થાપક,
"શિક્ષણપત્રિકા કાર્યાલય"
c/o. દક્ષિણામૂર્તિ બાલમંદિર
તખ્તેશ્વર પ્લોટ : ભાવનગર

વાલી અને બાળક

વાલી એટલે માતા-પિતા અથવા તેનું કાર્ય સ્વીકારનારી વ્યક્તિ. કુટુમ્બ સંસ્થાના મંડાણની તથા સંચાલનની જવાબદારી આ વ્યક્તિ ઉપર હોય છે. બાળકના જન્મથી આ કુટુમ્બ સંસ્થાનો વિસ્તાર થાય છે. આ વિસ્તારની અસર કુટુમ્બ નિર્માતાના મન ઉપર અને વર્તન ઉપર દેખાય છે. તે જ પ્રમાણે કુટુમ્બનું વાતાવરણ જેવું હોય છે, જે પ્રકારનું હોય છે તેની અસર બાળકના વિકાસ ઉપર થતી હોય છે, વાલી બાળકની આ અરસ-પરસ લેવડ-દેવડની અને તેમના સંબંધની અસર બાળકના વ્યક્તિત્વ ઉપર કેવી થાય છે એ સ્પષ્ટ કરવાનો આ લેખનો હેતુ છે.

"વાલીઓનું સુખ ગુપ્ત હોય છે. તેવી જ રીતે તેમનું દુઃખ અને ભય એ પણ ગુપ્ત હોય છે. પોતાનું સુખ જેમ એમનાથી બીજાને જણાવાતું નથી તેવી જ રીતે દુઃખ પણ તેઓ કોઈને કહેશે નહિ. બાળકને લીધે પરિશ્રમ ખૂબ કરવો પડે છે, દરિદ્રતા અસહ્ય બને છે સંસારની ચિન્તા પણ એને લીધે વધે છે. પણ તેની સાથોસાથ મૃત્યુની ચિન્તા ભૂલી જવાય છે. વંશવૃદ્ધિને લીધે વંશનું સાતત્ય ટકવું એ અન્ય પ્રાણીઓના જેવી સરખી સામાન્ય બાબત છે પરંતુ સ્મૃતિ ગુણસંસ્કાર અને મહાન કાર્યો.

બાળક અને વાલીઓના સંબંધનું ઉપર પ્રમાણે કરેલું ફ્રાન્સિસ બેકનનું વર્ણન જેટલું. વાસ્તવિક છે તેટલું જ બોધદાયી છે.

કુટુમ્બમાં બાળકનું આગમન

કુટુમ્બમાં બાળકનું આગમન સુખદ અથવા દુઃખદ લાગવું એ વાલીઓની તથા સમાજની પરિસ્થિતિ પ્રમાણેની કલ્પના ઉપર આધાર રાખે છે. કુટુમ્બની દરેક પરિસ્થિતિમાં બાળકનું આગમન ઇચ્છિત હોય છે એવું નથી બનતું. બાળકના જન્મ પછી તે અંગેની વાલીઓની પ્રતિક્રિયા અનેક બાબતો ઉપર અવલંબે છે. તે છોકરો છે કે છોકરી, આકર્ષક છે કે કદરૂપું, બુદ્ધિમાન છે કે બુદ્ધિહીન તે કેવું દેખાય છે. એવી અનેક બાબતોની ચિન્તા તેઓ સેવતા હોય છે. આગળ ઉપર બાળકનાં લક્ષણોનો જેમ જેમ વિકાસ થતો જાય છે તેના ઉપર વાલીઓના મનનું સમાધાન અથવા અસમાધાન અવલંબે છે. વાલીઓની કઈ વયમાં બાળક જન્મે છે એના ઉપર પણ વાલીઓનું બાળક માટેનું માનસિક વલણ આધાર રાખે છે. ખૂબ જલદીથી જન્મેલા બાળકો અને ખૂબ મોડેથી જન્મેલાં બાળકોના આગમનમાં કુટુમ્બની દૃષ્ટિથી કેટલોક ફરક હોઈ શકે. એની કલ્પના કોઈને પણ આવી શકે એવી છે. સામાન્ય પરિસ્થિતિમાં સંતાન માટે વાત્સલ્ય ભાવ હોય કે ન હોય પરંતુ બાળકના જન્મ પછી સામાન્ય માતાપિતા એ ભાવ સંપાદન કરે છે એવું શાસ્ત્રોનું કહેવું છે.

શરૂઆતના કેટલાંક વર્ષોમાં જ બાળકના વ્યક્તિત્વનું ઘડતર નિશ્ચિત થતું હોય છે. આ કલ્પનાની સાથોસાથ માતા-પિતા અને બાળકનો સંબંધ હોય પણ નિશ્ચિત થતો હોય છે, એવી એક ભૂલભરેલી સમજણ ગાઢ થયેલી જણાય છે. માતા-પિતા-સંતાન વચ્ચેનો સંબંધ એ એક સતત પરિવર્તનશીલ એટલે એ બદલનારી બાબત છે. આ સંબંધમાં સુધારો અથવા બગાડો આ બન્ને બાબતોની શક્યતા હોય છે. વાલીઓનું પોતાનાં બાળકો સાથેનું વલણ બદલાતું હોય છે. જન્મ સમયે માતાપિતાને જે બાળક અણગમતું થઈ પડે છે તે જ બાળક થોડાં સમય પછી ગમતું થઈ પડ્યાના કેટલા યે દાખલા છે.

કૌટુમ્બિક વાતાવરણની અસર

બાળકના જન્મથી કુટુમ્બની વ્યક્તિમાં ફક્ત એકનો વધારો થાય છે એવું ન લેાઈ કુટુમ્બના સંબંધેામાં ઘણેા મેાટા ફેરફારેા થાય છે. તેમાંની ગુંચવણેા અનેકરીતે વધે છે. આપણે કલ્પના કરીએ કે જે કુટુમ્બમાં ફક્ત પતિ-પત્ની જ છે; એવા કુટુમ્બમાં બાળકના જન્મથી, પહેલા ફક્ત બન્ને જ વ્યક્તિમાં જે સંબંધેાની આપ-લે થતી હતી તે હવે ત્રિકેાણાત્મક બને છે. આગળ ઉપર કુટુમ્બની સંખ્યામાં જેમ જેમ વધારેા થતેા જાય છે તેમ તેમ તેટલા કેાણ બિંદુમાં વધારેા થતેા જાય છે અને સંબંધેા વધુ ગુંચવણભર્યા બનતા જાય છે.

વાલીઓએ જે બાબતેાનેા કદી જ વિચાર કર્યેા નથી હેાતેા તે બાબતેાનેા વિચાર બાળકના જન્મ પછી વાલીઓ કરવા લાગે છે. એક ગ્રન્થકાર લખે છે, "મનુષ્ય જ્યાં સુધી લગ્ન કરતેા નથી ત્યાં સુધી એને જીવનની ફક્ત ૧/૩ જાણ હેાય છે. લગ્ન કર્યાથી આ જાણ ૨/૩ જેટલી વધે છે. આગળ ઉપર સંતાન થયા પછી એની જાણ પૂર્ણ બને છે. સંતાન થાય એટલે તે ભવિષ્યનું આયેાજન કરવાની શરૂઆત કરે છે. કુટુમ્બની આર્થિક બાજુનેા વિચાર એ નવી રીતે કરવા લાગે છે; બાળકેાનું શિક્ષણ, લગ્ન-સંબંધ, વગેરેની વિચારણા-યેાજના કરે છે. વીમા યેાજના કરીને ભવિષ્યનેા પણ વિચાર કરી મૂકે છે. આમ બાળકના દૃષ્ટિકેાણથી ગૃહજીવનના પ્રશ્નેાનેા વિચાર કરવા લાગે છે. કુટુમ્બને આશરેા હેાવેા જોઈએ તેથી ઘર બાંધવાની યેાજના કરે છે. બાળકના ભવિષ્યની દૃષ્ટિથી પેાતાની આજુબાજુના સમાજનેા, પરિસ્થિતિનેા અભ્યાસ કરે છે. તેમાંથી લઈ શકાય તે લાભાલાભનેા હિસાબ કરવા માંડે છે. કઈ શાળા સારી, કઈ વ્યક્તિઓ સાથે સંબંધ જોડવા ને ટકાવવા ઈષ્ટ છે એ બાબતનેા વિચાર કરવા લાગે છે. કયા કુટુંબેા કેવી રીતે રહે છે, શું કરે છે એ સમજવાનેા પ્રયત્ન કરે છે.

વાલીઓની આ નવજાગૃતિની સાથે નવા પ્રશ્નેા, નવું આયેાજન અને નવી ચિંતા આ બધી બાબતેાની સાથેાસાથ જ સામાન્ય વાલીઓને પેાતાના બાળકેાને લીધે જીવનભર ચાલે એટલું ભાવનાત્મક સમાધાન મેળવી આપનારેા એક વિષય મળે છે "બધી જ ખટપટ બાળકેા માટે" એવી વાલીઓની બધી હિલચાલેા થેાડા સમય માટે સ્વરૂપ મળે છે. કેટલાંક

સ્વતંત્ર ભારતમાં બનતી સ્વદેશી બનાવટેાને ઉત્તેજન આપેા.



વાલીઓની બાબતમાં "બધી હિલચાલ બાળકો માટે" છે એમ જણાવીને પણ તેઓની બધી હિલચાલ ખરેખર "પોતાની ભાવનાત્મક સ્થિરતા માટે" હોય છે એવું જણાઈ આવે છે. બહારના જગતની ધમાલમાં આવા વાલીઓને જે વિરોધનો સામનો કરવો પડે છે તેની નિરાશામાંથી સમાધાન મેળવવા માટે આવા વાલીઓ પોતાના સંતાનોનો દુરુપયોગ કરતા જણાય છે આપણાથી જે થઈ શકયું નથી તે બાળકો ઉપર લાદવા તેઓ પ્રયત્ન કરે છે. નાના છોકરા-છોકરીઓ પોતાનું ભાવનાત્મક સમતોલપણું સાચવવા માટે જેમ ઢીંગલીઓનો અને રમકડાંનો ઉપયોગ કરે છે તે પ્રમાણે વાલીઓ પણ પોતાના ભાવનાત્મક સમાધાન માટે પોતાના છોકરા-છોકરીઓનો ઉપયોગ કરે છે. "Control of a child satisfies the parents will to power. This is deeply rooted desire. All persons have it and they seek to satisfy it. બાળકો ઉપર નિયંત્રણ કરી શકે. એટલે વાલીઓની અહંવૃત્તિનું (એટલે કે સત્તા ચલાવવાની વૃત્તિનું) સમાધાન થાય છે. આ ઇચ્છાનાં મૂળ ઊંડે સુધી ઊતરેલાં હોય છે. દરેક વ્યક્તિમાં આ ઇચ્છા જણાય છે. તેનું સમાધાન કરવા માટે બધા વાલીઓ પ્રયત્ન કરે છે. જે વાલીઓને સમાજમાં જોઈએ તેવું સ્થાન મળતું નથી, નોકરી ધંધામાં પ્રગતિ થતી નથી, તેવી વ્યક્તિઓ પોતાના બાળકે પોતાની આજ્ઞા પાળવી જ જોઇએ એવો જોરદાર આગ્રહ ધરાવતાં હોય છે. ઉપરી-અધિકારીઓના હુકમો સાંભળનારા પિતા ઘણીવાર પોતાના બાળકે શિસ્તના નિયમો પાળવા જોઇએ એવા આગ્રહ રાખતા જણાય છે. છોકરા-છૈયાં ઉપર પોતાનો ગુસ્સો કાઢવાની રીત ઘરેઘરે જણાય છે. આ બાબતની વધુ ચર્ચા જરૂરી નથી.

બાળક ઉપર વાલીઓની સંપૂર્ણ સત્તા હોય છે. તેનું જીવન નિયંત્રિત કરવાની સંપૂર્ણ સત્તા વાલીઓ પાસે હોય છે. તેની અસર સામાન્ય વાલીઓ ઉપર જુદી જણાય છે. આ અનિયંત્રિત સત્તાની સાથોસાથ તેમને બાળકની જવાબદારી પણ લાગે છે. આ જવાબદારીની ભાવના જે વાલીઓમાં ઊંડે સુધી ઊતરે છે તે વાલીઓ બાળકના વિકાસની જરૂરિયાત સમજવાનો પ્રયત્ન કરે છે. જીવનમૂલ્યોનો ફરીફરી વિચાર કરે છે. બાળકની આગળ કયું ધ્યેય રાખવું જોઇએ, તેમને કેવી રીતે મદદ કરવી જોઇએ; વગેરે પ્રશ્નો વાલીઓના મનમાં ઘોળાય છે. વાલીઓના વિચારોની આ દિશાને લીધે બાળક પાસેથી વાલીઓના વિચારોની આ દિશાને લીધે બાળક પાસેથી વાલીઓના જીવનને પૂર્ણતા મળવા લાગે છે. સંતાનોનો જન્મ, તેમની વૃદ્ધિ તેમનાં ઉછેરના પ્રશ્નો અને વિકાસનું સ્વરૂપ સમજી લેતાં વાલીઓને, માનવી જીવનવિકાસની પ્રક્રિયા ધ્યાનમાં આવવા માંડે છે. બાળકના જન્મથી સંસારમાં અનેક પ્રશ્નો ઊભા થાય છે. બેંકને કહ્યા પ્રમાણે સંસારની ચિંતા વધવા માંડે છે, પણ તેની જ સાથોસાથ બાળકોની પ્રવૃત્તિઓના અવલોકનમાંથી વાલીઓને જીવનનો અર્થ સમજવાની તક સાંપડે છે. તેનો ઉપયોગ પોતાના વિકાસ માટે કેમ કરી લેવો તે વાલીના વ્યક્તિત્વ અને ચારિત્ર્ય ઉપર અવલંબે છે આ અર્થમાં જ સંતતિને લીધે માતાપિતાના જીવનને પૂર્ણતા આવે છે એવું જે કહેવાય છે તે ખરું છે.

અહિં સુધી બાળકના આગમનને લીધે માતા-પિતા અને કુટુમ્બ ઉપર શી શી અસર થાય છે તેનો આપણે વિચાર કર્યો છે. હવે માતા-પિતાએ નિર્માણ કરેલા કુટુમ્બનો અને માતા-પિતાના અથવા વાલીના વ્યક્તિત્વની બાળકના વિકાસ ઉપર શી અસર થાય તે આપણે ટૂંકમાં જોઇએ

વાલીઓનું વ્યક્તિત્વ અને બાળકનો વિકાસ

વાલીઓનું કુટુમ્બ એટલે બાળકના જીવનનો પહેલો સમાજ. આ કુટુંબના નાના શા મર્યાદિત સમાજમાંની વ્યક્તિ અંગેનો જે અનુભવ બાળકને

મળે છે તેના ઉપર કુટુંબની બહારના સમાજ સાથે બાળકનું વલણ નિશ્ચિત થવાનો સંભવ હોય છે.

સામાન્ય રીતે કુટુમ્બના આ નાનકડા સમાજમાં નાનીમોટી વિવિધ વયની ભિન્નભિન્ન લિંગી પરંતુ એ સ્વભાવથી પૂરક થનારી વ્યક્તિઓ હોય છે. તેમનામાં લોહીનો સંબંધ હોય છે તેને લીધે કુટુમ્બ માટે ખૂબ આત્મભાવ હોય છે. કુટુમ્બના વાતાવરણનું આ સ્વરૂપ મુખ્યત્વે, તેમાના મુખ્ય ઘટક એટલે માતા–પિતા ઉપર જ અવલંબે છે. બાળકને બોલતાં આવડે તે પહેલાં પણ બાળક પોતાની વિવિધ જ્ઞાનેન્દ્રિયો દ્વારા ઘરમાં થતી નાની મોટી બાબતોની દૃશ્ય છાપ પ્રાપ્ત કરતું હોય છે. વાલીઓની ભાષા, તેમના ચહેરા ઉપરના હાવભાવ, બોલવાની શાંત, ઉતાવળી અથવા ગુસ્સાભરી રીતભાતની પ્રાથમિક છાપ બાળકના મન ઉપર પડે છે. બધાં પ્રકારના ભાવનાત્મક અનુભવ, તેને વાલીઓ પાસેથી ખાસ કરીને માતા પાસેથી જે રીતે મળે છે તેમાંથી આનંદ, ભય, પ્રેમ, દ્વેષ, વગેરે ભાવનાના વિકાસનો પાયો નંખાય છે. આજુબાજુનું જગત અવિશ્વસનીય કે વિશ્વસનીય, તેમને માટેની આસ્થા કે વિરોધ એના પહેલા પાઠો બાળકને વાલીઓ પાસેથી મળે જ છે. . આખરે બૌદ્ધિક કક્ષા ઉપર પણ અનેક પ્રકારના સંસ્કાર આ વયમાં વાલીઓ પાસેથી મળતા હોય છે. જુદા જુદા પ્રકારના નિર્ણય લેવા, અને જીવનના વ્યાવહારિક મૂલ્યો સમજવા; નીતિ અનીતિની કલાના, શ્રદ્ધા–અશ્રદ્ધા, વગેરે બાબતોની છાપ વાલીઓના વર્તન દ્વારા પડતી હોય છે.

દરેક સામાન્ય બાળકને પોતા ઉપર બધા પ્રેમ કરે પોતાને બધા સમજવાનો પ્રયત્ન કરવો, પોતાને પ્રોત્સાહન મળવું જોઈએ, એવું સ્વાભાવિક–રીતે લાગતું હોય છે. બાળકની આ ઇચ્છા વાલીઓ સિવાય કોણ પૂરી કરી શકે એમ છે ? વાલીઓના કુટુમ્બના નાનકડા સમાજમાં બાહ્ય જગતના સમાજ સાથે કેવી રીતે વર્તવું એનું પહેલું શિક્ષણ વાલીઓ પાસેથી મળે છે તેથી આપણા સમાજશાસ્ત્રજ્ઞોએ માતા–પિતા અથવા તેમનું કાર્ય સ્વીકારનારા વાલીઓને બાળકના પહેલા ગુરુપદે સ્થાન આપ્યું છે તે અનેક અર્થમાં સાચું છે.

— શે. ના. નામલે



સંપાદકીય નોંધ

ગુજરાતા ાશક્ષણ પત્રિકા ગુજરાતમાં આવ્યાને થેાડા માસ થયા. ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છમાં આજના બાળશિક્ષણના વિચારેાના પ્રવાહેા વહેતા થયેલા ને સારાં એવાં વર્ષો ગયાં છે. સ્વ. ગિજુભાઈ એ એક નવા વિચારને મૂર્તિમંત કરવા માટે, બાળકેા તરફની એક નવી દૃષ્ટિ આપવા માટે વિવિધ પ્રકારના પ્રસંગેા લેખેા અને વિચારેાથી શિક્ષકેા અને માતાપિતાઓને તાલીમ અને પ્રેરણા મળે તેવા લેખેાથી શિક્ષણ-પત્રિકાને સમૃદ્ધ કરી હતી. એને પરિણામે પ્રજામાં બાળકેા માટે કંઈ કરી છૂટવાની અથવા તેા કરવાની જરૂર છે તેવી ભાવનાઓ ઊભી થઈ છે. આજે બાળમંદિરેા અને બાળઅધ્યાપનમંદિરેાની સંખ્યા પણ એને લીધે જ વધી છે. તેના કાર્યકરેાની સંખ્યા પણ કુદકેને ભુસકે વધતી જાય છે. આ સંજોગેામાં 'શિક્ષણપત્રિકાની' સમૃદ્ધિ વધારવાનેા બેાજો નવા-નવા કાર્યકરેા, સંસ્થાઓ અને અધ્યાપકેાને શિરે આવે છે. કેાઈ એક વ્યક્તિ કે અમુક વ્યક્તિઓને જ શિરે 'શિક્ષણપત્રિકા' ચલાવવાનું આપણે સૌએ છેાડી દેવું ન જોઈએ વિચાર અને વ્યવહારમાંથી તથા દેશપરદેશમાં થતા પ્રયેાગેા અને તેના જ્ઞાનમાંથી આપણે સૌ એકઠાં મળી સમગ્ર પ્રજા માટે પેાતાના જ્ઞાનાનુભવનેા ફાળેા આપીએ એ જરૂરી બન્યુ છે. અમદાવાદમાં મળેલ સંમેલનમાં ગુજરાતના ઘણા કાર્યકર્તાઓએ શિક્ષણપત્રિકાનું સ્વરૂપ કેવું હેાવું જોઈએ તેનાં અનેક સૂચનેા કર્યાં હતાં. એ સ્વરૂપને વ્યવહારૂ સ્વરૂપ આપવામાં સૌનેા સાથ મળવેા અત્યંત અનિવાર્ય છે. 'શિક્ષણપત્રિકા' કેાઈ ધંધા-દારી પત્ર નથી પણ સૌની સહિયારી અનુભવની આપલે કરનારી, નવા નવા પ્રવાહેાને અને વિચારેાને પ્રજા સમક્ષ મૂકનારી એવી મુખપત્રિકા છે તેમ સમજવું જોઈએ. ગુજરાતની કેટલીક લબ્ધપ્રતિષ્ઠ વિવિધ પ્રયેાગેા કરનારી બાળશિક્ષણની સંસ્થાઓ ચાલે છે. તેમાં કામકરનાર ભાઈબહેનેા જો ધારે તેા પત્રિકાને વિવિધ પ્રકારે સમૃદ્ધ કરી શકે. આપણી જૂની મૂડીથી આપણે ઘણેા વખત સમૃદ્ધ દેખાયા.

બાળશિક્ષણ જેનું ક્ષેત્ર છે તેવા સૌને આ પત્રિકા આમંત્રણ આપે છે અને આગ્રહભરી માગણી કરે છે કે બાળશિક્ષણના પ્રણેતા સ્વ. ગિજુ-ભાઈ એ શરૂ કરેલી આ ચેતનાને–જ્યેાતને વધારે પ્રકાશિત કરવામાં આપ આપનેા ફાળેા આપેા જ.

ચં.

દત્તાત્રેય કૃષ્ણ ઘાંટુ ઔષધી ચેંબૂર પ્રાયવેટ લિ.
ચેંબૂર-મુંબઈ. ૩૮
શાખાઓ :—
ઠાકુરદ્વાર, પરેલ, દાદર અને કાલબાદેવી

વાલી અને પૂર્વ–પ્રાથમિક કેળવણી

પૂર્વ–પ્રાથમિક શાળામાં એટલે બાળમંદિરમાં તમે તમારા બાળકોને શા માટે મોકલો છો એની કેટલાએ વાલીઓને સ્પષ્ટતા હોતી નથી; જેમનું શિક્ષણ થયું જ નથી એવા વાલીઓની કેળવણી અંગેની કલ્પના સ્પષ્ટ ન હોય તો તે સ્વભાવિક છે. એવું કહી શકાય પરંતુ જેમનું શિક્ષણ થયેલું હોય છે એવા વાલીઓમાં પણ કેળવણી અંગેની કલ્પના અસ્પષ્ટ જણાય છે. અંગ્રેજી રાજ્યના શિક્ષણતંત્રમાં પુસ્તકીઆ કેળવણી ઉપર ભાર હોવાથી પુસ્તકીઆ લેખન વાચનનો અભ્યાસ, લેખી પરીક્ષા તથા ગોખણપટ્ટી એ જ કેળવણીનું એકમેવ સ્વરૂપ એવું સર્વ સામાન્ય વાલીઓનું લાગ્યું. આજની પ્રાથમિક તથા માધ્યમિક શાળામાં પણ આવા જ પ્રકારની કેળવણી દેખાય છે. આને લીધે પૂર્વ–પ્રાથમિક શાળામા પણ આવી કેળવણીની શરૂઆતનું સ્વરૂપ હોવું જોઈએ એવી વાલીઓની અપેક્ષા હોય છે. બાળમંદિરમાં બાળક ચાર–છ મહિનાથી આવે. એટલે એને કેટલા અક્ષર અને કેટલા અંક કાઢતા આવડે છે એ જ જાણે કેળવણીની કસોટી સમજીને તેના દ્વારા બાળકની પ્રગતિનું માપ કાઢવા માંડે છે, અને તે બાબતની બાળકની પ્રગતિ થએલી ન જણાય એટલે આટલી બધી ફી ભરીને બાળકને બાળમંદિરમાં શા માટે મોકલવું જોઈએ એવું એમને લાગે છે. આથી બાળમંદિરના શિક્ષણ વિષે અને ત્યાંના શિક્ષકો માટેનું માન ઓછું થઈ જાય છે. બાળમંદિરમાં તેમના બાળકોને લખવું, વાંચવું અને આંક શીખવવા જોઈએ એવો એમનો આગ્રહ હોય છે. વાલીઓના આવા આગ્રહને લીધે બાળમંદિરનું અપ્રમાણિકપણે કાર્ય કરનાર શિક્ષકો અને સંચાલકો આ આગ્રહનો લાભ ઉઠાવે છે.

નાનપણમાં લખવાનો અનિષ્ટ આગ્રહ

પૂર્વ–પ્રાથમિક કેળવણીનો ઉદ્દેશ અને સ્વરૂપ કંઈ પણ હોય તો પણ લેખન–વાચન અથવા આંક મોઢે કરવા એ પ્રત્યક્ષ કેળવણી નથી. ખાસ કરીને આ વયમાં આ પ્રકારનું શિક્ષણ ખૂબ અલ્પાંશે મદદરૂપ નિવડે એવું સાધન છે. લેખન વડે પોતાના વિચારોને સ્થિર અને મૂર્ત સ્વરૂપ આપી શકાય છે. અને વાચનદ્વારા બીજાના સ્થિર અને મૂર્ત બનેલા વિચારો આપણે ગ્રહણ કરી શકીએ છીએ.

પૂર્વ–પ્રાથમિક શાળામા સામાન્ય રીતે ૩ થી ૬ વર્ષનાં બાળકો હોય છે. આ વયમાં પોતાના વિચારોને લેખનદ્વારા અથવા વાચનદ્વારા વિચારોની આપલે કરવાની વાત અનેક કારણોથી અનિષ્ટ છે.

લેખન માટે લેખણીનો ઉપયોગ બાળકોને કરવો પડે છે. લેખનનું સાધન પોતાની ત્રણ આંગળીઓ વડે ધરીને તેની હિલચાલ નિયમિત કરીને સારા અક્ષરો કાઢવા માટે હાથની આંગળીઓના સ્નાયુનો સારો વિકાસ થવો જરૂરી છે. પગના સ્નાયુનો અમૂક રીતે વિકાસ થયા વગર બાળક જેમ ચાલી શકતો નથી અથવા હાથના આંગળીઓના સ્નાયુઓ વિશિષ્ટ મર્યાદા સુધીનો વિકાસ થયા વગર બાળકોને વસ્તુ હાથમાં પકડતાં આવડતી નથી. તે જ પ્રમાણે આંગળીઓના સ્નાયૂઓનો વિશેષ વિકાસ થયા વગર લેખનના સાધનનો ઉપયોગ કરવો તેમને માટે ખૂબ અઘરો થઈ પડે છે. લેખન કાર્યમાં બાળકની આ પહેલી મુશ્કેલી શારીરિક છે. કુમળા સ્નાયૂપર આપણે એક બાજુથી લેખનનો ભાર બાળકો ઉપર નાંખો છો અને બીજી બાજુથી બાળકોના અક્ષરો બગડતા ચાલ્યા છે તેથી બાળકો ઉપર અને શિક્ષકોને ગાળો ભાંડીએ છીએ. "પહેલાનાં વખતમાં અમારા અક્ષરો કેવા મરોડદાર હતા." કહીને આપણે અભિમાન લઈએ છીએ. લેખનનો ભાર શકય તેટલો જલદી નાનપણમા નાંખવાની આપણી વૃત્તિને લીધે સર્વ સામાન્ય વિદ્યાર્થીઓના અક્ષર ઉપર વ્યાપક એવું પરિણામ દેખાવા લાગ્યું છે.

લેખન કાર્ય માટે સ્નાયુની યોગ્ય પરિપક્વતા થવી એ થઈ શારીરિક વિકાસની કક્ષા ઉપરની વાત આ શારીરિક પક્વતાની સાથેાસાથ લેખન કાર્ય માટે બાળકની માનસિક અને બૌદ્ધિક કક્ષાનેા પણ વિકાસ થવાની જરૂર હેાય છે. પેાતાના વિચારેા વ્યક્ત થવા માટે પહેલા વિચાર કરવાની પાત્રતા તેા બાળકમાં આવવી જોઈ ને ? વિચાર કરવાની પાત્રતા અનુભવ વડે આવે છે. બહારના જગતની ઓળખ બાળકેાને થવી જોઈએ; એમાનેા વ્યવહાર કેટલેક અંશે બાળકેાને સમજાવેા જોઈએ. તેનું પ્રત્યક્ષ જ્ઞાન વધવું જોઈએ. આ દૃષ્ટિથી તેના અનુભવનું વર્તુળ વધારવાને બદલે આપણે બાળકને પાટી અને પેનથી એને બાંધી દઈએ છીએ. સ્લેટ અને પેન લઈ ને લખવું એ જ જાણે કે શિક્ષણ છે, તે જ તેને કરવું જોઈએ એમ એના મનમાં ઠાંસી દઈએ છીએ. આથી બાળકેાના વિકાસનેા આસ કરીને અનુભવમાંથી વિચાર કરવાની શક્તિ રૂંધાઈ જાય છે એ વાલીઓના ધ્યાનમાં આવતું નથી.

અયેાગ્ય વયમાના વાચનનું અનિષ્ટ પરિણામ

વાચનમાં બીજાના વિચારેા સમજવાની વાત હેાય છે. તે માટે લિપીના બધા અક્ષરેા કાનેા, માત્ર અનુસ્વાર એ જ બધું એના તંત્ર સાથે બાળકને પરિચિત હેાવું જોઈએ. અક્ષરેા ઓળખ્યા પછી અક્ષરેા વડે બનેલા શબ્દેાનેા અર્થ બાળકેા સમજી શકે તેા જ બીજાનાં શબ્દેાનાં અર્થ બાળકેા સમજી શકે છે. આવેા અર્થ સમજવા માટે પણ બાળકની સમજ શક્તિના વિકાસ ઉપર અવલંબે છે. બાળકને સમજાય અગર ન સમજાય તેમના પુસ્તકેાના પાઠેા કડકડાટ ચેાથે વર્ષે અથવા પાંચમે વર્ષે વાંચીને બતાવે એટલે આપણેા છેાકરેા કેટલેા બધેા હેાશિયાર છે એવું માતાપિતાને લાગવા માંડે છે. આ વયમાં બાળકેાની બુદ્ધિ અત્યંત સૂક્ષ્મ હેાય છે તેથી નાની નાની બાબતેા તેમના ધ્યાનમાં આવે છે. અર્થ ન સમજાય તેા પણ મેાઢે કર્યું હેાય તે પ્રમાણે અને અર્થ સમજાય છે એ રીતે વાંચી બતાવે છે. તદ્દન હાવભાવ, અવાજમાં ફેરફાર સાથે કેટલાક બાળકેા વાચનની કસરત ઉત્તમ રીતે કરીને બતાવે છે.

અહીં વાલીઓએ પેાતાના મનમાં એક એવેા પ્રશ્ન પૂછવેા જોઈએ કે આવા પ્રકારનું વાચન કુશલતા બાળકના વિકાસમાં કેટલું ઉપયેાગી છે ? આ વાચન કુશલતાને લીધે બાળકની બુદ્ધિનેા તેમની કલ્પના-શક્તિનેા અને વિચારનેા વિકાસ થશે કે ? બારણું ઉઘડતાની સાથે જ જે પ્રમાણે પેાપટ " રામ રામ સીતારામ " બેાલે છે તે જ પ્રમાણે પુસ્તકમાના અક્ષરેા દેખાતાની સાથેાસાથ બાળકેા પેાપટની જેમ તે પઢીને બતાવે છે.

વાચનનેા અર્થ લક્ષમાં ન લેતાં વાચનની ટેવને લીધે બાળકનું કેટલું નુકસાન થાય છે એનું પ્રમાણ માપી જોવું જોઈએ. " હાલના બાળકેાને આવેલેા પત્ર વાંચવા આપીએ અને તેમાં શું શું લખેલું છે એમ પૂછીશું તેા એનેા અર્થ કહી શકતા નથી. શું વાંચે છે એનું એમને જ સમજાતું નથી. " એવી જે સામાન્ય ટીકા આપણે સાંભળીએ છીએ એના મૂળમાં બાળકેાને સમજણ આવ્યા પહેલા તેમને વાંચવાનેા આગ્રહ કરવામાં આવે છે તે છે !

આંક-પલાખા અને ગણિત

આંક મેાઢે કરી લેવાથી કંઈક તાંત્રિક મદદ ગણિતને થાય છે. પરંતુ આવી ગેાખણપટ્ટીથી બુદ્ધિનેા વિકાસ થઈ શકતેા નથી. ગણિતિક બુદ્ધિનેા વિકાસ એ બાળકના સામાન્ય જ્ઞાન અથવા સમજણ સાથે સંકળાયેલેા છે. બાળકને વ્યવહાર ન સમજાય તેા પણ તેને દાખલાઓ કરીને બતાવવા જોઈએ એવા આગ્રહને લીધે કેટલા યે બાળકેાની ગણિતિક બુદ્ધિનેા આપણે નાશ કરીએ છીએ. એ બાબત વાલીઓના ધ્યાનમાં આવતી નથી. જે બાબત જે વયમાં શીખવવી જોઈએ તેના કરતાં વહેલી શીખવવાથી તાત્કાલિક સમાધાન વાલીઓને મળી રહે છે. પરંતુ બાળકેા

ઉપર આવો કસમયે ભાર નાંખવાથી તેમને તે વિષયનો આગળ ઉપર અણગમો આવે છે એની કલ્પના વાલીઓએ કરી છે કે? ગણિત અંગેનો જે સામાન્ય અણગમો બાળકોમાં દેખાઈ આવે છે તેના મૂળમાં વાલીઓની અને વાલીઓના અનિષ્ટ આગ્રહનો ભોગ બનેલા શિક્ષકોની આ બાબતમાં "ખોટી ઉતાવળ" જ ઘણીવાર કારણભૂત હોય છે. આ ઉતાવળમાં તેઓ બાળકના હાલ કરતા હોય છે. તેમને ઠોઠ-નિર્બુદ્ધ ઠરાવે છે. તેમની નિંદા નિર્ભત્સના કરે છે. શિક્ષા કરે છે. મારપીટ કરે છે આ બધી બાબતોથી બાળકની ગણિતિક બુદ્ધિ તો વધતી જ નથી પરંતુ પોતાના ઉપરનો વિશ્વાસ ઊઠી જઈને તેઓ હોય છે એના કરતાં વધારે મૂર્ખ દેખાય છે.



અપરિપકવ બાળકો ઉપર લેખન-વાચનનો ભાર

ઉપરના વિષયોનું શિક્ષણ શરૂ કરવાની યોગ્ય વય સામાન્ય રીતે સાડા ૭ હોવી જોઈએ. આવો બાલમાનસ શાસ્ત્રજ્ઞોનો અભિપ્રાય છે. આ વયની પહેલા લેખન-વાચન આદી વિષયો જબરજસ્તીથી શીખવવાથી તેનો ફાયદો તો થતો જ નથી પરંતુ નુકસાન થવાનો ઘણો જ સંભવ હોય છે. એવું પ્રયોગને આધારે તેઓ કહે છે. સાડાચાર પાંચ વર્ષની વયમાં લેખનવાચનની પદ્ધતિસર શરૂઆત કરનારા બાળકોમાં અને સાતમે વર્ષે આવું શિક્ષણ શરૂ કરેલાં બાળકોની ૮॥-૯ વર્ષે પરીક્ષા લેતા વહેલું આ શિક્ષણ શરૂ કરેલા બાળકોમાં અને મોડું શિક્ષણ શરૂ શરૂ કરેલાં બાળકોમાં કોઈ જાતનો ફરક દેખાયો નહોતો. એનાથી ઊંધું વહેલું શિક્ષણ શરૂ કરેલાં બાળકોમાં ઓછી પ્રારંભિક બુદ્ધિ, આત્મવિશ્વાસનો અભાવ વગેરે બાબતો જે આગળની પ્રગતિની દૃષ્ટિથી વધુ મહત્ત્વની હોય છે તેમાં આ વહેલું લેખન-વાચન શરૂ કરેલાં બાળકો પછાત હોય છે.

પૂર્વ-પ્રાથમિક કેળવણીનો ઉદ્દેશ અને સ્વરૂપ

લેખન-વાચન ગણિત આદિ વિષયોનું રીતસર સ્થાન પૂર્વ-પ્રાથમિક કેળવણીમાં ન હોઈ શકે. શહેરી વાતાવરણમાં જ્યાં બાળકની આજુબાજુ આવા પ્રકારનું વાતાવરણ હોય છે ત્યાં રમતના સ્વરૂપમાં અલ્પ અંશે સ્થાન આપવામાં આવે તો જ તે યોગ્ય ઠરશે. પરંતુ હાલ એ બાબત વાલીઓના અનિષ્ટ આગ્રહની છાપ સર્વાંશે બાળમંદિર ઉપર જ પડેલી દેખાય છે. પૂર્વ-પ્રાથમિક શાળાના શિક્ષકો જ્યાં ત્યાં આ બાબતમાં વાલીઓના આગ્રહ વિષે ફરિયાદ કરતા સંભળાય છે. પરંતુ શાળા-સંચાલકોનું વોરણ વાલીઓને રાજી રાખવાનું હોવાથી તેમનું કંઈ ચાલતું નથી. સંચાલક અને વાલીઓના આગ્રહના ભોગ બનીને તેમને બાળકો ઉપર જબરજસ્તી કરવી પડે છે. હાલની પૂર્વ-પ્રાથમિક સંસ્થામાંથી શિક્ષણને જે અનિષ્ટ સ્વરૂપ પ્રાપ્ત થયું છે તેનો અતિરેક આપણા જ દેશમાં દેખાય છે.

જગતના આગળ પડતા દેશોમાં પૂર્વ પ્રાથમિક સંસ્થા લેખન-વાંચન આદિ તાંત્રિક વિષયો કરતા બાળકનો સર્વાંગી એટલે શારીરિક માનસિક બૌદ્ધિક અને સામાજિક વિકાસ ઉપર જ વધુ ભાર દે છે શારીરિક વિકાસની દૃષ્ટિથી પૂર્વ-પ્રાથમિક શાળામાં જ સાધન-સંપન્ન ક્રીડાંગણ હોય છે વિવિધ રમતોની ખુલ્લી હવામાં યોજના હોય છે. બાળકને પૂરતું પોષણ મળે એ દૃષ્ટિથી તેઓ પૂરક અન્નની વ્યવસ્થા કરે છે. બાળકની વૈદકીય તપાસણીને ત્યાં વધુ મહત્ત્વ અપાય છે. બાળકને આરોગ્ય સંપન્ન રાખે એવી ટેવોનો પાયો પૂર્વ પ્રાથમિક શાળામાં જ નંખાય છે.

માનસિક અને બૌદ્ધિક વિકાસ માટે પૂર્વ પ્રાથમિક શાળામાં મુક્ત વ્યવસાય અને રમકડાંઓની યોજના હોય છે. હસ્તવ્યવસાયનાં વિવિધ સાધનોની યોજના હોવાથી બાળકની કલ્પનાને ત્યાં ખૂબ અવકાશ મળે છે. જ્ઞાનની દૃષ્ટિથી આજુબાજુના જગતનો પ્રત્યક્ષ પરિચય ચિત્રો, ચિત્રપટ વિશેષ પરિચય સાધનોની યોજના હોય છે. વ્યાવહારિક પાત્રતાના વિકાસની દૃષ્ટિથી વ્યાવહારિક, વ્યક્તિગત અને સાંઘિક કામની યોજના હોય છે. રમત, ગીતો, નૃત્ય નાટ્ય, ચિત્રો, શિલ્પ આદિ વિષયોનું વાતાવરણ હોય છે.

સામાજિકતાના વિકાસ માટે ત્યાં સામાજિક સહજીવનનો કાર્યક્રમ હોય છે. બાળકમાં સહકાર, સમૂહભાવના, સહાનુભૂતિ વગેરે સામાજિકતાને આવશ્યક એવા ગુણોના વિકાસ માટે એની યોજના હોય છે.

બાળકોના વિકાસ માટે આત્મભાવ હોય એવા વાલીઓ પોતાની આસપાસના બાળમંદિરો આ દૃષ્ટિકોણમાંથી તપાસશે કે? અને પૂર્વ-પ્રાથમિક કેળવણીનું યોગ્ય સ્વરૂપ લક્ષમાં લઈને આ કેળવણીને યોગ્ય દિશા બતાવશે કે?

શે. ના. નાગલે

કેમ પહોંચી વળતા નથી?

આપણે આપણા કામને ઘણી વાર પહોંચી શકતા નથી. કાં તો આપણે થાંથા હોઈએ. કાં તો આપણને આવડત ન હોય કાં તો આપણને ગમતું ન હોય. કાં તો આપણી દાનત ન હોય.

ખરી રીતે સાધારણ માણસ પાસે વખત છે તેથી વધારે કામ નથી. પણ વખત વાપરવાની કળા ન હોવાને લીધે વખત ઘટે છે અને કામ વધે છે.

ઘણી વાર આપણે કામ કર્યું ને નહિ કામ કર્યું તે જાણતા જ નથી. તેથી કામ કરતા હોઈએ છીએ પણ તે નકામા હોય છે.

આપણી ઉણપ કયાં છે તે આપણે પોતે શોધવાની રહી.

—સ્વ. ગિજુભાઈ

નુ. ભા. શિ. સંઘ

સમાચાર

નડિયાદ:—કુલચંદ બાપુજી સ્મારક સમિતિના રજત-જયંતિ મહોત્સવ અંગે પૂર્વ પ્રાથમિક શિક્ષકોનું સંમેલન, તા. ૩૧–૧–૬૦ ના રોજ નડિયાદ સંતરામ મંદિરમાં ગુજરાતના બાળઅધ્યાપન મંદિરના આચાર્યશ્રી માણેકલાલ ઠાકરના પ્રમુખપદે યોજવામાં આવ્યું હતું. સંમેલનમાં બાળશિક્ષણ અને બાળશિક્ષકોના હિતના પ્રશ્નોની ચર્ચા થઈ હતી આ ઉપરાંત આનંદ બજાર, પ્રદર્શન, બાલસાહિત્ય હરિફાઈ તથા મનોરંજન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

મુંબઈ:—ભગિની સમાજ ટી. એન. માળવી

(૧) બાળમંદિરના બાળકોના હસ્તકામનું પ્રદર્શન, તેમ જ આનંદ બજાર તા. ૧૯–૧૨–૫૯ ના દિવસે શ્રી કે. આર. લલાની ડેપ્યુટી મ્યુ. સેક્રટરી મું. કોર્પોરેશનના પ્રમુખપદે યોજવામાં આવ્યું હતું.

(૨) શ્રી કપોળ મહિલા સંચાલિત સંસ્કાર બાલમંદિરનો ૧૧મો વાર્ષિકોત્સવ મુંબઈરાજ્યના શિક્ષણ પ્રધાન શ્રી. હિતેન્દ્રભાઈ દેસાઈના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો.

(૩) શ્રી ભગિની સમાજ કળા મંદિર સંચાલિત સ્વ. શેઠ હંસરાજ પ્રેમજી શ્રૌફ શિશુ શિક્ષણ મંદિરનો ૧૭મો વાર્ષિકોત્સવ શ્રીમતી કપિલાબેન ખાંડવાળાના પ્રમુખપદે તા. ૧૯ અને ૨૦મીના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ સમયે પિનાકિનભાઈનાં ગીતો રાખવામાં આવ્યાં હતાં અને પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

શ્રી દક્ષિણામૂર્તિ:—૨૬ મી જાન્યુઆરી અંગે કુમારમંદિરના ચોગાનમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બાલમંદિરના બાળકોનો એક ફ્લોટ કરવામાં આવ્યો હતો. ભાવનગરની જનતા આ બાળકોનો ફ્લોટ જોઈ હર્ષઘેલી બની હતી, અને બાળકોનું પ્રત્યક્ષ કામ જોઈ આનંદ અનુભવતી હતી. શહેરની બીજી સંસ્થાઓના ફ્લોટસ જોઈ માનવમેદની હિલોળે ચઢી હતી. બાલમંદિરના ફ્લોટનો બીજો નંબર આવ્યો હતો અને ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

સવારે ૮ વાગે ૩૦મી જાન્યુઆરીએ એક કલાકનું અખંડ કાંતણ રાખવામાં આવ્યું હતું. ત્યાર પછી સંસ્થાના વ્યવસ્થાપક શ્રી નરેન્દ્રભાઈ બધેકાએ પ્રસંગોચિત વાત કર્યા બાદ સર્વ છુટા પડ્યા હતા.

ઉત્સવ પ્રકાશ...

ગગનને ગોખ ઝબુકતી વીજ વિલીન થાય,
ને મેઘગર્જના શૂન્ય વિશે સમાય;
કાળી રજની જ્યે ગઈ, ઉષા હસે શાં હાસ !
નીલ ગગનને આંગણે, ધવલ વાદળી રમતી રાસ.

હોરે, હો ! આવ્યો રૂડો અશ્વિન માસ !
હોરે, હો ! આવ્યો રૂડો અશ્વિન માસ !
ધાન્ય લચંતાં ખેતરો, ભરે ખેડૂત ઉર ઉલ્લાસ.

એનું મંગલ સ્વપ્ન સિદ્ધ થાય; એનો કારમો શ્રમ સફલ થાય.

માનવ મથે સુખ પામવાને, ચિંતાતણો બોજ નિવારવાને,
કણ વાવીને મણ પામવાને, લગરિક આનંદ મા'ણવાને.

આજે, ગઇકાલની જેમ હિન્દુસ્તાન લીવરનાં
ઉત્પાદનોની શ્રેષ્ઠતા ઘરઘરમાં સ્વચ્છતા, સુખ અને
પ્રકાશનો સંચાર કરે છે... આવતીકાલે, વધુ
રૂડા જીવન માટેની ઝંખના સંતોષવાને અમે સજજ હશું
નવાં ઉત્પાદન સાથે, નવા વિચાર સાથે...

આપના ઘરે કે દુકાને હિન્દુસ્તાન લીવરની બનાવટની જોવા જાણવી છે

PR.10-X52 GJ

ઉત્કૃષ્ટ કારીગરી...
અદ્યતન આકાર...

નેશનલ એકો

રેડિયોનું

નવું મૉડલ એ-૭૪૪



સંગીતના શોખીનો **નેશનલ-એકો**નું મનોહર નવું મૉડલ એ-૭૪૪ જોઇ ખૂશ ખૂશ થઇ જશે. સુંદર આકાર, રચના-કૌશલ્ય અને ઉત્તમ કારીગરીનો આ અનેરો નમૂનો સૌ કોઇનું મન જીતી લે છે. વળી એનો અવાજ પણ એટલો સ્પષ્ટ અને મધુર હોય છે કે જાણે ગાયક આપની સામે જ બેસીને ગાતો હોય એવું લાગે છે!

આપ પણ આપના ઘરમાં મૉડલ એ-૭૪૪ વસાવવામાં ગૌરવ અનુભવશો. આપના નજીકના **નેશનલ-એકો** ડીલરને આ રેડિયો મફત વગાડી બતાવવા કહો.

મૉડલ એ ૭૪૪: ૯ જુદા-જુદા કામ કરનારા ૬ 'નોવલ' વાલ્વ અને ૪ બૅન્ડવાળો એસી સેટ, મનમોહક કૅબિનેટ, જગતભરના સ્ટેશનો સાંભળાય છે. પિયાનો-કી બૅન્ડ સિલેક્શન, મૅજીક આઇ, ગ્રામોફોન અને સ્પીકર જોડી શકાય છે ટેપ રેકૉર્ડર જોડવા માટે ખાસ વ્યવસ્થા. એક વર્ષની ગૅરન્ટી.

રૂ. ૩૮૫/- સાફી

સ્થાનિક વેરા જુદા.

અમારા અધિકૃત નેશનલ-એકો ડીલરો પાસેથી જ ખરીદો

નેશનલ-એકો રેડિયો વધારે સારા છે—તેઓ 'મૉન્સુનાઇઝ્ડ' હોય છે

જનરલ રેડિયો ઍન્ડ એપ્લાયન્સીઝ પ્રાઇવેટ લિમિટેડ
મુંબઈ • કલકત્તા • પટણા • મદ્રાસ • બેંગલોર • દિલ્હી • સિકંદરાબાદ

નૂતન બાલશિક્ષણ સંઘ સંચાલિત

વર્ષ ૩૪ : અંક ૧૨ : મા..., ... ૦

શિક્ષણ-પત્રિકા

સંસ્થાપકો
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી તારાબેન મોડક

તંત્રી :
શેષ નામલે

☆

વાર્ષિક લવાજમ રૂા. ૪/૦૦
છૂટક નકલ ૩૭ નયા પૈસા

કાર્યાલય : શિક્ષણ પત્રિકા : દક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર

શિક્ષણ-પત્રિકા

સહસંપાદકો

આણેકલાલ ઠાકર — લીલાબેન શાહ
યશસ્વતીબેન ભટ્ટ — નરેન્દ્ર બધેકા

ચંદુલાલ વ. ભટ્ટ

માર્ચ : ૧૯૬૦

અનુક્રમ

	પૃષ્ઠ
સંપાદકીય	૧
ઘર અને બાળમંદિર	૩
બાળવાડીના સિદ્ધાંતો	૭
શિલ્પરચનાનાં નવાં સાધનો	૧૦
બાળમંદિર અને બાલવાડી કાઢનારાઓ માટે	૧૩
બાળરમકડાં	૧૬
એક પ્રશ્નાર્થ	૧૮
ગુજરાતી બાળ-સાહિત્ય	૧૯
શિક્ષણ સમાચાર	૨૧

સંપાદકીય

"નવા રાજ્યની આ ગંભીર ભૂલ ચાલુ રાખવી ન જોઈએ"

તારીખ ૩૧-૧-૬૦ ને દિવસે નડિયાદમાં શ્રી ફુલચંદ બાપુજી સ્મારક બાલમંદિરના રૌપ્યમહોત્સવ નિમિત્તે યોજેલી સમારંભમાં ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્રભુભાઈ દેસાઈનું કેળવણી વિષયક પુનર્રચનાની દૃષ્ટિથી ખૂબજ મનનીય એવું ભાષણ થયું. સ્વાતંત્ર્ય પ્રાપ્ત થવાથી કેળવણીનું પ્રયોજન પણ બદલાયું હોવાથી કેળવણીની રૂઢ કલ્પનાને વળગી રહેલા મહાનુભાવોએ પણ કેળવણી-પ્રશ્નને બદલાએલી પરિસ્થિતિમાં તપાસવો જોઈએ એવું એમણે કહ્યું હતું. સરકારી તંત્ર ચલાવવા માટે કારકુન તૈયાર કરવો એ અંગ્રેજી રાજ્યનીતિની કેળવણી પ્રણાલિકાનો ઉદ્દેશ હતો. આજે કારકૂન નહિ પરંતુ પ્રત્યક્ષ રાજ્ય ચલાવીને દેશને બધી રીતે સમૃદ્ધ બનાવવાની જવાબદારી આપણા ઉપર આવેલી છે. તેથી જીવનના વિવિધ ક્ષેત્રમાં નિર્માણ કરનાર-વંધુ નિર્માણ કરનારા-ઉત્તમ નિર્માણ કરનારા નાગરિકો પૂરા પાડવાની જવાબદારી કેળવણી પ્રણાલિકા ઉપર આવી પડી છે. આજ સુધી જેને આપણે પ્રાથમિક કેળવણી કહેતા હતા તે ખરા અર્થમાં પ્રાથમિક કેળવણી હતી કે નહિ એવો પ્રશ્ન પૂછવાનો સમય આવી પહોંચ્યો છે.

ભારતીય રાજ્યબંધારણનો આદેશ

ભારતના બંધારણને લીધે ૧૪ વર્ષ સુધીની કેળવણીની જવાબદારી રાજ્યની છે એ બાબત સ્વીકાર્યા છતાં ભારતમાં ઘણાખરા રાજ્યમાં પ્રાથમિક કેળવણીને એટલે ૬-૭ વર્ષથી શરૂ થઈને તે ચૌદ વર્ષ સુધીની કેળવણીને જ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ રીતે કહેવાતી "પ્રાથમિક કેળવણી" શરૂ થતાં પહેલાં બાળકના વ્યક્તિત્વનું ઘણું ખરું પ્રાથમિક ઘડતર થઈ ગએલું હોય છે. હાલના માનસશાસ્ત્રજ્ઞોના મત ધ્યાનમાં લઈએ તો કેળવણીની શરૂઆત જન્મ પહેલાંથી જ શરૂ થતી હોવાથી સહજ રીતે થનારી આ શરૂઆતની કેળવણીને રક્ષણ મળવું અત્યંત જરૂરનું જણાય છે.

જીવનના આ શરૂઆતના કાળમાં જ જીવનની ખરી પ્રાથમિક કેળવણી થતી હોય છે. આવા સમયની કેળવણી તરફ દુર્લક્ષ કરવું એટલે બાળકના વ્યક્તિત્વને જ દુર્બળ બનાવવાનું છે. આવા દુર્બળ વ્યક્તિત્વવાળા બાળકોને આગળ ઉપર 'પ્રાથમિક કેળવણી' આપીએ તો પણ તેનો ઉઠાવ આવતો નથી અને તેને લીધે રાજ્ય તરફથી પ્રાથમિક કેળવણી માટે જે કંઈ પ્રયત્ન થાય છે તેનો ફાયદો રાજ્યને મળતો નથી. કેળવણી ઉપર થતા ખર્ચના પૈસાનો ઉપયોગ પૂર્ણરીતે થતો નથી.

બંધારણમાં ચૌદ વર્ષની વયની મર્યાદા જે સ્વીકારવામાં આવી છે તેમાં બાળકની શરૂઆતની ઉંમરનું લક્ષમાં લીધું છે. સ્વરાજ્યમાં આ બાબત તરફ દુર્લક્ષ કરવું એટલે એક ગંભીર ભૂલ કરવા જેવું છે, એવો સ્પષ્ટ ઈશારો શ્રી મગનભાઈએ કર્યો હતો. પાયાની મજબૂતાઈનો વિચાર કર્યા વગર

ઉપરની ઈમારત બાંધતા જવાની વૃત્તિને લીધે ખૂબ મોટું રાષ્ટ્રીય નુકસાન થવાનું છે એનું ધ્યાન સ્વરાજ્યમાં લેવું જોઈએ.

ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિના આ વિચારો એવે સમયે સ્પષ્ટ થયા છે કે જે સમયે મુંબઈના વિશાળ દ્વિભાષી રાજ્યમાંથી મહારાષ્ટ્ર અને ગુજરાત એવાં નવાં બે રાજ્યોને પોતાના નવાં ધોરણો જલદીથી જ નિશ્ચિત કરવાં પડશે.

ગુજરાતની વિશિષ્ટ પરિસ્થિતિ

ગુજરાત એ બાળકેળવણીની ચળવળની જન્મ-ભૂમિ સમજવામાં આવે છે. ભારતના અન્ય પ્રદેશો-માં આજે જે પૂર્વ–પ્રાથમિક કેળવણીની તથા પ્રશિક્ષણની જે સંસ્થાઓ છે તેને પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે ગુજરાતની નૂતન બાળ કેળવણીની ચળવળમાંથી પ્રેરણા મળી છે. આજે પણ નૂતન બાળકેળવણી એટલે પૂર્વ પ્રાથમિક કેળવણીનું મહત્ત્વ ગુજરાતી ભાષી પ્રદેશનાં ખૂણે ખૂણે દૂર સુધી પહોંચેલું જણાય છે. ગયા ચાળીશ વર્ષમાં આ ચળવળનું વાતાવરણ ગુજરાતી પ્રદેશમાં જોરદાર રહ્યાનું જણાયું છે. ગુજરાતમાં શરૂ થએલી નૂતન બાળ કેળવણીની ચળવળ જગતના અન્ય દેશો પ્રમાણે "ઔદ્યોગિક ક્રાંતિના ફળ" તરીકે ન હોઈ, તે રાષ્ટ્રીય પુનરુત્થાનની ભાવનાના આવિષ્કાર તરીકે આ ચળવળ શરૂ થઈ હતી. અમેરિકા જેવા દેશ પ્રમાણે આ ચળવળની શરૂઆત અથવા તેનું પોષણ વિદ્યાપીઠ જેવા બુદ્ધિજીવી સંશોધન વિભાગ તરફથી થએલી નહોતી. ગુજરાતની નૂતન બાળ કેળવણીની ચળવળ એ "સામાન્ય લોકોના આંદોલન તરીકે શરૂ થઈ હતી. શરૂઆતથી જ એનું વલણ સામાન્ય લોકોનું પુનરુત્થાન કરવા તરફનું હતું. તેને લીધે ગુજરાતમાં આજે કર્યાંય પણ જઈએ તો નૂતન બાળ કેળવણીની ભાષા ત્યાંના લોકો અને લોકનેતા તરત સમજે છે.

કેળવણી વિષયક વિચારની મૂડીની સાથોસાથ સાધન સામગ્રીની વિપુલતા પણ આજે ગુજરાતમાં અન્ય કોઈ પણ પ્રદેશો કરતાં વધુ છે. લોકોને આ કેળવણીનું મહત્ત્વ સમજાયું છે. આ પરિસ્થિતિ લક્ષમાં લઈએ તો ભારતીય બંધારણમાં જે વિચારથી ચૌદ વર્ષ સુધીની કેળવણીની જવાબદારી સ્વીકારી છે તેને મૂર્ત સ્વરૂપ આપવાનું પહેલું માન ગુજરાત લઈ શકે એવી ત્યાંની પરિસ્થિતિ છે.

મહારાષ્ટ્રમાં પણ નવી સ્થિતિ નિર્માણ થઈ છે

નૂતન બાળ શિક્ષણ સંઘે ગુજરાતી ભાષી પ્રદેશ-માં પોતાના નવા કાર્યની શરૂઆત કરી. આ કાર્યમાં આદ્ય બાલકેળવણીનેતા સ્વર્ગસ્થ ગિજુભાઈ બધેકાની સાથે શ્રીમતી તારાબેન મોડક પોતે મહા-રાષ્ટ્રી હોવા છતાં આ ચળવળનું નેતૃત્વ કર્યું અને ત્યાર પછી ગયા પચ્ચીસ વર્ષથી નૂતન બાળકેળવણીનો પ્રચાર મહારાષ્ટ્રના ખૂણે ખૂણે થાય એ માટે તેનો ખાસ પ્રયત્ન મહારાષ્ટ્રની ભૂમિમાં પાછા ફરીને શરૂ થયા. આજે નૂતન બાળશિક્ષણ સંઘની આ મહારાષ્ટ્રની ચળવળે પૂરું સારું એવું વ્યાપક સ્વરૂપ ધારણ કર્યું છે. મહારાષ્ટ્રમાં નાગપૂર, વર્ધા, યવતમાળ, કોલ્હાપૂર, સાંગલી, કન્હાડ, પૂના, મુંબઈ, કોંસબાડ, માધાન, સાસવડ, વગેરે ઠેકાણે નૂતન બાળશિક્ષણની પ્રશિક્ષણ સંસ્થા સ્થપાઈને તેમાં હજારો નૂતન બાલશિક્ષક અને બાલશિક્ષિકાઓ પ્રશિક્ષણ લે છે. ગામડે ગામડે બાલવાડીઓ નીકળે છે. મહારાષ્ટ્રમાં નૂતન બાળશિક્ષણનો પ્રચાર જે વેગથી થાય છે તેની નોંધ મહારાષ્ટ્રના શિક્ષણતજ્ઞોએ અને નેતાઓએ લેવી જોઈએ. જે કંઈ ચાલે છે તે 'ધંધાદારી છે' 'દુકાન છે' એવું કહીને આ ચળવળની ઉપેક્ષા થાય છે. પરંતુ આ તરફ વિધાયક દૃષ્ટિ રાખીને વિચાર કરવો જોઈએ. મહારાષ્ટ્રમાં પણ આજે જેને પ્રાથમિક શિક્ષણ કહીએ છીએ તેમાં ફેરફાર કરવાનો સમય આવી પહોંચ્યો છે.

બાળકની ૭ થી ચૌદ વર્ષની આ વયની કેળ-વણીનું આયોજન કરવું–માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર; શિક્ષણશાસ્ત્ર અને અર્થશાસ્ત્રના દૃષ્ટિકોણથી કરવું–વધુ અનુકૂળ બનશે. જૂના રાજ્યની પરંપરાને વળગી રહેવાની ગંભીર ભૂલ હવે નવા રાજ્યે આગળ ઉપર ચાલુ ન રાખવી જોઈએ.

— શે. ના. નામલે

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૪] આર્ય : ૧૯૬૦ [અંક : ૧૧

ઘર અને બાળમંદિર

ઘર અને બાળમંદિર આ બન્ને સંસ્થાના કાર્ય વિષે હજી આપણી સ્પષ્ટતા થયેલી જણાતી નથી. બાળકના દૃષ્ટિકોણમાંથી ઘર એ એનો પહેલો સમાજ છે. તેમાંની વ્યક્તિઓ મર્યાદિત હોય છે, તેમનું ક્ષેત્ર મર્યાદિત હોય છે તેમ છતાં બાળકના સંપૂર્ણ વિકાસની જવાબદારી ઘર ઉપર હોય છે; એટલે આખરે વાલીઓ પર હોય છે. ઘરમાં બાળકનું સાંગોપન થાય છે અને ત્યાર પછી બાળક બાળમંદિરમાં જાય છે, પ્રાથમિક શાળામાં જાય છે અને પછી માધ્યમિક શાળામાં જાય છે. તેમ છતાં તે સતત ઘરે જ રહેતું હોય છે. બાળકના બધી અવસ્થાના વિકાસની જવાબદારી ઘર ઉપર હોય છે.

બાળમંદિર પ્રાથમિક શાળા અથવા માધ્યમિક શાળા એ બાળકના વિકાસ કાર્યમાં વિશિષ્ટ અવસ્થામાં વિશેષ પ્રકારની મદદ આપનારી સંસ્થાઓ છે. આ બધી સંસ્થાઓમાંથી કોઈ પણ સંસ્થા બાળકના વિકાસમાં ઘર ઉપર જે જવાબદારી છે તે લઈ શકતી નથી બાળમંદિરનું કાર્ય કેટલાક સમયને માટે ઘરની જવાબદારીમાં સહભાગી થવાનું હોય છે. તેમ છતાં વાલીઓના સર્વાંગી ક્રિયાશીલ સહકાર વગર બાળમંદિર આ કાર્ય પાર પાડી શકતું નથી. કેટલાક વાલીઓ એમ સમજે છે કે બાળકને બાળમંદિરમાં પહોંચાડીએ એટલે આપણી જવાબદારી પૂરી થાય છે, પરંતુ વસ્તુસ્થિતિ એવી છે કે બાળકને બાળમંદિરમાંના શિક્ષણનું ફળ કેવળ એની ફી ભરીને મળી શકતું નથી.

બાળમંદિર વગર ચાલી શકશે કે?

"અમારા સમયમાં બાળમંદિરો કયાં હતાં?" પશ્ચિમ તરફથી આવેલું આ એક 'ફૅડ' છે." પૂર્વ–પ્રાથમિક વયના બાળકનો ઉછેર આપણે ત્યાં ઘરેઘરે માતા જ કરતી હોય છે. નોકરી ધંધાને નિમિત્તે માતાને ઘરની બહાર નીકળવાની ફરજ પાડે છે. આ અનિષ્ટ બાબત હોઈ જેમનાથી એ ટાળી શકાય એવું હોય એમણે ટાળવું જોઈએ. "પહેલાં ઘરનું રક્ષણ કરવું જોઈએ. બાલસંગોપન પોતાની મેળે જ કરવું જોઈએ." માતાએ પોતાની આ જવાબદારી સામાજિક સંસ્થા ઉપર નાંખવાથી સમાજની સામે નવા સંકટની પરંપરા ઊભી થાય છે." આ વિષે સમાજશાસ્ત્રજ્ઞો અને માનસશાસ્ત્રજ્ઞો ઇશારો પણ કરે છે. આ શાસ્ત્રજ્ઞોનો આધાર લઈને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના સંસ્કારની તરફદારી કરનારી વ્યક્તિઓ આપણને ઠેકઠેકાણે જણાય છે. આ વ્યક્તિઓ "બાળમંદિર એટલે પશ્ચિમનું ફૅડ સમજીને તેનો નિષેધ કરે છે; તથા પૂર્વપ્રાથમિક વયનું શિક્ષણ ઘરે જ થવું જોઈએ' એવો પ્રચાર કરતા હોય છે. દરેક માતાએ જ આદર્શ શિક્ષિકા બનવું જોઈએ એવું તેઓ માને છે.

ઔદ્યોગિક યુગનો વ્યવહાર જેમ જેમ થતો જાય છે (અને જે ટાળી શકાતો નથી) તેમ તેમ મધ્યમ વર્ગ ઉપર ખર્ચની બોજ વધતી જાય છે. યૂરોપ અમેરિકામાં જેમ થયું છે તેમ અહિં પણ મધ્યમવર્ગની સ્ત્રી, પુરુષોના ઉત્પાદનમાં વધારો કરવાની

દૃષ્ટિથી ઘરની બહાર કામ માટે ધકેલાતી જાય છે. યુરોપ-અમેરિકામાં આવા જ ઔદ્યોગિક ક્રાન્તિના કાળમાં બાળમંદિરો અને ધોડિયાઘરો નીકળ્યાં છે. આર્થિક દૃષ્ટિએ પછાત સમાજમાં આ સંસ્થાનો ખૂબ પ્રચાર અને પ્રસાર થયેલો હોય છે. આ વિસ્તારનું સામાજિક મૂલ્યાંકન પણ ત્યાં જુદા જુદા દૃષ્ટિકોણમાંથી કરવામાં આવ્યું. શિક્ષણપત્રિકાના ફેબ્રુઆરીના અંકમાં 'માતૃશાળા' એ મથાળા હેઠળ જે લેખ શ્રીમતી યમુનાબાઈ હિર્લેકરે લખ્યો છે તેમાં જર્મનીમાં માનસ અને શિક્ષણ નેતાઓના એવાં કેટલાંક નિષ્કર્ષ નોંધવામાં આવ્યા છે.

માતૃશાળા કાઢીએ તો બાળમંદિરો બંધ કરવાના કે?

માનસશાસ્ત્રીઓના કે સમાજશાસ્ત્રીઓના નિષ્કર્ષ ગમે તે હોય, ઔદ્યોગિક ક્રાન્તિનાં મોજાં જે આગળ ને આગળ ધસતાં જાય છે તેને કોઈ અટકાવી શકયું નથી અને તેને લીધે મધ્યમ અથવા નીચલી કક્ષાના વર્ગ ઉપર જે તાણ પડે છે તે પણ ઓછી કરી શકાયેલ નથી. પુરુષોના આર્થિક ઉત્પાદનમાં ઉમેરો કરવાના હેતુથી વધતી સંખ્યામાં યુરોપ અમેરિકાની સ્ત્રીઓ ઘરની બહાર નીકળી અને આપણે ત્યાં પણ આપણા દેશની સ્ત્રીઓને જેમ ઔદ્યોગિક ક્રાન્તિ વધે છે તેમ ઘરની બહાર પડવું પડે છે. આટલી બધી ઝડપથી બદલાતી પરિસ્થિતિમાં આપણે વિચારપૂર્વક તેની સાથે સંયોજન ન સાધીએ તો આપણે પાછા પડીશું. આર્થિક દૃષ્ટિથી પછાત વર્ગમાં સ્ત્રી પુરાતન કાળથી અર્થોપાર્જન કરતી આવી છે અને આગળ ઉપર પણ તે અર્થોપાર્જન કરવાની જ એવી પરિસ્થિતિ દેખાય છે. બહુ થાય તો તેને કેટલો સમય બહાર કામ કરવા ઉપર કદાચ નિયંત્રણ રાખવાનું શકય બનશે. પરંતુ આવી સ્થિતિ લાવવા માટે રાષ્ટ્રને ખૂબ પુરુષાર્થ કરવો પડે. આવો પુરુષાર્થ થશે ત્યારે જ સ્ત્રીઓને થોડો સમય ઘરે રહો એવું કહી શકાશે.

રાષ્ટ્રીય વ્યાપક પાયા ઉપર માતૃશાળા નીકળે તોપણ હવે બાળમંદિર એ માતાની કે કોઈના મનના દૃષ્ટિકોણમાંથી જોવાની બાબત ન રહી હોઈ બાળમંદિર એ વિશિષ્ટ વયના બાળકના વિકાસની જરૂરિયાત છે કે શું એ પણ શાસ્ત્રીય ભૂમિકામાંથી તપાસવાનો પ્રયત્ન શરૂ થયો છે. આ ભૂમિકાથી જોઈએ તો માતૃશાળા અને બાળમંદિરો પણ આવશ્યક છે.

બાલમંદિરનું કાર્ય ઘરની જવાબદારીમાં વધુમાં વધુ પૂરક કેવી રીતે થવાય એનો વિચાર કરવાનું છે. બાલમંદિર ઘરના કાર્યની સંપૂર્ણ જવાબદારી પોતાની તરફ કદી જ લઈ શકે નહિ. જો લે તો પણ તે લાંબો વિચાર કરતા ઈષ્ટ નથી. પછાત વર્ગમાં જ્યાં ઘરમાં પોતાની આ જવાબદારીનું ભાન નથી અથવા આ જવાબદારી પાર પાડવાની શક્તિ નથી ત્યાં નિરૂપાયે આ જવાબદારીનો મોટો ભાગ ધોડિયાઘર અને બાળમંદિરો કરતાં હોય છે. વિશિષ્ટ પરિસ્થિતિમાં બાલમંદિરને ભાગે આવેલું આ કાર્ય તાત્કાલિક સ્વરૂપનું સમજવું જોઈએ. બાળકના સર્વાંગી વિકાસની જવાબદારી ઘરની જ છે એ બાબત સ્પષ્ટરીતે સમજવી જરૂરની છે બાલમંદિરને ઉત્તેજન આપવું એટલે ઘરની જવાબદારીમાંથી માતા-પિતાને અળગા કરવા એવો એનો અર્થ નથી; ઘરના કાર્યની જવાબદારી બાળમંદિરે લેવી એવો પણ એનો અર્થ નથી. બાળકના સર્વાંગી વિકાસની જવાબદારી ઘરની છે આ વિચાર કાયમ કરીએ એટલે માતૃશાળા અથવા માતૃ-પિતૃ-શાળાની આવશ્યકતા શી છે એ જુદું કહેવાની જરૂર નથી. ઘરની જવાબદારી જે લગ્ન થયેલ સ્ત્રી, પુરુષો ઉપર પડે છે, તેમને આ જવાબદારી સમજવા જેટલું શિક્ષણ મળે છે કે કેમ એવો નવો પ્રશ્ન આપણે પોતાની જાતને પૂછવો જોઈએ. ઘરની જવાબદારી સમજવાનું શિક્ષણ જો સ્ત્રી-પુરુષોના શિક્ષણમાં ન હોય તો તે અપૂર્ણ કહેવું જોઈએ. ધંધાદારી શિક્ષણથી ધંધો કેમ કરવો તેનું જ્ઞાન

મળે છે, સાંસ્કૃતિક શિક્ષણને લીધે માનવી-માનવી વચ્ચેના વર્તનમાં સુધારો થાય છે, કલા-શાસ્ત્રના અભ્યાસને લીધે કલા-શાસ્ત્રના જ્ઞાનમાં ઉમેરો થાય છે, પરંતુ ગૃહજીવન-કલા અથવા શાસ્ત્રનો તેના સંપૂર્ણ અર્થમાં જો શિક્ષણમાં સમાવેશ ન હોય તો ગૃહજીવનનો આનંદ સ્ત્રી-પુરુષોથી મેળવી ન શકાય. આજના બદલાતા જીવનમાં ઘરનું કાર્ય પાછળ પડતું જાય છે. તેને લીધે ગૃહજીવનમાંથી સામાન્ય રીતે આનંદ-નિર્માણ થવાને બદલે કલેશ નિર્માણ થવા લાગ્યો છે. લગ્ન થાય છે પરંતુ ઉંમર વધવા સાથે સ્ત્રીપુરુષો એકબીજા તરફ આકર્ષાય છે. લગ્ન માટે સ્ત્રીપુરુષોને કઈ જુદી લાયકાત સંપાદન કરવી પડે છે એનો વિચાર શિક્ષણમાં કાં ન થવો જોઈએ ? ધંધો, ઉદ્યોગ, કલા, શાસ્ત્રો એ બધું આખરે ગૃહજીવનને ઉન્નત કરી શકવું જોઈએ એ વિચારને બદલે ગૃહજીવનની ઉપેક્ષા કરીને પ્રગતિનો પ્રવાહ આગળ વધારી શકાશે એવી આજની કલ્પના જણાય છે. સામાજિક સેવક, શાસ્ત્રજ્ઞ અથવા તંત્રજ્ઞ ગૃહજીવનની ઉપેક્ષા કરીને પોતપોતાના ક્ષેત્રની સેવા કરે છે. તેમાં તેની વાહવાહ બોલાય છે, પરંતુ આ બાબત અયોગ્ય મનાવી જોઈએ.

ગૃહજીવન એ એક માનવી વિકાસમાંની મૂળભૂત બાબત છે. તે રીતે તેની તરફ જોવામાં આવતું નથી તેથી જ તેને શિક્ષણમાં સ્થાન મળ્યું નથી. શિક્ષણ-શાસ્ત્રે આ ભૂલ સુધારવી જ જોઈએ. માતૃશાળાના સ્વરૂપમાં આ ભૂલ સુધારવાનો પ્રયત્ન આપણે ત્યાં પણ થવો જોઈએ.

ઘર એટલે બાળકની પહેલી શાળા

ગૃહસંસ્થાના નિર્માતા વાલી એટલે બાળકના પહેલા શિક્ષક એવી વસ્તુસ્થિતિ હોય છે. તેથી આ શિક્ષકનું પણ પ્રશિક્ષણ થવું અનિવાર્ય છે. તે જો યોગ્ય રીતે થાય તો આ શિક્ષકના કાર્યની દૃષ્ટિથી ઘરનું આયોજન થવું જરૂરી છે. આ આયોજન બાળકના સર્વાંગી વિકાસની દૃષ્ટિથી થાય તો જ ઘર, બાળક અંગેની પોતાની બધી જવાબદારી પૂર્ણ રીતે પાર પડી શકે. ઘર એટલે બાળકની પહેલી શાળા આ વિચાર રજૂ કરતી વખતે, આપણી સામે સામાન્ય શાળાનો જે નમૂનો છે તેવા પ્રકારની આ શાળા નથી. દરેક શાળાનું કાર્ય જે પ્રકારનું હોય છે તેને અનુરૂપ એવું જ તે તે શાળાનું સ્વરૂપ હોવું જોઈએ. બાળમંદિર, પ્રાથમિક શાળા જેવું હોતું નથી,



પ્રસંગોપાત મુખવાસ માટે
વપરાતી
☆ દિલ્હરંજન ☆
સેન્ટેડ સોપારી
* સુમધુર * સૌને આનંદિત કરતી સર્વ જગ્યાએ વેચાય છે.
આપના ગામની એજન્સી માટે લખો:
રાવજીભાઈ કે. સોપારીવાલા
શાંતિભુવન; ચોપાટી સીક્રેસ, મુંબઈ-૭
શાંચ : પોસ્ટ ઓફિસની બાજુમાં
વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ-૪.
ચંદ્રભુવન, સુપર સીનેમાની બાજુમાં,
ચાંટરોડ, મુંબઈ-૭.

પ્રાથમિક શાળા તાંત્રિક શાળા જેવી નથી હોતી. દરેક શાળામાં પોતપોતાના કાર્યની દૃષ્ટિથી વાતાવરણનું સર્જન થતું હોય છે. તેવી જ રીતે ઘરમાં નાની મોટી વ્યક્તિઓ હોય છે. આ નાની મોટી વ્યક્તિના વિકાસના કાર્યની જવાબદારી ઘર ઉપર હોય છે. માતા–પિતા પણ તેમાં પોતાનું કાર્ય સારી રીતે કરી શકે એટલે તેમના સ્વાસ્થ્ય અને જીવનનો પણ વિચાર ઘરમાં થવો જોઈએ. તેથી આ શાળાનું સ્વરૂપ ઘોડિયા ઘર, બાળમંદિર, અથવા પ્રાથમિક શાળા જેવું વિશેષ specialised નથી. ઘરમાંની જુદી વયની વ્યક્તિઓ પોતાની વ્યવસ્થા પ્રમાણે પોત-પોતાના વિકાસ માટે જુદી જુદી સંસ્થાનો ઉપયોગ કરતી હોય છે. ઘર અને બાળમંદિરનો સંબંધ એ "સામાન્ય–વિશિષ્ટ"નો સંબંધ છે. ઘર અથવા ગૃહજીવન એ માનવી વિકાસ વૃક્ષનું થડ સમજીએ તો બાળમંદિર એ આ થડમાંથી અમુક ચોક્કસ ઠેકાણેથી નીકળનારી એક ડાળી છે.

બાળમંદિરનું પરિપોષણ ગૃહજીવનમાંથી થવું જોઇએ. બાલમંદિર એ ગૃહજીવન સાથે સ્પર્ધા કરનારી અથવા ગૃહજીવનનું કાર્ય નષ્ટ કરનારી સંસ્થા છે એમ જો કોઈ બાળમંદિર તરફ જુએ તો તે દૃષ્ટિકોણ બધી રીતે ભૂલ ભરેલો છે એમ સમજવું જોઇએ.

ઘર પણ બાળમંદિરનું કાર્ય લઈ શકતું નથી

બાલમંદિરનું કાર્ય વિશેષ પ્રકારનું છે. બાળકને ચાલતાં આવડે એટલે સ્વાભાવિક રીતે જ તે ઘરની બહારના જીવનનો પરિચય સાધવા માટે પ્રયત્ન કરવા લાગે છે, તેની હિલચાલનો, ભાષાનો અને સામા-જિકતાના વિકાસ માટે ઘરની મર્યાદા બાળકને પૂરી પડતી નથી. માતા–પિતા કરતાં પોતાના જેવડા મિત્રો જોઇતા હોય છે. તેમને રમત માટેનું ખૂબ આકર્ષણ હોય છે. આ રમતમાંથી બાળકના આગળના વિકાસની ભૂમિકા તૈયાર થવાની હોય છે. આ કાર્ય ઘરમાં થઈ શકતું નથી. ઘરમાં આદર્શ વાલીઓ હોય તો ઘરમાં બધા પ્રકારની શૈક્ષણિક સાધન સામગ્રી પણ ખાસ પ્રયત્નથી આણી શકાય. પરંતુ ઘરમાં આ વયની શૈક્ષણિક જરૂરિયાતનો અભ્યાસ કરનારી અનેક બાળકોના વર્તનનો અનુભવ હોય એવા શિક્ષિકાની પાત્રતા માતામાં આવી શકતી નથી. માતાને પોતાને કેટલીક પોતાની મર્યાદાઓ હોય છે. તે માતૃશાળામાં શીખેલી હોય તો પણ ત્યાંનું શિક્ષણ, ગૃહજીવનનું કાર્ય યોગ્ય રીતે કરતા આવડે એ દૃષ્ટિથી સામાન્ય સ્વરૂપનું હોય છે. આખરે માતા બાળમંદિરની શિક્ષિકાનું પ્રશિક્ષણ લે તો પણ બાળમંદિરમાં વિવિધ ઘરમાંથી આવનારાં બાળકોનું જે પ્રેરક વાતાવરણ હોય છે તે ઘરમાં કેવા રીતે લાવી શકાય? તેથી ઘરે ઘરની જ મર્યાદામાં રહીને પોતાનું કાર્ય કરવું જોઈએ, અને બાળકના વિકાસની વિશેષ જરૂરિયાતો ધ્યાનમાં લઈને બાળમંદિરનો પણ લાભ લેવો એ તેનું કર્તવ્ય બને છે. ઘર અને બાળમંદિરનો આવો સહ-યોગ થાય તો જ આપણા બાળકનું હિત સાધી શકાય.

શે. ના. નામલે

બાળવાડીના સિદ્ધાંતો

એક સમય હતો જ્યારે બાળકને વ્યક્તિ સ્વાતંત્ર્ય હોઈ શકે એ વાત સ્વપ્નવત્ લેખાતી. એક પુખ્તવયની વ્યક્તિમાં જેટલા ગુણો હોવા જોઈએ. જીવનનિર્વાહ મેળવવા જેટલો અભ્યાસ કરવો જરૂરી લેખાય એ પ્રમાણેના નિયત કરેલા બીબામાં બાળકને જકડી દેવામાં આવતું. એણે દર્શાવેલો અણગમો ને મોટેરાંઓ સામેનાં વિરોધને બંડ તરીકે લેખવામાં આવતો.

નિર્બળ બાળક જ્યારે રડીને વિરોધનો સૂર પૂરતું ત્યારે ઢોંગ લેખાતો. માર વગર બાળક કંઈ શીખે નહિ, વ્યવસ્થિત રહે નહિ એ સૂત્ર ગણાતું. બાળપણમાં તેને માતાપિતાની હૂંફ, વાત્સલ્ય, યોગ્ય દોરવણી, ખોરાક તથા સ્વચ્છ હવાપાણી ન મળવાથી આવતા અનિષ્ટ પરિણામો પ્રત્યે આંખમીંચામણા થતાં.

પરંતુ દેશપરદેશની વિચક્ષણ, બુદ્ધિશાળી તથા અનન્યને બાળપ્રેમી વ્યક્તિઓએ પોતાને તેમજ અન્યને બાળપણમાં અનુભવવા પડેલા દુઃખદ પ્રસંગોથી ઉત્તેજાઈને બાલમાનસને યોગ્ય રીતે સમજવાના તથા મૂળથી તેમાં ફેરફારો કરવાના પ્રયત્નો આદર્યા, અને આજે ત્રણ સૈકાઓથી થતા આવતાં પ્રયોગોમાંથી તાત્પર્ય એ આવ્યું છે કે બાળકને એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે લેખી, એના રસ, સમજ અને શક્તિને ધ્યાનમાં રાખી, એના શારીરિક, માનસિક, સામાજિક અને આવેગો (Emotions). ના કુદરતી રીતે થતા વિકાસના યોગ્ય વાતાવરણ અર્પી તેનો સર્વાંગી વિકાસ થવામાં મદદરૂપ થવું જોઈએ. એ હેતુ સાધવાના સાધનરૂપે બાલવાડીની રચના અસ્તિત્વમાં આવી.

આપણા દેશમાં બાલમાનસને યોગ્ય રીતે સમજવાનો સૌથી પ્રથમ પ્રયાસ આદરનાર બાલવાડીના આદ્ય સ્થાપક સ્વ. ગિજુભાઈ બધેકાનું નામ બાલશિક્ષણના પ્રણેતા તરીકે શાશ્વત અંકાયેલું રહેશે. એમના તેમજ એમના સાથીઓના પ્રયત્નો દ્વારા જ સમાજ બાળકોની સાચી કિંમત આંકવાની સમજ કેળવાતો જાય છે.

ઘર અને શાળાનું સંમિશ્રણ એટલે બાલવાડી. એમાં બાળકને ઘરના જેવું વાત્સલ્ય, હૂંફ અને સગવડભર્યું વાતાવરણ તથા શાળા જેવી કાર્ય કરવાની તક અને પ્રોત્સાહિત કરે એવી દોરવણી મળે

સ્વતંત્ર ભારતમાં બનતી સ્વદેશી બનાવટોને ઉત્તેજન આપો.



એમાં બાળકની સંપૂર્ણ કાળજી લેવાતી હોય. આવી બાળવાડી ફક્ત બૌદ્ધિક જ નહિ પરંતુ તે બાળકનો શારીરિક, માનસિક તથા સામાજિક વિકાસ પણ સાધતી હોવી જોઈએ.

૨ થી ૫ વર્ષની ઉંમરમાં બાળક કલ્પનામાં રાચનારું. બીજાનું અનુકરણ કરનારું હોય છે. પોતે જે જીવન જીવી રહ્યું છે તે વિષે તેનામાં કુતુહલ જાગે છે. પ્રાણી, પક્ષી, જીવજંતુ, ફળ, ફૂલ, શાકભાજી, ઝાડ, પાંન, જમીન, પાણી, હવા, પ્રકાશ, અંધારું, અવાજ, રંગ વગેરે કુદરતી ખૂબીઓ વિષે જાણવા તથા એકબીજા વચ્ચેનો તફાવત સમજવા એનું નાનકડું મન સતત પ્રવૃત્ત રહે છે. મધ કયાંથી મળે? ઈંટો કેવી રીતે બને? એ જાણવા કુતુહલ જાગે છે.

હરવું, ફરવું, દોડવું, કૂદવુ, નાચવું, હિંચકવું, લટકવું લપસવું, ગુલાંટો ખાવી, 'દુકાન દુકાન', 'ગાડી ગાડી' જેવી કાલ્પનિક રમતો રમવી, પોતાની વાતો કરતાં કરતાં પોતાના સમવયસ્ક દોસ્તો સાથે કલાકો સુધી રેતામાં રમતો રમવી, બીજા પાસેથી વસ્તુ લેવી, બીજાને આપવી, પોતાના હક્ક માટે લડવું, દોસ્તને મદદ કરવી, ગુસ્સો કરવો, અકળામણ દર્શાવવી ચીસો પાડવી, મારવું, વ્હાલથી બીજાને ન ગમે તો પણ ભેટી પડવું વગેરે ક્રિયા બાળકપ્રેરણાથી કર્યે જાય છે.

એમાં સારું શું? અને ખોટું શું? પોતાની અકળામણ કે ગુસ્સો સમાજે સ્વીકારેલ માર્ગે દર્શાવતાં શીખવું, પોતાની મુશ્કેલીઓનો જાતે ઉકેલ કરતાં શીખવું, યોગ્ય આહાર તથા આરામની સારી ટેવો કેળવવી. જાતે પ્રયત્ન અને પ્રયોગો કરી વસ્તુનું યોગ્ય નિરીક્ષણ તથા એકાગ્રતા કેળવવી તથા મોટા નાના સ્નાયુઓને રમતદ્વારા યોગ્ય કસરત આપી શરીર તથા મન મજબૂત બનાવવું એવું ઘણું બાળક શીખે છે.

આ શીખતાં શીખતાં જરૂર પડે ત્યારે મદદ આપવાનું કાર્ય સારા શિક્ષકનું છે. પ્રવૃત્તિઓ જ એવા પ્રકારની પસંદ કરવી કે જેમાં બાળક કુદરતી રીતે જ આ ગુણો મેળવી શકે. થોડાં વર્ષો પછી બાળક એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે દુનિયા સામે ઊભું રહેવાનું છે. ત્યારે એની સામે અનેક પ્રશ્નો આવવાના છે. એ પ્રશ્નો યોગ્ય રીતે ઉકેલવાની શક્તિ પણ બાળકમાં આવવી જોઈએ. એ ઢીલું, પોચું, રડકણું, વધારે પડતું સુંવાળું, વધારે પડતું રક્ષાયેલું તથા બીજા પર આધાર રાખનારું ન બનતાં સક્રિય રહીને પોતાની બુદ્ધિશક્તિનો વધારેમાં વધારે ઉપયોગ કયી રીતે કરે એનો શિક્ષકે વિચાર કરી એ મુજબ એની પ્રવૃત્તિનો કાર્યક્રમ નક્કી કરવો જોઈએ. દરેક બાળકને કાર્ય કરવાની સરખી તક તથા જરૂરી સાધનો મળવાં જોઈએ.

બાળકની સમજમર્યાદા, રસ, ગમો અણગમો; શારીરિક શક્તિ તથા કયા સંસ્કારમાં ઊછર્યું છે તે વિષે વિચારી તેને માટેનો કાર્યક્રમ નક્કી કરવો જોઈએ. એને અનુકૂળ સાધનો વસાવવાં જોઈએ.

આ રીતે બાલવાડીમાં બાળકને પ્રાધાન્ય આપી, શિક્ષકો, હવા ઉજાસ તથા સગવડતાભર્યું મકાન, રોજનો કાર્યક્રમ, પૌષ્ટિક ખોરાક, સ્વચ્છ પીવાનું પાણી, સાધનો, તબીબી સગવડ, કપડાં વગેરે બાળકોને જ લક્ષમાં રાખી તૈયાર કરાવવાં જોઈએ. આ વિષે સવિસ્તર લખાણ બીજા લેખોમાં લખવાનું શકય બનશે.

આ દૃષ્ટિએ વિચાર કરતાં તારવી શકાય કે બાળકને પોતાના જીવન અને રોજની પરિસ્થિતિ સાથે સુખ અને સંતોષપૂર્વક મેળ સાધી શકે એવું શક્તિશાળી બનાવવું એ બાલવાડીનો પહેલો સિદ્ધાંત છે.

શારીરિક તંદુરસ્તી મેળવવા માટે સ્વચ્છતાની, (વધારે પડતી સુગાળતા હાનિકારક છે) યોગ્ય ખોરાક, આરામ તથા રમતગમતની સારી ટેવો કેળવી બાળક શરીરે સશક્ત અને મજબૂત બને એ બીજો સિદ્ધાંત.

સામાજિક તંદુરસ્તી માટે સહકાર, ફરજ તથા બીજાના હક્કોને પણ યોગ્ય રીતે સમજવાનો સારો

સ્વભાવ કેળવી બાળક પોતાની આસપાસની નાની મોટી વ્યક્તિઓ સાથે સુમેળથી રહે તથા સ્વાશ્રયી બને એ ત્રીજો સિદ્ધાંત.

માનસિક તંદુરસ્તી માટે ચિત્રવાચન, રસભર્યું અવલોકન તથા એકાગ્રતાથી કાર્ય કરવાની ટેવો કેળવાય કે જેથી નવું શીખવા જાણવા પ્રોત્સાહિત બની, શબ્દભંડોળ વધારતાં શુદ્ધ સરળ ભાષા દ્વારા બાળકો પોતાના વિચારો દર્શાવી સામાન્ય જ્ઞાનમાં વધારો કરતાં જાય તથા ગીતો, વાર્તાઓ સાંભળી, નાટકો ભજવી, ખંજરી, ઝાંઝ, મંજીરાં વગાડી જીવન જીવવાનો સાચો આનંદ માણે એ ચોથો સિદ્ધાંત.

આવેગો (Emotions) ની તંદુરસ્તી માટે પોતાનો ગુસ્સો, આનંદ, ઈર્ષા, અકળામણ કે દુઃખ સમાજે સ્વીકારેલા યોગ્ય માર્ગે દર્શાવતાં શીખે– તથા ખેલદિલી, સહનશીલતા તથા ઉદારતાના સારા ગુણો બાળકમાં કેળવાય તથા વધારાની શક્તિ બીજાને નુકસાન કરવામાં ન વપરાતાં યોગ્ય સર્જનાત્મક માર્ગે દોરવાય એ પાંચમો સિદ્ધાંત.

આ રીતે બાળક સુખી, આનંદી, બુદ્ધિશાળી અને શરીરથી તથા મનથી તંદુરસ્ત બનતું જશે જે એના સર્વાંગી વિકાસમાં મહત્ત્વનો ફાળો આપી એને સ્વતંત્ર વ્યક્તિત્વ અર્પશે.

ઉપરના સિદ્ધાંતો કયે માર્ગે અમલમાં મૂકી શકાય એ વિષે પછી બીજા લેખોમાં ચર્ચીશું.*

કુસુમ પંડ્યા

---

* ઉપર દર્શાવેલ સિદ્ધાંતો અનુસાર બાલવાડીનુ મકાન, શિક્ષકો, સાધનો તથા કાર્યક્રમની રચના ચેતન બાલવાડીમાં કરવામાં આવેલી છે. તથા મહારાજા સયાજીરાવ વિદ્યાપીઠ, વડોદરા દ્વારા સંચાલિત ગૃહવિજ્ઞાન કૉલેજની વિદ્યાર્થિનીઓને બાલવિકાસનું જ્ઞાન મેળવવા માટેની પ્રયોગશાળા તરીકે કામ કરે છે. કુ. પં.



શિલ્પરચનાનાં નવાં સાધનો

બાંધકામની રમતનાં સાધનોને હું શિલ્પરચનાનાં નામથી છેલ્લાં બે વર્ષથી ઓળખાવતો આવ્યો છું. યૂરોપ અને અમેરિકાના દેશોમાં, આ પ્રકારનાં સાધનને Building Blocks કહેવાય છે. Building Blocks એ શબ્દનું ભાષાંતર બાંધકામના કકડા એમ કરી શકાશે. પરંતુ તેમ કહેવાને બદલે શિલ્પરચનાનું સાધન એ નામ ઘણાંઓને મારી જેમ જ ગમ્યું છે. તેથી આ નામ રૂઢ થવું જોઈએ એવું મને લાગે છે.

રચના કરી જોવી અને તે તોડીને ફરી ફરીને નવી રચના કરવી એ સામાન્ય બાળકની પસંદગીની રમત હોય છે તેથી પૂર્વ પ્રાથમિક કેળવણીના આદ્ય પ્રણેતા ફ્રોબેલે બાંધકામની ઈંટોને પોતાના બાલોદ્યાનમાં સ્થાન આપ્યું હતું. ધીમે ધીમે આ સાધનોનો એટલો બધો પ્રચાર થયો કે યૂરોપ અમેરિકાની કોઈ પણ પૂર્વ પ્રાથમિક સંસ્થામાં આજે આ સાધન દેખાય છે. ફ્રોબેલની બક્ષીસ યોજનાના સાધન મુજબ અથવા મૉન્ટેસોરીના ઇંદ્રિયશિક્ષણનાં સાધનોની જેમ આ સાધનોનો વિકાસ મર્યાદિત ન હોવાથી જુદા જુદા શિક્ષણવેત્તાઓએ આ સાધનમાં પોતાની કલ્પનાનું વૈવિધ્ય નિર્માણ કર્યું છે. તેના વ્યાપક પ્રચારને લીધે બજારમાં આજે આપણને જાત જાતના Building Blocks જોવા મળે છે. એવાં સાધનોમાં, આઇસ્ટીનનો સેટ જાણીતો છે. તેમાંની ઈંટનો આકાર ૬"×૩×"૧½" હોય છે અને એ આકારના પ્રમાણમાં અડધી ઈંટ ઘન નળાકાર ત્રિકોણ અને અર્ધવર્તુળો વગેરે મળીને કુલ ૩૦૦ કટકાઓનો સમાવેશ થાય છે. ગયા કેટલાંક વર્ષોમાં હું આ અને આવા પ્રકારના કેટલાંક સાધનો પર જુદા જુદા પ્રયોગો કરી રહ્યો છું. દિવસે દિવસે આ સાધન ઉપરનો મારો વિશ્વાસ વધી રહ્યો છે અને એ સાધનો દ્વારા ઇન્દ્રિયોનું પ્રશિક્ષણ–Sensory Training આકાર તથા ગણિત જ્ઞાન માટેની આવશ્યક પૂર્વ તૈયારી ઘણી જ સ્વાભાવિક રીતે થાય છે એમ મેં જોયું. આ સાધનમાં રચના કરવી અને તે તોડી પાડવી એ બંને પ્રકારોને અવકાશ મળવાથી સર્જન અને વિસર્જનનું તે એક સરસ માધ્યમ બને છે. બાળકો જ્યારે પોતાની મેળે આ સાધનનો ઉપયોગ કરે છે ત્યારે તેમના સ્મરણ, બુદ્ધિ અને કલ્પના આદિ મનોવ્યાપારોના વિકાસ માટે એમાં ઘણો અવકાશ મળે છે.

આ સાધન પરના મારા પ્રયોગો

બાલમંદિરમાં સામાન્યતઃ ત્રણથી છ–સાત વર્ષનાં બાળકો આવે છે. આ બાળકોના વિકાસની બધાંની જરૂરિયાતો સરખી હોતી નથી કેટલાંક બાળકોની જરૂરિયાતોનું સ્વરૂપ મુખ્યત્વે ભાવનાત્મક હોય છે તો કેટલાકોનું હિલચાલનું અથવા ચલનાત્મક હોય છે. આ બાળકોના શરીરમાં મોટાં સ્નાયુઓની વૃદ્ધિ અને આ સ્નાયુઓ પરના તેમના નિયંત્રણનો વિકાસ ઝડપથી વધતો હોય છે. આ બાળકોને શારીરિક શ્રમ વધારે ગમતો હોય છે. કેટલાંક બાળકોને સહેતુક પ્રમાણબદ્ધ વિગતવાર રચનાઓ કરવાનું જ ગમે છે. જુદાં જુદાં બાળકોની આ જરૂરિયાતો જુદી જુદી હોય છે, તેમ જ દરેક બાળકના વિકાસમાં જુદા જુદા સમયે ઉપર જણાવેલી જરૂરિયાતોનો વિકાસ દેખાય છે આથી બાળમંદિરમાં આવનાર બાળકો માટે મેં આગળ જણાવેલા શિલ્પરચનાના સેટની યોજના કરી છે. તેને શિલ્પરચનાનો ક્રીડાંગણ સેટ, મુક્તવ્યવસાય સેટ, અને રચના સેટ એવાં નામો આપ્યાં છે.

શિલ્પરચનાનો ક્રીડાંગણ સેટ

શિલ્પરચનાના ક્રીડાંગણ સેટમાં યોજેલી ઈંટો, ઘન, ઘન ત્રિકોણ અને પટ્ટીઓનો આકાર સૌથી મોટો હોય છે. પટ્ટીઓ વગરના બધા સાકારો બાળકો ઊંચકી શકે એ માટે પોલા હોય છે. આ કકડાઓ-

માંથી બાળકો કિલ્લા, મિનારા, પૂલ, ઘર, દાદર, જુદા-જુદા પ્રકારનું ફર્નીચર આગગાડી, આગબોટ, વિમાન, ઘોડો, હાથી વગેરે વિવિધ પ્રકારની મોટી સાદી રચના કરી શકે છે. ક્રીડાંગણમાં રમી શકાય એવી સંગીત ખુરશી જેવી રમતો માટે પણ આ ઘન-ઈંટનો ઉપયોગ થઈ શકે. આ સેટમાંના ઈંટ-ઘનની ઉંચકવાની-મૂકવાની રમત રમવાથી મોટા સ્નાયુઓને સારી એવી કસરત મળીને તેને સારી કસરત મળે છે. તે જ પ્રમાણે આ સાધનોનો ઉપયોગ વિવિધ રચના કરવા માટે થતો હોવાથી બાળકની કલ્પકતાના વિકાસમાં આ સાધનો ઘણાં ઉપયોગી થઈ પડે છે. તે જ પ્રમાણે આ ઈંટ-ઘન પ્રમાણબદ્ધ હોવાથી તેમના આકારમાંનો સંબંધ બાળકના ધ્યાનમાં આવીને તેનું આકારજ્ઞાન, અને આકાર અંગેનું જ્ઞાન વધવા લાગે છે. એક, અડધો, પા, અથવા, એકપટ, બેગણું, બેવડું, ત્રણગણું, ચારગણું વગેરે શબ્દ પ્રયોગ તેઓ સમજીને વાપરવા માંડે છે. તેને લીધે અંક વિષયક જ્ઞાનની આ સાધન ઉપરની રમતમાંથી આપોઆપ તયારી થાય છે.

ક્રીડાંગણ સેટમાંના કટકા સામાન્ય સુથાર કરી શકે છે તેને લીધે તે બજારમાંથી લેવાની જરૂર નથી. વાલીઓ પાસેથી અથવા દેવદારના જૂના બોક્સ, મંગાવીને તેમાંથી આ કટકા બનાવી શકાય. બાલમંદિરના શિક્ષકો આવા પ્રકારનું સાધન બનાવી શકે તેથી, ક્રીડાંગણ સેટના કટકાની વિગતો અહીં આપું છું.

કટકાનો પ્રકાર	આકાર સેંટીમીટરમાં	કુલ આવશ્યક નંગ
ઈંટો	૪૦×૨૦×૧૦	૨૦
ઘન	૨૦×૨૦×૨૦	૨૦
ઘન ત્રિકોણ	૨૦×૨૦ (બે બાજુ)	૧૦
પટ્ટીઓ	૧૦૦×૧૦×૨	૬
	૯૦×૧૦×૨	૬
	૮૦×૧૦×૨	૬
	૭૦×૧૦×૨	૬
	૬૦×૧૦×૨	૬
	૫૦×૧૦×૨	૬

શિલ્પરચનાનો મુક્તવ્યવસાય સેટ

ક્રીડાંગણ સેટ સૌથી મોટા આકારના કટકાનો સેટ છે તો મુક્તવ્યવસાય સેટ એ સૌથી નાના આકારના કટકાનો સેટ છે. દરેક સેટમાં બાળકનો ભાવનાત્મક (લાગણી વિષયક) વિકાસને હિલચાલના વિકાસને અને બૌદ્ધિક વિકાસને આવકાશ મળતો

સ્વદેશી ભાવના કેળવી સ્વતંત્ર ભારતમાં બનતી સ્વદેશી બનાવટોને ઉત્તેજન આપો

777 પરફ્યુમ્ડ ફેસ્ટર ઓઈલ

સર્વશ્રેષ્ઠ સુગંધીત

કામીનીઆ પરફ્યુમ્ડ કોકોનટ ઓઈલ

- વાળને કાળા ચમકદાર બનાવે છે.
- વાળને ખરતા અટકાવે છે.
- મગજને ઠંડક આપે છે.
- વાળને મુલાયમ સુંવાળા બનાવે છે.

આજે જ વાપરી ખાત્રી કરો.

એંગ્લો ઈન્ડીયન ડ્રગ એન્ડ કેમીકલ કંપની

૧૯૨, ગોતવાડી મેઈન રોડ, મુંબઈ-૪

હોવા ઉપરાંત દરેક સેટની યોજનામાં એકાદી બાબતને વિશેષ પ્રાધાન્ય મળે એવી તેમાં વ્યવસ્થા છે. ક્રીડાંગણ સેટમાં શ્રમને વિશેષ પ્રાધાન્ય છે અને મુક્તવ્યવસાય સેટમાં શારીરિક હિલચાલને બદલે માનસિક હિલચાલ સહજ રીતે પ્રગટ થાય એવી યોજના છે. આ સેટ મુક્તવ્યવસાયમાં યોજ્યો હોવાથી તેના ઉપર બાળકની થનારી સ્વયંસ્ફૂર્ત પ્રવૃત્તિને વિશેષ મહત્ત્વ છે. આ સેટમાંના કટકા નાના હોવાથી ખૂબ ઓછા શ્રમથી બાળકો પોતાની કલ્પનાને મૂર્ત સ્વરૂપ આપી શકે છે. આવું સ્વરૂપ કદીક તરંગી સ્વરૂપનું હોય છે અથવા કોઈવાર એ રચનાત્મક પણ હોઈ શકે. જે બાળકનું ભાવનાત્મક જીવન સંઘર્ષાત્મક હોય છે એવાં બાળકોની રચના અવ્યવસ્થિત અથવા તરંગી સ્વરૂપની દેખાય છે. તરંગી સ્વરૂપની રચના એટલે એ સાધનનાં કટકામાં બાળકો પોતાની કલ્પનાનું આરોપણ કરીને સમાધાન મેળવે છે. આ સાધન ઉપર રમતાં બાળકોની પોતાની પસંદગી, નાપસંદગી, અતૃપ્ત ઇચ્છા પ્રગટ થતી દેખાય છે. તેમની આ સાધનો ઉપરની રમતો તેમનાં મનમાંની દબાએલી ભાવનાને માર્ગ કરી આપવા માટે ઉપકારક નીવડે છે. આ સાધનના ઉપયોગ ઉપરથી શિક્ષકને બાળકના મનની સ્થિરતા–અસ્થિરતા અંગેની કલ્પના આવે છે. આ સાધન ઉપર બધા બાળકો સરખી રીતે રમતા નથી. એક જ બાળકની રમતનું સ્વરૂપ પણ ધીમે ધીમે બદલાતું રહે છે એવું દેખાય છે. આ સેટમાંના કટકા પણ સામાન્ય સુથાર સહેલાઈથી કરી શકે એવાં છે.

કટકાનો પ્રકાર	સેંટીમીટરમાં આકાર	નંગ
ઈંટો	$10\times5\times2\frac{1}{2}$	૬૦
અર્ધી ,,	$5\times5\times2\frac{1}{2}$	૩૦
ઘન	$2\frac{1}{2}\times2\frac{1}{2}\times2\frac{1}{2}$	૩૦
ઘનત્રિકોણ	૫×૫ (બે બાજુ)	૨૦
પટ્ટીઓ	૨૫×૫×૧	૧૦
	૨૦×૫×૧	૧૦
કટકાનો પ્રકાર	સેંટીમીટરમાં આકાર	નંગ
	૧૫×૫×૧	૧૦
	૧૦×૫×૧	૧૦
	૫×૫×૧	૧૦
વર્તુળાકાર	ભિનારો ૫,૪,૩,૨,૧ વ્યાસના	૫ વર્તુળો
અર્ધ	,, ,, ,,	,,
ત્રિકોણ	૫×૫ બે બાજુ	૨૦
	$2\frac{1}{2}\times2\frac{1}{2}$	૨૦

રચના સેટ

રચના સેટમાં રચનાની દૃષ્ટિથી જુદા જુદા કટકાનો સમાવેશ કર્યો છે. આમાંની રચના શરૂઆતમાં વ્યક્તિગત અને પછી સામુદાયિક રીતે બાળકો કરી શકે છે. રચના અંગેની થોડીક કલ્પના પણ બાળકોને ચિત્રના રૂપમાં માર્ગદર્શન તરીકે સૂચવવામાં વાંધો નથી. રચના સેટમાં બાળકોને સૂક્ષ્મ આકાર જ્ઞાન આકાર સ્મૃતિની કસોટીઓ શિક્ષક સહેલાઈથી યોજી શકે છે. કેટલીક રચના શિક્ષક કરીને બતાવે તો પણ બાળકોને આ સાધન ઉપરની રમત માટે પ્રોત્સાહન મળે. પ્રોત્સાહન માટેનું પોતાનું આ માર્ગદર્શન શિક્ષકે મર્યાદિત કરવું જોઈએ.

કટકાના પ્રકાર	સેંટિમિટરમાં આકર	નંગ
ઈંટો	૨૦×૧૦×૫	૮૦
અડધી ઈંટો	૧૦×૧૦×૫	૪૦
,,	૨૦ × ૫×૫	૪૦
ઘન	૫×૫×૫	૪૦
ઘનત્રિકોણ	૫×૫	૨૦
નળાકાર	૧૦×૫ વ્યાસ	૪
	૪૦×૫ ,,	૪
	૩૦×૫ ,,	૪
	૨૦×૫ ,,	૪
	૧૦×૫ ,,	૪
પટ્ટીઓ	$100\times10\times1\frac{1}{2}$	૧૦
	$80\times10\times\frac{1}{4}$	૬
	$80\times10\times1\frac{1}{4}$	૬

કટકાના પ્રકાર	સેંટીમીટરમાં આકાર	નંગ
	૭૦×૧૦×૧$\frac{1}{2}$	૬
	૬૦×૧૦×૧$\frac{1}{2}$	૬
	૫૦×૧૦×૧$\frac{1}{2}$	૬
	૪૦×૧૦×૧$\frac{1}{2}$	૬
	૩૦×૧૦×૧$\frac{1}{2}$	૬
	૨૦×૧૦×૧$\frac{1}{2}$	૬
	૧૦×૧૦×૧$\frac{1}{2}$	૬
વર્તુળાકાર મિનારો	૧થી૧૦ના વ્યાસનો	દરેકના ૪નંગ
અર્ધવર્તુળાકાર ,,	,, ,,	,, ,,
ચોરસ મિનારો	૧થી૧૦ની બાજુ હોય	તેવા દરેકના ૪નગ
ત્રિકોણ ,,	,, ,,	,, ,,

આ બધા કટકા સહેલાઈથી કાઢી મૂકી શકાય એ દૃષ્ટિથી યોજીને તે કબાટમાં બાળકોથી મૂકી શકાય એવી રીતે કરી લેવું જોઈએ. આ સાધનનો વિવિધ ઉપયોગ કરી લેવાની દૃષ્ટિથી કેટલીક માર્ગદર્શનાત્મક રમતો તથા સૂચના આગળના લેખમાં યોજીશ.

શે ના. નામલે

બાળમંદિર અને બાલવાડીઓ કાઢનારાઓ માટે

[સ્વાતંત્ર્યના ઉદયની સાથોસાથ શિશુકેળવણીનો વિચાર ખૂણે ખૂણે પહોંચવા લાગ્યો છે. શિશુપ્રેમી મહિલા મંડળો, ગ્રામપંચાયતો, વિકાસ ઘટકમાંની ગ્રામીણ જનતા, કારખાનાના કેન્દ્રની આજુબાજુ ઔદ્યોગિક વસ્તીમાંની મોટી મોટી ચાલના લોકો, શહેરમાંના પછાત વસ્તીવિભાગ દ્વારા " અમારે બાલમંદિર કાઢવું છે, " અમારા ગામમાં બાલવાડી શરૂ કરવાની છે ' નો એ માટેની માહિતી તથા નિયમ જણાવશો. " આવી માંગણી પત્રો દ્વારા સતત આવતી હોય છે. પ્રસ્તુત લેખમાળા આવાં બાલમંદિરો કાઢનારી વ્યક્તિઓને આવશ્યક માહિતી પૂરી પાડવાની દૃષ્ટિથી યોજવામાં આવી છે.]

' બાલવાડી શબ્દ હાલમાં ગ્રામીણ પ્રદેશમાંની પૂર્વ–પ્રાથમિક શાળા એ અર્થમાં રૂઢ થવા લાગ્યો છે. તે જ પ્રમાણે શહેરમાં આવા પ્રકારની સંસ્થાનું ' બાલમંદિર ' એવું નામ રૂઢ થવા લાગ્યું છે. તેને લીધે બાલવાડી એટલે પૂર્વ–પ્રાથમિક સંસ્થાનું ગ્રામીણ સ્વરૂપ તથા બાલમંદિર એટલે આ જ સંસ્થાનું નાગરી સ્વરૂપ એમ કહેવાને વાંધો નથી.

પણ પ્રશ્ન એમ ઉભો રહે છે કે પૂર્વ–પ્રાથમિક શિક્ષણ સંસ્થાના ગ્રામીણ અને નાગરી સ્વરૂપમાં આંતરો ફરક કરવો ઉચિત છે ?

આવો ફરક કરવો ઉચિત છે એવું કોણ કહેશે ? શહેર અને ગ્રામીણ બાળકોના વિકાસની જરૂરિયાતો તદ્દન સરખી. છે. બન્નેને નાગરિક બનવાનું છે. બન્નેના શરીરનો, મનનો અને ચારિત્ર્યનો સર્વાંગી વિકાસ સાંધવાનો છે. ગ્રામીણ બાળકને ભારતના નાગરી જીવનનો પરિચય અને અનુભવ મળવો તે જ પ્રમાણે નાગરી બાળકોને ગામડાના જીવનનો પરિચય અને અનુભવ મળવો એ એકમેકના વિકાસની પૂર્ણતાની દૃષ્ટિથી તથા ભારતની એકતાની દૃષ્ટિથી ખૂબ જરૂરી છે. શિક્ષણના સંસ્કારમાંથી ગામડાં અને શહેરની પરિસ્થિતિની ભિન્નતાને લીધે નિર્માણ થએલો ફરક દૂર કરીને બધાં બાળકોને જીવનવિકાસની સમાન તક મેળવી આપવાનું ધોરણ રાખવું જોઈએ, એ વિશે શંકા હોવાનું કારણ નથી.

બાલવાડી અને બાલમંદિરનો ફરક

બાલવાડી અને બાલમંદિરનો ઉદ્દેશ એક જ હોય તો પણ આ સંસ્થા જે પરિસ્થિતિમાં – વસ્તીમાં યોજવામાં આવે છે તે ગામડાની અને શહેરની જીવન પરિસ્થિતિમાં ફરક હોવાથી બાલવાડી અને બાલમંદિરના પ્રશ્નોનું સ્વરૂપ એક પ્રકારનું હોતું નથી. શહેરની ભૌતિક, આર્થિક, સાંસ્કૃતિક અને સાધન સામગ્રી વિષયક વાતાવરણ અને ગામડાનાં વાતાવરણમાં ફરક નથી એમ કોણ કહી શકશે ? ગામડાનું લોક-જીવન, ત્યાંની રહેણી-કરણી, ત્યાંની આર્થિક મર્યાદા, ત્યાંનું નિસર્ગનું સાનિધ્ય, સાદાઈ, જગ્યાની મોકળાશને લીધે ગામડું શહેર કરતાં જુદું છે. જીવન પરિસ્થિતિની ભિન્નતાને લીધે વિકાસની જરૂરિયાતો કેટલેક અંશે જુદી હોય છે તેને લીધે બાળમંદિર અને બાલવાડીના શૈક્ષણિક સાધન સામગ્રીમાં અને શૈક્ષણિક આયોજનમાં ફેરફાર કરવું આવશ્યક છે. આ ફરક ક્યાં અને કેવી રીતે કરવો પડે તે અંગે સ્વતંત્ર પ્રકરણમાં વિચારવાનું નક્કી કર્યું છે. શિક્ષણનું આયોજન મુખ્યત્વે સમાજની પરિસ્થિતિના અનુ-સંધાનમાં જ થવું જોઈએ, નહિ તો તે કૃત્રિમ લાગશે.

શૈક્ષણિક આયોજન કરવાની મુખ્ય જવાબદારી શિક્ષણ સંસ્થાના શિક્ષક-શિક્ષિકાઓની છે. સંસ્થાના સંચાલકોને તેની કલ્પના હોવી આવશ્યક હોવા છતાં તેની વિગતવાર યોજનામાં તેમને પડવું ન જોઈએ. આ લેખમાળા સંચાલકોના દૃષ્ટિકોણથી જ લખાય છે તેથી બાલવાડી અને બાલમંદિરમાંના ફરક કરતાં તેમાંની સમાન ભૂમિકા અને પ્રશ્નોનો જ વધુ વિચાર કરવો પડશે. બાળકોની વિકાસની જરૂરિયાતો બધે સરખી જ હોય છે. તે જ પ્રમાણે તેના વિકાસનું પરિ-ણત સ્વરૂપ જેને ટૂંકમાં આપણે "ભારતીય નાગરિકત્વ" કહીએ તે એક જ છે. બાળક શહેરનું હોય કે ગામડાનું તો પણ તે ભારતીય નાગરિક બનવાનો છે એ નિશ્ચિત છે જ, આ ભારતીય નાગરિકના સર્વાંગી વિકાસની દૃષ્ટિથી, શહેર અને ગામડાંની ભિન્નતા એ એકબીજાને પૂરક બનાવીને, ગામ અને શહેરના વાતાવરણને લીધે ઊભો થનારો ફરક દૂર કરતાં આવડે ત્યારે આપણાથી સર્વાંગી વિકસિત એવું ભારતીય નાગરિકત્વ નિર્માણ કરવાનું શક્ય બનશે, બાલવાડી અને બાલમંદિર આ બને સંસ્થાનો આ એક જ ઉદ્દેશ છે.

બાલવાડી અને બાલમંદિર શા માટે ?

બાલવાડી અને બાલમંદિર અથવા પૂર્વ-પ્રાથ-મિક શિક્ષણની સામાજિક વ્યવસ્થા એ ઔદ્યોગિક યુગની સામાજિક માગણીમાંથી શરૂઆતમાં નિર્માણ થયેલી હોવા છતાં, આ સંસ્થામાંથી બાળકના સર્વાંગી વિકાસના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો વિચાર થવા લાગ્યો છે. ઔદ્યોગિક યુગને લીધે જીવનની જરૂરિયાતો વધતી જાય છે; આ વધતી જરૂરિયાતોને લીધે કુટુંબના પુરુષોની સાથોસાથ સ્ત્રીઓને પણ ઘરકામ મર્યાદિત કરવાની ફરજ પડી અને અર્થોપાર્જનની પ્રવૃત્તિ કરવી પડે છે. સ્ત્રીઓ આ રીતે ધંધો કરવા લાગવાથી છોકરાંછૈયાંની એહાલ થાય છે. આ પ્રશ્નના નિરાકરણ માટે છોકરા છૈયાના વાલીઓ ઘોડિયાઘરો તથા અથવા બાળમંદિરોનો આશરો લેવા લાગેલ છે. વાલીઓ એટલે કે સમાજની આ જરૂરિ-યાત જાણીને સમાજની કેટલીક વ્યક્તિઓ આવી સંસ્થાનું સામાજિક આયોજન કરે છે.

પૂર્વ-પ્રાથમિક શિક્ષણ સંસ્થાના નિર્માણનો આ પ્રકાર બધે જ ઠેકાણે આવો જ સરખો હોઈ શકે એવું ન કહી શકાય. કેટલેક ઠેકાણે વાલી વર્ગ પોતાનાં બાળકો માટે અથવા તેમના શિક્ષણ માટે બેદરકાર હોવાનું જણાયું છે. સ્ત્રીઓ કામધંધા માટે ઘરની બહાર જવા માંડી છે તેમ છતાં આ વયનાં બાળકોના યોગ્ય વિકાસ માટે અમૂક સગવડો થવી જોઈએ એવી જરૂરિયાત અથવા તેવી સગવડ થઈ શકે છે એની કલ્પના જ આવા વાલીઓને હોતી નથી. આવી પરિસ્થિતિમાં સરકાર અથવા સામાજિક કાર્યકર્તાઓને આવા બાળકોની ચિંતા કરવી પડે છે. કારણ આ બાળકોમાંથી જ આવતી

કાલના સમાજનો મજૂર અને નાગરિક બનાવવાનો હોય છે. આ મજૂર અથવા નાગરિક સારો નીવડે તો તે સમાજને ઉપયોગી થઈ પડે છે. સમાજની સંપત્તિ વધે છે, જો એ સારો ન નીવડે તો તે સમાજને ત્રાસ આપનાર નીવડે છે. તેને લીધે સમાજ દુઃખી થાય છે; તેને લીધે સમાજને આર્થિક રીતે નુકસાન પહોંચે છે. તેથી જ સમાજના રક્ષણ માટે તેની સંવર્ધનની જવાબદારી જેના ઉપર હોય છે તે સરકારને અને સામાજિક કાર્યકર્તાઓને દારિદ્ર અને અજ્ઞાનમાં સબડતા સમાજનાં બાળકો તરફ દુર્લક્ષ કરીને ચાલતું નથી. તેથી ઘોડિયાઘરો અને બાલ-વાડીના આયોજનમાં આ વ્યક્તિઓ આગળ પડતો ભાગ ભજવતી હોય છે.

સર્વાંગી વિકાસની દૃષ્ટિથી પૂર્વ-પ્રાથમિક સંસ્થા

આપણા દેશમાં ઔદ્યોગિક યુગની હાલમાં જ શરૂઆત થઈ છે. ઔદ્યોગિક ફેરફારને લીધે વાલીઓ પોતાની મેળે આવી સંસ્થાની માંગણી કરવા માટેનો સમય હજી આપણાં દેશમાં આવ્યો નથી. આપણે ત્યાં વાલીઓ કરતાં સરકાર અને સામાજિક કાર્ય-કર્તાઓ અને ધંધાદારી સંચાલક વર્ગ આ કામમાં આગળ પડતો ભાગ ભજવતો જણાય છે સુશિક્ષિત વાલીવર્ગમાં પણ બાલવાડી અથવા બાલમંદિર શા માટે છે તેની યોગ્ય કલ્પના દેખાતી નથી. શિક્ષણની અન્ય સંસ્થાઓમાં જે રીતે શિક્ષણ આપવામાં આવે છે, અથવા અન્ય સંસ્થાઓમાં જે રીતે શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવે છે તેવી જ વ્યવસ્થા બાલ-મંદિર અથવા બાલવાડીમાં હોવી જોઈએ એવું આ વ્યક્તિઓને લાગે છે. બાલશિક્ષિકાએ બાળક ઉપર ધાક રાખીને, બાળકને લખવું-વાંચવું-આંક પલાખા-ઘડિયા શીખવવા જોઈએ. શકય તેટલી જલદી આ કામમાં પ્રગતિ કરવી જોઈએ, એવી તેમની અપેક્ષા હોય છે. વર્ષ થઈ ગયું, બે વર્ષ થઈ ગયાં પણ હજી મારા બાળકને ક, ખ, ગ, ઓળખતાં આવડતું નથી એ માટે આવા વાલીઓને બાલશિક્ષિકા તથા બાલવાડીઓ ઉપર ચીડ ચઢે છે. ફી આપવા છતાં સંસ્થા તરફથી આપણાં બાળકને કઈ ફાયદો થતો નથી આવા વાલીઓ બાળકને ઉઠાડી લેવાની ધમકીઓ આપતાં હોય છે. પ્રાથમિક શાળાના શિક્ષકો સાથે અનેક પ્રયત્નો કરીને આવી વ્યક્તિઓ પોતાના બાળકને પ્રાથમિક શાળામાં મૂકવા માટે આતુર હોય છે. બાલમંદિર અથવા બાલવાડીના શિક્ષણ અંગે સુશિક્ષિતોમાં પણ જો આવી સમજણ હોય તો અશિક્ષિત સમાજ વિષે તો બોલવાપણું જ ન રહે ! તેથી આવી સંસ્થાઓ કાઢનારાઓએ આ સંસ્થાનો ઉદ્દેશ સ્પષ્ટરીતે સમજી લેવો જોઈએ.

બાલવાડી અથવા બાલમંદિર એટલે બાળકોના સર્વાંગી વિકાસની દૃષ્ટિથી યોજેલું બાળકનું ઘર.

બાળકના સાંગોપન માટે અને તેમને સારા સંસ્કારો મળે તે માટે સમાજે યોજેલી આ એક વ્યવસ્થા છે. શાળાનું શિક્ષણ શરૂ થાય એ પહેલાની આ સંસ્થા છે. શાળાની જેમ અહી પ્રત્યક્ષ શિક્ષણ આપવાનું કાર્ય કરી ન શકાય આ શાળામાંનો બાળકને બીજાના અનુભવોમાંથી શીખવાની પાત્રતા હોતી નથી. તે પોતાની મેળે જ પોતાના અનુભવમાંથી શીખી શકે છે. તેથી આ સંસ્થામાં જીવનનો વિવિધ અનુભવ બાળકને મળે એવી વ્યવસ્થા થવી જોઈએ. આ વ્યવસ્થામાં બાળકનું શિક્ષણ અન્ણુતા–અપ્રત્યક્ષરીતે થાય છે. પૂર્વ–પ્રાથમિક સંસ્થાનો ઉદ્દેશ પ્રત્યક્ષ શીખવાનો ન હોઈ બાળકને સ્વાનુભવમાંથી સ્વપ્રયત્ન વડે શીખી શકે એવું વાતાવરણ નિર્માણ કરવાનો છે. અહીં બાળકના શરીરારોગ્યની તપાસ કરીને તે અંગેના ઉપાય કુટુમ્બના સહકારથી યોજવા એ સૌથી મહત્ત્વનું સમજવું જોઈએ. આરોગ્ય એ જીવનના બધા પ્રકારના વિકાસનો પાયો છે. શરીર આરોગ્યને પોષક એવી ખાવાપીવાની ટેવો, વ્યાયામ, આરામ, રમત આ બાબતોના આયોજનોને જ અહી પ્રાધાન્ય અપાવું જોઈએ. લેખન વાચન, ગણિત શિક્ષણ છ સવા છ વર્ષ પહેલાં શીખવવાનો આગ્રહ રાખવાથી બાળકના વિકાસમાં નુકસાન થવાનો ઘણો સંભવ હોય છે. રમતના સ્વરૂપમાં અહી લેખન, વાચન, ગણિત આવી શકે પરંતુ તેનો આગ્રહ હોવો ન જોઈએ. અહી બાળકનો અનુભવ સમૃદ્ધ કરવાની દૃષ્ટિથી પ્રયત્ન થવો જોઈએ. જે અવસ્થામાં, જે બાબતો બાળકે કરવી સ્વાભાવિક છે તે જ બાબતોને તેમની વિકાસ યોજનામાં સ્થાન મળવું જોઈએ. બાળકમાં સહકારની ભાવના નિર્માણ કરવી. તેમનામાંની ક્રિયાશીલતાને ઉત્તેજન મળે એવું વાતાવરણ નિર્માણ કરવું, સુરુચિ સંસ્કૃતિની પરંપરાને શોભે એવી રીતભાત પાડવી એ પૂર્વ–પ્રાથમિક સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ છે.

શે. ના. નાઝલે

❋

બાળ–રમકડાં

ભાઈ કીર્તિકાંત,

નમસ્તે,

ચિ. ભાર્ગવના વિકાસ સાથે તેના રમતગમતના વિકાસમાં શૈક્ષણિક હેતુ જળવાય, તે હેતુ સાથે કેવાં રમકડાંની પસંદગી કરવી જોઈએ, તે સવાલના જવાબમાં હું જે કંઈ જાણું છું તે લખું છું.

વધારે બાળકનુ આગમન ધરતીના પટ પર થાય છે. ત્યારે બાળક નવા વાતાવરણને અનુભવે છે, ને પછી આ વાતાવરણને બધબેસતા થવા પ્રયત્ન કરે છે. જેમ જેમ શારીરિક તેમ જ માનસિક વિકાસ બાળકનો થતો જાય છે તેમતેમ સમજુ માબાપોને એક ચિંતાનો વિષય બને છે. ને જ્યારે બાળક સામાન્ય રીતે બેસતાં શીખે તેમજ ભાંખડીયે ચાલતાં શીખે ત્યાર પછી સ્થિર ન બેસતાં દોડધામ કરી મૂકે છે.

જે વસ્તુ આવે તેની સાથે ગેલ કરવા માંડી જાય છે. ને બાળકની આ પ્રવૃત્તિ અટકાવવાં માબાપો રમકડાંનો ઢગલો ઘરમાં કરી દે છે, ને તેમાં માબાપો બાળકનાં શરીરનો કે મનનો વિચાર કર્યા સિવાય પોતાની પસંદગીને ન્યાય આપી ખરીદી લાવે છે ને પોતાના બાળક માટે ઘણું કામ કર્યું તેવો સંતોષ પણ અનુભવે છે.

ઘણી માતાઓ પોતાના ઘરકામમાં દટાયેલી હોવાને લીધે પોતાના બાળકને સમયસર સ્તનપાન ન કરાવી શકતી હોવાને કારણે બાળકને ધાવતી (લાકડાની) ચૂસવાને આપે છે. ને કૃત્રિમ સ્તનપાનથી બાળકને છેતરી શકે છે. પણ તેનાથી બાળકને કેટલું નુકસાન સમયસર દૂધ ન મળવાથી થયું તે કરતા નથી. આ તો સૌથી પ્રથમના રમકડાંની વાત થઈ.

પરંતુ જ્યારે બાળક વિકાસ પામતું જાય છે. ત્યારે ત્યારે રમકડાંના ક્રમમાં ફેરફાર કરવા જરૂરી છે. આજે જોઈશું તો બાલસંસ્થાઓમાં શૈક્ષણિક પદ્ધતિનાં સાધનોની સાથે રમકડાંનો પણ શૈક્ષણિક હેતુ છૂપાયેલો બાળક સામે ધરવામાં આવે છે. પરંતુ તેનાથી તેની ભૂખ સંતોષાતી નથી, એટલે તે તે સાધનને રમકડાંના સ્વરૂપમાં ફેરવી પોતાની ઇચ્છાઓને તેની સાથે રમી સંતોષ આપે છે.

બાળકની શું વાત કરીએ, ઘણી વખત યુવાનો ને વૃદ્ધો પણ રમકડાં સાથે રમી આનદ અનુભવે છે. ત્યારે બાળકને તો આનંદનું સ્થાન રમકડાંમાં જ છે. તો તેને કેટલો આનંદ થતો હશે? આ ઉપરથી બાળકની કેળવણીમાં નો બાળકના જીવનમાં રમકડાંનું શું સ્થાન છે? તેનો સહેજે ખ્યાલ આવશે; ફક્ત કમનસીબ આપણે એટલાં છીએ કે આ ભૂલકાંઓ માટે વૈજ્ઞાનિક દૃષ્ટિએ તૈયાર કરેલાં રમકડાં મળતાં નથી. રમકડાંને ઘણાં એમ પણ માને છે કે રમકડાં એ તો રડતાં બાળકને છાના રાખનારું સાધન તોફાન કરતાં અટકાવનાર ચાવી. પણ તે કેમ ભૂલાય છે કે રમકડાં સાથે બાળક રમે છે. જાણે અજાણે પણ તેની પોતાની ઇન્દ્રિયોને તાલીમ અપાઈ રહી છે.

મોન્ટેસોરી સાધનો જોશે તો તેમાં રમકડાંમાં રમવાની વૃત્તિનું જ સંસ્કરણ કરવામાં આવ્યું છે. તે તેની સાથે રમતાં રમતાં આનંદ પણ મેળવે છે ને સાથે સાથે ઇન્દ્રિયોની કેળવણી પણ થતી જાય છે. ને તેનાથી તેનો માનસિક વિકાસ અને તેની ઇન્દ્રિઓનો વિકાસ ઝડપી ને તેજીલો થાય છે.

આ બધું જોતાં લાગશે કે રમકડાં પણ શાસ્ત્રિય રીતવાળાં ને શૈક્ષણિક હેતુ છૂપાયેલા હોવા જોઈએ ને બાળકના વિકાસમાં તેની આવશ્યકતા પણ પ્રથમ લાગે છે. ને આવા રમકડાં ન મળે ત્યાં સુધી કંઈ શિક્ષણના સાધનો ઘેર ઘેર પહોંચી શકવાના નથી ને તે પોસાશે પણ નહી.

આમ બહુ જ સામાન્ય ગણાતો પ્રશ્ન આપણા સમાજને મૂંઝવતો છે જ. જે બાળક પાછળની કલ્પના દેશ ને સમાજ રાખે છે. તે પ્રમાણે તેના વિકાસ માટે સાધનો મળતા નથી. ને જે કંઈ મળે છે તેમાં તેને કેન્દ્રમાં રાખીને લાવતા નથી. આ બધું જોતાં લાગે છે કે રમકડાં ખરીદતાં પહેલાં દરેક વાલી થોડોક વિચાર કરે તો કેવું?

(૧) બાળકની ઉમરના પ્રમાણે વ્યાજબી કદના હોવા જરૂરી છે.

(૨) રમકડાં ખરીદતી વખતે રંગબેરંગી રંગોવાળા રમકડાં ન ખરીદતાં સાદાં ને ચોખ્ખારંગના ખરીદવા જેથી બાળકના મન પર અસ્પષ્ટતાની છાપ ન પડે ને અરસિકતા પણ પેદા ન થાય.

(૩) રમકડા દ્વારા બાળકની સ્પર્શેન્દ્રિયોનો વિકાસ થાય છે. તે ભૂલવું નહી જોઈએ રમકડાંના અંગની સપાટીને પણ લક્ષમાં રાખવી. એવી આકૃતિવાળું નહીં હોવું જોઈએ, કે જેથી બાળક તરંગે ચડે. સૂરવાળાં રમકડાં લેતી વખતે પણ ધ્યાન જરૂરી છે. એવા સૂરવાળું રમકડું નહી હોવું જોઈએ કે જેથી બાળકની કર્ણેન્દ્રિયના વિકાસમાં વિક્ષેપ પાડે. તેના વિકાસને અનુરૂપ સૂરવાળા આપવા.

સંગીતની ઊંડી સમજણ માટે પણ કર્ણેન્દ્રિયનો વિકાસ જરૂરી છે. ને તે અંગેના રમકડાં મીઠા

સૂરવાળા આપવામાં આવે તો સારું. આ સાથે સાથે તે પણ ન ભૂલવું જોઈએ કે બાળકના ખરા દોસ્ત રમકડાં છે તે પોતાની બધી વાતો તેને કહે છે. ઘણાં બાળકોને રમકડાં સાથે વાતો કરતા જોઈએ છીએ. ઘણી નાની નાની છોકરીઓને ઢીંગલા-ઢીંગલીની રમતો રમતા જોઈએ છીએ એટલે રમકડાં એ તો બાળકના મનનો અરીસો છે.

લિ.

નાગજીભાઈની દેલાઈ

એક પ્રશ્નાર્થ

આજે એક શિક્ષક દંપતીનો ભેટો થઈ ગયો.

આમનસામન કુશળવર્તમાન પૂછાયા પછી પેલા યુગલમાંથી ભાઈ બોલ્યા : કાકા, હવે વૃત્તિ બદલવા માગીએ છીએ

હું જરા ખચકાયો. વૃત્તિ એટલે ધંધો એમ હું જાણતો તો હતો જ પણ એ શબ્દ વાતચીતમાં હજુ એટલો ચાલુ થયો નથી એટલે.

મારા ચહેરા પરના આશ્ચર્યયુક્ત પ્રશ્નાર્થને પારખી બોલ્યા : હા હા. વૃત્તિ–ધંધો.

મેં મારી રીતે પૂછ્યું : કેમ એલા ?

બહેન બોલી ઊઠ્યાં : કેમ એટલે એમ પૂરું થતું નથી એટલે.

હું : શું કહો છો ? બેઉ જણાના મળી બસો સવા બસો રૂપિયા તો કમાતા જ હશો ને ? છો તો માત્ર અઢી જણાં પૂરાં અઢી યે નહિ !

માંડ બે વર્ષનો એક બાબો હતો.

આ યુગલને હું એકાદ દશકાથી ઓળખું છું. બંને જણાં શિક્ષકની તાલીમ પામેલાં ને સંનિષ્ઠ છે– સાદાઈથી રહેનારાં, ખાદી પહેરનારાં ને સ્વદેશીની ભાવનાથી રંગાયેલાં અને ખાસ તો બાળકોનાં પ્રિય દોસ્તો છે. બાળમંદિરોમાં કામ કરતાં આવ્યાં છે.

હવે ભરાતાં બાળશિક્ષણ સંમેલનો, શિબિરો, પરિસંવાદો કે ગોષ્ઠિઓમાં બહુ મોટી મોટી વાતો થાય છે, સંગઠન અને મિલનોની દરખાસ્તો મૂકાય છે. આપણે કદી આ પ્રશ્નને ચર્ચ્યો છે ?

શિક્ષકોની તાલીમ બાળશિક્ષણના સાહિત્યની બાળમંદિરોમાં અનિવાર્યતા, બાળમંદિરો ઉપર શાસ્ત્રીય દૃષ્ટિએ એક કેન્દ્રની દેખરેખ અને એવું બીજું ઘણું ચર્ચાય છે, વિચારાય છે પણ કોઈએ આ પ્રશ્નની છણાવટ કરી છે ?

'અંકલ્'

[નોંધ—ઉપરની વાતચીત અને તેના ઉપરનો શ્રી. 'અંકલ'નો પ્રશ્ન સૌએ વિચારવા જેવો છે. આ અંગે અમારા વાચકોમાંથી કોઈ પોતાના વિચારો દર્શાવે તો અમે અહીં પત્રિકામાં જરૂર લઈશું.

ન. બ.]

ગુજરાતી બાળ–સાહિત્ય

બાળ–સાહિત્યની વાતો કરીએ છીએ ત્યારે સૌ પ્રથમ, એ સાહિત્યના લેખકો–લેખિકાઓ આપણી સમક્ષ હાજર થાય છે. આ સાહિત્યક્ષેત્રમાં સ્વ. ગિજુભાઈ બધેકાનો અમુલ્ય ફાળો છે. એમ કહીએ કે, એમનાથી જ બાળ–સાહિત્યની શરૂઆત થઈ અને બાળકો માટે જુદું સાહિત્ય તૈયાર થવું જોઈએ એવું એમણે કહ્યું, તો એમાં જરા પણ અતિશયોક્તિ નથી. તેમના ઉપરાંત બીજા અનેક લેખકો તથા લેખિકાઓએ આ સાહિત્યક્ષેત્રમાં સારો એવો ફાળો આપ્યો છે. સાથે સાથે આપણે એ નહિ ભૂલવું જોઈએ કે આપણાં બાળ–સાહિત્યમાં પાશ્ચાત્ય તથા અન્ય દેશોના બાળ–સાહિત્યમાંથી સારા પ્રમાણમાં તરજૂમો થયો છે. ઈસપની વાર્તાઓ, હેન્સ એન્ડરસનની વાર્તાઓ તથા માડામ મોન્ટેસોરીનું બાળ-સાહિત્ય પરત્વેનું લખાણ વગેરે તરજૂમા રૂપે ગુજરાતી બાળ–સાહિત્યમાં સારું એવું સ્થાન ધરાવે છે. આમ અન્ય દેશોનું બાળ–સાહિત્ય આપણા બાળ–સાહિત્યમાં ઘણું મહત્ત્વ ધરાવે છે. તેને વડે આપણું બાળ–સાહિત્ય સમૃદ્ધ બન્યું છે અને આપણું જ્ઞાન વિશાળ બન્યું છે. આવા તરજૂમાથી આપણા બાળ–સાહિત્યને ઘણા લાભો થયા છે.

મારી દૃષ્ટિએ બાળ–સાહિત્ય બે પ્રકારનું છે. એક તો એ કે જે મોટાંઓને અનુલક્ષીને લખાયેલું છે, જેમાં મોટાંઓને–વડીલોને ધ્યાનમાં રાખીને લખાણ તૈયાર કરવામાં આવેલું છે અને જેનું વાંચન તથા મનન કરવાથી મોટેરાંઓને બાળ–ઉછેર, બાળમાનસ તથા બાળકોના પ્રશ્નો વિષે માર્ગદર્શન મળે છે. આનું વાંચન આ વર્ગમાં વિશેષ થાય એ ઇચ્છવા યોગ્ય છે. બીજું એ પ્રકારનું સાહિત્ય છે કે જે બાળકોને ઉદ્દેશીને લખાયું છે. આમાં વાર્તા, લેખો, નાટકો, કાવ્યો, ઉખાણાં, ટૂચકાઓ, બાળગીતો વગેરેનો સમાવેશ થાય છે. બાલક નાનું હોય છે ત્યારે તે હાલરડાં, ટૂચકા, બાળગીતો વગેરે સાંભળી ભાષાનું જ્ઞાન મેળવે છે. આ સમયે શબ્દોના અર્થ કરતાં તે ગીતોમાં રહેલા તાલ, સૂર તથા રીધમ ઉપર જ વધારે ધ્યાન અપાય છે. એવાં અભિનય ગીતો દ્વારા બાળકને બહારની સૃષ્ટિનું જ્ઞાન થાય છે. અહીં એક બે ટૂચકા અને ગીતનો ઉલ્લેખ કરીશ તો તે અસ્થાને નહિ લેખાય. "લાંબો લાંબો-મગર, જોતાં આવે ચક્કર, પાણીમાં એ તરતો જાય;" "ચું ચું ચું ચું કરું છું. ઘરમાં બધે ફરું છું, જે મળે તે ખાઉં છું, કપડાં કાંપી જાઉં છું;" "પાટા ઉપર ગાડી, દોડે દોટો કાઢી, વાંકી ચૂકી ઊભી આડી, છુક છુક છુક છુક છુક.....આમ આવાં ગીતો દ્વારા બાળકનાં અનુભવ વિશાળ બને છે. આ પ્રકારનું સાહિત્ય આજે બાળમંદિરોમાં સારો એવો પ્રચાર પામ્યું છે.

ત્યાર પછી બાળકો વાંચતા લખતા શીખે છે. તે સમયે બાળ-સાહિત્યમાં ફક્ત પુસ્તકોનો નહિ પરંતુ માસિકોનો, દૈનિકોનો વગેરેનો પણ સમાવેશ થાય છે. આમાં પણ બે પ્રકારનું સાહિત્ય આજે આપણી સમક્ષ તૈયાર થઈ રહ્યું છે. એક તો ઉચ્ચ પ્રકારનું સાહિત્ય કે જેનું વાંચન વધારવાની જરૂર છે અને બીજું સાધારણ તથા નીચલી કક્ષાનું સાહિત્ય, કે જેનું વાંચન બાળકોમાં ઓછું થાય એ ઇચ્છનીય છે. સારું તથા ખરાબ વાંચન વિશેનો ન્યાય બાળકોના વડીલો તથા ખાસ કરીને શિક્ષકો કરી શકે તેમ છે–આજે આપણે ત્યાં 'રમકડું', 'શિક્ષણ પત્રિકા' 'ચાંદામામા', 'બાળમિત્ર', તથા 'ગાંડિવ' બાળ–સાહિત્યના ક્ષેત્રમાં સારો ફાળો આપી રહ્યાં છે-પુસ્તકોમાં ખાસ કરીને જીવનચરિત્રો, વિજ્ઞાનની વાતો, ઐતિહાસિક

વાર્તાઓ તથા જ્ઞાનદાયક, બોધદાયક અને ધાર્મિક વાતોવાળાં પુસ્તકોનો સમાવેશ બાળસાહિત્યમાં કરી શકાય. છાપાઓમાં આવતા "બાળ–વિભાગો" દ્વારા બાળ–સાહિત્યમાં સારો એવો ફાળો અપાઈ રહ્યો છે. તે દ્વારા બાળકોને જ્ઞાન તથા ગંમત મળે છે.

આમ બાળ–સાહિત્ય જુદા જુદા પ્રકારે આપણે ત્યાં તૈયાર થઈ રહ્યું છે, તો તેને કઈ રીતે વેગ મળે તેનો વિચાર કરીએ. મને લાગે છે કે આપણે ત્યાં બાળમંદિરમાં ગીતો તથા જોડકણાં–વાર્તાદ્વારા સાહિત્યનો સારો પ્રચાર થઈ રહ્યો છે, પરંતુ અહીંની શાળાઓમાં આપણાં સાહિત્યને ખાસ ઉત્તેજન મળતું નથી અને તે માટે પ્રયાસો પણ ખાસ કરવામાં આવતા નથી. સૌ પ્રથમ તો વડીલો વિચારે કે કયું લખાણ સારું છે અને કયું ખરાબ છે. તેઓ પોતે જ વાંચનનો શોખ કેળવે જેથી બાળકોમાં એ શોખ જાગે. બાળકો શું શું વાંચે છે તે વિષેની કાળજી રાખવાની જરૂરિયાત છે અને આ બાબત તેમને યોગ્ય માર્ગદર્શન આપવાની જરૂર છે. આપણે સિનેમા જોવા પાછળ ખર્ચ કરીએ છીએ તે કરતાં સારાં પુસ્તકો તથા માસિકો પાછળ ખર્ચ કરીશું તો તે જરૂર ઊગી નીકળશે. તે દ્વારા આવતી કાલના નાગરિકોનું સુંદર માનસિક ઘડતર થશે. પુસ્તકતો માણસને સૌથી ઉત્તમ સાથી છે. નાનપણથી બાળકોમાં સાહિત્યનો શોખ જાગે તેની આવશ્યકતા છે; તેમ કરવાથી આગળ જતાં તેમનો એ શોખ ચાલુ રહેશે અને તે રીતે ગુજરાતી સાહિત્યનો સારો વિકાસ થશે. માટે જ, તેમને ઉદ્દેશીને લખાયેલાં લખાણો સુંદર, રસદાયક તથા સાદી–સરળ શૈલીમાં લખવા જોઈએ, જેનું વાંચન કરવાથી બાળકોને સાહિત્ય પ્રત્યે રુચિ જન્મે અને તેમનો માનસિક વિકાસ સુંદર બને. એથી તેઓ સમાજનું ઉપયોગી અંગ બનશે. બાળસાહિત્ય ઘેરે-ઘેર તથા પ્રત્યેક બાળક પાસે પહોંચે તે માટે અથાગ પ્રયત્નો થવાની જરૂરિયાત છે. આપણે તેનો પ્રચાર લાયબ્રેરી તથા નિશાળો દ્વારા કરી શકીએ તેમ છે. આજે શાળામાં લાયબ્રેરી હોય છે પણ તેનો જોઈએ તેવો યોગ્ય પ્રચાર થતો નથી. કોઈ એક શાળામાં વાલીઓ તથા શિક્ષકોની સભા હતી. ત્યાં એક વાલીએ પૂછ્યું કે શાળામાં લાયબ્રેરીની વ્યવસ્થા છે કે નહિ ? તો એમને જણાવવામાં આવ્યું કે તે વ્યવસ્થા હતી. પરંતુ એ વાલીએ પોતાનાં બાળકો તથા બીજા બાળકોને પૂછીને જાણ્યું કે તેઓને લાયબ્રેરીમાંથી વાંચવા માટે પુસ્તકો મળતાં નહોતાં. છેવટે બીજા શિક્ષકોને કહીને તથા બીજા પ્રયાસોથી ટૂંક સમય પછી શાળાના વિદ્યાર્થીઓને પુસ્તકો મળવા શરૂ થયા. પરંતુ થોડા વખત પછી એ વ્યવસ્થા બંધ થઈ અને કારણ પૂછ્યું તો કહેવામાં આવ્યું કે પરીક્ષા પાસે આવતી હોવાથી તેઓને પુસ્તકો આપવામાં નહિ આવે. હું માનું છું કે સારા પ્રચારથી બાળકોને લખવા – વાંચવા માટે ઘણું ઉત્તેજન મળશે. પુસ્તકો તથા માસિકો ફક્ત લાયબ્રેરીના કબાટો શોભાવે તે યોગ્ય નથી. આજે ઘણાં ખરા ગામોમાં મહિલામંડળ જેવી સંસ્થાઓ છે. આ સંસ્થાઓ–રજાના સમયમાં બાળકોને વાંચવા માટે સગવડતા કરી આપે તો તેનાથી ઘણો ફાયદો થશે બીજું કે Children's Club જેવી સંસ્થાઓ સ્થાપી રજાઓના સમયમાં વિવિધ પ્રવૃત્તિઓ કરી શકાય તેમ છે; અને તે દ્વારાં બાળ–સાહિત્યનો પ્રચાર કરી શકાય. Pen is Mightier than Sword તેને અનુસાર સારાં લખાણો આજની ઊછરતી પ્રજાને અનુલક્ષીને લખાય અને તેનો બહોળો પ્રચાર થાય તો ગુજરાતી બાળ–સાહિત્યનો સારો અને સચોટ વિકાસ થઈ શકશે. તે ઉપરાંત આજે તો આપણે રેડિયો, નાટકો, સંવાદો, બાળ–સભાઓ, નિબંધ હરીફાઈ વગેરે દ્વારા બાળ–સાહિત્યનો વિકાસ સાધી શકીએ તેમ છે. આજે આપણે જોઈએ છીએ કે ઘણાંને કાવ્યો પ્રત્યે રુચિ નથી હોતી. તે માટે પણ શોખ કેળવવો જરૂરી છે. નાનાં બાળકો બાળમંદિરમાં બાળગીતો

શીખે છે ત્યારે તે જ ગીતો તેમને હોઠે રમી રહ્યાં હોય છે. જ્યારે નવરાત્રિના દિવસોમાં બાળાઓને હોઠે ગરબા રમી રહ્યા હોય છે, પરંતુ જ્યારે છોકરાઓને મોંએ સિનેમાનાં ગીતો સાંભળી છીએ ત્યારે થાય છે કે જો એ જ પ્રચાર આપણાં કાવ્યોનો તેમની સમક્ષ થતો હોત તો ગુજરાતી-સાહિત્યનું કંઈક જુદું જ ચિત્ર આપણી આગળ હોત. આજે દિલ્હીથી પ્રગટ થતું Shankar's Weekly ઘણાંએ જોયું હશે. એનો બાળકોનો વિશેષાંક જે દર વર્ષે પ્રગટ થાય છે તેમાં ફક્ત બાળકોના હાથે લખાયેલાં લખાણો તથા ચિત્રો હોય છે. એ બતાવે છે કે નાનપણથી જ આવી પ્રવૃત્તિઓનો શોખ આપણે બાળકોમાં કેળવશું તો તેમનો બાળસાહિત્યમાં ઘણો ફાળો થશે.

આમ ઉચ્ચ આદર્શોને ધ્યાનમાં રાખી બાળ-સાહિત્ય તૈયાર કરવામાં આવે અને તેનો બાળકોમાં સારો એવો પ્રચાર થાય તો ગુજરાતી બાળ-સાહિત્યનું વૃક્ષ બહોળું થશે અને ભવિષ્યની પ્રજા જ્ઞાનથી સમૃદ્ધ થશે.

પ્રમીલા જ. સરૈયા

*

કેમ પહોંચી વળતા નથી ?

આપણે આપણા કામને ઘણી વાર પહોંચી શકતા નથી. કાં તો આપણે થાંથા હોઈએ. કાં તો આપણને આવડત ન હોય. કાં તો આપણને ગમતું ન હોય. કાં તો આપણી દાનત ન હોય.

ખરી રીતે સાધારણ માણસ પાસે વખત છે તેથી વધારે કામ નથી. પણ વખત વાપરવાની કળા ન હોવાને લીધે વખત ઘટે છે અને કામ વધે છે.

ઘણી વાર આપણે કામ કર્યું ને નહિ કામ કર્યું તે જાણતા જ નથી. તેથી કામ કરતા હોઈએ છીએ પણ તે નકામ હોય છે.

આપણી ઊણપ કયાં છે તે આપણે પોતે શોધવાની રહી.

— સ્વ. ઝીણાભાઈ

શિક્ષણ — સમાચાર

સર્વોદય શિક્ષણ સંઘ, મુંબઈ

નૂ. બા. સંઘના સભ્ય શ્રી જમુભાઈ દાણીના પ્રમુખપદે શરૂ થયેલ ઉપર્યુક્ત સંઘ તરફથી માટુંગામાં એક ભવ્ય બાલસંગ્રહસ્થાન પ્રદર્શન તા. ૧૪–૧૫–૧૬ ફેબ્રુ. ના રોજ ભરવામાં આવ્યું હતું. સંગ્રહસ્થાનના આદ્ય વિચારક શ્રી પ્રતાપરાય ગિ. મહેતાએ 'શિક્ષણમાં સંગ્રહસ્થાનની આવશ્યકતા' એ વિષય ઉપર પ્રેરક ભાષણ આપ્યું હતું. શ્રીમતી હંસાબેન મહેતાએ પ્રમુખપદેથી આ પ્રવૃત્તિને બિરદાવી હતી. ત્રણ દિવસોમાં લગભગ ત્રણેક હજાર બાળકોએ એની મુલાકાત લઈ પ્રફુલ્લતા અનુભવી હતી. આને પરિણામે ત્રણ શાળાઓએ પોતાને ત્યાં આવા સંગ્રહસ્થાનની શરૂઆત કરવાનું જાહેર કર્યું છે. બીજાં સ્થળોએ પણ સ્થાપના કરવા માટે સંઘ પ્રયાસ કરી રહ્યું છે.

ઉપરોક્ત સર્વોદય શિક્ષણ–સંઘની પ્રવૃત્તિઓ નીચે મુજબની છે :—

બાળકુમારો માટે માસિક
વિદ્યાર્થીઓનાં સંમેલનો – શિબિરો
શિક્ષક – વાલી શિબિરો.
શિક્ષણ – સહાયક સંવિવાદો
શિક્ષણના ટૂંકા પ્રેરણા વર્ગો
લલિતકળા પ્રદર્શનો
વાલી – માર્ગદર્શન સલાહકેન્દ્ર
શિક્ષણ વિષયક પ્રકાશનો
ભારતદર્શન પર્યટનો
સાંસ્કૃતિક મનોરંજનો વગેરે.

સ્થાપના : ૨૫–૧૦–૫૯
પ્રમુખ : જમુભાઈ દાણી

— કાર્યાલય —

C/o આઇડીયલ હાઈસ્કુલ
રામબાગ સી પી. ટેંક
મુંબઈ નં. ૪

સુરેન્દ્રનગર: શ્રીમાન મેઘજીભાઈ પેથરાજભાઈના તેમ જ શ્રીમતી મણિબહેન મેઘજીભાઈના વરદ હસ્તે સુરેન્દ્રનગરમાં બાલ અધ્યાપનમંદિર, અધ્યાપનમંદિર, બાલપુસ્તકાલય તેમ જ દોશી કન્યા છાત્રાલયનાં મકાનોની શિલારોપણ વિધિ તા. ૯–૬–૬૦ બુધવારે થઈ હતી.

આ સમારંભ શ્રી તલકશીભાઈ દોશીના પ્રમુખસ્થાને યોજાયો હતો.

ક્ષમાયાચના

ગયા અંકની બાંધણી અને ગોઠવણીમાં કેટલીક ગંભીર ક્ષતિઓ રહી ગઈ છે તે બદલ દુઃખપૂર્વક અમે આપ સૌની ક્ષમા યાચીએ છીએ.

વ્યવસ્થાપક

○

“ શિક્ષણ પત્રિકા ” ના ગ્રાહકોને ખાસ વિનતિ

આપ સૌ જાણો છો કે “ શિક્ષણ પત્રિકા ” એ ધંધાદારી માસિક નથી. તેનું ધ્યેય કમાણી કે નફો કરવાનો નહિ પરંતુ શૈક્ષણિક ક્ષેત્રે માનવજાતિની સેવા કરવાનું છે. આ વસ્તુ આપ સૌના સહકાર વિના શકય નથી જ. આપનો સહકાર “ શિક્ષણ પત્રિકા ” ને મળતો જ આવ્યો છે અને મળશે જ તેવી અમો આપ સૌની પાસે આશા રાખીએ છીએ.

લેખો માટે

“ શિક્ષણ પત્રિકા ” ને યોગ્ય તેવાં લેખો જેવાં કે શિક્ષણશાસ્ત્રને લગતાં – બાળકો અને વાલીઓને ઉપયોગી થાય તેવાં લેખો જે વાંચક ભાઈ-બહેનો મોકલાવવા ઇચ્છા ધરાવે, તેઓએ કાર્યાલયના સરનામે મેટર મોકલાવી આપવું.

લવાજમ

“ શિક્ષણ પત્રિકા ” નું લવાજમ મોટા ભાગના ગ્રાહકો પાસે ચઢી ગયેલું છે. કોઈ પણ ગ્રાહકને વી. પી. કરવું કે બીજી રીતે નુકસાન પહોંચાડવું તે અમોને અયોગ્ય લાગે છે; તેમ જ સઘળાં ગ્રાહકોને જુદાં જુદાં પત્રવ્યવહાર કરીને જણાવવું તે પણ કઠિન છે.

આપ સૌ આપના લવાજમની યાદી કરી તાત્કાલિક નીચેના સરનામે આપનું લવાજમ મોકલી જ આપો તેવી ખાસ નમ્ર વિનતિ છે. દરેક ગ્રાહક પોતાનું બાકીનું લવાજમ મોકલાવી આપે તેવા સહકારની અમે આપ સૌ પાસે આશા રાખીએ જ છીએ. ”

આશા છે કે **આપના પત્ર “ શિક્ષણ પત્રિકા ”** ને આટલી સહાય કરી આભારી કરશોજી.

વ્યવસ્થાપક,

“ શિક્ષણ પત્રિકા ” કાર્યાલય,

C/o દક્ષિણામૂર્તિ અધ્યાપનમંદિર,

તખ્તેશ્વર પ્લોટ, **ભાવનગર**

Statement about ownership and other particulars about newspaper

FORM IV

(See Rule 8)

1.	Place of Publication	Saraswati Printing Press Danapith · Bhavnagar
2.	Periodicity of its Publication	Monthly on 15th of every month
3.	Printer's Name	Narendra Gijubhai Badheka
	Nationality	Indian
	Address	Saraswati Printing Press Danapith : Bhavnagar
4.	Publisher's Name	Narendra Gijubhai Badheka
	Nationality	Indian
	Address	Saraswati Printing Press Danapith : Bhavnagar
5.	Editor's Name	Sheshrao Nagojirao Namle
	Nationality	Indian
	Address	118, Hindu Colony Dadar, Bomboy–14
6.	Name and addresses of individuals who own the newspaper and partners or shareholders holding more than one per cent of the total capital.	Conducted by the Institution "Nutan Bal Shikshan Sangh" 118, Hindu Colony, Dadar, Bombay–14

I Narendra Gijubhai Badheka hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Dated 15–3–'59

Signature of Publisher
Narendra Gijubhai Badheka

આજે

વધુમાં વધુ

વૈયક્તિગ ધ્યાન આપવું છે.

સંપૂર્ણ હેર-ડાર્કનર હોવા ઉપરાંત
'લોમા' એક શ્રેષ્ઠ કેશ-પ્રસાધન પણ
છે. એથીજ વધુ અને વધુ લોકો આ
વિશાળ દેશમાં અને પરદેશોમાં પણ
અન્ય કોઇ હેર-ડાર્કનર કરતાં એ વધુ
પસંદ કરે છે. વાળને શ્યામ કરવા
માટે અગર તો સફેદ થતા અટકાવવા
માટે 'લોમા' સાચેજ શ્રેષ્ઠ છે.



વાળને શ્યામ કરવા માટે
વિશ્વભરમાં માન્યતા પામેલ



સોલ એજન્ટસ:
એમ. એમ. ખંભાતવાલા,
અમદાવાદ ૧.
એજન્ટસ:
સી. નરોત્તમની કું.,
મુંબઈ ૨.